સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી

# લેખ સંગ્રહ

ભાગ ૭ મો.

: પ્રકાશક :

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ-મુંબઇ.

સન્મિત્ર સદ્ગુણાનુરાગી

મુનિમહારાજ શ્રી કર્પૂરવિજયજી

# લેખ સંગ્રહ

## ભાગ ૭ મો

પ્રકાશક:—

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ
મુંબઈ

વીર સંવત ૨૪૭૦ * વિક્રમ સંવત ૨૦૦૦

કિંમત બાર આના

પ્રકાશક:—
શ્રી નરોત્તમદાસ ભગવાનદાસ શાહ
મંત્રી–શ્રી કપૂરવિજયજી સ્મારક
સમિતિ, ગોપાળ ભુવન,
પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઇ

પ્રત ૧૦૦૦

મુદ્રક:—
શાહ ગુલાબચંદ લલ્લુભાઇ
મહોદય પ્રિન્ટિંગ પ્રેસ
દાણાપીઠ—ભાવનગર.

स्वर्गस्थ शांतमूर्ति श्री कर्पूरविजयजी महाराज



જન્મ-વિ. સં. ૧૯૨૫, દીક્ષા-સં. ૧૯૪૭ વૈ. શુદિ ૬, સ્વર્ગવાસ-સં. ૧૯૯૩ આ. વ. ૮
વળા ભાવનગર પાલીતાણા

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

# પ્રસ્તાવના

સહસ્ર કિરણોવાળો સૂર્ય આપણાથી લાખો યોજન દૂર હોવા છતાં પોતાના રશ્મિવડે વૃક્ષો, પશુ, પંખી તેમ જ મનુષ્યો વગેરે પ્રાણીઓને સત્વ–જીવન અર્પી રહ્યો છે, તેમ જ સ્વર્ગસ્થ સન્મિત્ર સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ આજે આપણી આંખથી પર હોવા છતાં પોતાના અક્ષર–દેહ દ્વારા આપણા ધાર્મિક ને નૈતિક જીવનને પુષ્ટિ આપી રહ્યા છે. એક રીતે કહીએ તો તેઓ આપણા વચ્ચે જીવંત જ છે. આ પ્રગટ થતો સાતમો લેખસંગ્રહ તેની સાબિતીરૂપ છે.

નાનું નિર્ઝરણું ધીમે ધીમે આગળ વધતાં જેમ વિરાટ સ્વરૂપ ધારણ કરે છે તેમ સદ્ગતની કલમે, જેમ જેમ વાચન વધતું ગયું તેમ તેમ, લેખનકાર્ય શરૂ કર્યું અને તેના પ્રસાદરૂપે આજે આપણે સાતમો ભાગ ગ્રંથાકારે મેળવવા ભાગ્યશાળી થયા છીએ.

સ્વ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજની લેખનશૈલી બહુ સુકોમળ છે, જેવી વત્સલતાથી એક માતા પોતાના લઘુ બાળકની જતના કરે, સ્નાનાદિકથી તેની દેહશુદ્ધિ કરે, તેને પડી–આખડી જતાં બચાવી લે તેવી જ ચીવટ અને હૃદય–લાગણીથી સન્મિત્ર પોતાના સંસર્ગમાં આવતાં ભવિજનોને ધર્મોપદેશ આપતાં અને તેમના નવનીતરૂપે લેખો બહાર આવતાં. કુશળ વ્યાપારી યુક્તિ–પ્રયુક્તિપૂર્વક પોતાના ગ્રાહકને સમજાવે તેમ સ્વ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ ભવ્ય પ્રાણીઓને

સન્માર્ગ સમજાવતાં અને તે પંથે પ્રયાણ કરવાના વિવિધ માર્ગો દર્શાવતાં.

સાતમા ભાગમાં સંગ્રહાયેલા લેખો જોશો તો બરાબર જણાઇ આવશે કે–ડગલે ને પગલે હિતશિખામણ ભરી છે. કોઇપણ રીતે મોહ–મમતાથી ઝકડાયેલો માનવી ઊંચો કેમ આવે તેની સતત ઝંખના તેમના લેખોમાં દેખાઈ આવે છે. કેટલીક વખત તો તેમનાં ટૂંકા ને વેધક વાક્યો તો વીજળીની માફક અંતરમાં સદાય ઝળકી જ રહે છે. ખરેખર તેવો અનુભવ કરવા માટે આ સાતમો ભાગ સાદ્યંત વાંચવાની પ્રેરણા કરી કેટલાક વાક્યો આપણે અહીં ઉધ્ધૃત કરીએ.

**રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.**

પૃ. ૭૩

× × ×

**એક સત્પુરુષને શોધી લઇ તેમનામાં સર્વભાવે અર્પિત થઇ જવાય તો બેડો પાર.** પૃ. ૮૩

× × ×

**જેટલી ઉતાવળ તેટલી કચાશ, અને જેટલી કચાશ તેટલી ખટાશ સમજો.** પૃ. ૮૫

× × ×

**મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે.** પૃ. ૮૫

× × ×

**પશુઓને સ્તન્યપાન સુધી માતાનો સંબંધ હોય છે, અવ-**

અને સ્ત્રીપ્રાપ્તિ સુધી, મધ્યમ જનોને ગૃહકાર્ય ચલાવતા સુધી અને ઉત્તમ જનોને તો જીવિત સુધી તીર્થ જેવો પૂજ્ય સંબંધ હોય છે. પૃ. ૧૦૦

સ્વાદનું ખરું સ્થાન જીભ નથી પણ મન છે. પૃ. ૧૧૧

× × ×

વ્રત એ બંધન નથી પણ સ્વતંત્રતાનું દ્વાર છે. પૃ. ૧૧૧

× × ×

કૃતકૃત્ય થયેલા પ્રભુની ખાતર પૂજા કરવાની નથી, પણ પ્રભુ સમાન થવા માટે પરમાત્માની પૂજા કરવાની છે. પૃ. ૧૨૫

તેમણે ફક્ત ધાર્મિક લેખો જ નથી લખ્યા. ધાર્મિક ઉપરાંત નૈતિક અને સામાજિક કાર્યક્ષેત્રમાં પણ સાચી રોશની આપી છે. આપણે ઘણીવાર કહીએ છીએ કે–માણસની પોતાની આરસી તેનું પોતાનું જ અંતઃકરણ છે, અને અંતઃકરણમાં જેવા ભાવો ભર્યાં હોય તેવાં આવિર્ભાવ પામે છે. સદ્દગતના લેખો વાંચતાં કેળવણી પ્રત્યેની તેમની ધગશ, સમાજહિત પ્રત્યેની દાઝ અને નૈતિક જીવનના વિકાસ માટેની ઝંખના દેખાઈ આવશે. નદીમાં કોઈપણ સ્થળે સ્નાન કરવાથી જેમ દેહશુદ્ધિ થાય છે તેમ સદ્દગતનો કોઈ પણ લેખસંગ્રહ વાંચતાં તમને તેમના ભ્રાતૃભાવ, પરભવભીરુપણું, પરોપકારીપણું, મુમુક્ષુ વૃત્તિ વગેરેની ઝાંખી થશે.

પ્રસંગે પ્રસંગે તેમણે સાધુ જીવનને સ્પર્શતાં પ્રશ્નોની છણાવટ કરી છે અને સ્વચ્છંદી વર્તન માટે સ્પષ્ટ કહેવામાં

નાહિંમત કરી નથી. આ ઉપરાંત શ્રાવક શ્રાવિકાને પણ ઉપ-યોગી સૂચનાઓ કરી છે.

શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિએ આ કાર્ય હાથ ધરી સારો લોકોપકાર કર્યો છે. તેમાં પણ સમિતિના મંત્રી શ્રીયુત **નરોત્તમદાસ ભગવાનદાસ**ની ખંત ને પરિશ્રમ પ્રશંસાપાત્ર છે. અત્યાર સુધી તેમના પ્રયાસથી લગભગ ૨૫૦૦ પાનાનું ઉપયોગી વાંચન જનતાને મળ્યું છે અને હું આશા રાખું છું કે હજુ પણ સદ્ગતનો જે કંઇ સંગ્રહ બાકી રહ્યો હોય તેને પહેલામાં પહેલી તકે ગ્રંથાકાર આપે. શ્રીયુત નરોત્તમભાઈની ચીવટ ને ધગશ ધન્યવાદને પાત્ર છે.

એક રીતે કહીએ તો લેખસંગ્રહના દરેક ભાગો પાઠ્ય પુસ્તક જેવા છે. જેમ દીવાદાંડી માર્ગભૂલેલા જહાજને કિનારે આવવામાં સહાયભૂત થાય છે તેમ સ્વજીવન સાર્થક ને ઉજ્જવળ બનાવવા માટે આ લેખસંગ્રહ સારા ભોમિયાની ગરજ સારે તેવા છે.

વાચનની રુચિ જળવાઇ રહે અને વિષયવાર વાચન એકત્ર રીતે પીરસી શકાય તેવા હેતુથી આ લેખસંગ્રહના ( ૧ ) પર્યુષણ વિભાગ, ( ૨ ) પ્રશ્નોત્તર વિભાગ, ( ૩ ) સુભાષિત વિભાગ ( ૪ ) ધાર્મિક લેખ-વિભાગ એમ ચાર વિભાગો પાડવામાં આવ્યા છે.

વિ. સં. ૨૦૦૦
વિજયાદશમી

નરોત્તમદાસ રૂગનાથ શાહ
" જૈન " ઓફિસ-ભાવનગર.

### પંન્યાસજી પ્રીતિવિજયજીના ઉપદેશથી

## શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિના ફંડમાં સહાય આપનારનાં મુબારક નામો.

### વર્ગ પહેલો-પેટ્રન

| | | |
|---|---|---|
| ૧ | શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. | રૂા. ૫૦૧) |
| ૨ | રાવસાહેબ કાંતિલાલ ઇશ્વરલાલ જે. પી. | ૫૦૧) |
| ૩ | સંઘવી જીવરાજ કમળશીની વતી ભાઈ કસળચંદ કમળશી | ૫૦૧) |
| ૪ | શેઠ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી | ૫૦૧) |
| ૫ | ,, મોહનલાલ વસનજી હ. હરકીસનદાસ | ૫૦૧) |
| ૬ | ,, ચતુર્ભુજ મોતીલાલ ગાંધી ભાવનગરવાળા | ૫૦૧) |

### વર્ગ બીજો

| | | |
|---|---|---|
| ૧ | શેઠ મૂળચંદ બુલાખીદાસ ખંભાતવાળા | ૨૫૧) |
| ૨ | બેન સુધા પ્રાણજીવનદાસ ગાંધી ભાવનગરવાળા | ૧૫૦) |

### વર્ગ ત્રીજો

| | | |
|---|---|---|
| ૧ | શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી | ૧૦૧) |
| ૨ | ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ | ૧૦૧) |
| ૩ | ,, શાંતિલાલ દયાળજી | ૧૦૧) |
| ૪ | ,, માણેકચંદ જેચંદ જાપાન | ૧૦૧) |
| ૫ | ,, સકરચંદ મોતીલાલ મૂળજી | ૧૦૧) |
| ૬ | ,, વાડીલાલ પુનમચંદ | ૧૦૧) |
| ૭ | ,, સેન્ડહર્સ્ટરોડના ઉપાશ્રય તરફથી હા. શેઠ મંગળદાસ | ૧૦૧) |
| ૮ | ,, કરમચંદ ચુનીલાલ | ૧૦૧) |
| ૯ | ,, ગિરધરલાલ ત્રિકમલાલ | ૧૦૧) |

૧૦ શેઠ શાંતિલાલ મગનલાલ ૧૦૧)
૧૧ ,, કકલભાઇ ભૂદરદાસ વકીલ ૧૦૧)
૧૨ ,, નરોત્તમદાસ કેશવલાલ જે. પી. ભાવનગરવાળા ૧૦૧)
૧૩ ,, દામોદર ત્રિભુવનદાસ કાપડીઆ ૧૦૧)
૧૪ સર ચીકાભાઇ પ્રેમચંદ ૧૦૦)

## વર્ગ ચોથો

૧ શેઠ નાનાલાલ હરિચંદ ૫૧)
૨ ,, દુર્લભજી મૂળચંદ ૫૧)
૩ ,, ગુલાબચંદ લલ્લુભાઈ શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસવાળા ભાવનગર ૫૧)
૪ ,, વિઠ્ઠલદાસ કાળીદાસ ૫૧)
૫ ,, ચંદુલાલ ટી. શાહ મુંબઇ ૫૧

## વર્ગ પાંચમો

૧ શેઠ જીવરાજ ભીખાભાઇ ૨૫)
૨ ,, માણેકચંદ કુંવરજી કુંડલાવાળા ૨૫)
૩ ,, ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા ૨૫)
૪ ,, છોટાલાલ મગનલાલ ભાવનગરવાળા ૨૫)
૫ ડૉ. ગિરધરલાલ ટી. મોદી ૨૫)
૬ શેઠ રણછોડભાઇ રાયચંદ ૨૫)
૭ ,, મણિલાલ વાડીલાલ નાણાવટી ૨૫)
૮ શાહ નરોત્તમદાસ ભગવાનદાસ ૨૧)
૯ શેઠ અમરચંદ ઘેલાભાઇ ગાંધી ૨૧)
૧૦ ,, જાદવજી ઝવેરભાઈ ભાઈચંદ ૧૫)
૧૧ ,, મોહનલાલ મગનલાલ ૧૫)
૧૨ ,, હરખચંદ કપુરચંદ ૧૫)
૧૩ ,, ફતેચંદ ઝવેરભાઈ ભાઈચંદ ૧૧)

| | | |
|---|---|---|
| ૧૪ | શેઠ વાડીલાલ સાકળચંદ વોરા | ૧૧) |
| ૧૫ | ,, હરખચંદ રતનચંદ–ચાંદવડ | ૧૧) |
| ૧૬ | ,, ખૂમચંદ ગુલાબચંદ–શીશોદરા | ૧૧) |
| ૧૭ | ,, દલીચંદ ગુમાનચંદ | ૧૧) |
| ૧૮ | ,, ભોગીલાલ પુરુષોત્તમદાસ–અમદાવાદ | ૧૧) |
| ૧૯ | ,, હીરાભાઇ રામચંદ મલબારી | ૧૧) |
| ૨૦ | ,, શાંતિલાલ ઓધવજી | ૧૧) |
| ૨૧ | ,, બાલુભાઈ ખીમચંદ ઝવેરી | ૧૧) |
| ૨૨ | ,, કાળીદાસ નેમચંદ–મોરવાડા | ૫) |
| ૨૩ | ,, મોહનલાલ દીપચંદ ચોકસી | ૫) |
| ૨૪ | ,, મણિલાલ કુંવરજી–રાધનપુર | ૫) |
| ૨૫ | ,, ગુલાબચંદ ડાહ્યાભાઇ | ૫) |
| ૨૬ | ,, નટવરલાલ હરકીસનદાસ | ૫) |
| ૨૭ | ,, છોટુભાઇ ભીખાભાઇ | ૫) |
| ૨૮ | ,, વનમાળીદાસ ઝવેરચંદ | ૫) |
| ૨૯ | પરી મણિલાલ ખુશાલચંદ–પાલણપુર | ૫) |
| ૩૦ | શેઠ ઇશ્વરલાલ હીરાચંદ, સુરત | ૫) |
| ૩૧ | ,, છોટાલાલ માણેકચંદ ,, | ૫) |
| ૩૨ | બેન શાંતિ તે શેઠ બાપુલાલ ગોવિંદજીની ધર્મપત્ની | ૫) |
| ૩૩ | બેન ચંચળ તે શેઠ બાપુલાલ છગનલાલની ધર્મપત્ની–સુરત | ૫) |
| ૩૪ | શેઠ લાલચંદ કેશવજી હા. સોભાગચંદ | ૩) |
| ૩૫ | ,, રતિલાલ ફૂલચંદ | ૨) |
| ૩૬ | ,, વાડીલાલ જેઠાલાલ શાહ | ૨) |
| ૩૭ | રા. રાજપાળ મગનલાલ વ્હોરા | ૧| |

# શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ

સન્મિત્ર, સદ્દગુણાનુરાગી પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી જેઓ સં. ૧૯૯૩ ના આસો વદિ ૮ મે દેહમુક્ત થયા, તેમની પહેલા વર્ષની પુણ્યતિથિ ઉજવવાને મુંબઇમાં શ્રી જૈન બાળ મિત્રમંડળ તથા ખંભાત વીસા પોરવાડ જૈન યુવક મંડળના આશ્રય નીચે ગોડીજીના ઉપાશ્રયમાં અનુયોગાચાર્ય પંન્યાસજી શ્રી પ્રીતિવિજયજી ગણિવરના પ્રમુખપણા નીચે એક સભા સં. ૧૯૯૪ ના આસો વદિ ૮ ના રોજ મળી હતી. તે વખતે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી તરફથી એમનું નામ કાયમ રાખવાની સૂચના થતાં એમ નિશ્ચય થયો કે 'એ પુણ્યપુરુષનું નામ કોઇ સંગીન યોજના કરીને ચિરસ્થાયી કરવું.' પછી શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરીએ તેને માટે જો ફંડ થાય તો રૂ. ૧૦૧) ભરવા ઇચ્છા દર્શાવી. તે વાતને પુણ્યાત્મા પૂજ્ય કર્પૂરવિજયજીના ગુણોથી અતિશય આકર્ષાયેલ ચિત્તવાળા પંન્યાસજી **પ્રીતિવિજયજીએ** ટેકો આપ્યો અને પોતાથી બની શકતી દરેક જાતની સહાય આપવા તત્પરતા બતાવી. તે મીટિંગમાં શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી, રાજપાળ મગનલાલ વ્હોરા, નરોત્તમદાસ ભગવાનદાસ શાહ તથા વાડીલાલ જેઠાલાલ શાહે સમયોચિત ભાષણો કર્યાં; તેથી પંન્યાસજી બહુ પ્રસન્ન થયા અને પોતાથી બની શકે તે રીતે શ્રાવકો પર આગ્રહપૂર્વક લાગવગ ચલાવી, એને પરિણામે સારી રકમો ભરાણી.

સમિતિનું કામ નાણાં ભરનારા સભ્યોની મીટિંગમાં નીમાએલી વ્યવસ્થાપક સમિતિ કરે છે. તેમાં નીચેના ગૃહસ્થો છે:

૧ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.
૨ વાડીલાલ ચતુર્ભુજ ગાંધી.
૩ મોહનલાલ દીપચંદ ચોકસી.
૪ વાડીલાલ જેઠાલાલ શાહ.
૫ હીરાભાઇ રામચંદ મલબારી
૬ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ

વ્યવસ્થાપક સમિતિએ **નરોત્તમદાસ ભગવાનદાસ શાહની** માનદ મંત્રી તરીકે નિમણુક કરી છે અને બેંક ઑફ઼ ઇંડિયામાં પૈસા રાખવાની ગોઠવણુ કરી છે. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, મોહનલાલ દીપચંદ ચોકસી અને વાડીલાલ ચતુર્ભુજ ગાંધી એ ચાર નામથી બેંકમાં ખાતું ખોલ્યું છે.

સમિતિએ ઠરાવ કર્યો છે કે મુનિ કર્પૂરવિજયજી મહારાજના જે લેખો 'શ્રી જૈનધર્મ પ્રકાશ'માં, 'શ્રી આત્માનંદ પ્રકાશ 'માં 'જૈન' પત્રમાં અથવા બીજા પત્રોમાં આવ્યા હોય તે સર્વનો સંગ્રહ કરીને એક લેખ સંગ્રહ બહાર પાડવો. તે પ્રમાણે સંવત ૧૯૯૫ના ભાદરવા શુદિ દશમે પહેલો ભાગ બહાર પડ્યો. તે પછી બીજો ભાગ સંવત ૧૯૯૬ ના પોષ શુદિ ચોથે બહાર પડ્યો. ત્રીજો ભાગ સંવત ૧૯૯૬ ના અશાડ શુદિ નોમે બહાર પડ્યો. ચોથો ભાગ સંવત ૧૯૯૬ ના ભાદરવા વદિ ૦)) પ્રગટ થયો. પાંચમો ભાગ સંવત ૧૯૯૭ ના મહા શુદિ ૧૫ મે પ્રકાશિત થયો, છઠ્ઠો ભાગ સંવત ૧૯૯૮ જેઠ વદ એકમે બહાર પડ્યો અને આ સાતમો ભાગ પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આજે સમાજ સમક્ષ રજૂ કરવા ભાગ્યશાળી બન્યો છું.

સમિતિએ ઠરાવ્યું છે કે રૂા. ૫૦૧) ભરનારને પાંચ નકલ મફત આપવી, રૂા. ૨૫૧) ભરનારને ત્રણ નકલ મફત આપવી, રૂા. ૧૦૧) ભરનારને એક નકલ મફત આપવી અને તેથી ઓછું ભરનારને અર્ધી કિંમતે એટલે પડતર કરતાં પા કિંમતે આપવી. સામાન્ય ભાઇ, જેણે કંઈ ભર્યું ન હોય તેને અર્ધી કિંમતે આપવી. આ ઉપરથી જોઇ શકાશે કે આ સમિતિનો ઉદ્દેશ પૂજ્ય મુનિરાજના પુણ્યરૂપ જ્ઞાનકાર્યમાં બની શકતી રીતે વધારો કરવાનો છે.

આ લેખ સંગ્રહના ભાગો **મેઘજી હીરજી બુકસેલર, પાયધુની, મુંબઇને** ત્યાંથી તથા **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર** પાસેથી મળી શકશે.

જે મુનિરાજો, સાધ્વીજીઓ તથા જૈન સંસ્થાઓને આ

ભાગ મેળવવા ઇચ્છા હોય તેઓને પોસ્ટેજના ત્રણ આના મોકલવાથી વિના મૂલ્યે મળી શકશે.

પૂજ્ય મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના પ્રશંસકો, ગુણાનુરાગીઓ અને સર્વ જૈન બંધુઓને આ સમિતિ સંબંધી જે કાંઇ જાણવા ઇચ્છા હોય તેમણે—

**શાહ નરોત્તમદાસ ભગવાનદાસ—ગોપાલ ભુવન પ્રિન્સેસ સ્ટ્રીટ-મુંબઈ—**

એ શિરનામે પત્ર લખવો જેથી બધી માહિતી મળી શકશે.

કિંમત માટે અમારે સ્પષ્ટ કરવું જોઇએ કે પડતર કિંમત કરતાં અર્ધા ભાવે જ વેચવાના સમિતિના નિર્ણય પ્રમાણે આ ભાગની કિંમત રાખવામાં આવી છે. લડાઇના સંજોગોને લીધે કાગળના, બાઈંડીંગના અને બીજી દરેક ચીજના ભાવ વધી જવાથી આટલી કિંમત રાખવાને સંકોચ થવા છતાં નિરુપાયે રાખવી પડી છે.

પાંચમો ભાગ છપાયો ત્યારે બહુ જ થોડી રકમ સીલીકમાં હતી અને છઠ્ઠો ભાગ બહાર પાડવાની જોગવાઇ નહોતી પરંતુ પહેલાના ભાગો વેચવા માટે ઘણી મહેનત કરી અને તેને પરિણામે જે પૈસા ઉત્પન્ન થયા તેથી જ છઠ્ઠો ભાગ બહાર પાડી શકાયો છે. ત્યારબાદ વિશેષ સહાય મળવાથી તેમજ વેચાણની રકમ શીલીકમાં હોવાથી આ સાતમો ભાગ પ્રકાશિત થયો છે. મોંઘવારી, કાગળની મુશ્કેલી તેમજ છાપકામના વિશેષ ભાવને અંગે દરેક ભાગ કરતાં આ ભાગમાં ત્રણગણો ખર્ચ થયો છે.

મહોદય પ્રેસ તરફથી જે સગવડ આપવામાં આવી તે માટે તેના માલીક ભાઇ **ગુલાબચંદ લલ્લુભાઈ**નો, દરેક લેખસંગ્રહના પ્રૂફ વાંચવા માટે અને સૂચના કરવા માટે મુરબ્બી **શ્રી કુંવરજી આણંદજી**નો, સમિતિના સર્વ સભાસદો અને સહાયકોનો તેમજ **પૂ. પં. શ્રી પ્રીતિવિજયજી ગણિવર્ય**નો આભાર માનું છું.

સંવત ૧૯૯૮ ના જેઠ વદ એકમે છઠ્ઠો ભાગ બહાર પડ્યા

પછી મારી આંખની મુશ્કેલીને લીધે દોઢ વર્ષ સુધી કોઈ પણ ભાગ છપાવવાની વૃત્તિ નહોતી, પણ સંવત ૧૯૯૯ ના આસો વદ ૮ મે સદ્ગતની છઠ્ઠી જયંતિ ઉજવતી વખતે એવા ભાષણ થયા કે મહેનત કરવાથી સફળતા મળી શકશે અને તેને જ પરિણામે આ ભાગ પ્રસિદ્ધ થઇ શકયો છે.

છેલ્લા સાત વર્ષથી દર વર્ષે સદ્ગતની જયંતિ મુંબઇમાં ઉજવાય છે.

આ ભાગ બહાર પડવાનો ખરો યશ ભાવનગરવાળા ગાંધી ચતુર્ભુજ મોતીલાલનાં ધર્મપત્ની બેન અજવાળીના વર્ષીતપના પારણા પ્રસંગે તેમણે રૂ. ૫૦૧) ભરીને પ્રાપ્ત કર્યો હતો, અને તે જ વખતે ભાવનગરવાળા ગાંધી પ્રાણજીવનદાસ હરગોવિંદદાસના ઘેરથી બેન સુધાએ પણ વર્ષીતપ નિમિત્તે રૂ. ૧૫૦) આપી આ કામમાં સહાય કરી. તે પછી જુદા જુદા ગૃહસ્થોને મળીને રકમો ભરાવી, જેને પરિણામે આ ભાગ બહાર પડી શકયો છે. પૂજ્ય પંન્યાસજીનો આ સર્વ કામમાં સક્રિય ફાળો છે.

મારાથી બની શકતી દરેક રીતે કામ જેમ બને તેમ જલદી કરવાને હું ઉદ્યુક્ત રહ્યો છું, છતાં પાછળના છ મહિના છાપખાનાને લીધે લંબાયા છે, તે માટે હું ક્ષમા માગું છું.

આઠમો ભાગ બહાર પડે તેટલું લખાણ છે, પણ લડાઈના અંગે જે વિષમ પરિસ્થિતિ થઇ છે તે દૂર ન થાય ત્યાંસુધી આઠમો ભાગ બહાર પડવાની સંભાવના ઓછી છે.

શાસનદેવ અમારા આ કામમાં સહાય કરો એ જ પ્રાર્થના છે.

ફંડમાં બની શકતી સહાય કરવા દરેક વાચક બંધુને નમ્ર વિનંતિ છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરવાનો આવો ઉત્તમ ઉપાય જવલ્લે જ જડી આવશે.

વિ. સં. ૨૦૦૦
વિજયાદશમી
મુંબઇ

**નરોત્તમદાસ ભગવાનદાસ શાહ**
માનદ મંત્રી.

# અનુક્રમણિકા

## પર્યુષણ વિભાગ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | પર્યુષણ પર્વાધિરાજ પ્રસંગે શ્રાવકે આદરવા યોગ્ય વિવેક | ૩ |
| ૨ | ખમત ખામણા ... | ૭ |
| ૩ | પર્વાધિરાજની આરાધના શી રીતે થઈ શકે ? ... | ૧૩ |
| ૪ | સાંવત્સરિક ખામણાની જૂની રીત ... | ૧૫ |
| ૫ | પર્યુષણપર્વની સફળતા શાથી ? ... | ૧૬ |
| ૬ | પવિત્ર પર્યુષણ પ્રસંગે હિતકારક બોધવચનો ... | ૧૮ |
| ૭ | પર્યુષણ પ્રસંગે બોધવચનો ... | ૨૦ |
| ૮ | સંવત્સરી ખામણા ... | ૨૬ |


## પ્રશ્નોત્તર વિભાગ


| | | |
|---|---|---|
| ૯ | સાદા ને સરલ પ્રશ્નોત્તર ... | ૩૧ |
| ૧૦ | બોધદાયક પ્રશ્નોત્તર ... | ૩૮ |
| ૧૧ | ,, ,, ... | ૪૧ |
| ૧૨ | હિતબોધક પ્રશ્નોત્તર ... | ૪૩ |
| ૧૩ | જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તર ... | ૪૫ |
| ૧૪ | હિતકારક પ્રશ્નોત્તર ... | ૪૮ |


## સુભાષિત વિભાગ


| | | |
|---|---|---|
| ૧૫ | સુભાષિત ... | ૬૯ |
| ૧૬ | સ્મૃતિમાં રાખવા યોગ્ય વાક્યો ... | ૭૩ |
| ૧૭ | સુભાષિત વાક્યો... ... | ૭૪ |

પૃષ્ઠ

૧૮ મનનીય વચનામૃતો ... ... ... ... ૮૦
૧૯ હિતકર વચનામૃત ... ... ... ... ૮૩
૨૦ હિતદાયક બોધ ... ... ... ... ... ૮૬
૨૧ વિઘ્નરહિત વૈરાગ્ય ... ... ... ... ૮૯
૨૨ સદુપદેશ ... ... ... ... ... ૯૧
૨૩ તાત્ત્વિક વચનો ... ... ... ... ... ૯૩
૨૪ બોધક વચનો ... ... ... ... ... ૯૬
૨૫ સુભાષિત વચનો ... ... ... ... ... ૯૮
૨૬ આત્મહિતકર વાક્યો ... ... ... ... ૧૦૧
૨૭ હિતસંદેશ ... ... ... ... ... ૧૦૪
૨૮ હિતકારક વચનો... ... ... ... ... ૧૦૬
૨૯ ગૃહસ્થ શ્રાવકનો કર્તવ્યધર્મ ... ... ... ૧૦૮
૩૦ અમૃતમય વચનો ... ... ... ... ૧૧૧
૩૧ ઉપદેશક વાક્યો ... ... ... ... ... ૧૧૪
૩૨ સુંદર સંદેશ ... ... ... ... ... ૧૧૬
૩૩ સૂક્ત બોધવચનો ને પ્રભુપ્રાર્થના ... ... ... ૧૨૦
૩૪ હિત વચનો ... ... ... ... ... ૧૨૧
૩૫ મોક્ષનો સાચો સરલ માર્ગ—વિશુદ્ધ પ્રેમભક્તિ ... ... ૧૨૫
૩૬ ખરા સૂતેલા અને જાગતા કોણ ? ... ... ... ૧૨૬
૩૭ હિતકર માર્ગ ... ... ... ... ... ૧૨૮

## ધાર્મિક વિભાગ

૩૮ સંયમવંત સાધુજનોનું વર્તન કેવું હોય? ... ... ૧૩૩
૩૯ આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મવિવેક પ્રગટ કરવા પાંચ બોલ ... ... ... ... ... ૧૩૫
૪૦ **પઢમં નાણં તઓ દયા** ... ... ... ... ૧૩૮
૪૧ નિર્દંભપણે ધર્માચરણ કરવું તે જ હિતકારી છે ... ... ૧૪૦

પૃષ્ઠ

૪૨ જંબૂકુમાર અને દશવિધ યતિધર્મ ... ... ... ૧૪૧
૪૩ શિવસુખના સરલ ઉપાય ... ... ... ... ૧૪૨
૪૪ સાધુજીવનની રૂપરેખા ... ... ... ... ૧૪૪
૪૫ સંયમ: સાચું સુખ અને સ્વચ્છંદતા: સર્વ દુ:ખનું મૂળ ૧૪૭
૪૬ સિદ્ધચક્ર આરાધનની આવશ્યકતા ... ... ... ૧૪૮
૪૭ મહાવીર પ્રભુની જયંતિ કેમ ઉજવાય? ... ... ૧૫૦
૪૮ ભગવાન મહાવીરનું તપ ... ... ... ... ૧૫૩
૪૯ વિવેકકળા જાગે તો જીવન સફળ થાય ... ... ૧૫૫
૫૦ સર્વસાધારણ વ્યવહારુ હિતશિક્ષા ... ... ... ૧૫૭
૫૧ સત્ય તત્ત્વનો સ્વીકાર ... ... ... ... ૧૬૩
૫૨ સોળ વિદ્યાદેવીનાં વર્ણ, વાહન અને શસ્ત્રાદિ ... ... ૧૬૮
૫૩ ધર્મ ઓળખ્યાનું ફળ શું ? ... ... ... ૧૭૦
૫૪ ચારિત્ર સંયમ સદ્વર્તન ... ... ... ... ૧૭૨
૫૫ એકાગ્રતાની આવશ્યકતા ... ... ... ... ૧૭૩
૫૬ ઇંદ્રિય પરવશતાથી પારાવાર દુ:ખ ... ... ... ૧૭૫
૫૭ દેહ, મન અને ઈંદ્રિયદમનથી થતાં લાભ ... ... ૧૭૯
૫૮ દેવસી પ્રતિક્રમણનો કાળનિર્ણય ... ... ... ૧૮૨
૫૯ જિન સ્થાપના યા જિનપ્રતિમા ... ... ... ૧૮૫
૬૦ ચાર નિક્ષેપા ... ... ... ... ... ૧૮૭
૬૧ અદ્વેષ–દ્વેષત્યાગ ... ... ... ... ... ૧૮૮
૬૨ સમભાવ ... ... ... ... ... ૧૯૦
૬૩ સાધુવિહાર ... ... ... ... ... ૧૯૨
૬૪ શાસનની મર્યાદાના પાલન માટે કેવી વ્યવસ્થા જરૂરની છે? ૧૯૫
૬૫ કર્તવ્યધર્મો ... ... ... ... ... ૧૯૭
૬૬ યોગ સંબંધી વસ્તુનિર્દેશ ... ... ... ... ૨૦૦
૬૭ યોગઅવંચકતા ... ... ... ... ૨૦૧

પૃષ્ઠ


૬૮ પરભવનું પાથેય: ધર્મસેવન ... ... ... ૨૦૩
૬૯ તપનો મહિમા ને પ્રભાવ ... ... ... ... ૨૦૪
૭૦ ભારેકર્મીપણાનું લક્ષણ ... ... ... ... ૨૦૬
૭૧ કર્મની અકળ ગતિ ... ... ... ... ૨૦૭
૭૨ જૈન ધર્મ સંબંધી સમજવા યોગ્ય બોધવચનો ... ૨૦૮
૭૩ પાત્રતા વગર ખરી પ્રાપ્તિ થતી કે ટકતી નથી ... ૨૧૧
૭૪ સાચા સાધુ કોને કહેવા ? ... ... ... ... ૨૧૩
૭૫ આત્મદમન ... ... ... ... ... ૨૧૪
૭૬ વિષયલોલુપતાના વિરસ ફળ ... ... ... ૨૧૫
૭૭ ધર્મ–આચરણમાં થતી પારાવાર ઉપેક્ષા ... ... ૨૨૦
૭૮ રાગાદિક વિકારનો જય કરવાની જરૂર ... ... ૨૨૨
૭૯ સંત–સાધુજનોની નિર્લોભતા ... ... ... ૨૨૩
૮૦ કુશિષ્યનાં લક્ષણ ... ... ... ... ... ૨૨૫
૮૧ સુસાધુનાં લક્ષણ ... ... ... ... ૨૨૫
૮૨ અજ્ઞાન કષ્ટ કરવામાં અલ્પ ફળ ... ... ... ૨૨૬
૮૩ રાગી દોષને દેખી શકતો નથી ... ... ... ૨૨૭
૮૪ ધર્મનો પ્રભાવ અને સેવનથી લાભો ... ... ૨૨૮
૮૫ સર્વજ્ઞ ભગવાનની દેશના ... ... ... ... ૨૩૦
૮૬ ધર્મનો પ્રગટ પ્રભાવ ... ... ... ... ૨૩૪
૮૭ એક વિદ્યાર્થીના કેળવણી અંગે વિચાર ... ... ૨૩૫
૮૮ આવશ્યક ક્રિયાની ઉપયોગિતા ... ... ... ૨૩૭
૮૯ ક્ષમાદિક દશ લાક્ષણિક ધર્મનું સ્વરૂપ... ... ... ૨૪૨
૯૦ સંસારને સાગર અગ્નિ, અંધકારની ઉપમા ... ... ૨૪૭
૯૧ ગૃહસ્થાશ્રમમાં આત્મસાધન યોગ્ય હિતશિક્ષા ... ... ૨૪૮
૯૨ પંચમહાવ્રત ને તેની ભાવના ... ... ... ૨૪૯
૯૩ સમયોચિત હિતોપદેશ ... ... ... ... ૨૫૨
૯૪ ઉપયોગી હિતશિક્ષાઓ ... ... ... ... ૨૫૪

| | | |
|---|---|---|
| | | પૃષ્ઠ |
| ૯૫ | ઉત્તમ શીલનો પ્રભાવ ... ... ... ... | ૨૬૩ |
| ૯૬ | વીતરાગ ભગવાનની સદ્દભાવ સ્તુતિ ... ... | ૨૬૩ |
| ૯૭ | યાત્રિકને સૂચના ... ... ... ... ... | ૨૬૫ |
| ૯૮ | ક્રોધાદિક ચાર કષાય ... ... ... ... | ૨૬૯ |
| ૯૯ | હાસ્યાદિક દોષોનો ત્યાગ ... ... ... ... | ૨૭૧ |
| ૧૦૦ | ગારવત્રિકનો કરવો જોઇતો ત્યાગ ... ... ... | ૨૭૨ |
| ૧૦૧ | ઇંદ્રિયોને કબ્જે રાખવા હિતોપદેશ ... ... ... | ૨૭૩ |
| ૧૦૨ | આઠ મદોનો ત્યાગ કરવા હિતોપદેશ ... ... | ૨૭૪ |
| ૧૦૩ | બ્રહ્મચર્યની રક્ષા ... ... ... ... | ૨૭૫ |
| ૧૦૪ | સ્વાધ્યાય ધ્યાન ... ... ... ... ... | ૨૭૬ |
| ૧૦૫ | કૃતિકર્મ યા વંદનમર્યાદા ... ... ... ... | ૨૭૭ |
| ૧૦૬ | વીશ સ્થાનકોનું સેવન ... ... ... ... | ૨૭૯ |
| ૧૦૭ | સાધુધર્મ પ્રત્યે રાગ સાથે પરીક્ષા ... ... ... | ૨૮૦ |
| ૧૦૮ | તપ—ચારિત્રની સેવા ... ... ... ... | ૨૮૧ |
| ૧૦૯ | જ્ઞાનની ઉત્તમતા ... ... ... ... | ૨૮૧ |
| ૧૧૦ | વિષય કષાય વિકથાદિકનો ત્યાગ ... ... ... | ૨૮૨ |
| ૧૧૧ | શ્રાવકપણાનાં સામાન્ય લક્ષણ ... ... ... | ૨૮૩ |
| ૧૧૨ | નિત્ય સુખી નિર્દોષ સાધુની દશા ... ... ... | ૨૮૪ |
| ૧૧૩ | વિશ્વવંદ્યના લક્ષણ ... ... ... ... | ૨૮૫ |
| ૧૧૪ | ક્રિયાસિદ્ધિ માટે સત્ત્વ સાચવવાની જરૂર ... ... | ૨૮૭ |
| ૧૧૫ | પરમાનંદ પચવીશીનો અનુવાદ ... ... ... | ૨૮૮ |
| ૧૧૬ | ઉપદેશ સાર ... ... ... ... ... | ૨૯૨ |
| ૧૧૭ | વચનામૃતો ... ... ... ... ... | ૨૯૫ |
| ૧૧૮ | પારમાર્થિક બોધ ... ... ... ... | ૨૯૮ |
| ૧૧૯ | અકારાદિ અનુક્રમણિકા ... ... ... ... | ૩૦૦ |

સદ્‌ગુણાનુરાગી સન્મિત્ર મુનિ મહારાજ
શ્રી કર્પૂરવિજયજી

# લેખ સંગ્રહ

ભાગ ૭ મો

## પર્યુષણ વિભાગ

# પર્યુષણ પર્વાધિરાજ પ્રસંગે શ્રાવકે અવશ્ય આદરવા યોગ્ય વિવેક.

**હર્ષની** વાત છે કે ઘણા વખતથી વિરહમાં રહેલી સાચી પતિવ્રતા ( સતી ) જ્યારે પોતાના પ્રાણપ્રિય પતિને લાંબો વખત વીત્યા બાદ નીરખે છે ત્યારે પોતાના પ્રિય પતિને મળતાં જેવા ઉત્કટ પ્રેમથી તે તેને ભેટે છે અને નિજ વિરહ-વ્યથા મિટાવી ભારે આનંદ અનુભવે છે તેમ વચમાં લાંબું અંતર વીત્યા બાદ જ્યારે ઘણા વખતથી વાટ જોવાયેલા શ્રી પર્યુષણ પર્વાધિરાજ ભવ્ય આત્માને પૂર્વ પુન્યસંયોગે આવી મળે છે ત્યારે તે પુણ્યાત્માના હર્ષ–આનંદ–ઉત્સવનો પાર રહેતો નથી. તેવા પુણ્ય સંયોગને પામી ભવ્યાત્મા અતિ ઉલટભેર નિજ કર્તવ્ય કરવા મંડી જાય છે. આ પ્રમાણે પ્રાયઃ સૌ કોઈ જૈન ભાઈબહેનો પોતપોતાના ક્ષયોપશમ અનુસાર ઉક્ત પર્વાધિરાજના પવિત્ર દિવસો ઉજવતા દૃષ્ટિગોચર થાય છે. ઉક્ત પર્વાધિરાજમાં મુખ્યતયા કયા કયા જરૂરી કામ કરવામાં આવે છે તે, પર્વના દિવસોમાં અવશ્ય રાખવા યોગ્ય વિવેક સાથે અહીં દર્શાવવા યત્ન કર્યો છે. સારગ્રાહી સજ્જનો રાજહંસની પેઠે ગુણ ગ્રહણ કરશે એવી આશા છે.

**૧. ચૈત્યપરિપાટી**—આપણે રહેવાના સ્થળમાં ( ગામ કે નગરમાં ) જેટલા જિનચૈત્યો હોય તે બધાં દિવસભરમાં જુહારવા જતાં ગુરુગમથી જે વિધિ આપણા જાણવામાં હોય તે મુજબ વર્તવા અવશ્ય લક્ષ રાખવું. પ્રભુના દર્શન તથા પૂજન વખતે તેમજ ચૈત્યવંદન વખતે પોતાનું ચિત્ત તેમાં

પરોવી દેવું અને વારંવાર પ્રભુના અનંત ગુણોની ભાવના લાવી આપણે પણ એવા સદ્ગુણી થવા ઇચ્છવું. આપણું લક્ષ કેવળ પ્રભુ સામે જ રાખી, બીજા ભાઇબહેનોના કામમાં ખલેલ ન પડે તેવી રીતે શાંતિથી પ્રભુગુણગાન ગાવા.

૨. **સાધુવંદન**—જિનચૈત્યોની પેઠે સંયમવંત, મહાવ્રતધારી મુનિજનોને પ્રતિદિન વંદન–નમસ્કાર કરી સુખશાતા પૂછવી, તેમજ તેમની યથાયોગ્ય સેવાભક્તિ સ્વહિત સમજીને કરવી. સદ્ગુણી સાધુ–સાધ્વીઓનાં દર્શનાદિક કરી એમના જેવા ઉત્તમ ગુણો પ્રાપ્ત કરવાની ભાવના ભાવવી.

૩. **શાસ્ત્રશ્રવણ**—આપણને હિતમાર્ગ બતાવનાર સદ્ગુરુનો જોગ હોય તો તેમની પાસે આઠે દિવસ જઈને, વિનય–બહુમાન સહિત અઠ્ઠાઇનો મહિમા, તેમાં આપણે કરવા યોગ્ય કરણી, અને તે કરણી કરવાના હેતુ પ્રમુખ જાણી, ગતાનુગતિકતા તજી જરૂર વિવેક આદરવો અને સર્વ શાસ્ત્રોમાં અગ્રગણ્ય શ્રી કલ્પસૂત્ર અક્ષરે અક્ષર તેના રહસ્ય–અર્થ સાથે સાંભળી તેમાંથી જે ઉત્તમ બોધ લેવો ઘટે તે પ્રમાદરહિતપણે લેવો તેમજ આદરવો. સદ્ગુણોનું સેવન કરી નિજ જન્મ સફળ કરવો. સદ્ગુરુનો તથાવિધ જોગ ન હોય તો કોઇપણ વ્રતધારી અથવા સુશીલ સુજ્ઞ શ્રાવક સમીપે પણ યથોચિત શાસ્ત્રશ્રવણ કરવું.

૪–૫. **પ્રભુપૂજા અને ગુરુભક્તિ**—આ બંને પ્રકારની ક્રિયા કરતાં નિજ દ્રવ્યની સફળતા થાય તેમ ઉત્તમોત્તમ વસ્તુઓ વાપરવી. હૃદયમાં તેઓશ્રીનાં ઉત્તમોત્તમ ગુણોનું બહુમાન લાવવું, ઉત્તમ ગુણોની સ્તવના કરવી અને કોઇપણ પ્રકારની આશાતનાથી દૂર રહેવા પ્રયત્ન કરવો. અન્ય જનોને

પણ આપણા ઇષ્ટદેવ તથા ગુરુ ઉપર પ્રેમ જાગે એવો અનુકરણ કરવા યોગ્ય વિનય સર્વ પ્રકારે સેવવો.

૬. **સાધર્મી વાત્સલ્ય**—આ પ્રસંગે અજયણાદિક દોષો સેવાતા જોવાય છે. તે દોષો દૂર કરવા અને જયણા પળાય તેમ નિજ હિત સમજીને સાધર્મી વાત્સલ્ય કરવા સૌએ અવશ્ય લક્ષ રાખવું. પ્રેમથી નિમંત્રણ કરી ભક્તિ કરનાર શ્રાવક બંધુનું મન પ્રસન્ન થાય–દુભાય નહીં તે રીતે વર્તવા સૌએ લક્ષ રાખવું. એઠવાડ મૂકવાથી નકામો ભંજવાડ થવા ઉપરાંત ઘણા ત્રસ જીવોની પણ વિરાધના થાય છે, એ દોષ મહાન્ જાણી તજવો. આગેવાનોએ પ્રથમથી જ સૌને એ સંબંધી સૂચના કરવી, જેથી ખાનપાનમાં એઠવાડો થવા જ ન પામે. આવે પ્રસંગે સીદાતા સ્વધર્મી જનોને ગુપ્ત રીતે સહાય કરવા અને તેમને ધર્મમાર્ગમાં સ્થિર કરવા પૂરતું લક્ષ રાખવાનું ભૂલવું નહીં. લક્ષ્મીનો ખરો લહાવો લેવાનું ક્ષેત્ર ભાગ્યે જ મળી શકે છે.

૭. **પ્રભાવના**—આજકાલ પ્રભાવના કરવામાં પ્રાયઃ પતાસા વપરાય છે. તેનો પગ નીચે કચરાઇને ભૂકો થાય છે ત્યારે કીડીઓ વિગેરે સંખ્યાબંધ ત્રસ જીવો તેને વળગે છે અને લોકોના પગથી દબાઇને અથવા બીજી રીતે વિનાશ પામે છે. આ કરતાં બીજી વસ્તુની પ્રભાવના થઇ શકે છે. જો આવી નજીવી વસ્તુ કરતાં બોધદાયક નાનાં પણ ઉપયોગી પુસ્તકોની પ્રભાવના કરવામાં આવે તો એથી પરિણામે સારો લાભ થઇ શકે. એવા પુસ્તકો બાળ–અજ્ઞ જીવોને બોધદાયક નીવડે એવી ખાસ કાળજી પુસ્તક–યોજકોએ રાખવી જોઇએ.

૮. **ખમતખામણા**—આપણામાં ખમતખામણાની રીત સંવત્સરી પ્રતિક્રમણ વખતે કે પછી ‘ સકળ સંઘને મિચ્છામિ

દુક્કડં ' કહેવામાં આવે છે, પણ ખરી રીતે જોતાં તો જેની સાથે કાંઇપણ વૈરવિરોધ કે અપ્રીતિભાવ ઉપજ્યો હોય તેને જેમ બને તેમ જલ્દી પ્રથમથી જ ખમાવીને પછી નિઃશલ્યપણે શુદ્ધ ભાવથી પ્રતિક્રમણ ક્રિયા કરવી જોઇએ. તે વખતે પણ સહુ સંઘ સમક્ષ ફરીવાર રીતસર ખમતખામણા કરવામાં કશી અડચણ નથી. શુદ્ધ અંતઃકરણથી જ ખમવું અને ખમાવવું જોઇએ; નહિ તો અંતરશલ્ય રહેવાથી જીવને ભવિષ્યમાં ભારે સહન કરવું પડશે એ સર્વ કોઈ શ્રાવક–શ્રાવિકાઓએ ભૂલવું નહીં.

**૯. તપશ્ચર્યા**—આજકાલ પર્યુષણ પર્વ પ્રસંગે તપસ્યા કરવાનો પ્રચાર વિશેષ થયો જણાય છે. તપસ્યા જો ક્રમશઃ ધીમે ધીમે શક્તિ અનુસાર આગળ વધીને કરવામાં આવતી હોય તો તેથી ફાયદો જ થાય છે, પણ જ્યારે ગજા ઉપરાંત દેખાદેખીથી વધારે પ્રમાણમાં તપશ્ચર્યા કરવામાં આવે છે ત્યારે કવચિત આર્ત્તધ્યાનનો પ્રસંગ આવી જાય છે, જે હાનિકારક છે; માટે પર્યુષણ વખતે વિશેષ તપસ્યા કરવાની ભાવના હોય તેમણે પ્રથમથી જ ધીમે ધીમે તે સંબંધી મહાવરો પાડવો જોઇએ. સાથેસાથે બીજો ધાર્મિક અભ્યાસ પણ વધારતા રહેવું જોઇએ. શીલ, સંતોષ, ક્ષમા અને સમતાદિક ગુણો માટે તો જરૂર તપસ્વીને ચીવટ રહેવી જ જોઇએ.

**૧૦. અભયદાન**—પર્યુષણમાં કસાઈવાડેથી જીવ છોડાવવાનો રિવાજ ચાલે છે તેથી જાણી જોઇને કસાઇ વધારે વકરો કરવા વધારે પશુઓ લાવી મનગમતાં દામ માગે છે અને તે પૈસાથી તેના પાપવ્યાપારને પુષ્ટિ મળે છે. આ કરતાં આગળથી જ તેવાં જાનવરોને કસાઇને ત્યાં જતાં અટકાવવાની તજવીજ કરાય તો થોડે પૈસે વધારે લાભ થાય. આ બાબત

મુંબઈની જીવદયા જ્ઞાનપ્રસારક મંડળી તરફથી સલાહ મેળવી પૈસાનો યોગ્ય વ્યય કરવાની વ્યવસ્થા કરવી જોઇએ.

**૧૧. સંવત્સરી પ્રતિક્રમણ**—સંવત્સરી પ્રતિક્રમણ જેમ બને તેમ શાંતપણે નિજ લક્ષ રાખી, ગુરુ સમક્ષ કરી, મોહ કે અજ્ઞાનવશ થયેલાં પાપોની આલોચના-નિંદા કરવી અને ફરી એવાં પાપોથી બચવા પૂરતું લક્ષ રાખવું.

આ ઉપરાંત શાસનના વરઘોડા વિગેરે પૂર્વની પ્રણાલિકા મુજબ કરવામાં આવે છે તેવાં ખર્ચ કમી કરી, તે પૈસા બચાવી, જેનાથી વિદ્યાવૃદ્ધિ, જ્ઞાનવૃદ્ધિ થાય એવી જરૂરી બાબતોમાં તે વાપરવાની વ્યવસ્થા કરાય તો તે અવશ્ય લાભદાયક થાય.

નાત, જાતના દંડ કે ફંડના પૈસાનો પણ નકામો ખાન-પાનમાં ઉપયોગ ન કરતાં જરૂરી રસ્તે જ વ્યય થાય એ વિશેષ લાભદાયક છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૦, પૃ. ૨૧૪ ]

## ખમતખામણા

**ઉવસમસારં ખુ સામન્નં**—ક્ષમા, સમતા એ જ ચારિત્ર-નું ખરું રહસ્ય છે. અતિ હર્ષની વાત છે કે-ત્રિભુવનગુરુ શ્રી તીર્થંકર પ્રભુનાં અમૃતવચનને અવલંબી એમના અંતેવાસી શિષ્યરત્નો શ્રી ગણધરોએ ભવ્ય પ્રાણીઓના એકાંત હિતને માટે ખમતખામણાની અતિ સરલ અને સુખદાયક રીતિ સૂત્રરૂપે રચી છે. તેનો જો વિવેકથી સમજપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે ત્રીજા વૈદ્યનાં અતિ ઉત્તમ ઔષધની પેઠે લાભદાયક થયા વગર રહે જ નહી. એથી છદ્મસ્થતા યોગે

જાણતાં-અજાણતા થતાં અને થયેલાં દોષો દૂર કરી આપણે તદ્દન નિર્દોષ-નિષ્કલંક સ્ફટિક રત્ન જેવા નિર્મળ બની શકીએ છીએ, તો પછી આપણે તેની સમજ મેળવી વિવેકથી શામાટે તેનો લાભ લેવા પ્રમાદ સેવવો જોઇએ ? હરગીજ નહીં જ. મુખ્યપણે તો ઊજળે લુગડે ડાઘની જેમ જેવું મન ( પુણિયા શ્રાવકની જેમ ) સ્થિર-સ્વચ્છ હોય તેને જ પોતાની થયેલી ભૂલનું તરત ભાન થાય છે અને તેને દૂર કરવા દૃઢ પ્રયત્ન પણ તે આદરી તેમાં સફળતા મેળવી શકે છે. પુણિયા શ્રાવકનું સામાયિક એથી જ વખણાય છે. આપણાં ભાઇ-બ્હેનો સામાયિકાદિક કરતાં તો દેખાય છે જ, પરંતુ જો ઉક્ત મહાશયની જેવી સ્થિરતા-સમતા રાખવાની રૂડી ભાવના નિજ હૃદયમાં પહેલેથી જ ઉપયોગપૂર્વક દૃઢપણે સ્થાપીને સામાયિકાદિક શુભ કરણી કરવાનો અભ્યાસ પાડે તો તેનું ધીમે ધીમે કેવું સુંદર-સુખદાયી પરિણામ આવે ? ઉક્ત ધર્મકરણી કરતાં મન, વચન ને કાયાની સ્થિરતા થવામાં જે જે શુભ સાધનો( જ્ઞાન-ધ્યાનાદિક )ની જરૂર છે તેનો યથાયોગ્ય ખપ કરતી વખતે કયાં કેમ અને કેટલી સ્ખલના થાય છે તેની સારી રીતે તપાસ રાખવામાં આવે તો તેની થતી ભૂલો બહુધા ઓછી થઇ શકે છે, પરન્તુ તે સંબંધી જેને કશી કાળજી જ નથી તે તો ઘણે ભાગે સમજણ વગર સંમૂર્ચ્છિમ ક્રિયા જ કરતા રહે છે. ક્રિયા કરવાનો ખરો હેતુ સમજ્યા વગર અથવા સમજવાનો ખપ કર્યા વગર તદ્‌હેતુ ક્રિયાનો લાભ કયાંથી મળે ? ન જ મળે, તો પછી અક્ષય-અજરામર-મોક્ષફળ દેનારી અમૃતક્રિયા અને અસંગ ક્રિયાનું તો કહેવું જ શું ? અક્ષય સુખના અર્થી જનોએ આ લોકનાં સુખ-માન-

પ્રતિષ્ઠા કે એવા બીજાં પૌદ્ગલિક સુખના લોભની બુદ્ધિથી કરાતી **વિષક્રિયા**, પરલોકમાં પૌદ્ગલિક સુખ મેળવવાની બુદ્ધિથી કરાતી **ગરલ ક્રિયા** 'અને ગતાનુગતિકપણે ( કશી પણ સમજ વગર ફક્ત દેખાદેખીથી ) કરાતી સંમૂર્ચ્છિમ ક્રિયા તો ખાસ કરીને તજવી અને ઉપર જણાવ્યા મુજબ તે તે ધર્મક્રિયાના હેતુ સમજી કરવા યોગ્ય **તદ્હેતુ** ને **અમૃત-ક્રિયા** આદરવી ઘટે છે. આટલી વાત પ્રસંગોપાત કહી તે આત્માર્થી બંધુઓ અને બહેનોએ અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે.

હવે જો સર્વદા પ્રભુએ પ્રકાશેલી ખમતખામણાની ક્રિયા આત્માર્થીપણે અક્ષય સુખના અર્થી ભવ્ય આત્માઓ આદરવા ધારે તો તેમણે તે પવિત્ર ક્રિયાના અંતરંગ હેતુઓ જાણી, સદ્દહીને તેનો યથાર્થ અમલ કરવો જોઇએ. અનેક ઔપાધિક સંબંધોને લીધે પ્રગટ થતાં રાગદ્વેષ અને કષાયવાળા મલિન પરિણામોવડે પ્રત્યક્ષ કે પરોક્ષપણે ( જાણતાં કે અજાણતાં ) મન, વચન કે કાયાથી કઇક જીવો સાથે વૈમનસ્ય ( વૈર–વિરોધ ) થવા પામે છે, તેથી કુસંપ કે કલેશ વધતાં આર્ત્ત રૌદ્ર ધ્યાનવડે મનુષ્યભવ હારીને જીવ અધોગતિમાં ઊતરી પડે છે અને વડનાં બીજની પરંપરાની જેમ ભવાન્તરમાં પુનઃ પુનઃ પૂર્વે વાવેલાં વૈર–વિરોધનાં બીજોથી અતિ વિષમ ફળોને અનુભવે છે. તેવા વિષમ પ્રસંગો ન આવે, આવતાં અટકે, ભવસંતતિ ન વધે, વધતી અટકે, પોતે બીજા જીવોની અધોગતિનું કારણ ન બને, બનતો અટકે, એટલું જ નહિ પણ એથી સુલટાં સંયોગો મળે, અધ્યવસાય સુધરે, ભવસંતતિ–જન્મમરણ ભવભ્રમણ ઘટે અને અન્ય જીવોને પણ ઉન્નતિના માર્ગમાં મદદગાર નીવડે. છેવટે પોતાના આત્માને

રાગ–દ્વેષ કષાયાદિક દોષમાત્રથી મુક્ત કરી સ્ફટિક રત્ન જેવો નિર્મળ–નિષ્કષાય બનાવવા ( આત્મા ) પોતે જ સમર્થ થાય એવા અતિ ઉત્તમ હેતુઓને સમજી, દૃઢ પ્રતીતિ કરીને આ પવિત્ર ક્રિયાનો કેવળ આત્માર્થીપણે જ આદર કરવો ઘટે છે. પ્રતિક્રમણ સૂત્રમાં થયેલા દોષોની ( ગુરુ સમક્ષ ) આલોચના કરવાનાં એવાં અનેક પ્રસંગો આવે છે. સાધુ–સાધ્વીઓને તેમજ શ્રાવક–શ્રાવિકાઓને તે બધા પ્રસંગો આત્માર્થીપણે સમજી લેવાની અને દૃઢ શ્રદ્ધા સહિત તેમાં ઉપયોગ રાખી, તેનો લાભ લેવાની બહુ જરૂર છે. ઉપયોગશૂન્યપણે થતી અથવા બીજાની દેખાદેખીથી સમજ વગર થતી કરણી લગભગ કષ્ટરૂપ લેખાય છે અને હેતુ સહ ઉપયોગ રાખી કરાતી કરણી બહુ ઉત્તમ ફળ સમર્પી શકે છે. જાગૃત ઉપયોગવાળા આત્માર્થી જનો પ્રાયઃ દોષિત થતા જ નથી, અને કદાચ કર્મયોગે દોષિત થયા હોય તો તેઓ વિલંબ વગર સ્વદોષ ગુર્વાદિક પાસે નિઃશલ્યપણે પ્રકાશીને નિર્દોષ બની શકે છે. સરલ સ્વભાવીની જ સિદ્ધિ થાય છે. માયાવી જનો મરી પડે તો પણ તેમની સિદ્ધિ થઇ શકતી નથી. તે ઉપર **લક્ષ્મણા** અને **રૂપી** સાધ્વીનાં દૃષ્ટાન્ત શાસ્ત્રપ્રસિદ્ધ છે. ફલિતાર્થ એટલો છે કે દોષ રહિત થવા માટે વિલંબ રહિત માન મૂકી સદ્ગુરુ સમક્ષ વિનય–બહુમાનપૂર્વક શંકાદિક કોઇપણ પ્રકારના શલ્ય રાખ્યા વગર શાન્ત ચિત્તથી પોતાને લાગેલાં પાપ પ્રકાશવા અને ગીતાર્થ–ભવભીરુ ગુરુમહારાજ દોષશુદ્ધિ નિમિત્તે જે કંઈ યોગ્ય પ્રાયશ્ચિત્ત આપે તે 'તહત્તિ' કહી, અંગીકાર કરીને પ્રમાદ રહિત તે મુજબ વર્તન કરવું એટલું જ નહિ પણ તેવા દોષથી અળગા રહેવા, ફરી તેવા દોષો નહીં સેવવા પૂરતી

કાળજી રાખવી. ગમે તેવા નિમિત્તથી તત્કાળ દોષ-શુદ્ધિ કરી ન શકાય તો પ્રતિક્રમણ સમયે તો તેનું જરૂર લક્ષ રાખવું. આવા વિશિષ્ટ હેતુથી દેવસી અને રાઇ પ્રતિક્રમણની વિધિ પ્રવર્તે છે. કષાયાદિક પ્રમાદથી તેમ ન થઇ શક્યું તો પાક્ષિક, ચાતુર્માસિક અને છેવટે સાંવત્સરિક પ્રતિક્રમણ પ્રસંગે તો અવશ્ય આપણા પાપની આલોચના સદ્ગુરુ સમીપે નમ્રપણે નિઃશલ્યપણે કરવી જ જોઇએ. તથાપ્રકારના સુગુરુનો યોગ ન હોય તો સ્થાપનાચાર્ય તેમજ પ્રભુ પ્રતિમા સમીપે પણ નિજ આત્મઉપયોગ જાગૃત રાખીને સામાયિક પ્રતિક્રમણ પ્રસંગે પોતાના પાપની આલોચના કરી શકાય છે. મરણ-અવસાન વખતે પણ સમકિત-શુદ્ધિને અર્થે તેમજ નિજ વ્રતની યથાર્થ આરાધના નિમિત્તે છેવટ સુધી જે જે અતિચારાદિ દોષો સેવાયા હોય તે સઘળા શાંત ચિત્ત રાખીને ઉલ્લસિત ભાવે આલોચવા (નિંદવા ) યોગ્ય છે. તથા જે જે સુકૃત કરણી તન, મન, વચન કે ધનથી કરી-કરાવી હોય તે સર્વ અનુમોદવા યોગ્ય છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ સાધુ અને ૪ કેવળીભાષિત ધર્મ એ ચારનું શરણ એક મનથી આદરવા યોગ્ય છે. છેવટે જગતના સર્વ જીવો સાથે ત્રિકરણ શુદ્ધિએ ખામણાં ખસુસ ( જરૂર ) કરવાં જોઇએ. જીવરાશિ ખમાવવાનો અને પુણ્ય પ્રકાશનું સ્તવન તથા ચઉસરણ પયન્નાદિક પુનઃ પુનઃ સંભળાવવાનો મુખ્ય આશય એ છે કે-જીવની અંતિમ આરાધના સધાય ( પોતાનો છેડો સુધરે ) કે જેથી ભવભ્રમણ વધારે કરવું ન પડે. જેમના સાથે વૈમનસ્ય-વૈર-વિરોધ થયેલ હોય, તેને તો વિશેષે કરીને નિખાલસ દિલથી ખમાવીને વૈર-વિરોધ ઉપશમાવી ભવભવનાં દુઃખ વારવાનો અને ખરા સુખમાં ઠરવાનો એ જ અકસીર ઉપાય છે. સુજ્ઞ જનો

તે સમજે છે, મુગ્ધજનો તેના ઊંડા ગંભીર આશયને સમજતા નથી, તેથી તે બાપડાઓ જેમ આવે તેમ નિજ મતિથી ગાડું ગબડાવ્યા કરે છે. સુજ્ઞજનો તેમ કરતા નથી. તેઓ સમજે કે નાવમાં નાનકડું પણ ગાબડું પડયું હોય તો તેથી બહુ અનર્થ ઉપજે છે તેમ આપણી જીવનનૌકા માટે સમજી લેવાનું છે. વડનાં બીજની પેઠે વવાયેલાં વૈરવિરોધનાં બીજ ભારે-મોટું રૂપ પકડીને વિસ્તરે છે, પછી તેનો કેમે અંત આવતો નથી, એથી જ વૈર-વિરોધનાં બીજ બાળી નાખવાની કહો કે પાણી પહેલાં પાળ બાંધી રાખવાની ખાસ જરૂર છે. ભવભવનાં દુ:ખ સમાવવા માટે એના જેવો બીજો રસ્તો નથી.

શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે-" ખમિઅવ્વં ખમાવિઅવ્વં " અર્થાત્ ખમવું ને ખમાવવું (બીજાના દોષની માફી આપવી અને આપણા દોષ-અપરાધની માફી માગવી) એ જિન શાસનનો ખરો સાર છે. ' ઉવસમિઅવ્વં, ઉવસમાવિઅવ્વં ' જાતે ઠરવું-શાન્ત થવું અને બીજાને ઠારવા-શાન્ત કરવા. જે ખમે-ખમાવે, ઠરે અને ઠારે છે તે આરાધક-આજ્ઞાપાલક બને છે; પણ જે ખમતા-ખમાવતા ને ઠરતા-ઠારતા નથી તે તો વિરાધક-વીતરાગની આજ્ઞાના લોપક બને છે. વિનયમૂળ જિનધર્મ હોવાથી પ્રથમ નાનાએ મોટાને ખમાવવા જોઇએ, પણ કમનસીબે નાનો હઠીલો બની પ્રથમ ખમાવે નહિ તો મોટાએ માન મૂકી તેને જ ખમાવવો, જેથી શરમાઈ જઇને તે પણ પ્રાય: ખમાવ્યા વગર રહેશે નહિ. નજીક આવતા પર્યુષણ પર્વમાં આવી સદ્બુદ્ધિ સહુને સૂઝો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ૪ ૧૭૨ ]

# પર્વાધિરાજની આરાધના શી રીતે થઇ શકે ?

શ્રી તીર્થંકર મહારાજની આજ્ઞાને સહેતુક સારી રીતે સમજી, તેના ઉપર પૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખી યથાશક્તિ તેનું પાલન કરવા પ્રમાદ રહિત પ્રયત્ન કરવાથી જ તીર્થંકર દેવે સહુને પોતપોતાના અધિકાર મુજબ-યોગ્યતા અનુસારે ધર્મસાધન કરવા ફરમાન કરેલ છે. એકાન્ત વિધિ નિષેધ કહેલા નથી, પણ જે કંઇ સમય પરત્વે વિધિ યા નિષેધ કરવાનું પ્રાપ્ત થાય ત્યારે તે લગારે દંભ-બાહ્યાડંબર કર્યા વગર સરલ સ્વભાવે જ કરવાં જોઇએ.

સહુની શક્તિ કે સ્થિતિ એક સરખી હોઇ ન શકે, તેથી સહુ કોઇ એક સરખી રીતે વિધાન કરે એવી આશા રાખી ન જ શકાય, પરન્તુ તે જે કંઇ સમયાનુકૂળ કરી શકે તે તદ્દન સરલતાથી-લગાર પણ માયા-કપટ સેવ્યા વગર કરે એવી આશા તો સહુ કોઇ સજ્જનો તરફથી સુખેથી રાખી શકાય.

કલ્યાણ પણ એવા સરલ સ્વભાવીનું જ થઇ શકે.

એક સાધુ આકરી તપશ્ચર્યા કરતો હતો છતાં બીજા શિથિલ સાધુની નિંદા બદબોઇ કરતો હતો ત્યારે તે શિથિલ આચારી સાધુ તો દૃઢ ગુણાનુરાગથી આકરી તપસ્યા કરનાર સાધુના કેવળ ગુણગાન જ સરલ સ્વભાવે કરતો હતો. આકરી તપસ્યા કરનારો મદ-અહંકારવડે બીજાની નિંદા કરીને સઘળું ફળ હારી ગયો ત્યારે બીજો શિથિલાચારી છતાં સરલ સ્વભાવી અને કેવળ ગુણાનુરાગી હોવાથી સહજમાં તરી ગયો.

આ ઉપરથી સજ્જનો ધારે તો બહુ સુંદર બોધ મેળવી શકે, જે ગુણ પોતાનામાં હજુ પ્રગટ થયેલ ન હોય, તેવો

ગુણુ પોતાનામાં અણુછતા તેનો મિથ્યાડંબર કરવાથી તેમજ નજીવા ગુણુથી ફૂલાઈ જઇ તેનો મદ–અહંકાર કરવાથી તેમજ બીજાના છતા ગુણુ છુપાવવા અને પોતાના અવગુણુ ઢાંકવા વ્યર્થ પ્રયત્ન કરવાથી તેમ કરનાર ગમે તેટલી કષ્ટ કરણી કરે તો પણુ તે નકામી–નિષ્ફળ થાય છે. વળી પોતે વિશિષ્ટ તપસ્યા કરી શકતો ન હોય, પરન્તુ જો તે દૃઢ ગુણાનુરાગી હોય તો તેનો વહેલો પાર આવી શકે છે.

સાર એ છે કે–દરેક ધર્માર્થી જીવે સદ્ગુણાનુરાગી તો અવશ્ય થવું ઘટે. દૃઢ સદ્ગુણાનુરાગવડે અપૂર્વ ગુણો પ્રગટ થાય છે અને પ્રગટ થયેલા ગુણો પુષ્ટ થાય છે. ગુણાનુરાગ દૃષ્ટિથી ગુણુ જ દેખાય છે અને દોષદૃષ્ટિથી દોષ જ દેખાય છે. જેમને ગુણુનો જ ખપ હોય તેમણે દોષદૃષ્ટિનો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ. મધ્યસ્થ દૃષ્ટિવાળા સજ્જનો એક જ ઉત્તમ સાધ્ય રાખી, ગમે તે ઉપાયે સહેજે સ્વહિત સાધી શકે.

જુદે જુદે માર્ગે વહન કરનારી નદીઓ છેવટે સમુદ્રને જ મળે છે તેમ સમદૃષ્ટિ સજ્જનો પણુ છેવટે મોક્ષસુખ મેળવે છે. તે મોક્ષસુખ મેળવવાના શાસ્ત્રકારે અસંખ્ય યોગ–સાધન–ઉપાય કહ્યા છે. તેમાંથી જે માર્ગ જેનાથી આદરી શકાય તે બીજા કોઈની નિંદા કર્યા વગર સરલ સ્વભાવે આદરવાથી અને બીજાના ગુણુની અનુમોદના પ્રશંસા–કરવાથી અવશ્ય મોક્ષદાયક છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૧૮૪ ]

# સાંવત્સરિક ખામણાની જૂની રીત

મનથી, વિચારથી, વચનથી અને કાયાથી, રાગ કે દ્વેષથી અથવા કોઈપણ પ્રકારે પરપ્રાણીને પીડા કરી, કરાવી કે અનુમોદી હોય તેના પાપથી છૂટવા માટે જ પ્રતિક્રમણની પ્રક્રિયા ચાલુ થયેલી જણાય છે; કેમકે શ્રી અજિતાદિ બાવીશ તીર્થંકરના સમયમાં કંઈક અતિચારાદિ સ્ખલના થાય તો જ પ્રતિક્રમણ કરવાની મર્યાદા હતી. તે પણ પ્રાયઃ દિવસ અને રાત્રિ સંબંધી જ ( પાક્ષિકાદિ નહિ ), જ્યારે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુઓને તો અતિચારાદિક લાગે કે નહિ તો પણ પ્રતિક્રમણ કરવાની જ મર્યાદા બતાવી છે. તે પણ અનુક્રમે પાંચે. આ રીતે જુદી મર્યાદા હોવાનું કારણ પણ એ જ લાગે છે કે–એકબીજાનો સ્વભાવ ફેર છે.

બાવીશ તીર્થંકરના સાધુઓ **ઋજુપ્રાજ્ઞ** એટલે સરલ સ્વભાવી અને ચકોર સમયજ્ઞ હોય છે, જ્યારે પ્રથમ પ્રભુના **ઋજુજડ** એટલે સરલ સ્વભાવી છતાં દુર્બોધ અને છેલ્લા પ્રભુના સાધુઓ તો **વક્રજડ** એટલે વાંકા, માયાવી અને મૂર્ખપ્રાય, દુર્બોધ અને શિથિલાચારી હોય છે. તેથી તેમને પોતાની ભૂલ ભાગ્યે જ સમજાય છે, અને જ્યારે તે ભૂલ પૂરી સમજાતી જ નથી તો તે તત્કાળ સુધારી શકાય જ કેમ ? આવા હેતુથી તેમને માટે પ્રતિક્રમણ ક્રિયા ફરજીયાત રાખવામાં આવી છે. આમ છતાં આપણે પ્રત્યક્ષ જોઇ શકીએ છીએ કે તેની જોઇએ તેવી સાર્થકતા આપણા **વક્રજડ** સ્વભાવથી થઇ શકતી નથી. મંદ કષાયવાળો જીવ તો પોતાની ભૂલ તરત સમજીને તે સુધારી શકે છે પરંતુ ઉગ્ર કષાયવાળો તેમ કરી

શકતો નથી. તેમને તો પોતાની ભૂલ સમજવાનું અને સુધારવાનું બંને મુશ્કેલ જ છે.

દિવસની થયેલી ભૂલ દૈવસિક પ્રતિક્રમણ કરતાં અને રાત્રિ સંબંધી ભૂલ રાત્રિક પ્રતિક્રમણ કરતાં સુધીમાં યાદ લાવીને સુધારી લેવી એ ઉત્તમ વાત છે. કદાચ કષાયવશ તેમ ન બની શકે તો પાક્ષિક પ્રતિક્રમણ કરતાં સુધીમાં સ્વભૂલ સમજી સુધારી લેવાય તો તે **સંજ્વલન** નામનો મંદ કષાય લેખી શકાય.

ત્યાંથી આગળ વધી ચાતુર્માસિક ( ચોમાસી ) પ્રતિક્રમણ સુધીમાં ખમાવી લેવાય તો તે **પ્રત્યાખ્યાની** નામનો તીવ્ર-આકરો કષાય જાણવો. ત્યાંથી આગળ છેવટે સાંવત્સરિક ( વાર્ષિક ) પ્રતિક્રમણ કરતાં સુધીમાં ખમાવી લેવાય તો તે **અપ્રત્યાખ્યાની** નામનો તીવ્રતર-અતિ આકરો કષાય જાણવો. પરંતુ ત્યારે પણ રોષ રાખી મનનો આમળો મૂકે નહીં, અરસ્પરસ ખમે ખમાવે નહી, તો તે તીવ્રતમ-ઉત્કૃષ્ટ કષાય જાણવો. આવા જીવો પ્રાયઃ કૃષ્ણપક્ષિયા હોઇ નીચગતિગામી જાણવા અને જેઓ સરલ સ્વભાવે પોતાની ભૂલ સમજી-કબૂલ કરી એકબીજાને ખમે-ખમાવે તે શુકલપક્ષિયા હોઇ ઉચ્ચ-ગતિગામી જાણવા.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૧૮૬ ]

---

## પર્યુષણ પર્વની સફળતા શાથી ?

જીવ માત્રને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. જ્યાં સુધી જન્મમરણ ચાલુ છે, તેનો અંત ન આવે ત્યાં સુધી વસ્તુતઃ દુઃખનો અંત ને સુખની પ્રાપ્તિ થઈ ન શકે; કેમકે

જન્મ તથા મરણનો સર્વથા અંત થયે જ અવિનાશી મોક્ષ-સુખની પ્રાપ્તિ થઈ શકે છે. સમ્યગ્ ( યથાર્થ ) દર્શન, જ્ઞાન ને ચારિત્રને સાચા ભાવ–ઉલ્લાસપૂર્વક સેવવાથી એ અક્ષય–અવિનાશી સુખરૂપ મોક્ષ ગમે તે મનુષ્ય–આત્મા મેળવી શકે છે. જો તેવું નિરાબાધ અખંડ સુખ મેળવવા કોઈપણ આત્માને ખરી ઉત્કંઠા થઇ જ હોય તો તેણે તેના પવિત્ર પંથે દૃઢ મને ચાલવા જેટલું બળ અવશ્ય મેળવી લેવું જોઈએ. ગંભીરતા, ઇંદ્રિયપટુતાદિ સુજ્ઞતા, સૌમ્યતા, શીતળતા, લોકપ્રિયતા, અક્રૂરતા, પાપભીરુતા, સત્યપ્રિયતા, સુપક્ષતા, દીર્ઘદર્શિતા, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનીતતા, કૃતજ્ઞતા, પરોપકારરસિકતા, લબ્ધ-લક્ષ્યતા, ચકોરતા, કાર્યકુશળતા, અશઠતા, લજ્જાળુતા અને મધ્યસ્થતાદિ ઉત્તમ એકવીશ ગુણોના દૃઢ અભ્યાસથી આપણો આત્મા મોક્ષના પવિત્ર પંથે પળવાને પાત્ર ( લાયક ) બને છે. તેમજ ન્યાય–નીતિ ને પ્રામાણિકતાપૂર્વક વ્યાપાર–વ્યવસાય, શિષ્ટાચારપ્રશંસા, સત્સંગ, ભદ્રિકતા, સમયજ્ઞતા, વ્યવહારદક્ષતા, ઇંદ્રિયદમનરૂપ સંયમ અને કામ, ક્રોધ, લોભ, મદ, માન ને હર્ષ–ઉન્માદરૂપ છ અંતરંગ શત્રુઓનો જય કરવાનું લક્ષ્ય વિગેરે માર્ગાનુસારીપણાના ગુણોને અનુસરવાની પણ પૂરી જરૂર છે. એ ઉપયોગી ગુણોનો વિસ્તાર ધર્મબિંદુ, ધર્મરત્ન, યોગશાસ્ત્ર, ધર્મસંગ્રહ વિગેરે મૂળ તથા ભાષાંતર ગ્રંથોમાં કરવામાં આવેલ છે, તે અતિ આદરપૂર્વક વાંચી, સાંભળી, હૃદયમાં સંઘરી, તેને રસરૂપ કરી પરિણમાવવાથી જ તેની સાર્થકતા છે. એમ કરવાથી આપણું નૈતિક ધોરણ બહુ જ ઊંચું બનશે અને ઊંચી નીતિ એ જ ધર્મના પાયારૂપ હોવાથી

આપણે જરૂર પવિત્ર ધર્મરત્નને પામવાને પાત્ર બનશું, તો જ આ દુર્લભ માનવભવની સફળતા લેખાશે. આવી ઊંડી ધર્મ-લાગણી આપણા દિલમાં જાગવી જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૦, પૃ. ૧૮૯ ]

## પવિત્ર પર્યુષણ પર્વ પ્રસંગે હિતકારક બોધવચનો

[૧]અંગ [૨]વસન [૩]મન [૪]ભૂમિકા, [૫]પૂજોપગરણ સાર;
[૬]ન્યાય દ્રવ્ય [૭]વિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

૧. શરીરશુદ્ધિ, ૨ વસ્ત્રશુદ્ધિ, ૩ ચિત્તશુદ્ધિ, ૪ ધર્મસ્થાનક-શુદ્ધિ, ૫ સેવા–ભક્તિનાં સાધનની શુદ્ધિ, ૬ પ્રમાણિક વ્યવ-સાયથી મેળવેલ વિત્ત અને ૭ અન્યૂનાધિકપણે માર્ગસેવન–આ સાત પ્રકારની શુદ્ધિની સારી રીતે સમજ મેળવી દેવ, ગુરુ અને ધર્મની સેવા કરવી.

[૧]દગ્ધ [૨]શૂન્ય ને [૩]અવિધિ દોષ, [૪]અતિપ્રવૃત્તિ જેહ;
ચાર દોષ છંડી ભજો, ભક્તિભાવ ગુણગેહ.

૨. ( ૧ ) સામાયિક, પ્રતિક્રમણ પ્રમુખ ચાલુ ધર્મકરણી કરતી વખતે અન્ય સંબંધી વિચારમાળા ગૂંથ્યા કરવી તે દગ્ધ દોષ. ( ૨ ) શૂન્ય ચિત્ત, લક્ષ–ઉપયોગ રાખ્યા વગર સંમૂર્ચ્છિમની જેમ આ દેખાદેખીથી ક્રિયા કરવી તે શૂન્ય દોષ. ( ૩ ) ઊલટ-સુલટ, ન્યૂનાધિક, વહેલા–મોડા ઉચિત આદર વગર જેમ તેમ ક્રિયા કરવી તે અવિધિ દોષ અને ( ૪ ) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ સમજ્યા વગર સ્વશક્તિ ઉપરાંતની કરણી માટે મથવું તે અતિપ્રવૃત્તિ દોષ–આ ચારે ક્રિયા સંબંધી દોષો સારી રીતે સમજી સુખના અર્થી જનોએ જરૂર તજવા.

૩. ડહાપણભરી દયાનું પાલન સદા કરતાં રહેજો, અભય આપી અભયી બનજો. મનથી, વચનથી કે આચરણથી કોઇને પ્રતિકૂળતા-અશાંતિ ઉપજાવતા નહીં. જેવું કરશો તેવું પામશો. વાવશો તેવું જ લણશો-એ વાત કદી વિસરી જશો નહીં.

૪. જેથી સ્વપરગુણની રક્ષા ને પુષ્ટિ થાય તથા પાપ-દોષની હાનિ થાય તેવા પવિત્ર લક્ષ-ઉપયોગથી જે જે શુભ કે શુદ્ધ પ્રવૃત્તિ થાય તે ભાવદયારૂપ છે.

૫. પવિત્ર વાણી, વિચાર ને આચારવડે મલિન વિચારાદિકને પ્રથમ હઠાવી કાઢો.

૬. મલિનતાવાળા વિચાર, વચનોચ્ચાર કે આચરણથી આપણી અવનતિ થયેલી છે, એમ સમજી તેના દ્વાર બંધ કરશો તો જ આપણો ઉદ્ધાર થશે.

૭. જે સ્વદયા કરે છે તે પરદયા કરી શકે છે, જે પોતે તરી જાણે છે તે અન્યને તારી શકે છે. કહ્યું છે કે-'**સ્વદયા વિણ પરદયા કરવી કવણ પ્રકારે.**'

૮. ઉત્તમ જનો ગુણસમૃદ્ધિ પામી આંબાની પેઠે નમ્રતા ધારે છે.

૯. જે ગુણ આપણામાં આવ્યો નથી તેનો ખોટો ડોળ કરવો તે દંભરૂપ છે, તેથી આપણે પોતાને જ ઠગીએ છીએ. ઉત્તમ જનો તો પરમાં રહેલા અલ્પ જેવા ગુણને પણ સૂક્ષ્મ નજરથી મોટા લેખે છે અને તેઓ આત્મશ્લાઘા તો કરતા જ નથી એ જ સજ્જનતાનું લક્ષણ છે. એવી સજ્જનતા સહુ સાચા સુખના અર્થીજનોએ આદરવી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૦, પૃ. ૧૯૦ ]

# પર્યુષણ પ્રસંગે બોધવચનો

**પાંચ પકારનો પ્રભાવ**—૧ પૂજા, ૨ પચ્ચકખાણ, ૩ પ્રતિક્રમણ, ૪ પૌષધ અને ૫ પરોપકાર–એ પાંચે પકારો જેઓ યથાવિધિ સાધે છે તેમને લાંબો વખત સંસારભ્રમણ કરવું પડતું નથી. થોડા વખતમાં જ તેઓ જન્મમરણનો અંત કરી શકે છે. એ પાંચ પ્રકારની સમજ ભવ્ય જનોએ મેળવી લેવાની જરૂર છે.

૧. **પૂજા**—પૂજાભક્તિ પ્રસંગે ભાઈબહેનોએ સાત પ્રકારની શુદ્ધિ જાળવવી જોઇએ. ( ૧ ) શુદ્ધ દેવગુરુની દ્રવ્ય ભાવથી પૂજા–સેવા–ભક્તિ પોતપોતાની યોગ્યતાનુસાર યથાવિધિ કરનારા ભવ્યજનો પોતે જ **પૂજનિક** થવા પામે છે. શ્રી પંચાશકના **શૌચ** અધિકારમાં કહ્યું છે કે–' **देवतातिथिपूजनम्** ' શુદ્ધ દેવગુરુની પૂજા–ભક્તિ નિમિત્તે જયણાપૂર્વક નિર્જીવ સ્થળે પરિમિત જળથી જેમ **શરીરની શુદ્ધિ** કરવાનું કહ્યું છે તેમ વળી વસ્ત્રશુદ્ધિ, મનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ, પૂજોપગરણશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ અને વિધિશુદ્ધિ પણ સાવધાનતાથી આદરવા ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. ( ૨ ) **વસ્ત્રશુદ્ધિ**–દેવગુરુની સેવા–ભક્તિ કરતી વખતે જેમ વિવેકથી શરીરશુદ્ધિ કરવાનું શાસ્ત્રવચન જણાવ્યું તેમ શરીરશુદ્ધિ કરીને શુદ્ધ ને નિર્દોષ વસ્ત્ર પરિધાન કરવાની પણ જરૂર છે. જેમ મેલા–ગંદા કે ફાટેલા-તૂટેલાં વસ્ત્રનો પૂજા–ભક્તિ પ્રસંગે નિષેધ છે તેમ જે વસ્ત્રોની બનાવટમાં પશુઓની ચરબી જેવી અસ્પૃશ્ય ચીજની બેશુમાર વપરાશ થાય છે અને જેને માટે લાખો જીવોનો સંહાર થવા પામે છે તેવાં સુતરાઉ કે રેશમી તેમજ ઊન કે શણનાં વસ્ત્રો

જાણી જોઇને વાપરવાનો નિષેધ ડહાપણભરી દયા પાળવાનો દાવો કરનારા ભાઇ બહેનોને સમજાવવાની જરૂર રહે ખરી ? તેવી દરેક ધર્મકરણી પ્રસંગે વાપરવાનાં વસ્ત્રો કેવળ શુદ્ધ ને નિર્દોષ રાખવા-રખાવવા સૌએ ચેતવું તેમજ ચેતાવવું. ( ૩ ) **મનશુદ્ધિ**-ઉક્ત શરીરશુદ્ધિ અને વસ્ત્રશુદ્ધિ વિગેરે સાચવવાનો ખરો હેતુ ચિત્તશુદ્ધિ સાધવાનો અને તે દ્વારા અંતરનો ભાવ-ઉલ્લાસ જગાવવાનો હોવો જોઇએ. તેથી જ અંગ-વસ્ત્રની શુદ્ધિ સાચવી, **નિસીહિ** પ્રમુખ દશ ત્રિકો અને શાસ્ત્રોક્ત **પાંચ અભિગમ** સાચવાનું દેવગુરુની સેવા-ભક્તિ કરવા ઇચ્છનારાઓએ ભૂલવું જોઇએ નહીં. તેથી મનની શુદ્ધિમાં વિશેષ વધારો થવા પામે છે. ખપી જનોએ તેનો સવિસ્તર અધિકાર દેવવંદન ભાષ્ય પ્રમુખ ગ્રંથોમાં જણાવેલ છે તે અવધારી લેવો. ( ૪ ) **ભુમિકાશુદ્ધિ**-જે સ્થળે ( જિનમંદિર કે ઉપાશ્રયમાં ) સામાયિક, પ્રતિ-ક્રમણ કે દેવપૂજાદિક ધર્મકરણી કરવી હોય તે સ્થળ જયણા-પૂર્વક પ્રથમથી જ સાફસુફ કરી લેવું જોઇએ. એમ કરવાથી ચિત્તની પ્રસન્નતા જળવાય છે અને તેમાં વધારો થવા પામે છે. (૫) **પૂજોપગરણશુદ્ધિ**-દેવગુરુભક્તિ પ્રસંગે ઉપયોગમાં લેવાનાં સાધનો તથા સામાયિકાદિનાં ઉપગરણો પણ શુદ્ધ રાખવા. જીવ-જંતુ ઉપજે એવાં ગંદા કે મેલાં ન રાખવાં. ( ૬ ) **દ્રવ્યશુદ્ધિ**-ઉત્તમ સાધનો-ઉપગરણો મેળવવા જોઇતું દ્રવ્ય ન્યાય-નીતિ ને પ્રામાણિકતાથી પેદા કરેલું કે મેળવેલું હોવું જોઇએ, તેથી શુભ ભાવની રક્ષા ને વૃદ્ધિ થવા પામે છે. ( ૭ ) **વિધિશુદ્ધિ**-શુદ્ધ દેવગુરુધર્મની સેવા-ઉપાસના યથાવિધિ-સ્વસ્વયોગ્યતાનુસાર, દેશકાળભાવ તપાસીને કરવા-કરાવવા પૂરતું લક્ષ રાખવાની પણ

જરૂર છે. ખેતી, ભોજન પ્રમુખ ઐહિક કાર્યો પણ યથાવિધિ કરવાથી સફળ થાય છે, નહીં તો અફળ જાય છે કે હાનિ કરે છે.

**પૂજાના પ્રકાર**—અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા ને પ્રતિપત્તિપૂજા–એમ ચાર પ્રકારની પૂજા અનેક ભેદે શાસ્ત્રમાં વખાણી છે, તો ગુરુગમથી સમજી, પ્રમાદરહિતપણે સર્વેએ બનતો આદર કરવો. શ્રી આનંદઘનજી મહારાજે શ્રી સુવિધિનાથજીના સ્તવનમાં આ સંબંધે કરેલો ઉલ્લેખ વાંચી વિચારી જોવો અને પૂર્વ પુન્યયોગે મળેલી માનવભવાદિક દુર્લભ સામગ્રી સાર્થક કરી લેવા ચોંપ ( સાવધાની ) રાખવી.

**પચ્ચક્ખાણ**—મન અને ઇંદ્રિયોનું દમન થાય, ક્રોધાદિક કષાયો મંદ–પાતળા પડે, ચિત્તની પ્રસન્નતા ટકી રહે–તેમાં કલુષતા થવા ન પામે અને આપણા નિયમિત કામમાં સ્ખલના ન આવે, જ્ઞાન–ધ્યાન અધિક થવા પામે તે સાથે દેવગુરુની આજ્ઞાનું અખંડ પાલન કરવામાં કશી ખામી ન આવે એવાં તપ, જપ, વ્રત, નિયમ સુગુરુ સમીપે અત્યંત વિનીતભાવે યથાર્થ સમજી, શક્તિ અનુસાર ભાવોલ્લાસથી આદરી **યથાવિધિ** પાળવાં.

અશુચિમય, અસાર ને ક્ષણભંગુર એવા દેહાદિકથી સારભૂત, પવિત્ર ને અવિનાશી ધર્મતત્ત્વ પેદા કરી લેવા માટે માયા–મમતા–સુખશીલતા તજી, શાસ્ત્રોક્ત વ્રત–પચ્ચક્ખાણ કરવા સૌએ પ્રયત્ન કરવો. ધર્મશીલ જનોનો જન્મ એ રીતે સફળ થવા પામે છે અને સ્વેચ્છાચારી વિવેકરહિત જનોનો જન્મ પશુની પેઠે અફળ થાય છે. હાથ આવેલી બાજી ન બગડે તેવી કાળજી સૌએ રાખી લેવાની જરૂર છે.

**પ્રતિક્રમણ**—જાણતાં–અજાણતાં, દિવસે કે રાત્રે ગમે

ત્યારે મનથી, વચનથી કે કાયાથી રાગ, દ્વેષ કે મોહાદિકની પરવશતાથી જે જે પાપ કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય તે અંતરના પશ્ચાત્તાપ સાથે, ફરી તેવાં પાપ તેવા ભાવે નહીં કરવાની બુદ્ધિથી જ્ઞાની ગુરુમહારાજની પાસે નિઃશલ્યપણે (સરળતાથી) નિવેદન કરી, તેના નિવારણ માટે જ્ઞાની ગુરુએ જે કંઇ શિક્ષા પ્રાયશ્ચિત્તરૂપે ફરમાવી હોય તે પ્રસન્નમુખે પ્રમાણ કરી, તેનો અમલ કરવો.

મૂળ વ્રત સંબંધી મર્યાદાનું અતિચારાદિક દોષોવડે ઉલ્લંઘન થયું હોય તે ભૂલનો ઊંડા આલોચપૂર્વક સુધારો કરવો. એવી જે કોઇ ભૂલો આ ભવમાં કે ભવાંતરમાં થઇ હોય તે કલ્યાણ મિત્રરૂપ જ્ઞાની ગુરુ સમીપે સરલ ભાવે કબૂલ કરી શુદ્ધ થવું, તદ્રૂપ પ્રતિક્રમણ અવશ્ય કરવું. જેમ ખરો વ્યાપારી રોજમેળ રાખી, વર્ષના અંતે સરવૈયું કાઢી, આખા વર્ષ દરમિયાન થયેલ લાભહાનિનો નિશ્ચય કરી, થયેલી કે થતી હાનિને ખાળવા ને અધિક લાભ મેળવવા મથન કરે છે તેમ પાપભીરુ ભવ્યાત્મા પણ પ્રમાદવશ થયેલા પાપ–દોષને ટાળવા અને નિજ આત્મશુદ્ધિ નિપજાવવા અહોનિશ લક્ષ રાખ્યા કરે છે. દિવસ, રાત્રિ, પક્ષ, ચઉમાસ અને વર્ષ સંબંધી પાપની આલોચના જેમાં કરાય છે તે પ્રતિક્રમણ, અનુક્રમે દેવસી, રાઇ, પાક્ષિક (પાખી), ચઉમાસી અને સાંવત્સરિક (સંવચ્છરી) કહેવાય છે. જેમ ભારવાહી માથે ઉપાડેલા ભારને ઉતારી સહેજે હળવો થાય છે તેમ તે તે ભાવ–પ્રતિક્રમણ યોગે આત્મા પાપકર્મના ભારથી હળવા થાય છે. તે પ્રતિક્રમણ મૂળ સૂત્ર, અર્થ અને તદુભય શુદ્ધ કરવું જોઇએ. તદ્દગત

ઉપયોગ સહિત કરવાથી તે ભાવ–આવશ્યક થાય છે, નહિ તો દેખાદેખીથી ઉપયોગશૂન્યપણે કરાતું પ્રતિક્રમણ દ્રવ્ય આવશ્યક છે.

**પૌષધ**—જેથી આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિક સહજ ગુણોને પુષ્ટિ મળે તે પૌષધ. સુશ્રાવક–શ્રાવિકાઓએ પર્વતિથિ પ્રસંગે આ પૌષધ અવશ્ય કરવા યોગ્ય છે. તે દિવસે શક્તિ મુજબ ઉપવાસ, આયંબિલ કે એકાશનાદિક તપ, શરીરસત્કાર-(સ્નાન–વિભૂષાદિક)નો ત્યાગ, મન, વચન અને કાયાની પાપ-પ્રવૃત્તિનો પરિહાર, અને શુદ્ધ ભાવપૂર્વક બ્રહ્મચર્યનું પાલન અવશ્ય કરવું જોઇએ. બનતાં સુધી તો વિધિ બહુમાન સહિત એ ચારે પ્રકારે પૌષધનું પાલન કરવું. જેનાથી સંપૂર્ણ ન બની શકે તેમણે તેમાંથી બને તેટલા પ્રકારનું પાલન કરવા દૃઢ નિશ્ચય રાખી તેનો બનતો લાભ અવશ્ય ઉઠાવવો.

ઉક્ત પૌષધ સામાન્ય રીતે ચાર પહોર કે આઠ પહોર જેટલા સમયની મર્યાદાથી કરવામાં આવે છે. તેટલો વખત રાગ–દ્વેષ રહિત સમભાવરૂપ સામાયિકનો જ અભ્યાસ કરવાનો હોય છે. તેના લાંબા અભ્યાસથી આત્માને અપૂર્વ લાભ મળે છે.

પૌષધ વ્રતમાં સામાયિકની પેઠે સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા ગુરુ પ્રમુખની સાક્ષીએ કરવામાં આવે છે. તે મુજબ તેનું પાલન કરવા ભાઇ–બહેનોએ સાવધાન રહેવું જોઇએ. નિદ્રા, વિકથા, વિષય ને કષાયાદિક પ્રમાદને વશ થઇ જવાથી તેની વિરાધના થવા પામે છે, તેથી સામાયિક–પૌષધ પ્રસંગે તો નિદ્રા, વિકથાદિક પ્રમાદનો વિવેકપૂર્વક ત્યાગ કરવો જ જોઇએ. ઉત્તમ ભાઇ–બહેનોએ જે પ્રતિજ્ઞા કરવી તે પોતાની યોગ્યતા પ્રમાણે ડહાપણભરી હોવી જોઇએ, અને તેનું પાલન પણ

સાવધાનપણે બહાદુરીથી કરવું જોઇએ, જેથી ઉત્તરોત્તર અધિક મહત્ત્વવાળી પ્રતિજ્ઞા લેવાનું અને તેને અખંડ પાળવાનું અધિક બળ પોતામાં આવ્યા વગર રહે નહીં.

અત્યારે તો ગૃહસ્થના સામાન્ય ધર્મરૂપ માર્ગાનુસારીપણાનું યથાવિધિ પાલન કરવામાં પણ બહુધા ઉપેક્ષા થતી જોવામાં આવે છે. ધર્મના દૃઢ પાયારૂપે લેખાતી નીતિ ને પ્રામાણિકતાનો અનાદર કરાતો જોવાય છે અને માત-પિતાદિક વડીલ જનો જ જ્યારે આવી ઉપેક્ષા કરતા હોય અને સ્વેચ્છા માટે પ્રવર્તતી ઘેલછા તજતા ન હોય તો પછી તેમનું ઘણે ભાગે અનુકરણ કરીને ચાલનારી તેમની સંતતિનું તો કહેવું જ શું? પ્રથમ તો સાચા ધર્મના અર્થી જનોએ તેના પાકા પાયારૂપ લેખાતી નીતિનો દૃઢ આદર કરી, યથાશક્તિ સુખે પાળી શકાય તેવાં બીજા વ્રત-નિયમો સ્વીકારવાં જોઈએ. તેમજ તેને દૃઢતાથી પાળવાં જોઇએ, તેમાં શ્રાવક યોગ્ય બારે વ્રતોનો સમાવેશ થાય છે. તે સર્વ સમજીને પછી આદરનાર ભવ્યજનોને પાળવાં સહેલાં પડે છે અને બીજાને કઠણ લાગે છે.

આ રીતે જ્ઞાની પુરુષોનાં હિતવચનોને હૈયે ધરી હિત-માર્ગે ચાલનાર સજ્જનો સુખે સ્વહિત સાધી શકે છે; એટલું જ નહીં પણ પોતાની દૃઢ ટેકથી તેઓ બીજાને પણ માર્ગદર્શક બની શકે છે.

**પરોપકાર**—ગમે તેવા કઠણ સંયોગોમાં પણ જેઓ એક ડગલું પણ અનીતિના માર્ગમાં ભરતા નથી, અને લીધેલી ટેકને પ્રાણાન્તે પણ તજતા નથી તેવા પવિત્ર આત્માઓ પોતાનાં શુદ્ધ આચરણથી, પોતાનામાં ખીલેલ ક્ષમા, મૃદુતા-

કોમળતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ ( અંતરશુદ્ધિ–પ્રામાણિકતા ), નિઃસ્પૃહતા અને બ્રહ્મચર્ય જેવા સદ્ગુણોને લીધે અનુકરણશીલ એવા કંઇક ભવ્યજનોને ઉપકારક બને છે. જે ઉત્તમ વસ્તુનો પોતે રસાસ્વાદ મેળવી શક્યા છે તેને તેવો અપૂર્વ લાભ પોતાનાં પ્રિય બંધુઓ તથા બહેનો તથાવિધ પાત્રતાયોગે મેળવવા ભાગ્યશાળી બને એવી ઉદાર ઈચ્છા ને ભાવના હોય છે; તેથી તેઓ તેમાં બનતું કરી પોતાની તેવી ઇચ્છા ને ભાવના સફળ કરવા ચૂકતા નથી અને એવી ઉત્તમ ઉદારતા અને સજ્જનતા દાખવી આપણને તેવા ઉદાર સજ્જન થવા શિખવે છે.

[ જૈ. ધ, પ્ર. પુ. ૪૦, પૃ. ૨૧૫ ]

## સંવત્સરી ખામણા

" ખમીએ ને ખમાવીએ સાહેલડી, એહી જ ધર્મનો સાર તો. "

" खामेमि सव्वजीवे, सव्वे जीवा खमन्तु मे । "

ઈત્યાદિ હિતવચનોને અવલંબી હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો મુજને ખમો–ક્ષમા કરો. સર્વ કોઇ પ્રાણીઓ પ્રત્યે મારે મૈત્રીભાવ છે, કોઇ સાથે મારે વૈરભાવ નથી. ‘ આયરિય ઉવજ્ઝાયે ’ નામના આવશ્યક સૂત્રનો આલાવો યાદ લાવી મારા આત્માને કર્મના ભારથી હળવો કરવા સહુ સદ્ગુણી ભાવ–આચાર્ય, ઉપાધ્યાય અને પ્રવર્તક પ્રમુખ પૂજ્ય પુરુષવરોને તેમજ શિષ્ય, સાધર્મિક, કુળ, ગણ વિગેરે ગુણીજનોને ખમાવવા મારો જીવ ઊજમાળ થયો છે. હે સદ્ગુણ નિધાનો ! આપ પૈકી જેમને અજ્ઞાન–અવિવેકવશ બની મેં કલુષિત

( કષાયયુક્ત ) કર્યાં હોય તે સૌને હું ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. આપ સર્વ મારી સઘળી કસુરો માફ કરશો, એવી કસુરો ફરી મારાથી થવા ન પામે એવી ઈચ્છા-ભાવનાપૂર્વક આપ સૌની પાસે હું માફી માગું છું તો તે માફી આપવા આપ સહુ ઉદારદિલ થશો. પવિત્ર જૈનશાસનના આધારરૂપ ઉત્તમ સાધુ-સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાઓ ! આપ સહુ સંઘના જૈનશાસનના મુગટ-મણિરૂપ છો. આપને આપના પવિત્ર ગુણોને લીધે શ્રી તીર્થંકર દેવો પણ પ્રશંસે છે, તેવા આપના સદ્ગુણોની પ્રશંસા કરવાપૂર્વક બને તેટલું તે ગુણોનું સેવન-અનુકરણ કરવાથી જરૂર સ્વશ્રેય થઇ શકે છે. તેમ છતાં અજ્ઞાન ને મોહવશ ભૂલી, આપની જે કંઇ અવગણના, હેલના, નિંદારૂપ આશાતનાઓ કરી હોય તે બદલ આપ સૌને ફરી ફરી એવી અહિતકારી અવગણના નહીં કરવાની બુદ્ધિપૂર્વક ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું, તો આપ સૌ ઉદાર દિલથી જરૂર ખમશો. હું પણ આપ સર્વનું સઘળું ખમવા તૈયાર છું. સકળ જીવ સમુદાયમાં જીવત્વ સમાન છતાં સ્વાર્થવશ ભૂલી જઇ, જે જે જીવોની મારા જીવે વિરાધના કરી હોય તે તે સર્વ જીવોને હું ત્રિવિધે ખમાવું છું. સૌ કોઇ જીવો મને તેની માફી આપો. હું પણ સૌ કોઇને એવી જ રીતે માફી આપવા ઉજમાળ થયો છું.

'આયરિય ઉવજ્ઝાયે' એ પવિત્ર સૂત્રવચનના બહુમાન-પૂર્વક હું સર્વને પ્રેમપૂર્વક ખમાવું છું, સૌ કોઇ મારા અપરાધને ક્ષમા બક્ષી ઉપકૃત કરશો. સંવત્સરી ખામણા સંબંધી આવતા સઘળા પત્રોનો પ્રત્યુત્તર પાઠવવાનું મારાથી જ્યારે બની શકતું નથી ત્યારે સ્વસ્થાને રહ્યો છતો સહુ સદ્ગુણી સાધુ-સાધ્વીઓને તેમજ શ્રાવક-શ્રાવિકાઓ વિગેરેને આ નાનકડા ઉપયોગી લેખ-

વડે જ અંતઃકરણથી નમ્રભાવે ખામણા કરી લેવા-અરસપરસ પ્રેમભાવે ખમવા ખમાવવા મેં દુરસ્ત ધાર્યું છે. સૌ કોઇ સદ્ગુણી સજ્જનો મારાં કહેલાં ખામણા સરલભાવે સ્વીકારી લઇ મને વિશેષ આભારી કરશો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૨૦૯ ]

---

## જીભ

જેને જીભ વશ નથી તેને સર્વત્ર વેર-વિરોધ વર્તે છે અને જેની જીભમાં અમૃત વસે છે તેને ત્રણે જગત વશ થાય છે; તેથી જીભને મોકળી નહીં મૂકતાં કબજે રાખવી.

જીભના અગ્રે સરસ્વતી વસે છે, જીભના અગ્રમાં મિત્રો અને બાંધવો હાજર રહે છે. જીભને મોકળી મૂકવાથી રાગ-દ્વેષનું બંધન થાય છે અને તેને સદ્વિવેકવડે કબજે રાખવાથી ઉક્ત બંધનથી મુક્ત થઇ શકાય. ટૂંકમાં જીભમાં સર્વ સમાયેલું છે. તેનો દુરુપયોગ કરવાથી મિત્રો શત્રુ બને છે અને સદુપયોગ કરવાથી દુનિયા વશ થાય છે.

૨૧૦ સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી

# પ્રશ્નોત્તર-વિભાગ

# સાદા ને સરલ પ્રશ્નોત્તર.

૧. પ્રશ્ન—આપણે શા કારણથી "જૈન" કહેવાઈએ છીએ?

ઉત્તર—આપણે જિનેશ્વર દેવની સેવા કરનારા છીએ તેથી.

૨. પ્રશ્ન—જિનેશ્વર દેવ કોને કહીએ? શા માટે તેમની સેવા કરવી?

ઉત્તર—સકળ જિનોના જે નાયક છે, અનંત જ્ઞાન, અનંત શક્તિ પ્રમુખ અનંત ગુણોના દરિયા છે તેમજ અનેક ઉત્તમ લક્ષણોથી ભરેલા છે તેથી જિનેશ્વર દેવ સદા સેવવા યોગ્ય છે.

૩. પ્રશ્ન—જિન કોને કહીએ? અથવા શાથી જિન કહેવાય?

ઉત્તર—રાગ, દ્વેષ અને મોહ વિગેરે તમામ દોષોને સંપૂર્ણ રીતે જીતીને તે દોષોને દળી નાંખે તેને જિન કહીએ. તમામ દોષો દૂર કરી દેવાથી અને સંપૂર્ણ જ્ઞાનાદિક ગુણો પ્રાપ્ત થવાથી જિન કહેવાય છે. જિનેશ્વર દેવની આજ્ઞા અખંડ રીતે પાળવાથી તેવા જિન થઈ શકાય છે. જિન થવું કંઇ સુલભ નથી.

૪. પ્રશ્ન—આપણે શ્રાવક શાથી કહેવાઇએ છીએ?

ઉત્તર—જિનેશ્વર દેવની આજ્ઞા પ્રમાણે નિર્મળ જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર-ક્રિયાવડે મોક્ષમાર્ગનું સાધન કરનારા સુસાધુ-આચાર્ય, ઉપાધ્યાય કે મુનિજનો પાસે ધર્મશાસ્ત્રનું વિનય-વિવેક સહિત શ્રવણ કરી, શુદ્ધ દેવગુરુ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી, યથાશક્તિ વ્રત-પચ્ચકખાણ કરીએ તેથી.

૫. પ્રશ્ન—શ્રાવકમાં સામાન્ય રીતે કેવા ગુણ હોવા જોઇએ?

ઉત્તર—માર્ગાનુસારીપણાના પાંત્રીશ ગુણો તો તેમાં અવશ્ય હોવા જોઈએ.

૬. પ્રશ્ન–માર્ગાનુસારીપણાના થોડાક ગુણો વર્ણવી દેખાડશો?

ઉત્તર—૧. ન્યાય–નીતિથી કમાણી કરી આજીવિકા ચલાવવી.

૨. સદાચારી થવું, કદાપિ લોકવિરુદ્ધ દુષ્ટ વ્યસનાદિક ઉન્માર્ગે જવું નહીં. ખાન–પાન સંબંધી પણ યોગ્ય વિવેક સાચવવો.

૩. સરખા આચાર–વિચારવાળા–એક મતવાળા સંગાથે વિવાહ જોડવો, જેથી શાંતિપૂર્વક ધર્મકર્મ કરતાં ખલેલ ન આવે.

૪. સર્વ પ્રકારનાં પાપ–આચરણથી ડરતાં રહેવું.

૫. દેશાચાર પ્રમુખ લક્ષમાં રાખી નિંદાપાત્ર ન થવાય તેમ ડહાપણથી વર્તવું.

૬. રાજા પ્રમુખ અધિકારીના તેમજ પૂજ્ય વડીલ પ્રમુખ કોઇના પણ અવર્ણવાદ કદાપિ બોલવા નહી, તેમજ કાન દઈ સાંભળવા પણ નહીં; કેમકે તેથી ભારે અનર્થ પેદા થાય છે.

૭. સારા પાડોશવાળા યોગ્ય મુકામમાં સુઘડતાથી રહેવું.

૮. સદ્ગુણી સાધુ–મહાત્માનો યા સુશ્રાવકનો સત્સંગ કરવો.

૯. માતપિતાદિક વડીલોની આજ્ઞા માથે ધારવી પણ લોપવી નહીં.

૧૦. ઉપદ્રવવાળા સ્થાનમાં ન જવું, જેથી ધર્મની અને ધનની બંનેની હાનિ થાય.

૧૧. પોતાની ગુંજાસ(આવક)ના પ્રમાણમાં જ ખર્ચ કરવો.

૧૨. પોશાક પણ પોતાની સ્થિતિના પ્રમાણમાં જ રાખવો.

૧૩. બુદ્ધિના આઠ ગુણો ધારી,તત્ત્વબોધ મેળવી સદ્ગુણી થવું.

૧૪. બરાબર ક્ષુધા–ખાવાની રુચિ જાગ્યા વગર ખાવું નહીં.

૧૫. નિયમિત વખતે ક્ષુધાના પ્રમાણમાં જ ભોજન પચે તેવું કરવું.

૧૬. ધર્મને સાચવી, અર્થ ઉપાર્જન કરવું, તેમજ અર્થને હાનિ ન પહોંચે તેવી રીતે મર્યાદાસર કામસેવન કરવું. આ રીતે ધર્મ, અર્થ ને કામ સાધવાં.

૧૭. ભોજનસમયે સંત–સાધુ–અતિથિ અને માતપિતાદિકની અવશ્ય સંભાળ લેવી. તે પછી ભોજન કરવું.

૧૮. ગુણ–ગુણીનો જ પક્ષ કરવો, એટલે તેમનામાં જ દઢ રાગ ધરવો.

૧૯. દેશ–કાળ–ભાવ વિચારી, નિજ શક્તિ–બળ તપાસી ઉચિત કાર્ય કરવું.

૨૦. ધર્મચુસ્ત સજ્જનોની બહુમાનપૂર્વક (સ્વશ્રેય માટે) સેવાભક્તિ કરવી.

૨૧. ઉચિત રીતે નિજ કુટુંબપોષણ કરતાં રહેવું. દીન–દુઃખીને પણ યથાશક્તિ સહાય આપવા ચૂકવું નહીં.

૨૨. લાભાલાભ સંબંધી યોગ્ય વિચાર કરી કાર્યારંભ કરવો, એકાએક સહસાત્કાર ન કરવો. વિચારી પગલું ભરનાર સુખી થાય છે.

૨૨. આ ઉપરાંત લજ્જાવંત થવું, વિનયવંત થવું, દયાવાન થવું, સમતાવંત થવું, વિચક્ષણ થવું, લોકપ્રિય બનવું, કૃતજ્ઞ થવું, ઇંદ્રિયજિત્ થવું તેમજ કામક્રોધાદિ ષડ્રિપુના વિજેતા થવું વિગેરે સમસ્ત ગુણો સેવવા–આદરવા યોગ્ય છે.

૭. પ્રશ્ન—માર્ગાનુસારીપણાના ગુણવગરના શ્રાવક ન કહેવાય ?

ઉત્તર—તેવા ગુણવગર તો નામમાત્ર શ્રાવક ભલે કહેવાય પણ પરમાર્થે તો એ અને અક્ષુદ્રતા–ગંભીરતાદિક ઉત્તમ ગુણોવડે જ શ્રાવક કહેવાય.

૮. પ્રશ્ન—અક્ષુદ્રતાદિક કયા કયા ગુણો આદરવા જોઇએ ?

ઉત્તર—૧. પરાયાં ( છિદ્ર ) દોષ જોવાની ટેવ પડી હોય તો તે દૂર કરીને ગુણગ્રાહક દૃષ્ટિ ધારવી, ગંભીરતા રાખવી.

૨. માયા–કપટ કે શઠતા તજી સરલ સ્વભાવી થવું.

૩. સુદાક્ષિણ્યવંત થવું–પ્રેરણાયોગે પરહિત કરવા તૈયાર થવું.

૪. નિષ્પક્ષપાતીપણે જ્યાં સત્ય હોય ત્યાં જ પ્રીતિ ધરવી.

૫. પ્રાણાંતે પણ અસત્ય-ધર્મવિરુદ્ધ ભાષણ ન જ કરવું,તેમજ પારકી કુથલી નહિં કરતાં કંઇપણ હિતકારી ધર્મચર્ચા કરવી.

૬. કુટુંબ પણ ધર્મરુચિવાળું હોય, જેથી ધર્મમાં સહાયભૂત થાય.

૭. સ્વતઃ પરોપકાર કરવા પ્રેમ પ્રગટે અને પરોપકાર સાધે.

૮. જે કાર્ય આદરે તે કાર્યકુશળતાથી પાર પાડે.

૯. શરીરની આરોગ્યતા અને ઇંદ્રિયપટુતાદિક સંબંધી સારી રીતે સંભાળ રાખે, એમ સમજીને કે તે બધાં ધર્મસાધનનાં અંગરૂપ છે. એ અને બીજા કેટલાક ગુણો ઉપર વર્ણવ્યા છે તે સાથે હૃદયની કોમળતા પ્રમુખ સદ્ગુણોવડે જીવ શ્રાવક ધર્મને લાયક બને છે.

૯. પ્રશ્ન—આ બધા ગુણો બહુ જ ઉપયોગી હોવાથી

બારીકીથી સમજીને અવશ્ય આદરવા યોગ્ય છે. તેનું વિશેષ વર્ણન ક્યાં મળી શકશે ?

ઉત્તર—દાખલા-દલીલો સાથે અસરકારક રીતે તો **ધર્મરત્ન** પ્રકરણ, **ધર્મબિંદુ** વિગેરે ગ્રંથોના ભાષાંતરોમાં તેનું વિશેષ વર્ણન જોઇ શકાશે. વળી સામાન્ય રીતે તો **જૈન હિતોપદેશ** ભાગ ૧-૨-૩ અને **શ્રાવક કલ્પતરુ** વિગેરેમાં પણ તેનું વર્ણન જોઇ શકાશે.

૧૦. પ્રશ્ન—**શ્રાવક** શબ્દનો અક્ષરાર્થ શું ?

ઉત્તર—**શ્ર**=શ્રદ્ધાવંત, **વ**=વિવેકવંત અને **ક**=ક્રિયાવંત, એવો **શ્રાવક** શબ્દનો અક્ષરાર્થ થાય છે.

૧૧. પ્રશ્ન—સામાન્યતઃ શા શા કરણથી શ્રાવક જીવન સાર્થક લેખાય ?

ઉત્તર—શ્રી જિનેશ્વર દેવની પૂજા-સેવાથી, શુદ્ધ માર્ગ-દેશક સદ્‌ગુરુની સેવા-ભક્તિથી, જીવદયાથી, સુપાત્રને દાન દેવાથી, સદ્‌ગુણ પ્રત્યે પ્રેમ રાખવાથી અને આગમવચનોનું સારી રીતે શ્રવણ-મનન કરી સન્માર્ગ ગ્રહણ કરવાથી શ્રાવક જીવન સફળ થાય છે.

૧૨. પ્રશ્ન-વિશેષતઃ શ્રાવકનો કર્તવ્ય ધર્મ કેવા પ્રકારનો હોય ?

ઉત્તર—હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહનો સર્વથા ત્યાગ થઇ ન શકે ત્યાં સુધી અમુક પ્રમાણમાં ઊંચું લક્ષ રાખી પાંચ અણુવ્રત સ્વીકારવાં, તેમજ તેને ગુણકારી થાય એવા ત્રણ ગુણવ્રત ( દિગ્વિરમણ-દિશાપ્રમાણ, ભોગોપભોગપ્રમાણ અને અનર્થદંડવિરમણ ) ઉપરાન્ત ચાર શિક્ષાવ્રતો ( સામાયિક, દેશા-વકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ ) પણ અવશ્ય આદરવા

યોગ્ય છે. શ્રાવક યોગ્ય આ બાર વ્રત અને તેને જ લગતી શ્રાવક યોગ્ય વિશેષ કરણી ૧૧ પડિમાઓ ( પ્રતિજ્ઞાવિશેષ ) માટે પણ **ધર્મબિંદુ**, **શ્રાવકપ્રજ્ઞપ્તિ** વગેરેમાં સારું વર્ણન આપેલું છે. **શ્રાવકકલ્પતરુ**માં પણ એ સંબંધી કંઇક વિસ્તારથી વર્ણન કરેલું છે. જિજ્ઞાસુ માટે આ ગ્રંથો અતીવ ઉપયોગી છે.

૧૩. પ્રશ્ન—શ્રાવક યોગ્ય કર્તવ્યોનું સંક્ષેપથી કયાં વર્ણન કરેલું છે ?

ઉત્તર—' મન્નહ જિણાણું આણું ' એ સજ્ઝાયમાં તે તે કર્તવ્યોનું દિગ્દર્શન કરાવેલું છે. તેનો કંઇક ભાવાર્થ '**જૈન હિતબોધ**' માં સમજાવવામાં આવ્યો છે તેનો વિસ્તારાર્થ તેની ટીકા પરથી સમજી શકાય તેમ છે.

૧૪. પ્રશ્ન–સુસાધુજનોનો કર્તવ્યધર્મ કેવા પ્રકારનો કહેલો છે ?

ઉત્તર—તેમને તો પૂર્વોક્ત હિંસા, અસત્ય, અદત્ત, મૈથુન અને પરિગ્રહનો સર્વથા મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવાનો ત્યાગ અને શુદ્ધ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતાનો સર્વથા સ્વીકાર કરવારૂપ પાંચ મહાવ્રતોને ધારણ કરવાં, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિક ચારે કષાયોનો જય કરવો અને મન, વચન તથા કાયાના દંડોથી વિરમવું–એ રીતે સત્તર પ્રકારનો સંયમ આદરીને સાવધાનપણે પાળવારૂપ કર્ત્તવ્ય ધર્મ છે. એ ઉપરાંત ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌર્ય, અકિંચનતા અને બ્રહ્મચર્યરૂપ દશ પ્રકારનો યતિધર્મ સારી રીતે સમજીને સુસાધુજનોએ સેવવા યોગ્ય છે, તેમજ તેમને યોગ્ય બાર ' ભિખ્ખુપડિમા ' પણ આરાધવા યોગ્ય કર્ત્તવ્યધર્મ છે.

૧૫. પ્રશ્ન–આ જિનેશ્વરદેશિત ધર્મરૂપ મહાવૃક્ષનું મૂળ શું?

ઉત્તર—વિનય (ગુણ–ગુણી પ્રત્યે નમ્રતા) એ જ એનું મૂળ છે.

૧૬ પ્રશ્ન—વિનયના સામાન્ય ભેદ ( પ્રકારો ) સમજાવશો ?

ઉત્તર—૧. વંદન, સુખશાતાદિ પૃચ્છા, યથાયોગ્ય અન્ન, પાન, વસ્ત્ર, પાત્રવડે ભક્તિ.

૨. સદ્ગુણી સાધુપ્રમુખના સદ્ગુણો પ્રત્યે હૃદયપ્રેમ-બહુમાન.

૩. તેમનામાં પ્રગટેલા ઉત્તમ ગુણોની સ્વમુખે પ્રશંસા કરવી.

૪. તેમનામાં નજરે આવતાં નજીવા દોષોની ઉપેક્ષા કરવી, લોક સમક્ષ તેવા નજીવા અવગુણ ઉઘાડા પાડવા નહીં.

૫. કોઈપણ પ્રકારની અવજ્ઞા–આશાતના થવા ન દેવી.

૧૭ પ્રશ્ન—દેવવંદન અને ગુરુવંદન કરવા સંબંધી વિધિ–વિવેક સ્પષ્ટપણે કયા કયા સ્થળે બતાવવામાં આવેલ છે?

ઉત્તર—દેવવંદન ભાષ્યમાં અને ગુરુવંદન ભાષ્યમાં તે સંબંધી સ્પષ્ટ ખુલાસો છે. ભાષ્યત્રય નામના પુસ્તકમાંથી પણ કંઇક વિવેચન જોઇ શકાશે. વળી ‘ જૈન હિતબોધાદિ ’ માં પણ પ્રસંગે પ્રસંગે તે વિષય ચર્ચેલો છે. તેમજ શ્રી શત્રુંજય મહા-તીર્થાદિ યાત્રાવિચાર અને ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ-માં આ સંબંધી યથાયોગ્ય વર્ણન આપવામાં આવ્યું છે, જે સૌને સમજવું સુલભ છે.

૧૮ પ્રશ્ન—તપ, જપ, વ્રત, પચ્ચક્ખાણ સંબંધી નિયમ કરવાનો વિધિ વિવેક સ્ફુટ રીતે કયાં વર્ણવવામાં આવેલ છે કે જે લક્ષગત થઈ શકે ?

ઉત્તર—ઉક્ત ભાષ્યત્રયમાં પચ્ચક્ખાણ ભાષ્યના અધિકારમાં તેનું સ્પષ્ટ વર્ણન છે.

૧૯ પ્રશ્ન—આ સઘળી કરણી વિધિ સહિત કરવાનો ઊંડો હેતુ કયો હોવો જોઈએ ?

ઉત્તર—રાગ દ્વેષવાળી મન, વચન અને કાયાની ચપળતા નિવારી, ઉત્તમ આલંબનયોગે તેમને નિર્મલ જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં નિર્દોષ રીતે સ્થિર કરવા અને અનુક્રમે સર્વથી અગોચર પરમાનંદ પદ–મોક્ષપ્રાપ્તિ કરવી એ જ ઉત્તમ હેતુ છે.

૨૦ પ્રશ્ન—યોગ અનુષ્ઠાન એટલે શું ? અને તે કઈ રીતે લાભદાયક થઈ શકે ?

ઉત્તર—પરમપદ–મોક્ષ સાથે જોડી આપે એવો સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર સંબંધી આચાર તે તમામ યોગ અનુષ્ઠાન કહેવાય છે, તેથી સાધકને અનેક પ્રકારની સિદ્ધિઓ અને અંતે મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૦, પૃ. ૨૭૮ ]

## બોધદાયક પ્રશ્નોત્તરો

### [ શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ૨૯મું અધ્યયન ]

પ્રશ્ન ૧—પ્રાયશ્ચિત્ત કરવાવડે જીવ શું ફળ પામે ?

ઉત્તર—પાપની વિશુદ્ધિ કરે અને અતિચાર દોષ રહિત થાય. યથાર્થ રીતે પ્રાયશ્ચિત્ત અંગીકાર કરનાર સમકિતને તથા જ્ઞાનને અજવાળે અને ચારિત્રને તથા મોક્ષને આરાધે.

પ્રશ્ન ૨—અપરાધ ખમાવવાવડે જીવ શું ફળ પામે ?

ઉત્તર—ચિત્ત પ્રસન્નતા પામે, તેથી સર્વની સાથે મૈત્રીભાવ વધે, જેથી ભાવની વિશુદ્ધિ કરીને રાગ-દ્વેષ રહિત થઈ પોતે નિર્ભય ( સર્વ પ્રકારના ભયથી મુક્ત ) બને.

પ્રશ્ન ૩—સ્વાધ્યાય કરવાવડે જીવ શું ફળ પામે ?

ઉત્તર—જ્ઞાનાવરણીય કર્મ ખપાવે.

પ્રશ્ન ૪—શ્રુતની આરાધનાવડે જીવ શું ફળ પામે ?

ઉત્તર—અજ્ઞાન ખપાવે, જ્ઞાન અજવાળે; તેથી જન્મ-મરણનાં દુઃખો દૂર જાય.

પ્રશ્ન ૫—મનને એકાગ્ર કરવાથી શું ફળ પામે ?

ઉત્તર—મન ઉન્માર્ગે જતું અટકે.

પ્રશ્ન ૬—સંયમવડે શું ફળ થાય ?

ઉત્તર—શુભાશુભ કર્મ આવતાં અટકે.

પ્રશ્ન ૭—બાર ભેદે તપ કરવાથી શું ફળ મળે ?

ઉત્તર—કર્મની નિર્જરા થાય.

પ્રશ્ન ૮—કર્મની નિર્જરાથી શું ફળ મળે ?

ઉત્તર—પાપક્રિયા ટળે ને શુક્લધ્યાન પામી સિદ્ધ, બુદ્ધ, મુક્ત ને કર્મરહિત થઇ સર્વ દુઃખનો અંત કરે.

પ્રશ્ન ૯—સામાયિક કરવાવડે જીવ શું ફળ પામે ?

ઉત્તર—પાપ વ્યાપારથી નિવર્તે.

પ્રશ્ન ૧૦—ચઉવિસત્થો કહેવાથી શું ફળ મળે ?

ઉત્તર—સમકિતની શુદ્ધિ થાય.

પ્રશ્ન ૧૧—સુગુરુને વંદન કરવાથી શું ફળ મળે ?

ઉત્તર—નીચ ગોત્રકર્મ ખપાવે, ઉચ્ચ ગોત્ર ઉપાર્જે, અપ્રતિહત આજ્ઞા ફળદાયી સૌભાગ્ય મેળવે અને બીજા જીવને સુખદાયક થાય તેવાં હિતવચન બોલવાનું ફળ ઉપાર્જે.

પ્રશ્ન ૧૨—પ્રતિક્રમણ કરવાથી જીવ શું ફળ પામે ?

ઉત્તર–વ્રતના દોષો ટાળે, દોષ રહિત આશ્રવદ્વાર રુંધી, નિર્મળ ચારિત્ર પાળતો આઠ પ્રવચન માતારૂપ સમિતિ ગુપ્તિમાં સાવધાન રહી લીન થઇને યોગમાં સમાધિયુક્ત વિચરે.

પ્રશ્ન ૧૩—કાઉસગ્ગ કરવાથી શું ફળ પામે ?

ઉત્તર—પૂર્વે લાગેલાં અને વર્તમાનમાં લાગતાં પાપરૂપ અતિચારોનું નિવારણ કરે. પાપરહિત બની, અંતઃકરણ સાફ કરી, ભારથી હળવા થયેલ ભારવાહકની પેઠે સ્વસ્થ થઇ રૂડું ધ્યાન ધ્યાતો થકો સુખપૂર્વક વિચરે.

પ્રશ્ન ૧૪—પચ્ચકખાણ કરવાથી જીવ શું ફળ પામે ?

ઉત્તર—કર્મને આવવાનાં દ્વાર બંધ કરે, ઇચ્છાનો નિરોધ કરે ને ઇચ્છાનિગ્રહયોગે જીવ સર્વ વસ્તુઓમાં તૃષ્ણા રહિત થઇ શાંતભાવે પ્રસન્નતાથી વિચરે.

પ્રશ્ન ૧૫—ક્ષમા(સમતા) ગુણના સેવનથી શું ફળ પામે ?

ઉત્તર—પરિષહ-ઉપસર્ગોને સમભાવે-સહન કરી શકે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૪૧૮ ]

# બોધદાયક પ્રશ્નોત્તરો

પ્રશ્ન ૧—આજને કાળે સમાધિમરણ થાય ખરું ? અને થાય તો તે શાથી થાય ?

ઉત્તર—કોઇક વિરલા સંયમી આત્માર્થીને થઇ શકે ખરું. રાગ-દ્વેષ કષાયને ઉપશમાવી આત્મરમણતા કરનારને રત્નત્રયીનું પ્રમાદ રહિત આરાધન કરવાથી તે થઇ શકે.

પ્રશ્ન ૨—આજને કાળે કોઈ તીર્થંકર નામકર્મ બાંધે કે નહીં ? જો બાંધે તો તે શાથી બાંધે ને કયારે ઉદયમાં આવે ?

ઉત્તર—વીશ સ્થાનક પદનું યથાર્થ આરાધન કરવાથી, કોઇ વિરલ જીવ તથાવિધ પ્રકૃષ્ટ પુન્યરસયોગે તીર્થંકરનામકર્મ બાંધે-નિકાચિત કરે, ત્યારપછી ત્રીજે ભવે તે ઉદયમાં આવે.

પ્રશ્ન ૩—હત્યા કરનારા જો મોક્ષે ગયા તો પાપ કરીને પુન્ય કરવું કે નહીં ?

ઉત્તર—હિંસાદિ પાપકર્મથી વિરમી, શુદ્ધ અધ્યવસાયથી અહિંસક ભાવ સેવી, વીતરાગ દશા પામ્યા તે મોક્ષે ગયા તેમ પાપકર્મથી વિરમી, શુદ્ધ ભાવથી સુકૃત કરણી કરનારા અંતે સુખી થઈ શકે છે.

પ્રશ્ન ૪—કુમારપાળના જીવને પાંચ કોડીના ફૂલથી પ્રભુભક્તિ કરતાં અઢાર દેશનું રાજ્ય મળ્યું તેનું કારણ શું ?

ઉત્તર—થોડું પણ ન્યાય-નીતિથી પેદા કરેલું દ્રવ્ય ઉત્તમ સ્થાને ભાવોલ્લાસથી વાપરતાં કોઈ ભદ્રક જીવ મંદ કષાયવડે મોટું પુન્ય ઉપાર્જી શકે છે.

પ્રશ્ન ૫—માબાપ કે સાસુ-સસરાનો અવિનય કરનારને શું ફળ મળે ?

ઉત્તર—ધર્મનું મૂળ જ વિનય છે. તેના અનેક ભેદ છે. સાચા દિલથી પૂજ્ય વડીલ જનોનો વિનય સાચવનાર અનેક ગુણોનો લાભ પામે, પરંતુ તેવા પૂજ્ય વડીલોનો અવિનય-અવજ્ઞાદિક કરવાથી તો ઘણા પ્રકારની હાનિ જ પામે. અવિનયી જીવ ઉત્તમ ધર્મ ન પામે-પામી ન શકે.

પ્રશ્ન ૬—મહાવિદેહ ક્ષેત્રાદિક ( અપૂર્વ વસ્તુ ) આ ભવમાં કોઈ સ્વપ્નમાં કે સાક્ષાત્ દેખી કે શકે નહીં ?

ઉત્તર—કોઈક ધર્માત્માને પુન્યયોગે કે દેવસહાયથી તેના સ્વપ્નમાં કે સાક્ષાત્ દર્શન પણ થવા પામે ખરા.

પ્રશ્ન ૭—જીવ અને સંસારની આદિ છે કે તે અનાદિ છે ?

ઉત્તર—નિશ્ચે જીવ અનાદિ છે તથા અનાદિ કર્મસંયોગજનિત જન્મ, જરા, મરણ, રોગ, શોકલક્ષણ દુઃખરૂપ, દુઃખ ફળવાળો અને દુઃખની પરંપરાવાળો અનાદિ સંસાર છે.

પ્રશ્ન ૮—એ અનાદિ સંસાર-ભ્રમણનો અંત શી રીતે આવે ?

ઉત્તર—શુદ્ધ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ધર્મનું ઔચિત્યવડે સતત સત્કાર અને વિધિપૂર્વક સેવન કરવાથી.

પ્રશ્ન ૯—ઉક્ત શુદ્ધ ધર્મની પ્રાપ્તિ શી રીતે થઇ શકે ?

ઉત્તર—મિથ્યાત્વમોહનીય પ્રમુખ પાપકર્મનો વિનાશ થવાથી.

પ્રશ્ન ૧૦—ઉક્ત પાપકર્મનો વિનાશ શી રીતે થઇ શકે ?

ઉત્તર—તથાભવ્યત્વ (સ્વભાવ), કાળ, નિયતિ (ભવિતવ્યતા), અનુકૂળ કર્મ અને પુરુષાતનવડે ઉક્ત પાપકર્મનો નાશ થાય છે.

પ્રશ્ન ૧૧—તથાભવ્યત્વ પરિપાકનાં કયા કયા સાધન કહ્યા છે?

ઉત્તર—અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીભાષિત ધર્મ—એ ચારેનું શરણુ ગ્રહવું. દુષ્કૃત્ય(પાપ)ની નિંદા કરવી તથા સુકૃત કરણીનું અનુમોદન કરવું એ તેનાં સાધન કહ્યાં છે. એથી આત્માર્થી—મોક્ષાર્થી જનોએ શુભ મન, વચન અને કાયાની એકાગ્રતાવડે એ ચઉસરણાદિ તીવ્ર રાગાદિક સંકલેશ હોય તો વારંવાર કરવાં અને સંકલેશ ન હોય તો ત્રણ કાળ તો અવશ્ય કરવાં.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૧૬ ]

---

## હિતબોધક પ્રશ્નોત્તર.

પ્રશ્ન ૧—સંત-સાધુજનોની સેવા-ભક્તિથી અનંતર ને પરંપર શો લાભ થાય ?

ઉત્તર—તત્ત્વશ્રવણનો લાભ પ્રત્યક્ષ થાય, તેથી પરંપરાએ સમ્યગ્જ્ઞાન, વિજ્ઞાન ( વિવેક ), પાપત્યાગરૂપ પચ્ચકખાણ, મન ને ઇંદ્રિયનિગ્રહરૂપ સંયમ, આશ્રવનિરોધરૂપ સંવર, ઇચ્છાનિરોધરૂપ તપ, કર્મશાતનરૂપ નિર્જરા અને અનુક્રમે યોગનિરોધરૂપ શૈલેશીકરણ કરીને મોક્ષપ્રાપ્તિ થાય.

પ્રશ્ન ૨—જગતમાં સારરૂપ શ્રેષ્ઠ શું શું છે ?

ઉત્તર—સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ), સમ્યગ્જ્ઞાન, તપ, નિયમ, શીલ, સંતોષ, સંયમ, સર્વજ્ઞદેશિત ધર્મ ને સમાધિમરણ એ બધાં સારરૂપ છે.

પ્રશ્ન ૩—શુદ્ધ નિઃસ્વાર્થ જીવદયા કેવા લાભને આપે છે ?

ઉત્તર—કોટિગમે કલ્યાણને પેદા કરે છે, મહાપાપનાં

ઓઘનો નાશ કરે છે અને સંસારભ્રમણનો અંત કરી શાશ્વત સુખશાંતિ સમર્પે છે.

પ્રશ્ન ૪—જીવને સંસારચક્રમાં ભમાડનાર કોણ છે ?

ઉત્તર—મદ (માદક વસ્તુઓનું સેવન), ઇંદ્રિયના વિષયોમાં ગૃદ્ધિ–આસક્તિ, ક્રોધાદિ ચાર કષાય, નિદ્રા–આળસ (એદીવેડા) અને વિકથા (નકામી કુથલી)–એ પાંચ પ્રમાદ સંસારમાં પાડે છે–રઝળાવે છે, તેથી આત્માર્થી જનોએ પરિહરવા યોગ્ય છે.

પ્રશ્ન ૫—શુદ્ધ સર્વજ્ઞોક્ત ધર્મનો લાભ થવો દુર્લભ છે ?

ઉત્તર—ઉત્તમ પ્રકારના વિશાળ વિષયભોગ સાંપડી શકે, દેવતાઈ સંપદા લાભી શકે, પુત્રોનો તથા મિત્રોનો લાભ પણ સાંપડે, પરન્તુ સર્વજ્ઞોક્ત શુદ્ધ ધર્મનો લાભ સાંપડવો બહુ જ મુશ્કેલ છે.

પ્રશ્ન ૬—વિષયભોગને કિંપાકના ફળની ઉપમા કેમ આપવામાં આવી છે ?

ઉત્તર—જેમ દેખાવડાં રંગબેરંગી કિંપાકનાં ફળ ખાતાં તો સ્વાદિષ્ટ લાગે છે, પરન્તુ પરિણામે પચ્યા બાદ પ્રાણની હાનિ કરે છે–પ્રાણનાશક નીવડે છે, તેમ પાંચે ઇંદ્રિયોના વિવિધ મનોહર વિષયો અત્યંત રાગભર ભોગવ્યા સતા બહુ મીઠા લાગે છે, પણ અંતે આસક્તિવડે સંયમ–પ્રાણનો નાશ કરે છે. એકેક ઇંદ્રિયના વિષયમાં આસક્તિવડે પતંગાદિક જીવો પ્રગટ પ્રાણહાનિ સહે છે, તો પછી પાંચે ઇંદ્રિયોમાં અહોનિશ આસક્ત થઈ રહેનારા મૂઢ પ્રાણીઓનું તો કહેવું જ શું ?

પ્રશ્ન ૭—સંસારને દુઃખમય શા માટે કહેવામાં આવેલ છે ?

ઉત્તર—જન્મ, જરા, રોગ, શોક ને મૃત્યુવડે જીવો અત્યંત

દુઃખો અનુભવે છે તેથી, માટે એનો અંત કરવા–સત્ય પુરુષાર્થ સેવવા અહોનિશ ઉજમાળ રહેવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૨૬૩ ]

## જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તર.

પ્રશ્ન ૧—જ્ઞાની પુરુષો કેવા પ્રકારના જીવનપૂર્વક વર્તે છે ?

ઉત્તર—ભાવથી આત્માને વિષે વર્તે છે અને એવા જ્ઞાની પુરુષો વ્યવહારથી સહજપ્રાય પ્રારબ્ધ પ્રમાણે વર્તે છે.

પ્રશ્ન ૨—જ્ઞાની કયા કાળે મુક્ત થયા ગણાય ?

ઉત્તર—જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તે જ કાળે જ્ઞાની મુક્ત થયા ગણાય.

પ્રશ્ન ૩—કેવા જ્ઞાનીને આશ્રય કે આલંબનની જરૂર નથી ?

ઉત્તર—દેહાદિકને વિષે અપ્રતિબદ્ધ છે અને સુખ–દુઃખ, હર્ષ–શોક પ્રમુખ દ્વંદ્વો વિષે અપ્રતિબદ્ધ જ્ઞાનીને પર આશ્રય કે આલંબનની જરૂર નથી.

પ્રશ્ન ૪—સત્યની વ્યાખ્યા કૃપા કરી જણાવશો ?

ઉત્તર—વસ્તુનું સ્વરૂપ જેવું જાણવું, અનુભવવું તેવું જ કહેવું તે સત્ય.

પ્રશ્ન ૫—સત્યના કેટલા પ્રકાર છે અને તે કયા કયા ?

ઉત્તર—તેના બે પ્રકાર છે: પરમાર્થ સત્ય અને વ્યવહાર સત્ય.

પ્રશ્ન ૬—મુનિપણું–મૌનપણું કોનું નામ સાર્થક ?

ઉત્તર—એ નામ પણ પૂર્વાપર વિરોધ રહિત વિચારીને

વચન બોલવાથી સાર્થક થાય છે. ઘણું કરીને ( તથાવિધ ) પ્રયોજન વગર બોલવું જ નહીં તેનું નામ મુનિપણું છે.

પ્રશ્ન ૭—બીજી કઇ રીતે મુનિપણું હોઈ શકે ?

ઉત્તર—રાગ, દ્વેષ ને મોહ–અજ્ઞાન રહિત યથાસ્થિત વસ્તુનું સ્વરૂપ બોલતા છતાં મુનિપણું હોઈ શકે છે.

પ્રશ્ન ૮—પૂર્વ તીર્થંકરાદિકોએ આ પ્રમાણે જ મૌન ધારણ કરેલું હશે ?

ઉત્તર—હા, પૂર્વ તીર્થંકરાદિક મહાત્માઓએ આ પ્રમાણે વિચારીને જ મૌનપણું ધારણ કરેલું સમજવું.

પ્રશ્ન ૯—વીર ભગવાને શી રીતે મૌનપણું ધારણ કરેલું ?

ઉત્તર—સાડાબાર વર્ષ લગભગ મૌનપણું ધારણ કરનાર ભગવાન મહાવીર પ્રભુએ આવા ઉત્કટ વિચાર કરી, આત્મામાંથી ફેરવી ફેરવીને મોહનીય કર્મનો સંબંધ કાઢી નાંખી કેવળજ્ઞાન–દર્શન પ્રગટ કર્યું હતું.

પ્રશ્ન ૧૦—પરમાર્થ સત્ય એટલે શું ?

ઉત્તર—આત્મા સિવાય બીજો કોઇ પદાર્થ આત્માનો થઇ શકતો નથી, એમ નિશ્ચય જાણી વ્યવહાર ભાષા બોલતાં એક આત્મા સિવાય બીજું કાંઇ મારું નથી એવો જેમાં ઉપયોગ ( જાગૃત ભાન ) રહે તે.

પ્રશ્ન ૧૧—પારમાર્થિક ભાષા કઇ કહેવાય ?

ઉત્તર—અન્ય આત્મા સંબંધી બોલતાં, આત્મામાં જાતિ, લિંગ અને તેવા ઔપચારિક ભેદ નહીં છતાં માત્ર વ્યવહાર

નયથી કાર્યને માટે તેમ બોલાવવામાં આવે છે. એવા ઉપયોગ-પૂર્વક બોલાય તો તે પારમાર્થિક ભાષા છે એમ કહેવાય.

પ્રશ્ન ૧૨—વ્યવહાર સત્ય આવ્યા વિના પરમાર્થ સત્ય વચન બોલવાનું બની શકે ? વ્યવહાર સત્યની વ્યાખ્યા કહેશો ?

ઉત્તર—વ્યવહાર સત્ય આવ્યા વિના પરમાર્થ સત્ય વચન બોલવાનું અને તેમ ન હોવાથી વ્યવહાર સત્ય આ રીતે જાણવાનું છે, જેવા પ્રકારે વસ્તુનું સ્વરૂપ જોવાથી, અનુભવવાથી, શ્રવણથી અથવા વાંચવાથી આપણને અનુભવવામાં આવ્યું હોય તેવા જ પ્રકારે યથાતથ્યપણે કહેવું અને તે પ્રસંગે જે વચન બોલવું તેનું નામ વ્યવહાર સત્ય.

પ્રશ્ન ૧૩—સત્ય બોલતાં કોઇ પ્રાણીના પ્રાણનો નાશ થાય અથવા વચન ઉન્મત્તતાથી બોલાય તો તેને સત્ય કહેવાય ખરું ?

ઉત્તર—યદ્યપિ ખરું હોય તો પણ તે અસત્ય તુલ્ય જ છે.

પ્રશ્ન ૧૪—અસત્ય એટલે શું ?

ઉત્તર—સત્યથી વિપરીત તે અસત્ય કહેવાય છે.

પ્રશ્ન ૧૫—સત્ય બોલવું કઠણ નથી ?

ઉત્તર—આત્મા ધારે તો સત્ય બોલવું કંઈ કઠણ નથી.

પ્રશ્ન ૧૬—પરમાર્થ સત્ય બોલવાનું કયારે ને કેવી રીતે બની શકે ?

ઉત્તર—સમ્યક્ત્વ થયા બાદ અભ્યાસથી પરમાર્થ સત્ય બોલાઇ શકે છે અને પછી વિશેષ અભ્યાસે સહજ ઉપયોગ રહ્યા કરે છે.

પ્રશ્ન ૧૭-સંપૂર્ણપણે પરમાર્થ સત્ય કયારે બોલી શકાય ?

ઉત્તર—અખંડ સમ્યગ્દર્શન આવે તો જ સંપૂર્ણપણે પરમાર્થ

સત્ય વચન બોલી શકાય. એટલે કે તો જ આત્મામાંથી અન્ય-પણે-ભિન્નપણે ઉપયોગ રાખી વચનની પ્રવૃત્તિ થઈ શકે.

પ્રશ્ન ૧૮—નિશ્ચય સત્ય કોણ બોલી શકે ?

ઉત્તર—પ્રિય ને પથ્ય એવું સત્ય વચન બોલનાર સર્વ-વિરતિ મુનિરાજ નિશ્ચય સમકિત બોલી શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૧૮ ]

## હિતકારક પ્રશ્નોત્તર.

### [ વિચારરત્નસારમાંથી ]

પ્રશ્ન ૧—જૈન ધર્મ કેમ પામે ?

ઉત્તર—૧ સુગુરુના ઉપદેશથી, ૨ પૂર્વભવના અભ્યાસથી અને ૩ સહજ સ્વભાવથી-વૈરાગ્યાદિના સંયોગથી : આ ત્રણ પ્રકારે પ્રાણી જૈન ધર્મ પામે.

પ્રશ્ન ૨—જીવને પુન્ય, પાપ ને વૈર કેમ બંધાય છે ?

ઉત્તર—પરોપકારવડે પુણ્ય, પરપીડાવડે પાપ અને અતિ-શય દ્વેષ પરિણામવડે વૈર બંધાય છે.

પ્રશ્ન ૩—હેય, જ્ઞેય ને ઉપાદેય એટલે શું ?

ઉત્તર—તજવા યોગ્ય હેય, જાણવા યોગ્ય જ્ઞેય ને આદરવા યોગ્ય ઉપાદેય સમજવું.

પ્રશ્ન ૪—વિધિ અને અવિધિથી કરેલી શુભ કરણીથી શું ફળ નીપજે ?

ઉત્તર—વિધિયુક્ત શુભ કરણીથી આત્મ લાભ-નિર્જરા ને અવિધિથી બંધ નીપજે છે.

પ્રશ્ન ૫—પાંચ ઇંદ્રિયોના વિકારો ટળવાથી આત્માને શો લાભ થાય ?

ઉત્તર—ચક્ષુ પ્રમુખ તે તે ઇંદ્રિયો આત્મસાધન કરવામાં ઠીક ઉપયોગી થઈ શકે.

પ્રશ્ન ૬—પ્રદેશ મિથ્યાત્વ ને પરિણામ મિથ્યાત્વ ક્યારે ટળે ?

ઉત્તર—ક્ષાયિક સમકિત પામવાથી પ્રદેશ મિથ્યાત્વ ટળે અને ક્ષયોપશમાદિ સમકિતથી પરિણામ મિથ્યાત્વ નાશ પામે.

પ્રશ્ન ૭—પ્રરૂપણા મિથ્યાત્વ ને પ્રવર્તન મિથ્યાત્વ ક્યારે ટળે ?

ઉત્તર—જીવ જ્યારે વ્યવહાર સમકિત પામે ત્યારે ઉક્ત ઉભય મિથ્યાત્વ ટળે.

પ્રશ્ન ૮—ધર્મદેશના ને મોક્ષદેશના કોને કહેવી ?

ઉત્તર—જેથી શુદ્ધ આત્મપરિણતિ જાગે તેવો તત્ત્વ-ઉપદેશ તે **ધર્મદેશના** અને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એ રત્નત્રયીરૂપ સાચો મોક્ષમાર્ગ પામવા માટે જેનાથી તીવ્ર અભિરુચિ જાગે તે **મોક્ષદેશના** જાણવી.

પ્રશ્ન ૯—અનર્થદંડના ચાર પ્રકાર કયા ?

ઉત્તર—૧ દુર્ધ્યાન, ૨ પ્રમાદાચરણ, ૩ હિંસકશસ્ત્રપ્રદાન તથા ૪ પાપોપદેશ.

પ્રશ્ન ૧૦—આઠ પ્રકારના વચન પરીષહો કયા ?

ઉત્તર—૧ હીલણા, ૨ ખિંસણા, ૩ નિંદણા, ૪ ગર્હણા, ૫ તાડના, ૬ તર્જના, ૭ પરાભવ ને ૮ એષણા ( ભાતપાણી ) પ્રમુખમાં અંતરાય કરવારૂપ પરીષહો જાણવા.

પ્રશ્ન ૧૧—અરિહંતાદિક નવપદોનું ધ્યાન-ચિંતવન કરવાથી શો લાભ થાય ?

ઉત્તર—અષ્ટવિધ કર્મ આવરણથી ઢંકાઇ ગયેલી સ્વાત્મ-શક્તિ પ્રગટ થાય.

પ્રશ્ન ૧૨—સંવેગ અને નિર્વેદ એટલે શું ?

ઉત્તર—કેવળ મોક્ષસુખની જ અભિલાષા તે સંવેગ અને ક્ષણિક સાંસારિક સુખથી વિરક્તભાવ તે નિર્વેદ ( વૈરાગ્ય ).

પ્રશ્ન ૧૩—પરવસ્તુની ઇચ્છા અને મૂર્ચ્છાવડે કોને પુષ્ટિ મળે ?

ઉત્તર—ઇચ્છા( આશા-તૃષ્ણા )વડે અજ્ઞાનને તથા મૂર્ચ્છા-મમતાવડે મિથ્યાત્વને પુષ્ટિ મળે.

પ્રશ્ન ૧૪—જન્મ-મરણનું દઃખ શી રીતે ટળે ?

ઉત્તર—રત્નત્રયી( સમ્યગ્ દર્શન, જ્ઞાન ને ચારિત્ર )ની પ્રાપ્તિ ને આરાધનાવડે સર્વ ભવદુઃખ ટળે.

પ્રશ્ન ૧૫—પુન્ય, પાપ, ધર્મ ને કર્મથી શું ફળ નીપજે ?

ઉત્તર—પુન્યથી શાતા, પાપથી અશાતા, ધર્મથી મોક્ષ અને કર્મથી સંસારફળ નીપજે.

પ્રશ્ન ૧૬—ધર્મકર્મ શાથી નીપજે ?

ઉત્તર—સંકલ્પવિકલ્પવડે કર્મબંધ અને નિર્વિકલ્પ દશા-યોગે આત્માનો શુદ્ધ નિષ્કષાય ધર્મ નીપજે.

પ્રશ્ન ૧૭—ધર્મ સાંભળવો, જાણવો ને આદરવો શી રીતે ?

ઉત્તર—જ્ઞાની સુગુરુ મુખે તત્ત્વ-ઉપદેશ સાંભળવો, સુવિવેકથી જાણવો અને પ્રમાદ રહિત આદરવો.

પ્રશ્ન ૧૮—ચેતનાના ભેદ કહો ?

ઉત્તર—૧ જ્ઞાનચેતના અને ૨ અજ્ઞાનચેતના. અજ્ઞાન ચેતનાના બે ભેદ છે. ૧ કર્મચેતના અને ૨ કર્મફળચેતના. તેમાં રાગદ્વેષભાવે જીવનો પરિણામ તે કર્મચેતના અને શુભાશુભ કર્મફળનું વેદવું તે કર્મફળચેતના જાણવી. શુદ્ધ ઉપયોગરૂપ જ્ઞાન–ચેતનામાં ભેદ નથી.

પ્રશ્ન ૧૯—ત્રણે કાળ સંબંધી પાપકર્મ કેમ ટળે ?

ઉત્તર—પૂર્વભવગત પાપ, નિંદા–ગર્હારૂપ પ્રતિક્રમણવડે, વર્તમાન પાપ–સંવર–સામાયિકાદિક સેવનવડે અને અનાગત–આગામી પાપકર્મ તથાવિધ વ્રત–પચ્ચકખાણ સમજપૂર્વક આદરી તેને યથાવિધિ પાળતા રહેવાથી પાપકર્મ ટળે.

પ્રશ્ન ૨૦—ચાર પ્રકારે વ્યવહાર છે તે કયા ?

ઉત્તર—૧ અનુપચરિત સદ્ભૂત (શુદ્ધ) વ્યવહાર તે અનંત જ્ઞાન–દર્શનાદિ આત્માની સહજ શુદ્ધતારૂપ, ૨ ઉપચરિત સદ્ભૂત વ્યવહાર તે ક્ષયોપશમિક જ્ઞાન–દર્શનાદિ રૂપ, ૩ અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર તે જ્ઞાનાવરણીયાદિ અષ્ટવિધ કર્મફળોનું આત્મપ્રદેશે અવસ્થાનરૂપ અને ૪ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર તે લૌકિક માન્યતા, દેશાચાર રૂઢિ, જ્ઞાતિ–પંચાદિના નિયમ( બંધારણ )રૂપ તથા અનાદિ કાળથી જીવને લાગેલી પરવસ્તુગત મારાપણાની બુદ્ધિરૂપ સ્ત્રી, પુત્ર, બંધુ, માતા–પિતા, શત્રુ, મિત્ર, ઘર, હાટ, વસ્ત્રાદિરૂપ.

પ્રશ્ન ૨૧—ત્રિવિધ સંસારી જીવોનો નામનિર્દેશ કરો.

ઉત્તર—૧ ભવાભિનંદી, ૨ પુદ્ગલાનંદી અને ૩ આત્માનંદી.

પ્રશ્ન ૨૨—જીવને સદ્‌ગતિ ને દુર્ગતિ શાથી થાય ?

ઉત્તર—શુભ ઉપયોગે સદ્‌ગતિ ને અશુભ ઉપયોગે દુર્ગતિ તેમજ શુદ્ધ ઉપયોગે મુક્તિ થાય.

પ્રશ્ન ૨૩—રોગાતંક ( રોગ અને આતંક ) એટલે શું ?

ઉત્તર—ઘણા કાળ સુધી રહે તે રોગ અને તત્કાળ પ્રાણ હરણ કરે તે આતંક જાણવો.

પ્રશ્ન ૨૪—બળ, વીર્ય ને પરાક્રમમાં ફેર શો ?

ઉત્તર—શરીરની શક્તિ તે બળ, આત્માની શક્તિ તે વીર્ય અને શુભાશુભ કર્મજનિત શક્તિ તે પરાક્રમ જાણવું.

પ્રશ્ન ૨૫—ઉપયોગ એટલે શું ? તેનું ફળ ને ભેદ સમજાવો.

ઉત્તર—ચેતનાનું શુદ્ધા-શુદ્ધ પરિણમન તે ઉપયોગ બે ભેદે છે. એક શુદ્ધ અને બીજો અશુદ્ધ, શુદ્ધ ઉપયોગે સિદ્ધિ-ગતિ એટલે મોક્ષ થાય. અશુદ્ધના બે ભેદ છે. શુભ ને અશુભ. શુભવડે પુણ્યબંધ ને સદ્‌ગતિ, અશુભવડે પાપબંધ ને દુર્ગતિ. શુદ્ધ ઉપયોગ સમકિત પામ્યા પછી સમ્યગ્‌દૃષ્ટિને હોય, ચોથા ગુણઠાણાથી માંડી બારમા સુધી શુભોપયોગ મિશ્રિત હોય છે, પછી તેરમે પૂર્ણ શુદ્ધ હોય છે. અશુદ્ધ ઉપયોગ સર્વ સંસારી મિથ્યાદૃષ્ટિ જીવોને હોય છે. મિથ્યાદૃષ્ટિને શુભ ક્રિયા હોય પરન્તુ શુભોપયોગ ન હોય.

પ્રશ્ન ૨૬—ઇચ્છાદિક ત્રણ યોગનું સ્વરૂપ સમજાવો.

ઉત્તર—ઉત્તમ વ્રત-નિયમ પાળનારની કથામાં પ્રીતિ અને યથાશક્તિ તે આદરવાની ઇચ્છારૂપ **ઇચ્છાયોગ**, તે વ્રત-નિયમોને યથાર્થ રીતે નિર્દોષપણે પાળવાની પ્રવૃત્તિરૂપ **શાસ્ત્રયોગ**

અને જ્ઞાન-વૈરાગ્યની પ્રબળ શક્તિવડે અનંતકાળ પર્યન્ત ભોગવવા યોગ્ય કર્મોને ગજસુકુમાળ મુનિની પેઠે અતિ અલ્પ કાળમાં ભોગવી ક્ષય કરી નાખવારૂપ **સામર્થ્યયોગ** જાણવો.

પ્રશ્ન ૨૭—સ્વ દ્રવ્ય, ગુણ ને પર્યાય શાથી બગડ્યા છે?

ઉત્તર—**દ્રવ્ય** જ્ઞાનાવરણીયાદિ કર્મવડે, **ગુણ** રાગ-દ્વેષાદિક વિભાવપરિણતિવડે અને **પર્યાય**-મનોયોગ્ય કલ્પનાવડે વિકાર-ભાવને પામ્યા છે. [ તે તે દોષો દૂર થવાથી સ્વદ્રવ્યાદિક સ્વભાવસ્થિતિને પામે છે. ]

પ્રશ્ન ૨૮—મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની તથા અજ્ઞાનીને જિનવાણી કેવી રીતે પરિણમે?

ઉત્તર—જ્ઞાનીને સમપણે અને અજ્ઞાનીને વિષમપણે.

પ્રશ્ન ૨૯—સોળ સંજ્ઞા તે કઈ અને તે કયા જીવને કેટલી હોય?

ઉત્તર—૧ આહાર, ૨ ભય, ૩ મૈથુન, ૪ પરિગ્રહ, ૫ ક્રોધ, ૬ માન; ૭ માયા, ૮ લોભ, ૯ ઓઘ, ૧૦ લોક, ૧૧ સુખ, ૧૨ દુઃખ, ૧૩ મોહ, ૧૪ દુગંછા, ૧૫ શોક અને ૧૬ ધર્મ. એમાંથી પહેલી દશ એકેન્દ્રિયને, ઓઘ સિવાયની ૧૫ બેઇન્દ્રિયાદિને અને ગર્ભજ પંચેંદ્રિય જીવોને સોળે સંજ્ઞા હોય. [ આજકાલ આ વાત સાયન્સથી પણ સિદ્ધ થતી જાય છે. ]

પ્રશ્ન ૩૦—ધર્મ ને કર્મ સંબંધી યોગ્ય ખુલાસો કરો.

ઉત્તર—આત્મલક્ષપૂર્વક શુદ્ધ ઉપયોગે ધર્મ અને અશુદ્ધ ઉપયોગે શુભાશુભ ભાવે કર્મ થાય છે.

પ્રશ્ન ૩૧—દ્રવ્ય ને ભાવ પ્રાણનો કંઈક ફોડ કરો.

ઉત્તર—અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર (સુખ) ને વીર્ય એ ચાર ભાવપ્રાણ સ્વાભાવિક છે. તે અવરાતાં દ્રવ્ય–પ્રાણ સાંપડે છે. અનંત દર્શનરૂપ ભાવપ્રાણ અવરાતાં ઇંદ્રિય, અનંત જ્ઞાનરૂપ ભાવપ્રાણ અવરાતાં શ્વાસોશ્વાસ, સ્વાભાવિક સુખરૂપ ભાવ પ્રાણ અવરાતાં આયુ અને સ્વાભાવિક અનંત બળ–વીર્યરૂપ ભાવપ્રાણ અવરાતાં મનોબળ, વચનબળ ને કાયબળરૂપ વિભાવિક બાહ્ય પ્રાણ સાંપડે છે. (અવરાતાં–અવરાયેલનો ક્ષયોપશમ થતાં એમ સમજવું).

પ્રશ્ન ૩૨—પ્રભુ જ્યાં (જેના ઘરે) પારણું કરે ત્યાં ધનવૃષ્ટિ કેટલી થાય ?

ઉત્તર—જઘન્યથી સાડાબાર લાખ અને ઉત્કૃષ્ટથી સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થાય.

પ્રશ્ન ૩૩—ચૌદ મહાવિદ્યાનાં નામ જણાવો.

ઉત્તર—૧ આકાશગામિની, ૨ પરકાયપ્રવેશિની, ૩ રૂપપરાવર્તિની, ૪ સ્તંભિની, ૫ મોહિની, ૬ સુવર્ણસિદ્ધિ, ૭ રજતસિદ્ધિ, ૮ રસસિદ્ધિ, ૯ બંધમોક્ષિની, ૧૦ શત્રુ પરાભવિની, ૧૧ વશીકરણી, ૧૨ ભૂતાદિ દમિની (સર્વ અગ્નિ વિગેરે ઉપદ્રવોને સમાવનારી), ૧૩ સર્વસંપત્કરી, ૧૪ શિવપદપ્રાપિણી.

પ્રશ્ન ૩૪—સમોહિયા અને અસમોહિયા મરણ કોને કહીએ ?

ઉત્તર—જેમ સીધો દડો ફેંકતા દડાના સર્વ પ્રદેશ એકી સાથે જ જાય તેમ જીવ સમકાળે સર્વ પ્રદેશે નીકળી પરભવે જાય તે સમોહિયા મરણ અને અસમોહિયા મરણ તે જીવના પ્રદેશ શ્રેણિબદ્ધ આગળથી જાય, એટલે જેમ પતંગની દોરી

હાથને તેમજ પતંગને લાગેલી રહે છે તેમ જીવપ્રદેશની મરણુ અવસરે અહીં તથા પરભવે ઉપજવાનો હોય ત્યાં શ્રેણિ મંડાય.

. પ્રશ્ન ૩૫—જીવના શુદ્ધ સમ્યકૃત્વ ને ચારિત્ર ગુણુને આવરવા કોણુ સમર્થ છે ?

ઉત્તર—મિથ્યાત્વ અને અવિરતિ યથાક્રમે આવરી દે છે.

પ્રશ્ન ૩૬—ક્ષયોપશમ, ઉપશમ ને ક્ષાયિક સમકિતનું સ્વરૂપ ટૂંકામાં કહો.

ઉત્તર—ક્રોધાદિ ચાર અનંતાનુબંધી કષાય તે ચારિત્ર-મોહનીની પ્રકૃતિ અને મિથ્યાત્વ મોહનીની ત્રણુ પ્રકૃતિ મળી સાતેને ઉપશમાવવી તે **ઉપશમ**, ક્ષય કરવાથી **ક્ષાયિક** અને ઉદયગતનો ક્ષય કરવાથી તથા ઉદયમાં નહીં આવેલને ઉપ-શમાવી દેવાથી **ક્ષાયોપશમિક** સમકિત પ્રાપ્ત થાય છે. તેમાંની છ પ્રકૃતિ જેવી ભયંકર છે તેવી સાતમી **સમક્તિમોહની** ભયંકર નથી.

પ્રશ્ન ૩૭—સાપેક્ષ ને નિરપેક્ષ એટલે શું ?

ઉત્તર—સાપેક્ષ–અપેક્ષા–અમુક શુભ કે શુદ્ધ હેતુ યુક્ત, નિરપેક્ષ તે નિષ્કારણુ–સાધ્ય રહિત ( વ્યવહાર ).

પ્રશ્ન ૩૮—સમ્યગ્દૃષ્ટિનું ટૂંક સ્વરૂપ કહો.

ઉત્તર—રાગ દ્વેષથી અલિપ્ત મધ્યસ્થ–સાક્ષીભાવે રહે. પુન્ય તથા પાપના ઉદયકાળે હર્ષ તથા શોકથી દૂર રહે.

પ્રશ્ન ૩૯—જીવને કર્મ સંબંધી કરજ તથા ભવદરિદ્રપણું કેમ ટળે ?

ઉત્તર—દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપ રત્નત્રયીની પ્રાપ્તિથી

**આત્મધર્મરૂપ ધન** પ્રગટે છે, તેથી રાગ, દ્વેષ ને મોહરૂપ ભાવદરિદ્રપણું દૂર થાય અને જન્મ-જરા-મરણરૂપ કરજનો ભય ભાંગે-અજરામરપણું પ્રાપ્ત થાય.

પ્રશ્ન ૪૦—મોહરાજાનો મૂળ મંત્ર કયો ? તેથી કેવું ફળ નીપજે ?

ઉત્તર—**રાગ** ને **દ્વેષ** અથવા **હું** ને **મારું** એ મહાદુઃખદાયક મોહ રાજાનો મૂળ મંત્ર છે; તેથી જ કર્મ બંધાય છે. તે ઉદયમાં આવતાં આર્ત્ત રૌદ્ર ધ્યાન થાય છે, જેથી વિષય-કષાય સેવી, ઘણાં કર્મ બાંધી, ભવપરંપરાની વૃદ્ધિ થયા કરે છે.

પ્રશ્ન ૪૧—સમ્યગ્દૃષ્ટિ વિગેરે રત્નત્રયીનો અર્થ ને લક્ષણ કહો.

ઉત્તર—સમ્યગ્ ( યથાર્થ ) દૃષ્ટિ તે શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન તે યથાર્થ જાણવું ને સમ્યગ્ ચારિત્ર તે યથાર્થ આચરવું.

પ્રશ્ન ૪૨—ગુણગ્રાહી, ગુણગવેષી ને સહાયકારી એટલે શું ?

ઉત્તર—અવગુણને ઉવેખી ગુણ લેવાય તેટલો લેનાર તે ગુણગ્રાહી, ગુણીને શોધનાર તે ગુણગવેષી અને ગુણદૃષ્ટિએ તેને પુષ્ટિ આપનાર તે સહાયકારી જાણવા.

પ્રશ્ન ૪૩—બાવીશ પરીષહોમાં શીત ( અનુકૂળ ) કેટલા ? ને ઉષ્ણ ( પ્રતિકૂળ ) કેટલા ?

ઉત્તર—સ્ત્રી ને સત્કાર એ બે શીત-અનુકૂળ ને બાકીના ઉષ્ણ-પ્રતિકૂળ છે.

પ્રશ્ન ૪૪—ઉપસર્ગ ને પરીષહમાં ફેર શો ?

ઉત્તર-ઉપસર્ગ આત્મકર્મજનિત છે ને પરીષહ સ્વપરજનિત છે.

પ્રશ્ન ૪૫—જીવ અષ્ટ કર્મવર્ગણા દળિક કેવી રીતે વહેંચી આઠે કર્મને આપે છે ?

ઉત્તર—જીવ સમયે સમયે કર્મવર્ગણા ગ્રહણ કરે છે, તેમાંથી સર્વથી થોડાં આયુકર્મને, તેથી વિશેષાધિક નામ અને ગોત્રને પણ સરખાં, તેથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ત્રણને વિશેષાધિક પણ માંહોમાંહે સરખા, તેથી મોહનીય કર્મને સંખ્યાત ગુણાધિક ને તેથી વેદનીયને અધિક એમ વેદનીયને સર્વથી અધિક દળ મળે છે; કેમકે વેદનીયનો વિપાક જીવને થોડાં દળે પ્રગટપણે જણાય નહીં, એમ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે.

પ્રશ્ન ૪૬—અભિસંધિજ અને અનભિસંધિજ વીર્ય તે શું ?

ઉત્તર—ઉપયોગપૂર્વક આત્મવીર્ય તે અભિસંધિજ ને ઉપયોગ રહિત તે અનભિસંધિજ જાણવું.

પ્રશ્ન ૪૭—વક્તા તથા શ્રોતાના ચૌદ ચૌદ ગુણ કયા કયા તે કહો.

ઉત્તર—વક્તાના ચૌદ ગુણો-૧ આગમોક્ત સોળ બોલના જાણ, ૨ શાસ્ત્રાર્થ વિસ્તારવંત, ૩ વાણીમાં મીઠાશ, ૪ પ્રાસ્તાવિક અવસરના જાણ, ૫ સત્યવાદી, ૬ શ્રોતાના સંશય છેદે, ૭ બહુ શાસ્ત્રવેત્તા-ગીતાર્થ-ઉપયોગી, ૮ અર્થ વિસ્તારી સંક્ષેપી જાણે, ૯ કઠિન ભાષા ને અપશબ્દ ન બોલે, ૧૦ સભાને રીઝવી જાણે, ૧૧ શ્રોતાને રસાસ્વાદ ઉપજાવે, ૧૨ પ્રશ્નના મર્મને સમજી ઉત્તરદાતા, ૧૩ અહંકાર રહિત અને, ૧૪ સંતોષાદિ સદ્‌ગુણોના ધારક.

શ્રોતાના ચૌદ ગુણો-૧ ભક્તિવંત, ૨ પ્રિયભાષી, ૩ નિરભિમાની, ૪ સાંભળવા રુચિવંત, ૫ ચપળતા રહિત-એકાગ્ર

ચિત્તે સાંભળીને હૈયે ધરનાર, ૬ સાદી સ્મરણશક્તિવાળો, ૭ પ્રશ્નનો જાણ, ૮ વિસ્તૃત શાસ્ત્રાર્થ રહસ્ય સમજી શકનાર, ૯ ધર્મકાર્યમાં પ્રમાદ રહિત, ૧૦ એકાગ્રપણે ધર્મ શ્રવણ કરનાર, ૧૧ તત્ત્વબુદ્ધિવંત, ૧૨ દાતા, ૧૩ સાધર્મીજનો પ્રત્યે હાર્દિક પ્રેમ રાખનાર, ૧૪ નિંદા–વિકથા–વાદવિવાદ–મમતા–કદાગ્રહાદિક રહિત, વિનય, સુશીલતાદિ ગુણોનો ધારક.

પ્રશ્ન ૪૮—જીવ પરભવનું આયુ કેવા પરિણામે બાંધે ?

ઉત્તર—યોગ, કષાય, ધ્યાન અને લેશ્યાના શુભાશુભ યથાયોગ્ય એકત્ર સંયોગે પરભવાયુ બંધાય છે.

પ્રશ્ન ૪૯—આઠ પ્રકારના આત્મા તે કયા ?

ઉત્તર—૧ દ્રવ્યાત્મા, ૨ કષાયાત્મા, ૩ યોગાત્મા, ૪ ઉપયોગાત્મા, ૫ જ્ઞાનાત્મા, ૬ દર્શનાત્મા, ૭ ચારિત્રાત્મા અને ૮ વીર્યાત્મા.

પ્રશ્ન ૫૦—ચાર ગતિમાં પૂર્વોક્ત અષ્ટવિધ આત્માઓમાંથી કેટલા લાભે ?

ઉત્તર—નરક ને દેવગતિમાં ચારિત્રાત્મા સિવાય ૭, એકેન્દ્રિયમાં જ્ઞાનાત્મા ને ચારિત્રાત્મા સિવાય ૬, તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય ગતિમાં ૮ તથા સિદ્ધિગતિમાં ૪ ( જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ઉપયોગાત્મા ને શુદ્ધ દ્રવ્યાત્મા )

પ્રશ્ન ૫૧—અષ્ટવિધ ત્રસ જીવો કહ્યા છે તે કયા ?

ઉત્તર—૧ અંડજા (પંખી વિ૦), ૨ પોતજા (હાથી વિ૦), જરાયુ ( ગાય વિગેરે ), ૪ રસજા ( કીટકાદિ ), ૫ સ્વેદજા ( યૂકા-જૂ વિગેરે), ૬ સંમૂર્ચ્છિમ (પતંગાદિ), ૭ ઉદ્ભિજ્જ ( ગીંગોડા પ્રમુખ )ને ઔપપાતિક ( દેવ તથા નારકના જીવો ) જાણવા.

પ્રશ્ન ૫૨—છ આવશ્યક મધ્યે સંવર તત્ત્વમાં કેટલા ? ને નિર્જરામાં કેટલા ?

ઉત્તર—સામાયિકાદિ પ્રથમના ત્રણ સંવરમાં ને પ્રતિક્રમણાદિ ત્રણ નિર્જરામાં.

પ્રશ્ન ૫૩—જાતિસ્મરણ જ્ઞાન તે શું ને તેથી કેટલા ભવનું ભાન થાય ?

ઉત્તર—પૂર્વભવમાં વસ્તુના ગાઢ અભ્યાસના બળે વર્તમાન ભવમાં તેવી વસ્તુ જોતાં કે સાંભળતાં તરત સાંભરી આવે, જેથી પૂર્વભવમાં પોતે કોણ ને કયાં હતો તેનું સઘળું ભાન થવા પામે તે **જાતિસ્મરણ** જ્ઞાન શુદ્ધાશુદ્ધ ક્ષયોપશમાનુસાર બે પ્રકારનું છે. તેમાં જઘન્યથી ૧-૨-૩ ભવ, મધ્યમ ૪-૫-૬ ને ઉત્કૃષ્ટ નવ ભવ સુધીનું દેખાય છે.

પ્રશ્ન ૫૪—બાર ઉપયોગમાં રૂપી કેટલા ને અરૂપી કેટલા ?

ઉત્તર—કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે વિશુદ્ધ હોવાથી અરૂપી અને શેષ દશ મિશ્રિત હોવાથી રૂપી છે.

પ્રશ્ન ૫૫—પાંચ પ્રકારના સમકિતમાં રૂપી કેટલા ?

ઉત્તર—એક ક્ષાયિક સમકિત અરૂપી અને બાકીના ચાર સમકિત રૂપી છે.

પ્રશ્ન ૫૬—છ આવશ્યકમાં રૂપી કેટલા ને અરૂપી કેટલા ?

ઉત્તર—**સામાયિકાદિક** પાંચ આત્માના ગુણ જાણી અરૂપી છે અને એક પ્રતિક્રમણ રૂપી છે.

પ્રશ્ન ૫૭—ગૃહસ્થોને જીવોની મહાવિરાધનારૂપ પાંચ સ્થાન કયા કહ્યા છે ?

ઉત્તર—૧ ઘંટી, ૨ ચૂલો, ૩ પાણીયારું, ૪ વારીહું અને ૫ ઉશળ–મૂશળાદિ માંડણુ–વાસણુ સ્થાન.

પ્રશ્ન ૫૮—સમ્યક્ત્વના થોડાં પર્યાય નામો કહો.

ઉત્તર—આસ્થા, શ્રદ્ધા, તત્ત્વપ્રતીતિ, નિરધાર, તત્ત્વરુચિ, બહુમાન, તત્ત્વઇચ્છા, તત્ત્વાર્થસદ્દહણા વિગેરે.

પ્રશ્ન ૫૯—સમ્યગ્જ્ઞાનના પર્યાય નામો કહો.

ઉત્તર—યથાર્થભાસન, પરિચ્છેદન, વિવેચન, જ્ઞાયકતા, સ્વરૂપની ઓળખાણ, સ્વરૂપ અનુભવ વિગેરે.

પ્રશ્ન ૬૦—સામાયિક ચારિત્રના પર્યાય નામો કહો.

ઉત્તર—સાચું તત્ત્વરમણ, પરમ ક્ષમા, માર્દવ, આર્જવ, નિર્લોભતા, સમતા, સરલતા, અનાસંગતા અને સ્વરૂપાનંદ વિગેરે.

પ્રશ્ન ૬૧—સમકિતની દશ રુચિ કહો.

ઉત્તર—નિસર્ગ, ઉપદેશ, જ્ઞાન, સૂત્ર, બીજ, અભિગમ, વિસ્તાર, ક્રિયા, સંક્ષેપ અને ધર્મરુચિ–એ દશ રુચિ જાણવી.

પ્રશ્ન ૬૨—સમકિતનાં પાંચ લક્ષણો કહો.

ઉત્તર—શમ ( કષાયમંદતા ), સંવેગ ( મોક્ષાભિલાષ ), નિર્વેદ ( ભવવૈરાગ્ય ), અનુકંપા ( દ્રવ્ય તથા ભાવથી દયા ) અને આસ્તિકતા ( ધર્મ ઉપર શ્રદ્ધા )

પ્રશ્ન ૬૩—ત્રણ આત્માનું સ્વરૂપ કહો.

ઉત્તર—દેહાદિક પરવસ્તુને મમતાદિ વશ પોતાની માને તે **બહિરાત્મ**, તેમાં સાક્ષીભાવે રહે અને કલ્યાણ સાધવામાં તેનો વિવેકસર ઉપયોગ કરતો રહે તે **અંતરાત્મા** અને

રાગદ્વેષ મોહાદિક દોષમાત્રથી મુક્ત, અતિવિશુદ્ધ, જ્ઞાનાનંદે પૂર્ણ પાવન, સર્વ ઉપાધિ વર્જિત, અતીન્દ્રિય અને ગુણગણના નિધાનરૂપ **પરમાત્મા** બહિરાત્મભાવ તજી, અંતરાત્મભાવ આદરી, અપ્રમત્તપણે રત્નત્રયીને આરાધતાં પોતે પરમાત્મા થઈ શકે છે.

પ્રશ્ન ૬૪—સાધુ શી રીતે કર્મ ખપાવી સિદ્ધિ વરે છે ?

ઉત્તર—પાંચ મહાવ્રતરૂપ સંવરવડે નવીન કર્મબંધ રોકે છે તથા પાંચ પ્રકારના સ્વાધ્યાય ( સજ્ઝાય ) ધ્યાને ઉદયગત કર્મ ખપાવે છે–નિષ્ફળ કરે છે તેમજ શુદ્ધ ઉપયોગે–આત્મધ્યાને સત્તાગત કર્મને શોધી ખમાવે છે, એ રીતે વર્તતાં સિદ્ધિ વરે છે.

પ્રશ્ન ૬૫--યુગપ્રધાન આચાર્યનાં અતિશય કહો.

ઉત્તર—એકાવતારી તે શ્રેષ્ઠ પુરુષના વસ્ત્રોમાં જૂ ન પડે, તેઓ વિચરે ત્યાં અઢી યોજન સુધીમાં મરકી પ્રમુખ ઉપદ્રવ ન થાય, તેમના ચરણોદકથી રોગો દૂર થાય, એવા અનેક ઉત્તમ અતિશયોવડે અલંકૃત અને ભાવ આચાર્ય યોગ્ય ગુણ સંપદાવડે વિભૂષિત હોય.

## [ પ્રશ્નોત્તરરત્નસારસંક્ષેપ ]

પ્રશ્ન ૬૬—ભાવકર્મ, દ્રવ્યકર્મ ને નોકર્મ કોને કહીએ ?

ઉત્તર—રાગ, દ્વેષ ને મોહરૂપ આત્માનો વિભાવ પરિણામ તે **ભાવકર્મ**, તેના યોગે જ્ઞાનાવરણીયાદિક અષ્ટવિધ કર્મની વર્ગણા બંધાય તે **દ્રવ્યકર્મ**, તે વર્ગણા ઔદારિક, તૈજસ પ્રમુખ પાંચ શરીરપણે પરિણમે તે **નોકર્મ**. એમાં **નો** નકારવાચી નથી પણ સાહચર્યવાચી છે, એટલે કે કર્મસહચારી એવાં પાંચ શરીર.

પ્રશ્ન ૬૭—જીવ માર્ગાભિમુખ થઇ સમકિત ક્યારે પામે ?

ઉત્તર—ભવિતવ્યતા યોગે અકામ નિર્જરાએ કર્મ ખપાવતાં બે પુદ્ગલપરાવર્ત કાળ સંસાર બાકી રહે ત્યારે જીવ આસ્તિકપણે **જિનમાર્ગ સન્મુખ** થાય. પછી જીવ ઊંચો આવતો જ્યારે દોઢ પુદ્ગલપરાવર્ત સંસાર રહે ત્યારે માર્ગપતિત જિનોક્ત માર્ગમાં રુચિવંત થાય. જ્યારે એક પુદ્ગલપરાવર્ત સંસાર રહે ત્યારે જીવ માર્ગાનુસારીપણું પામે, મિત્રાદિક દૃષ્ટિ પ્રગટે ને ન્યાયસંપન્ન વિભવાદિ પાંત્રીશ ગુણયુક્ત થાય. પછી અનુક્રમે મિથ્યાત્વ મોહનીયની મંદતા કરતો જીવ અર્ધ પુદ્ગલપરાવર્ત કાળમાંહે આવે ત્યારે આર્ય દેશ, ઉત્તમ જૈન કુળસંપન્ન થઇ સદ્ગુરુ ઉપદેશે કે સહજ સ્વભાવે કોઇ નિમિત્ત પામી, યથાપ્રવૃત્તિકરણ કરી, ઉજ્જવળ વીર્યોલ્લાસથી અપૂર્વકરણે રાગ–દ્વેષની ગ્રંથિ ભેદી, મિથ્યાત્વ મોહનીયની સાત પ્રકૃતિને ઉપશમાવતાં અનિવૃત્તિકરણમાં પ્રવેશી, અંતરકરણ કરી સમ્યગ્દૃષ્ટિ થાય ત્યારે તેને **માર્ગાભિમુખ** કહીએ.

પ્રશ્ન ૬૮—ત્રણ પ્રકારનો વૈરાગ્ય કયો ?

ઉત્તર—૧ દુઃખગર્ભિત, ૨ મોહગર્ભિત અને ૩ જ્ઞાનગર્ભિત. સમ્યગ્દૃષ્ટિને વૈરાગ્ય થાય તે જ્ઞાનગર્ભિત જાણવો.

પ્રશ્ન ૬૯—ચતુર્વિધ સંસારી જીવોનું સ્વરૂપ દૃષ્ટાન્ત સાથે સમજાવો.

ઉત્તર—**૧ સઘન ( ઘનઘોર ) રાત્રિ સમાન**, તે ભવાભિનંદી મિથ્યાત્વદૃષ્ટિ જાણવા, **૨ અઘન રાત્રિ સમાન**, તે ધર્મમાર્ગ સન્મુખ થયેલા **માર્ગાનુસારી** જીવ જાણવા. ૩ **૩ સઘન દિન સમાન**, તે ક્ષયોપશમાદિ ગુણોવડે **સમ્ય-**

ગ્દષ્ટિ ચોથા ગુણુઠાણુાથી બારમા ગુણુઠાણુા સુધીના પરમાત્માના માર્ગને પ્રાપ્ત થયેલા જ્ઞાની મહાત્માઓ જાણુવા, અને **૪ અઘન દિવસ સમાન,** નિર્મળ સૂર્યોદયવાળા દિવસની પેઠે સંપૂર્ણ જ્ઞાનપ્રકાશવાળા કેવળજ્ઞાની ભગવંતો જાણુવા.

પ્રશ્ન ૭૦--સંસારી જીવને આઠ દૃષ્ટિ કહી છે તેના નામ કહો.

ઉત્તર--મિત્રા તારા, બલા, દીપ્રા, સ્થિરા, કાન્તા, પ્રભા ને પરા--એ આઠ દૃષ્ટિઓમાંથી પહેલી ચાર દૃષ્ટિ સુધી સમકિત પ્રાપ્ત થયું નથી હોતું, પાંચમી દૃષ્ટિ સ્થિરામાં સમકિત પ્રગટેલું હોય છે, પછી સમ્યગ્ બોધ પણુ વધતો જાય છે.

પ્રશ્ન ૭૧--આયંબિલ એટલે શું ?

ઉત્તર--ઓસામણુના અન્નની જેવા નરમ ( ભોજન કરતી વખતે કડકડ ભડભડ શબ્દ ન થાય તેવા ) અને આમ્લ ( ખાટો ) ને ઉપલક્ષણુથી ષડ્રસ વિગય વગરનો લૂખો આહાર જેમાં નિયમિત એક વખત જ લેવાનો હોય તે આયંબિલ કહેવાય.

પ્રશ્ન ૭૨--સમ્યક્ત્વ ગુણુ પ્રગટે છતે ખાર, વૈર ને ઝેર રાખવારૂપ અવગુણુ ટળે તે શી રીતે ?

ઉત્તર—જ્ઞાન-વ્રતાદિક અનેક ગુણુને ખેંચી લાવનાર અને અનેક દોષને દૂર કરનાર સમકિત પ્રગટ થયે થકે ખાર ટળે, જ્ઞાનીગુણે વૈરભાવ ટળે ને ચારિત્ર ગુણુ પ્રગટતાં ઝેર પણુ ટળે.

પ્રશ્ન ૭૩—વિષયકષાયના નિગ્રહથી શો લાભ થાય ?

ઉત્તર—તત્પ્રત્યયિક કર્મબંધ થતો અટકે ને પૂર્વબદ્ધ કર્મ નિર્જરે તેમજ આત્મા શીતળ થાય.

પ્રશ્ન ૭૪—આત્મ અવબોધ તે તત્ત્વપ્રતીતિરૂપ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જરૂરની પાંચ લબ્ધિનું સ્વરૂપ કહો.

ઉત્તર—૧ કાળલબ્ધિ તે આયુવર્જિત શેષ સાત કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિને ઘટાડી એક કોડાકોડી સાગરોપમ પ્રમાણુ કરે એવા યથાપ્રવૃત્તિકરણુપૂર્વક ચરમાવર્તે જીવ આવે ત્યારે **કાળલબ્ધિ** પાકી કહેવાય, ૨ **ઇંદ્રિયલબ્ધિ**–સંજ્ઞીપંચેંદ્રિયપણું પ્રાપ્ત થાય, ૩ **ઉપદેશલબ્ધિ**–સદ્‌ગુર્વાદિકના યોગથી ઉપદેશ પામી પ્રતિબોધ પામે, ૪ **ઉપશમલબ્ધિ**–નિર્મળ પરિણામની ધારાએ ચઢતો વિષયકષાયને ઉપશમાવી, અપૂર્વકરણુ કરણુ કરી, ગ્રંથિભેદ કરે, ૫ **પ્રયોગલબ્ધિ**–રાગદ્વેષમય નિબિડ ગ્રંથિને ભેદ્યા પછી અંતકરણુ કરી અનિવૃત્તિકરણુવડે સમકિત પામે.

પ્રશ્ન ૭૫—ઉત્સર્ગ અને અપવાદ માર્ગ પરમાર્થ ભવભીરુ અને આત્માર્થી ભવભીરુ જીવને એક જ મોક્ષ સાધવા માટે છે તે શી રીતે ?

ઉત્તર—ઉત્સર્ગ માર્ગ ઘણો આકરો, સુસમર્થ જ્ઞાન વૈરાગ્યબળે જિનકલ્પીની પેઠે પાળી શકાય તેવો ઘોર તપસ્યા સાથે શુદ્ધ બ્રહ્મચર્યાદિક ધર્મસ્થિતિ સેવવારૂપ જાણુવો. તેમાં સર્વથા ટકી ન શકાય ત્યારે તેમાં પાછા સ્થિર થવા માટે જે કંઇ કોમળ–નરમ માર્ગને સરલપણે અવલંબન કરવું તે અપવાદમાર્ગ જાણુવો.

પ્રશ્ન ૭૬—પાંચ નોધમ્મિયા–અધર્મી જીવ કહ્યા છે તે કયા ?

ઉત્તર—૧ જ્ઞાનકુળથી વંઠેલા ( ભ્રષ્ટ ) જીવ, ૨ દેવાદિક ધર્મખાતાનો નિ:શુક મને હરામ દાનતથી પગાર ખાનારા તથા દેવદ્રવ્ય ને ગુરુદ્રવ્ય ખાનારા, ૩ વિષયલોલુપ્ત, ૪ વ્યભિચારવડે સાધ્વીના પેટે અવતરેલ પુત્ર તથા ૫ દેવગુરુધર્માદિકના નિંદક, ઘાતક ને ઉત્થાપક–એ પાંચે વીતરાગભાષિત ધર્મથી વિમુખ–ઉપરાંઠા રહે.

પ્રશ્ન ૭૭—જીવને પરભવનું આયુ શી રીતે બંધાય છે અને તે કેટલા પ્રકારનું છે?

ઉત્તર—જીવને પરભવ સંબંધી આયુકર્મ આ ભવ ભોગવતાં થકાં એક જ વાર દૃઢ નિકાચિતપણે ત્રણ આકર્ષે કરી, **સોપક્રમી** તથા **નિરુપક્રમી** એ બે ભેદે જઘન્યથી અંતર્મુહૂર્તનું અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ સુધીનું અધ્યવસાયની તરતમતાએ ભિન્ન ભિન્ન જીવને અનેક પ્રકારે બંધાય છે. ત્યાં દેવ, નારકી તથા યુગલિકને સ્વભાવ આયુ છ માસ બાકી રહેતાં પરભવનું આયુ બંધાય. યુગલિક મનુષ્ય તિર્યંચ ને તીર્થંકરાદિ ત્રેસઠ શલાકા પુરુષ અને ચરમશરીરી એટલા બધાનું આયુ નિરુપક્રમી(અતૂટ) ને બાકીનાને સોપક્રમી (તૂટી શકે તેવું) બંધાય. તે વળી સ્વભાવ આયુ અંતર્મુહૂર્ત બાકી રહેતાં ઘણે ભાગે બંધાય ને તે બાંધતાં જીવને અંતર્મુહૂર્ત લાગે. તેમાં ત્રણ આકર્ષ–આંચકા આવે. તેમાં જીવ પરભવના આયુકર્મના પુદ્ગલને આકર્ષી બાંધે. ત્યાં મતિ તેવી ગતિ અથવા ગતિ તેવી મતિ ઉપજે.

પ્રશ્ન ૭૮—દેવગતિની છ લેશ્યા આશ્રયી અલ્પબહુત્વ કહો.

ઉત્તર—શુકલલેશ્યાવંત દેવો સર્વથી થોડા, ૨ તે થકી પદ્મલેશ્યાવંત અસંખ્યાત ગુણાધિક, ૩ તેથી કૃષ્ણલેશ્યાવંત અસંખ્યાત, ૪ તેથી નીલલેશ્યાવંત અસંખ્યાત, ૫ તે થકી કાપોતલેશ્યાવંત અસંખ્યાત, ૬ તે થકી તેજોલેશ્યાવંત જ્યોતિષી દેવો અસંખ્યાત ગુણાધિક જાણવા.

પ્રશ્ન ૭૯—શ્રી સંઘબાહ્ય કરવા યોગ્ય કોણ લેખાય?

ઉત્તર—જે ઉત્સૂત્ર–ઉન્માર્ગ પ્રરૂપણા કરે, ‘ તેમજ સાધુ કે ગૃહસ્થ યોગ્ય ધર્મ આ કાળે નથી, અહિંસાદિક મૂળગુણવ્રતો

અને સામાયિકાદિક ઉત્તરગુણોનું પાલન આ કાળે થઇ શકે નહીં' એમ કહે તે સંઘબાહ્ય કરવા યોગ્ય છે.

પ્રશ્ન ૮૦–૧૮ ભાવદિશા ને અઢાર દ્રવ્યદિશાનું સ્વરૂપ કહો.

ઉત્તર—બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય ને પંચેંદ્રિય એ ચાર તથા સંમૂર્છિમ મનુષ્ય ને કર્મભૂમિના, અકર્મભૂમિના, અંતર્દ્વીપના ગર્ભજ મનુષ્ય–એ ચારે મળી આઠ તથા અગ્રબીજ, મૂળબીજ, પર્વબીજ ને સ્કંધબીજ એ ચાર વનસ્પતિના ભેદ તથા પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય ને વાયુકાય–એ ચાર મળી સોળ તથા દેવ અને નારકી એ રીતે શ્રી આચારાંગ સૂત્રમાં શસ્ત્રપરિજ્ઞા નામના અધ્યયનમાં અઢાર દિશા જણાવી છે. અઢાર દ્રવ્યદિશા આ પ્રમાણે જાણવી. ઉત્તર તથા દક્ષિણાદિ ચાર દિશા, ચાર વિદિશા મળી આઠ, તેના આંતરા આઠ તેમજ ઊર્ધ્વ અને અધો મળી કુલ અઢાર.

પ્રશ્ન ૮૧—પર્યાપ્તિ એટલે શું ?

ઉત્તર—પુદ્‌ગલપરિણમન હેતુ શક્તિવિશેષ, તે છ છે.

પ્રશ્ન ૮૨—પર્યાપ્તિ ને પ્રાણમાં શો તફાવત ?

ઉત્તર—ઉપજતી વેળા પર્યાપ્તિ હોય ને પ્રાણ જીવન પર્યન્ત હોય.

પ્રશ્ન ૮૩—તીર્થંકરના જન્માદિક સમયે સાતે નરકે અજવાળું થાય છે તે જણાવો.

ઉત્તર—પહેલી નરકે સૂર્યોદય જેવું, બીજીમાં વાદળ ઢાંકયા સુરજ જેવું, ત્રીજીમાં પૂનમના ચંદ્ર જેવું, ચોથીમાં વાદળ ઢાંકયા ચંદ્ર જેવું, પાંચમીમાં ગ્રહોના પ્રકાશ જેવું, છઠ્ઠીમાં નક્ષત્રના પ્રકાશ જેવું અને સાતમીમાં તારાના પ્રકાશ જેવું અજવાળું થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃષ્ઠ ૩૧૮, ૩૫૨ ]

# સુભાષિત-વિભાગ

# સુભાષિત.

**પ્રમાદવશ**—દશ દષ્ટાન્તે દુર્લભ માનવદેહ પામી, સાવધાન બની, ધર્મસાધન કરવામાં જે મુગ્ધ જીવો ગફલત કરે છે તે મહામુશીબતે મેળવેલ ચિન્તામણિ રત્નને પ્રમાદવશ ભરદરિયામાં પાડી નાખવા જેવું કરે છે.

**કન્યાદાન**—કુળ, શીલ ( સદાચાર ), સનાથતા, વિદ્યા, સંપત્તિ, શરીર અને વય–એ સાત ગુણ જોઈ–તપાસીને કન્યા દેવી, ત્યારબાદ જેવું તેણીનું ભાગ્ય.

**કૃતકર્મ**—પૂર્વકૃત કર્મ ગમે ત્યારે ભોગવ્યા વગર છૂટકો થતો નથી. પછી તે કર્મ શુભ હોય કે અશુભ હોય, પરંતુ તેના કરનારને અવશ્ય ભોગવવું પડે છે.

**અવિલંબે**—કરવા યોગ્ય હિતકરણી કરી લેવામાં વિલંબ કરવો ન ઘટે, કેમકે દિવસે દિવસે આયુષ્ય ઘટતું જાય છે, છતાં આપણે બેદરકારી કરતા રહીએ તો કાળ કંઈ રાહ જોઈ રહેવાનો નથી; તે તો વગર વિલંબે જીવને ઝડપી લે છે, એમ સમજી સુજ્ઞ–ચકોર–અગમ બુદ્ધિજનોએ જલ્દી **ધર્મસાધન** કરવું.

**સુભાગ્યે પ્રાપ્તિ**—પ્રગટ પ્રભાવી જિનોક્ત ધર્મ, સજ્જનોની સંગતિ, જ્ઞાની સાથે ધર્મગોષ્ઠી, ડહાપણભરી વાણી, સર્વ શાસ્ત્રમાં કુશળતા, ન્યાયોપાર્જિત લક્ષ્મી, સદ્‌ગુરુનાં ચરણકમળની સેવા, શુદ્ધ–નિર્દોષ શીલ(સદાચાર)નું સેવન અને નિર્મળ મતિ–એ વસ્તુઓ ભાગ્યવંતને સહેજે પ્રાપ્ત થઇ શકે છે.

**સાધર્મીની સેવા**—જે સુબુદ્ધિ જનો યથોચિત સાધર્મીની સેવા–ભક્તિ ( અવસર પામીને ઉલ્લસિત ભાવે ) કરી શકે છે, તેઓની જિનભક્તિ અને શાસનોન્નતિ લેખે આવે છે. દેખા-

દેખી કે માનપાન માટે નહીં પણ સમજપૂર્વક સમયોચિત સ્વધર્મી ભાઇ-બહેનોની બજાવેલી સેવા લેખે આવે એવો વિવેક રાખવો ઘટે.

**સુખશીલતાવશ**—ક્ષમા રાખીને અપરાધીની ભૂલ દરગુજર કરી નહીં, સંતોષ ધારણ કરીને ગૃહોચિત સુખ તજવું નહીં, કઠણ તાપ-શીત તથા પવનજનિત પરીષહો સહ્યા નહીં, યથાશક્તિ તપનું સેવન કર્યું નહીં, સદા દ્રવ્યની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ માટે ચિંતવન કર્યા કર્યું અને રાગદ્વેષાદિકને વશ થઇ પરમાત્મ તત્ત્વનો વિચાર ન કર્યો, સુખ-શીલતાવશ ઉપર્યુક્ત વિપરીત આચરણ કર્યાં તેથી તે તે કાર્યોનાં ઉત્તમ ફળથી આ જીવ વંચિત રહ્યો છે.

**સંયમધર્મની બલિહારી**—ગૃહસ્થ અવસ્થામાં અનેક કઠીન કસોટીમાંથી પસાર થવું પડે છે, છતાં અસંયમવશ ગુણ-લાભ થઈ શકતો નથી, તેવી કસોટી જો સંયમમાર્ગે સહન કરાય તો જીવ આત્મોન્નતિ પ્રાપ્ત કરે છે. યોગ્ય સ્થાને યોજાયેલાં દોષો પણ સંયમીને ગુણરૂપ થવા પામે છે.

**કર્મની પ્રબળતા**—ધર્મ(યુધિષ્ઠિર), ભીમ અને અર્જુનાદિક પાંચે પાંડવો-મોટા રાજપુત્રો, શૂરવીર, સત્યની ટેકવાળા અને મહાબળીયા હતા છતાં તે વીરોને કૃપણના ઘરે ભિક્ષુકની જેમ ભિક્ષા માગી ઉદરનિર્વાહ કરવો પડયો હતો. કર્મની રેખા ઉલ્લંઘવા કોણ સમર્થ છે ? વિચક્ષણ જનોએ કર્મ કરતી વખતે પૂર્ણ ખ્યાલ રાખવો કે જેથી પૂર્વકૃતકર્મ ઉદય આવે ત્યારે શોક-સંતાપ કરી નવાં કર્મબંધનથી બચી જવાય. કહ્યું છે કે—'**બંધસમય ચિત્ત ચેતીએ, શો ઉદયે સંતાપ ?**'

**વનસ્પતિમાં પણ જણાતી મૈથુનાદિક પ્રગટ સંજ્ઞા**–સ્ત્રીના પાદ–પ્રહારથી **અશોક** વૃક્ષ વિકાસ પામે છે, મુખમાંથી દારુનો કોગળો છાંટવાથી **બકુલ** વૃક્ષ શોક તજે છે, રાજી થાય છે, સ્ત્રીના આલિંગનથી **કુરુબક** વૃક્ષ પ્રફુલ્લિત બને છે, તેમજ શૃંગાર સહિત અવલોકન કરવાથી તિલક વૃક્ષ વિકાસ પામે છે.

**દુઃશીલા સ્ત્રી**–દુષ્ટ આચારવાળી સ્ત્રી ગમે તે ઉપાયે પણ ઠેકાણે આવતી નથી.

**નિષ્ફળ પ્રાય જીવન**–આવશ્યક, ધ્યાન, તપસ્યા અને સ્વાધ્યાયશૂન્ય જેના દિવસો વ્યતીત થાય છે તેવા ધર્મહીન આત્માઓનું અત્ર શું પ્રયોજન છે ?

**સ્વપાપનિંદા**–સર્વ મૂળગુણ અને ઉત્તરગુણાદિના લોપ સંબંધી દોષની જે પોતે નિંદા–ગર્હા કરતો નથી તે ગળીમાં રંગાયેલા વસ્ત્ર જેવો કનિષ્ઠ કર્મકારી આત્મા લાખો વર્ષ સુધી ગમે તેવું તપ કષ્ટ કરે તો પણ તે કેવી રીતે શુદ્ધ થઇ શકે ? ન જ થઈ શકે.

**સત્યનો મહિમા**–સત્ય નિષ્ઠાવડે અગ્નિ શીતળ થઇ જાય છે, સત્યવડે પાણી માર્ગ આપે છે, સત્યવડે ખડ્ગ–તલવાર વિગેરે શસ્ત્ર–અસ્ત્રો દેહચ્છેદ કરી શકતા નથી, અને સત્યથી ફણિધર–સર્પ રજ્જુ ( દોરડા ) જેવો થઇ જાય છે, એમ સમજી વિચક્ષણ ભાઇ–બહેનોએ બરાબર સત્ય વ્રતનું પાલન કરવું.

**શ્રાવક યોગ્ય અગિયાર પડિમા**—પૂર્વે આનંદ, કામદેવાદિક અનેક શ્રાવકોએ ઉક્ત પડિમાઓનું સ્વરૂપ જ્ઞાની ગુરુ સમીપે અવધારી, તેનું નિરતિચારપણે પાલન કર્યું હતું. આજે પણ સાધુ યોગ્ય મહાવ્રતો ધારણ કરવા ઇચ્છતા

ભાઈ-બ્હેનોને પ્રથમ ઉક્ત પડિમા વહન કરી લેવા **પંચાશકાદિક** પ્રામાણિક ગ્રંથોમાં સલાહ આપેલી છે, છતાં તે વાતની બહુધા ઉપેક્ષા કરાય છે. ઉક્ત પડિમામાંથી પાંચમી પડિમા કાર્તિક શેઠે સો વખત વહન કરી ઉચ્ચ ગતિ સાધી હતી, તેવી ભાવના અવશ્ય રાખવી ઘટે. શ્રાવક યોગ્ય સમકિત મૂળ બાર વ્રતોને સર્વથા અતિચાર-દોષરહિત પાળવા પૂરેપૂરું પુરુષાતન ફોરવવાનું તેમાં રહસ્ય રહેલું છે. પ્રવચનસારોદ્ધારાદિક ગ્રંથોમાં તેનો અધિકાર છે. દર્શન, વ્રત, સામાયિક, પોસહ, પડિમા, સચિત્ત, આરંભત્યાગાદિક તેનો અનુક્રમ કહેલો છે. તેનું યથાવિધિ પાલન કરનારાને સાધુયોગ્ય મહાવ્રતોનું પાલન સુગમ થાય છે; મુશ્કેલ પડતું નથી. (આ કાળે તેવી નિરાગાર પ્રતિમા-પાલનનો નિષેધ છે.)

**કાર્યથી પુરુષપરીક્ષા**—સ્વાર્થ તજીને પરાર્થ (પરોપકાર) જે કરે છે તે સત્પુરુષો જાણવા, સ્વાર્થને ક્ષતિ (હાનિ) ન પહોંચે એમ જે પરોપકાર સાધતા રહે છે તેમને સામાન્ય જાણવા, જેઓ સ્વાર્થ સાધી લેવા માટે પરહિતની દરકાર કરતા નથી તેવા લોકોને રાક્ષસ જેવા નિર્દય જાણવા; પરન્તુ જે કોઈ નિરર્થક પરહિતને હણે છે-લોપે છે તેમને કેવા (ક્રૂર સ્વભાવી) લેખવા તે અમે જાણી શકતા નથી. આ દુર્લભ દેહે બને તેટલું પરહિત કરી લેવા ભૂલવું નહીં. જે સત્પુરુષો સ્વહિત બરાબર સમજી સાધે છે, જેઓ પરહિત સાધવા ઉદ્યમ સેવતા રહે છે અને જેઓ સહુને સ્વાત્મા સમાન સમજે છે તેમનું આચરણ પ્રશંસાપાત્ર હોઇ શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૩૦૭ ]

# સ્મૃતિમાં રાખવા યોગ્ય વાકયો

૧. જે મનુષ્ય સત્પુરુષોનાં ચરિત્ર રહસ્યને પામે છે તે પરમપદ પામી શકે છે.

૨. ચંચળ-અવ્યવસ્થિત ચિત્ત એ સર્વ વિષમ દુઃખનાં મૂળરૂપ છે.

૩. ઘણાઓ સાથે મેળાપ અને થોડા સાથે અતિ સમાગમ સમાન દુઃખ દે છે.

૪. સમસ્વભાવી( આત્માર્થીઓ )નું મળવું એને જ્ઞાનીઓ એકાન્ત કહે છે.

૫. ઇંદ્રિયો તમને જીતે ને સુખ માનો તે કરતાં તેને જીતવાથી જ તમે સુખ, આનંદ અને પરમપદ પામી શકશો. ( સ્વાનુભવથી તેની ખાત્રી થઇ શકશે. )

૬. રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી. ( રાગ જ સંસારનું મૂળ છે. )

૭. યુવાનવયમાં કરેલો સર્વસંગપરિત્યાગ પરમપદને પમાડી શકે છે.

૮. અતીન્દ્રિય સ્વરૂપ પરમાત્મ ભાવના ધ્યાન–વિચારમાં પહોંચવું ઘટે.

૯. ગુણીના ગુણમાં અનુરક્ત બનો–પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં રક્ત બનો.

## મનોનિગ્રહમાં આવતાં વિઘ્નો

૧ આળસ, ૨ અનિયમિત ઊંઘ, ૩ વિશેષ આહાર ( લોલુપતા ), ૪ ઉન્માદ પ્રકૃતિ, ૫ માયા–પ્રપંચ, ૬ અનિયમિત કામ કરવાની ટેવ, ૭ ક્ષુદ્ર વિલાસ, ૮ માન–અહંકાર, ૯

મર્યાદા ઉપરાંત કામ, ૧૦ સ્વબડાઈ, ૧૧ તુચ્છ વસ્તુ સાથે પ્રીતિ, ૧૨ રસગારવલુબ્ધતા, ૧૩ અતિ વિષયભોગ, ૧૪ પરનું અનિષ્ટ ચિંતન, ૧૫ કારણ વિના રઝ્યા કરવું, ૧૬ ઘણા સાથે સ્નેહ, ૧૭ અયોગ્ય સ્થળે જવું, ૧૮ ઉત્તમ નિયમ સાધ્ય કરવામાં પ્રમાદ-સેવન. જ્યાં સુધી આ અઢાર વિઘ્ન-દોષો વળગ્યા રહે છે ત્યાં સુધી અઢાર પાપસ્થાનક છૂટી શકવાના નથી, તે વિઘ્ન દોષો ટળવાથી મનોનિગ્રહ અને ધારેલી સિદ્ધિ થઇ શકે છે. તેની ઉપેક્ષા કરવાથી આત્માનું સાર્થક થઈ શકવાનું નથી. અતિ ભોગને સ્થળે સામાન્ય (અલ્પ ભોગત્યાગ) નહીં પણ સર્વભોગ ત્યાગવ્રત જેણે ધાર્યું છે, તેમજ પૂર્વોક્ત એક પણ દોષનું મૂળ જેના હ્રદયમાં રહ્યું નથી તે મહાભાગ્યવાન છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૩૪૬ ]

---

## સુભાષિત-વાક્યો.

**ખળ-ભુજંગ**-અહો ! ખળ-ભુજંગનો આ બધો ક્રમ વિચિત્ર છે, તે કોઇ એકના કાનને ડસે છે ( ભંભેરે છે ) ત્યારે બીજો પ્રાણમુક્ત થાય છે-મરે છે.

**વિદ્યાપ્રાપ્તિથી વંચિત**-અતિ આળસુ, પ્રમાદી, અતિમાની, અનુદ્યોગી, ચળચિત્ત, વિદ્યાગુરુ પ્રત્યે દ્વેષ-તિરસ્કાર રાખનાર, તથા કટાક્ષ કરતી સુંદરમુખી સ્ત્રીનું ચિંતવન કરનારને લોક-પ્રસિદ્ધ અને સત્પુરુષોએ સત્કારેલો વિદ્યાગુણ પ્રાપ્ત થઈ શકતો નથી. વિદ્યાર્થીએ તે તે દોષો જરૂર તજવાની અને સત્પાત્રતા મેળવી વિનય-વિવેકાદિ ગુણો ધારણ કરવાની ખાસ જરૂર છે.

**જેમનો સ્વભાવ સાચો તેનું સર્વ સાચું**–કેવળજ્ઞાનાદિક આત્મલક્ષ્મી જેમને પ્રગટ થઇ છે તેવા મહાનુભાવોનાં નામ, સ્થાપના ને દ્રવ્ય પણ આરાધ્ય છે.

**લોભી–કૃપણ**–માણસ દાન દેવામાં પૈસો ખર્ચવાથી તે ખૂટી જશે ને નિર્ધનપણું આવશે એવી કુશંકાથી પૈસા ઉપરનો મોહ તજી શકતો નથી, અને પુન્યક્ષયે તેનો સંબંધ સ્વાભાવિક છૂટે છે–છોડવો પડે છે ત્યારે હાથ ઘસતો રહે છે ને પરભવમાં સુકૃત કરણી કર્યા વગર લક્ષ્મી પામી શકતો નથી. આ ભવમાં પણ પ્રાયે છેલ્લી વખતે પસ્તાવો કરતો–ઝૂરતો ઝૂરતો આયુ દુઃખી સ્થિતિમાં પૂરું કરીને પરભવમાં એવી હલકી ગતિ પામે છે કે જ્યાં કંઇ સારી સુકૃત કરણી કરી શકતો નથી. હાથ આવેલી સારી તક ગુમાવી સ્વચ્છંદે ચાલનારના એવા માઠા હાલ થવા પામે છે, જે સુધરવા મુશ્કેલ છે.

**જે દાતાર**–લક્ષ્મીની અસ્થિરતા–ક્ષણિકતા સમજી, તેના ઉપરનો મોહ તજી તેનો સત્પાત્રમાં ( સારા ક્ષેત્રમાં ) વિવેકથી દાન દેવામાં સદુપયોગ કરે છે અથવા જંબૂસ્વામી જેવા સત્પુરુષોની પેઠે તેનો સર્વથા ત્યાગ કરી, આત્માની ખરી સંપત્તિને જ પ્રાપ્ત કરી લેવા સાવધાનપણે સંયમમાર્ગ અંગીકાર કરે છે તેવા સદ્દભાગી પુન્યશાળી પુરુષો સ્વમાનવભવને સાર્થક કરી પરભવમાં પુન્યાનુબંધી પુન્યયોગે ઊંચી સ્વર્ગાદિ સંપદા પામે છે અથવા સકળ કર્મ–ઉપાધિનો સર્વથા અંત કરી, અક્ષય–અવિનાશી મોક્ષસંપત્તિને પ્રાપ્ત કરી શકે છે.

**દાનાદિકનું ફળ પરિણામ**–દાનવડે ધનપ્રાપ્તિ થાય છે, શીલવડે સુખસંપદા મળે છે, તપવડે કર્મક્ષય થવા પામે છે ત્યારે સદ્દભાવના ભવદુઃખનો અંત કરી શકે છે.

**આગ્રહી અને મધ્યસ્થ**—કદાગ્રહી પોતાના મત પ્રમાણે યુક્તિને ખેંચી જાય છે ત્યારે મધ્યસ્થ-નિષ્પક્ષપાતી સદ્યુક્તિ અનુસાર સ્વમતિને દોરવતો રહે છે.

**અપમાન-તિરસ્કાર થયા છતાં**—કાગ, દુર્જનો અને મૃગ સ્થાન મૂકતાં નથી ત્યારે સિંહ, સત્પુરુષો અને હાથીઓ અપમાન થતાં સ્થાન તજી ચાલ્યા જાય છે.

**ઉત્તમાદિની ઓળખાણ**—ઉત્તમ જનો સ્વગુણવડે, મધ્યમો પિતાના ગુણવડે, અધમો મોશાળના ગુણોવડે અને અધમાધમ શ્વસુરના ગુણવડે પ્રસિદ્ધિ પામે છે.

**જાતિવિશેષતા**—સ્ત્રી જાતિમાં દાંભિકપણું વિશેષ, વણિક જાતિમાં ડરપોકતા-બીક વિશેષ, ક્ષત્રિય જાતિમાં રોષ વિશેષ અને બ્રાહ્મણ જાતિમાં લોભ વિશેષ હોય છે.

**સાક્ષરો સાથે વિરુદ્ધતા**—વિદ્વાનો સાથે ખાસ કરીને વિરોધ ઉપજાવવો નહીં. જો તેઓ વિપરીત થયા તો પૂરા **રાક્ષસો** જેવા અનર્થકારક નીવડે છે, તેથી તેમને છેડવા નહીં.

**મૃત્યુના ચાર દ્વાર**—અનુચિત કામનો આરંભ, સ્વજનો સાથે વિરોધ, બળિયા સાથે બાથ અને સ્ત્રીઓમાં વિશ્વાસ-એ ચાર મૃત્યુના માર્ગ જાણવા.

**દેહાન્ત દુઃખ**—સ્ત્રીવિયોગ, સ્વજનોનું અપમાન, લડાઇની ભીતિ-ભય, નિર્ધનતા અને દુર્જનનો સંસર્ગ એ વિના અગ્નિએ દેહને બાળી નાખે છે.

**સાહસ ન કરો**—તપાસ્યા વગર સહસા કામ ન કરવું. જે કરવું તે સારી રીતે તપાસી ડહાપણથી કરવું; નહીં તો પાછળથી

નોળિયાનો નાશ થવાથી બ્રાહ્મણીના પેઠે અત્યંત પશ્ચાત્તાપ કરવાનો વખત આવશે, તેથી કદાપિ ઉતાવળા થવું નહીં.

**જેવો રાજા તેવી પ્રજા**—ધર્મીરાજાની પ્રજા ધર્મિષ્ટ અને પાપીરાજાની પ્રજા પાપી હોય છે. પ્રાયે પ્રજા રાજાને અનુસરીને વર્તે છે. **यथा राजा तथा प्रजा.**

**માંસભોગી**—માંસભક્ષણમાં લુબ્ધ થયેલા દુર્બુદ્ધિ જનની બુદ્ધિ ડાકણની જેમ દેહધારી મનુષ્ય કે પક્ષીઓને મારી નાખવા પ્રત્યે પ્રવર્તે છે.

**કાળે કરી**—જેમ ધાન્ય અને ફળ પાકે છે અને અવસ્થા પાકતાં જેમ દેહ પાકે છે–જીર્ણ થાય છે તેમ પાપી પાપવડે પૂરો થાય છે–ક્ષય પામે છે.

**ત્રિવિધ મત્ત**—મદિરાપાનવડે, ધનના ગર્વવડે, અતિ વિષયાસક્તિવડે જીવ મત્ત બને છે.

**કૃપણ જીવન**—છતી લક્ષ્મીને દઈ શકતો નથી તેમજ ભોગવી શકતો નથી, જેમ નપુંસક સ્ત્રીને ફક્ત હસ્તસ્પર્શ કરે છે તેમ તે દ્રવ્ય જોઈ જોઈને રાજી થાય છે.

**ગુહ્યવાર્ત**—પ્રાણાન્તે પણ ગુપ્ત કે રહસ્યવાળી વાત સ્ત્રી આગળ પ્રકાશવી નહીં.

**પાપનું તત્કાળ ફળ**—દુષ્ટ, દુર્જન, ક્રૂરકર્મી અને અનાચારી–દુરાચારી પાપીજનોને તેમના પાપનું ફળ તે જ ભવમાં તત્કાળ મળે છે.

**પરોપકાર**—પ્રાણના ભોગે પણ પરોપકાર કરવો. પરોપકારજનિત પુન્ય સેંકડો યજ્ઞો કરતાં વધી જાય છે; તેમજ

વળી તીર્થસ્થાનોવડે એવી શુદ્ધિ, બહુ દાન દેવાવડે એવું ફળ અને ઉગ્ર તપસ્યાવડે એવો લાભ મળતો નથી કે જેવો લાભ પરોપકારવડે મળી શકે છે.

**ભાવી કર્મરેખા**—જો સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, પર્વતના શિખર પર શિલામાં જો કમળ ઊગીને વિકાસ પામે, જો મેરુપર્વત કંપાયમાન થાય અને અગ્નિ શીતળતા ભજે તો પણ ભાવી કર્મની રેખા ફરતી-મટતી નથી.

**ચિંતાવડે**—બુદ્ધિ, બળ અને જ્ઞાન નાશ પામે છે અને વ્યાધિ પેદા થાય છે તેથી જ્ઞાનીઓએ ઠીક જ કહ્યું છે કે-**ચિન્તા ચિતા સમાન.** એ બેમાં વિશેષ એટલો છે કે-ચિતા મૃતક શરીરને બાળે છે ત્યારે ચિન્તા જીવતાને બાળી ખાખ કરી નાખે છે.

**અર્થ**—દ્રવ્ય પ્રથમ પેદા કરવામાં દુઃખ, પેદા કરેલને સાચવવામાં દુઃખ ( ઉપાધિ ), વળી દ્રવ્ય આવે તો ય દુઃખ અને જાય તો ય દુઃખ, તેવા દુઃખદાયક અર્થને ધિક્કાર છે.

**વિદ્યા ગ્રહણ**—વિનય કરીને અથવા પુષ્કળ ધન આપીને અથવા વિદ્યા માટે વિદ્યા આપવાથી થઈ શકે છે. તેને માટે ચોથો કોઇ ઉપાય જણાતો નથી, તેમાં પણ વિનયવડે ગુરુને પ્રસન્ન કરીને મેળવેલી વિદ્યા સર્વથી ઉત્તમ લેખાય છે.

**જૂગારીનું**—મન ઠામ રહેતું નથી તેમજ તેનાં અર્થ, કામ ને સારાં કાર્ય વિણસે છે. ઉપરાંત મસ્તક અને નામ પણ દૂર મૂકવાં પડે છે.

**વિષયાસક્ત**—જીવ હિત-અહિતને વિચારી શકતો નથી તેથી તે અનુચિત આચરણ કરતો રહી, દુઃખ-અટવીમાં અટ-

વાયા કરે છે. એક એક ઇંદ્રિયના વિષયમાં રક્ત બની, પતંગ, હરણ અને હાથી પ્રમુખ બેહાલ થઇ જાય છે, તો પાંચે ઇંદ્રિય પરવશનું કહેવું જ શું ?

**અણગળ્યું જળ**—એકાદ દિવસ વાપરનાર પણ અનર્ગળ પાપ બાંધે છે, તો પછી કાયમ તેવા જળની વપરાશ છૂટથી કરનારનું કહેવું જ શું ?

**સાધુતા**—ઉપકારી પ્રત્યે ભલી રીતે વર્તે, તેમાં સાધુતાની કિંમત કરતાં જે અપકારી-અપરાધી પ્રત્યે ભલમનસાઇ દાખવે તેમાં સાધુતા ભારે લેખાય.

**વિવેક**—પ્રાયે દુર્ગતિગામી જીવથી દૂર રહે છે, તેનું હૃદય મલિન રહે છે.

**ચિત્રમાં આળેખેલી**—એવી પણ સ્ત્રીઓ ચિત્તને હરી લે છે, અપાર એવા સમુદ્રનો પાર પામી શકાય છે, પણ સ્વભાવથી જ વક્ર એવી સ્ત્રીઓના દુષ્ટ ચારિત્રનો પાર પામી શકાતો નથી.

**ગુપ્ત વાત**—છ કાને ગયેલી વાત ઉઘાડી પડી જાય છે, જાહેર થઇ જાય છે, ચાર કાને ગયેલી વાત સચવાય છે અને બે કાને જ રહેલી વાતનો પત્તો તો બ્રહ્મા પણ મેળવી શકતો નથી. તે પૂરેપૂરી જળવાઇ શકે છે.

**તાંબૂલ ભક્ષણ**—કરવાનું બ્રહ્મચારીને, યતિજનોને તેમજ વિધવા સ્ત્રીઓને માટે અત્યંત નિંદાપાત્ર હોવાથી વર્જ્ય છે.

**કૃપણ**—છતે પૈસે તેને સઠેકાણે વાપરી શકતો નથી, તેને સાચવી રાખવાની જ ચિંતા કર્યા કરે છે તે અંત સુધી

માખીની પેઠે હાથ ઘસતો રહે છે, દુનિયામાં અપવાદપાત્ર થાય છે અને છેવટે ઝુરતો ઝુરતો પરભવમાં જાય છે.

**માતાને ભારભૂત**—જેનું મન દાન, તપ શૌર્ય, વિદ્યા કે અર્થલાભમાં પરોવાયું નથી તેવા પુત્રને માતાની વિષ્ટા જેવો જ લેખવામાં આવ્યો છે.

**ધર્મહીન અવતાર**—જેવી જીવ વગરની કાયા, જળ વગરની નદી, દાતાર વગરના યાચક, સ્નેહ વગરના સગપણ, પુત્ર વગરનું કુળ, દૂધ વગરની ગાય, ભક્તિ વિનાની ભાર્યા, રાજા-ધણી વગરનું નગર, પત્ર-પાંદડાં વગરનું વૃક્ષ, તેલ વગરનો દીવો અને ચંદ્ર વગરની રાત્રિ જેવાં શોભાહીન દીસે છે તેવો ધર્મહીન માનવોનો અવતાર નકામો બોજારૂપ-ત્રાસરૂપ બની તદ્દન અલેખે જવા પામે છે; તેથી જ સુજ્ઞ જનો એને સદ્ધર્મના આચરણવડે સાર્થક કરી લેવા કાળજી રાખે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૩૪૬ ]

## મનનીય વચનામૃતો

૧. સત્પુરુષો કહેતા નથી કે કરતા નથી છતાં તેમની સત્પુરુષતા નિર્વિકાર મુખમુદ્રામાં તરી આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિચારી જુઓ.

૨. અતિશય સ્વસ્થ વિચારણાથી એમ સિદ્ધ થયું છે કે-શુદ્ધ જ્ઞાનમાં જ નિરાબાધ સુખ રહ્યું છે અને ત્યાં જ સમાધિ રહી જ છે.

૩. શુદ્ધઉપયોગની જો પ્રાપ્તિ થઇ તો પછી સમયે સમયે પૂર્વોપાર્જિત કર્મને ભસ્મીભૂત કરી શકાશે.

ઉપયોગ ત્યાં ધર્મ છે માટે તું સંસારમાં લેપાઇશ નહિં.

૪. નિયમ પાળવા નિશ્ચય કર્યા છતાં નથી પળાતો એ પૂર્વકર્મનો જ દોષ છે.

૫. જનમનરંજન કરવા ફોગટ પ્રયત્ન ન કરતાં આત્મરંજન માટે સફળ પ્રયત્ન કરો. આત્મકલ્યાણ સાધશો તો અનંત ભવનું સાટું વળી જશે.

૬. આ સંસારના મહાબંધનથી મુક્ત થવામાં જે જે સાધનો શ્રેષ્ઠ લાગે તે ગ્રહણ કરવા ઘટે.

૭. જગતની અનુકૂળતા–પ્રતિકૂળતા શું જોવી? તે ગમે તેમ બોલે પણ આત્મા જો બંધન રહિત થતો હોય–સમાધિમય દશા પામતો હોય તો તેમ કરી લેવું.

૮. જેમ બને તેમ નિર્મોહી થઈ મુક્ત દશાને ઇચ્છજો.

૯. પરમાત્મા–મહાયોગીન્દ્ર શ્રી પાર્શ્વનાથાદિકનું સ્મરણ–ચિન્તન રાખજો.

૧૦. બીજું બધું ભૂલી માત્ર તે સત્પુરુષોનાં અદ્ભુત યોગસ્ફુરિત ચરિત્રમાં જ ઉપયોગને પ્રેરશો, એ જ મોક્ષનો માર્ગ છે. ભૂલેચૂકે તેની વિરાધના ન કરશો.

૧૧. જ્યાં ત્યાંથી રાગ–દ્વેષ રહિત થવું એ જ ધર્મ છે. એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષના ચરણ-કમળની ઉપાસના છે.

૧૨. પૂર્વકર્મના આધારે જ બધું બને છે એમ સમજી પરમ સંતોષ રાખજો.

૧૩. જગતના કોઈપણ પદાર્થનો હર્ષ–શોક કરવો યોગ્ય

જ નથી. પરમ શાન્તિને ઇચ્છીએ એ જ આપણો સર્વસમ્મત ધર્મ છે. એ જ ભાવના કર્તવ્ય છે.

૧૪. દેહનું રક્ષણ સંયમ–ધર્મની રક્ષા નિમિત્તે કરાય તો સારું છે.

૧૫. જગતમાં નિરાગીત્વ, વિનયીપણું અને સત્પુરુષની આજ્ઞાનું પાલન એ નહિ મળવાથી આ આત્મા અનાદિ કાળથી રખડ્યો, પણ નિરુપાયે થયું તે થયું, હવે આપણે (ખરે માર્ગે) પુરુષાર્થ કરવો ઉચિત છે.

૧૬. જગતમાં અનેક ઉત્તમ પુરુષો ગુપ્તરૂપે રહ્યા છે તેમના ગુણને યાદ લાવો, તેઓનો પવિત્ર સમાગમ કરો અને આત્મિક લાભવડે જીવન સાર્થક કરો.

૧૭. તન, મન, વચનથી આત્મસ્થિતિ(સમભાવ)ને જાળવશો.

૧૮. ઉદય આવેલાં પ્રાચીન કર્મ સમભાવે ભોગવવાં, નવીન કર્મ ન બંધાય–બંધાતા અટકે એમાં જ આપણું આત્મહિત સમજો.

૧૯. બનતી પ્રભુભક્તિ, સત્સંગ, સત્ય વ્યવહાર સાથે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થને સેવતા રહો; જેમ આત્મા ઊંચે આવે તેમ કરો.

૨૦. સમયે સમયે જીવન ખૂટતું જાય છે, ત્યાં પ્રમાદ કરીએ છીએ તે મોહની પ્રબળતા છે.

૨૧. શાસ્ત્રમાં માર્ગ કહેલ છે; મર્મ કહ્યો નથી. તે મર્મ તો સત્પુરુષના અંતરાત્મામાં રહ્યો છે. ધર્મનો રસ્તો સરળ, સ્વચ્છ અને સહજ છે, પણ તે વિરલ આત્માઓ જ પામ્યા છે, પામે છે અને પામશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૪૧૩ ]

# હિતકર વચનામૃત.

૧. પરમાત્માને ધ્યાવવાથી પરમાત્મા થવાય છે, પરંતુ સત્પુરુષના ચરણકમળની વિનયોપાસના વગર તેવું ધ્યાન આત્માને પ્રાપ્ત થઈ શકતું નથી.

૨. આત્માને અનંત ભ્રમણામાંથી સ્વરૂપમય પવિત્ર શ્રેણીમાં આણવો એ કેવું નિરૂપમ સુખ છે તે કહ્યું કહેવાતું નથી અને લખ્યું લખાતું પણ નથી.

૩. પ્રત્યક્ષ સત્સંગની તો બલિહારી છે અને તે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ છે.

૪. નિર્ગ્રંથ શાસન જ્ઞાનવૃદ્ધને સર્વોત્તમ વૃદ્ધ ગણે છે, તે વગર બીજી સઘળી વૃદ્ધતા નામમાત્ર યા શૂન્ય વૃદ્ધતા છે. સત્પુરુષનું ચરિત્ર એ આદર્શ-દર્પણ રૂપ છે.

૫. યથાર્થ ઉપદેશકારક એવા શ્રી વીતરાગના ઉપદેશમાં સાવધાન રહો.

૬. યોગ્ય પાત્ર બનો, ધર્મ એ વસ્તુ ગુપ્ત રહી છે, બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર સંશોધનથી તે મળે છે અને તે કોઈ મહાભાગ્ય સદ્‌ગુરુના અનુગ્રહથી મળે છે.

૭. એક ભવના અલ્પ સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ વધારવાનું જ્ઞાની પુરુષો સાવધાનપણે પરિહરે છે, તો પછી આત્મહિતમાં પ્રમાદ કેમ કરવો ઘટે ?

૮. એક સત્પુરુષને શોધી લઇ તેમનામાં સર્વ ભાવે અર્પિત થઇ જવાય તો બેડો પાર.

૯. સત્પુરુષ એ જ કહેવાય કે નિશદિન જેના આત્માનો ઉપયોગ જાગૃત રહે છે.

૧૦. આત્માર્પણુ કર્યા વગર જીવનો કોઇ કાળે છૂટકારો થનાર નથી.

૧૧. વ્યવહારના પ્રસંગને સાવધાનપણે, મંદ ઉપયોગે, સમતાભાવે નિભાવજે.

૧૨. બીજા તારું કેમ માનતાં નથી એવો પ્રશ્ન ( વિચાર ) તારા અંતરમાં ન ઊગો.

૧૩. બીજા તારું માને છે, એ ઘણું યોગ્ય છે એવું સ્મરણુ તને ન થાઓ.

૧૪. જીવન હો તો એ જ વૃત્તિએ પૂર્ણ હો. ગૃહવાસમાં હો પણ તેમાં જ લક્ષ હો.

૧૫. નિરંતર સમાધિભાવમાં રહો. નિરંતર આત્મદર્શનમાં સ્થિર થાઓ.

૧૬. પરમાર્થરૂપ થવું અને અનેકને પરમાર્થ સાધ્ય કરવામાં સહાયક થવું એ જ કર્તવ્ય છે.

૧૭. અનાદિ કાળનું પરિભ્રમણ હવે સમાપ્તતાને પામે એવી જિજ્ઞાસા કલ્યાણુરૂપ છે.

૧૮. એવી ઇચ્છિત જિજ્ઞાસાને ઉત્તેજન આપતા રહેશો.

૧૯. આત્મ–શાન્તિમાં પ્રવૃત્તો, યોગ્યતા મેળવો, પાત્રતા માટે અધિક પ્રયાસ કરો.

૨૦. ગમે તે પ્રકારે પણ ઉદય આવેલાં અને આવવાનાં કષાયને સમાવો.

૨૧. સર્વ પ્રકારની અભિલાષા નિવૃત્ત કરતા રહો.

૨૨. કોઈ એક સત્પુરુષને શોધો અને તેના વચનમાં પૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખો.

૨૩. જેટલી ઉતાવળ એટલી કચાશ અને જેટલી કચાશ એટલી ખટાશ સમજો.

૨૪. તીર્થંકર દેવે રાગ કરવાની ના કહી છે કારણ કે રાગ હોય ત્યાંસુધી મોક્ષ પ્રાપ્ત નથી.

૨૫. સંસારમાં રહેવું અને મુક્ત થવા કહેવું એ અસુલભ બનાવ લેખાય.

૨૬. ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે, માટે સર્વ માયિક વાસના ટળવી ઘટે.

૨૭. મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે, એ રહસ્યમય વાકય છે.

૨૮. જ્યાં મતિની ગતિ નથી ત્યાં વચનની ગતિ કયાંથી હોય ?

૨૯. સત્પુરુષનાં દૃઢ આલંબનથી ખરું શુદ્ધ રહસ્ય પામવું શકય છે.

૩૦. સત્પુરુષનાં એકેક વાકયમાં અને એકેક શબ્દમાં અનંત રહસ્ય રહેલું છે.

૩૧. હવે તમને યોગ્ય લાગે તેમ કરો. અતિ ઉતાવળ કરવી ઘટે નહિ.

[ જૈ. ધ. પ્ર. પુ. પર, પૃ. ૪૧૪ ]

# હિતદાયક બોધ.

( ૧ ) ઉત્તમ પુરુષ જ્યાં ( ઉચિત કાર્ય ) આરંભ કરે ત્યાં ( તેના પ્રબળ ભાગ્યયોગે ) નવનિધિ પ્રાપ્ત થાય છે.

( ૨ ) ઉત્તમ મનુષ્યે પોતાનાં ગુણોવડે જ ઓળખાવું જોઈએ. ( ગુણાતિશય કયાંય ઢાંકયો રહેતો જ નથી. )

( ૩ ) ગુણ વિનાના પુત્ર ( પુત્રી ) હોય તે ન હોવાં બરાબર છે. ( તેમને પૂરા કેળવવા વડીલોએ ઘણી દરકાર રાખવી. )

( ૪ ) કિલષ્ટ–મલિન પરિણામથી કરેલી કે થયેલી હિંસા પરિણામે મહાઅનર્થકારી નીવડે છે, એ શાસ્ત્રવચન પ્રમાણ કરવા યોગ્ય છે. લોહીથી ખરડાયેલું વસ્ત્ર લોહીવડે ધોતાં કદાપિ–ગમે તેટલી મહેનતે પણ–સારું થઇ શકવાનું નથી.

( ૫ ) એમ સમજી શાણા ભાઈ–બ્હેનોએ એવી અનર્થકારી હિંસાથી ખૂબ કાળજીપૂર્વક વિરમવું. સહુ જીવોને સ્વઆત્મવત્ લેખવા.

( ૬ ) ઉત્તમ માતપિતા પુત્ર–પુત્રીને પરદેશગમન પ્રસંગે ( વળાવતી વેળાએ ) સદા યાદ રાખવા યોગ્ય અમૂલ્ય શિખામણ આપે છે.

( ૭ ) શુદ્ધ દેવ, ગુરુ તથા સંઘ–સાધર્મિક જનોનું શુદ્ધ પ્રેમથી બની શકે તેટલું સેવન કરવું; વિરાધન તો ન જ કરવું.

( ૮ ) ભાવ ચિન્તામણિ સમાન તેમની સેવા–ભક્તિ શુદ્ધ શ્રદ્ધાથી કરી સતી ઉત્તમ ફળદાયક નીવડે છે.

( ૯ ) સદ્ગુણી સજ્જનો સ્વમુખે સ્વપ્રશંસા કરતા નથી. તેમના ઉજ્વળ ગુણથી આકર્ષાઈ ગુણરાગી જનો તેમની પ્રશંસા

મુક્તકંઠે કરી, તે ગુણુની સુવાસના ચોમેર ફેલાવી મહાન્ પુણ્ય બાંધે છે અથવા કર્મનિર્જરા કરી આત્માને નિર્મળ કરે છે.

( ૧૦ ) જેમ આંબો ફળસંપત્તિથી ખૂબ નમી પડે છે તેમ ઉત્તમ જનો ગુણુ-સંપદાની વૃદ્ધિ થતાં અધિક નમ્રતા ધારે છે.

( ૧૧ ) એક સુગુણુ પુત્રીને સાસરે વળાવતાં માત-પિતાએ આપેલી હિત-શિખામણુનો સાર નીચે મુજબ છે:—

હે પુત્રી ! પતિને સદાય દેવ કરીને માનજે, હૃદયમાં ક્ષમા ગુણુ ધારજે, સાસુ સસરા, જેઠ-જેઠાણી વિગેરેની લાજ-મર્યાદા સાચવજે, આળસ-પ્રમાદ તજી ઉચિત આચરણુવડે ઉભય કુળને ઉજ્વળ કરજે, સ્વપતિને પ્રસન્ન રાખજે, પ્રથમ સપરિવાર તેમને જમાડ્યા પછી જમજે, ઢોર-ઢાંખરની બરાબર સંભાળ રાખજે, તેમજ પતિના ઊંઘ્યા પછી ઊંઘજે અને વહેલી જાગજે, પ્રભુપૂજા ને ગુરુભક્તિમાં તત્પર રહેજે, પતિવ્રતાનો ધર્મ પાળજે, સહુ પરિવાર સાથે નમ્રતા-કોમળતા રાખી ચાલજે-તને શાણીને વધારે શું કહીએ ? અમારી અને તારી શોભામાં વધારો થાય તેમ ડહાપણુથી વર્તજે.

( ૧૨ ) સજ્જનો સદાય ગમે તેવા સમ-વિષમ સંયોગોમાં સજ્જનતા જ દાખવે છે. એવી સજ્જનતા કોને પ્રિય ન લાગે ?

( ૧૩ ) શાસ્ત્ર સુભાસિત કાવ્ય રસ, વીણાનાદ વિનોદ;
ચતુર મળે જો ચતુરને, તો ઉપજે પરમોદ.

( ૧૪ ) રસિયાને રસિયા મિલે, કેળવતાં ગુણ ગોઠ;
હિયે ન માયે રીઝરસ, કહેણી ન આવે હોઠ.

( ૧૫ ) મૂર્ખ મર્મ જાણે નહિ, ચિત્ત નહિં એક ઠોર;
જિહાં તિહાં માથું ઘાલતો, જાણે હરાયું ઢોર;

વનમાં વનચર–પશુઓ સાથે વસવું સારું; પરંતુ દેવભુવનમાં પણ મૂર્ખનો સંસર્ગ સારો નહિં.

( ૧૬ ) પુણ્યે પરિણતી હોય ભવ્ય, પુણ્યે સુગુણ ગરિઠ્ઠ;
પુણ્યે અલીય વિઘન ટળે, પુણ્યે મિલે સવિ ઇઠ્ઠ.

( ૧૭ ) અરિહંત દેવ સુસાધુ ગુરુ, ધર્મ જ દયા વિશાળ;
જપો મંત્ર નવકાર તુમ, અવર ન ઝંખો આળ.

આરાહિજે દેવગુરુ, દેઈ સુપત્તે દાન;
તપ સંયમ ઉવયાર કરી, કર સફળો અપ્પાણ.

રે મન ! અપ્પા ખંતે ધર, ચિન્તા જાળ મ પાડ;
ફળ તિત્તોહિજ પામીયે, જીત્તો લખ્યો નિલાડ (લલાટ).

જીવંતા જગ જશ નહિ, જશ વિણ કાંઇ જીવંત ?
જે જશ લેઈ આથમ્યા, રવિ પહેલાં ઊગંત.

( જશ મેળવ્યા વગરની જિંદગાની નકામી છે, જશ મેળવી જે મૃત્યુ પામે છે તેને પ્રભાતના પહોરમાં લોકો સંભારે છે. )

ધન દેઇ જીવ રખ્ખીયે, જીવ દેઇ રખ્ખિયે લાજ;
પ્રાણ લાજ ધન દીજીયે, એક ધર્મ કે કાજ.

( ૧૮ ) જાણ જ શ્રોતા આગળે, વક્તા કળા પ્રમાણ;
તે આગે ધન શું કરે ? જે મગસેલ પાષાણ.

( ૧૯ ) જે કિરતારે વડા કિયા, તેહ શું ન કરો રીસ;
આપ અંદાજે ચાલીયે, નામીજે તસ શીસ.

( ૨૦ ) મીઠે વચને કામ પતે તો કડવું શા માટે કહેવું ? સાકર પાવાથી પીત્ત શમતું હોય તો કડવું ઔષધ પાવાની જરૂર શી ?

( ૨૧ ) આપ શક્તિ જાણે નહીં, કરે સબળ શું ઝૂઝ;
સુવિહિત વચન માને નહી, આપે બૂડે અબૂઝ.

ઉક્ત સદ્બોધ વાંચી, સાંભળી, મનન કરી સુવિવેક આદરશે તે ભવ્યાત્માઓ સ્વપરહિતમાં વધારો કરી ઉભય લોકમાં સુખી થશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૪૧૫ ]

## વિઘ્ન રહિત વૈરાગ્ય

૧. **भोगे रोगभयं**—પાંચે ઇન્દ્રિયના ભોગ–વિલાસમાં રક્તપણાથી રોગનો ભય છે. અથવા ભોગ-વિલાસ રોગનું ધામ છે. કહ્યું પણ છે કે—' **रसमूलाश्च व्याधयः** '

૨. ઉચ્ચ કુળ પામી મદ–અભિમાન કરવાથી તે જ ભવમાં કે અન્ય ભવમાં ભરત મહારાજના પુત્ર મરીચિની પેઠે નીચ કુળમાં અનેક વખત અવતાર લેવા પડે છે.

૩. પૈસા પામી કૃપણતાને વશ થઇ તેનો સદુપયોગ નહીં કરનારના પૈસા ઉપર રાજાદિકની કરડી નજર થતાં ધૂળધાણી થાય છે અને અહીં પ્રત્યક્ષ હેરાનગતિ ભોગવી અંતે દુર્ગતિ થવા પામે છે; માટે ઉદારતાને સ્વીકારો.

૪. કંઇ પણ કામ કરી યશ–કીર્તિ મેળવી માન પામવા જતાં દીનતા–પરાધીનતા સેવવી પડે છે અને તેમ કરતાં છતાં તેમાં નિષ્ફળતા મળવાથી જીવને ભારે ખેદ–ઉદ્વેગ થાય છે.

૫. બળ–પરાક્રમ ફોરવી બીજાનો પરાભવ કરવા જતાં, કઇકને પ્રતિકૂળતા ઉપજાવતાં શત્રુનો ભય રહે છે, વેરવિરોધ વધે છે અને તેથી સ્વપરને ભારે અશાન્તિ ઉપજે છે.

૬. સુંદર રૂપ પામેલી સ્ત્રીને મોહાસક્ત–કામાન્ધ જનો તરફથી ફસાઇ જવાનો ભય રહે છે.

૭. અનેક પ્રકારે ગુંથી કાઢેલી શાસ્ત્ર-જાળમાં સબળ યુક્તિ-પ્રયુક્તિવાળા વાદનો ભય છે.

૮. કોઈ પણ જાતનો સાંસારિક ઉત્કર્ષ પામતાં-પામવા જતાં, ખળ-દુર્જનો તરફની નિંદા-ટીકા-અપવાદાદિક સહન કરવા પડે છે અને તેમનો સામનો કરવો પડે એવો ભય રહ્યા કરે છે.

૯. જે કાયા ઉપર ભારે માયા-મમતા ધારણ કરી તેને મનગમતી રીતે પોષવામાં આવે છે તે કાચી કાયા જોતજોતામાં ક્રૂર કાળના પંજામાં આવી પડે છે ને તેનો વિનાશ થવા પામે છે. આમ સંસારના મનોહર પણ ક્ષણસ્થાયી સઘળાં સાધનો અનેક ભયથી ભરેલાં છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય ભર્યો છે ત્યાં કેવળ શોક જ રહ્યો છે. જ્યાં શોક ભર્યો હોય ત્યાં સાચા સુખનો અભાવ હોય છે, અને જ્યાં સુખનો અભાવ અને દુઃખ કે નિરાશાનો અનુભવ થયા કરતો હોય ત્યાં ઉપ-શમ-વૈરાગ્ય-નિવૃત્તિ જ સેવવા યોગ્ય લેખાય.

એ રીતે વિશાળ રાજ્યના ભોગી છતાં વૈરાગ્ય પામેલા ભર્તૃહરિ પ્રમુખ અનેક તત્ત્વવેત્તાઓએ પોતાના અનુભવ-ઉદ્‌ગાર કાઢેલા છે. તેનો સાર નીચેના શબ્દોમાં આવી જાય છે. ‘ અહો લોકો ! સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. એને પાર પામવા માટે તત્ત્વજ્ઞાન-જ્ઞાનીનો આશ્રય લઈ પુરુષાર્થનો ઉપયોગ કરો ! ઉપયોગ કરો ! ’ એ ઉપદેશમાં એમનો આશય પ્રત્યેક પ્રાણીને શોક-ક્લેશથી મુક્ત કરવાનો હતો અને સાચા સુખ-સાધન તરફ વાળી તેમને સાચા સુખનો ભેટો કરાવવાનો હતો. એ સઘળા જ્ઞાનીઓ કરતાં પરમ માન્ય રાખવા યોગ્ય સર્વજ્ઞ મહાવીરના

વચન સર્વ સ્થળે એ જ ઉપદેશે છે કે—' સંસાર એકાન્ત અને અનંત શોકમય તેમ જ દુઃખથી ભરેલો છે, માટે અહો ભવ્ય જનો ! એમાં મધુરી મોહની ન આણતાં એનાથી નિવૃત્ત થાઓ ! નિવૃત્ત થાઓ !' ભગવાન મહાવીરનો એક સમય માત્ર પણ પ્રમાદમાં રહેવાનો ઉપદેશ નથી. એમનાં સઘળાં પ્રવચનોમાં એમણે એ જ પ્રદર્શિત કર્યું છે તેમ તેને સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. ઉત્તમ પ્રકારની સકળ ભોગ-સામગ્રી સ્વાધીન છતાં તેના ઉપરની મોહિનીને ઉતારી દઇ જ્ઞાન-દર્શન-ચારિત્રપરાયણ થઇ, એમણે સિંહની જેમ નિજ પરાક્રમ દાખવી જે અદ્ભુતતા દર્શાવી છે તે અનુપમ છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૮૨ ]

---

# सदुपदेश

૧. લૌકિક ભાવ છોડી દઇ, વાચા-જ્ઞાન તજી દઇ, કલ્પિત વિધિ-નિષેધ તજી દઇ, જે જીવ પ્રત્યક્ષ જ્ઞાનીની આજ્ઞાને આરાધી, તથારૂપ ઉપદેશ પામી, તથારૂપ આત્માર્થે પ્રવર્તે એટલે-' **તામસીવૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાળ રે** ' એવા શાન્તાત્માનું અવશ્ય કલ્યાણ થાય છે.

૨. નિજ કપોલકલ્પનાએ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિકનું સ્વરૂપ ગમે તેમ સમજી લઇને, અથવા નિશ્ચયાત્મક બોલો શિખી લઇને સદ્વ્યવહાર લોપવામાં જે પ્રવર્તે તેના આત્માનું કલ્યાણ થવું શકય નથી. અન્યત્ર ઠીક જ કહ્યું છે કે:—

**' જયાં જયાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.'** (આત્મસિદ્ધિશાસ્ત્ર)

૩. એકાન્ત ક્રિયા–જડત્વથી અથવા એકાન્ત શુષ્ક જ્ઞાન-માત્રથી જીવનું કલ્યાણ ન થાય.

૪. વ્યસન વધાર્યાં વધે છે, ઘટાડ્યાં ઘટે છે અને નિયમમાં રાખ્યા નિયમમાં રહે છે.

૫. માંસ–દારુ–શિકાર–ચોરી – જૂગાર–પરસ્ત્રીગમન–વેશ્યા-ગમન એ સાત કુવ્યસનોમાં ફસાવાથી ઘોરાતિઘોર નરક–યાતનાઓ ભોગવવી પડે છે. અરે ! ચા–બીડી–તમાકુ વિગેરેનું નજીવું વ્યસન કદાચ લાગે તો પણ તેથી કાયાને નુકશાન થાય છે–થતું જાય છે તથા મન પરવશ થતું જાય છે અને તેથી આ લોક અને પરલોકનું કલ્યાણ સાધવાનું ચૂકી જવાય છે.

૬. સ્થિતિ પ્રમાણે માણસની પ્રકૃતિ ન હોય તો તે માણ-સનું વજન પડે નહીં અને વજન વગરનો માનખો આ જગતમાં નકામો છે. સુભાગ્યે સાંપડેલો તે માનખો સફળ કરવા જેવો છે.

૭. પોતાને મળેલો મનુષ્યદેહ ભગવાનની ભક્તિ અને સારા પરમાર્થના કામમાં ગાળવો જોઈએ.

૮. જીવને બે મોટાં બંધન છે: એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ. સ્વચ્છંદ ટાળવા જેની ઇચ્છા છે તેણે જ્ઞાનીની આજ્ઞા આરાધવી જોઈએ, અને પ્રતિબંધ ટાળવાની જેની ઇચ્છા છે તેણે સર્વ સંગના ત્યાગી થવું જોઇએ. આમ ન થાય તો બંધનનો નાશ થતો નથી. જેનો સ્વચ્છંદ છેદાયો છે તેને જે પ્રતિબંધ છે તે અવસર પ્રાપ્ત થયે નાશ પામે છે, આટલી હિતશિક્ષા સ્મરણ કરવા જેવી છે.

૯. જે અધિકારી સંસારથી વિરામ પામી, મુનિશ્રીનાં ચરણકમળ યોગે વિચરવા ઇચ્છે છે તે લાયક અધિકારીને

દીક્ષા આપવામાં મુનિશ્રીને બીજા પ્રતિબંધનો કંઇ હેતુ નથી. તે અધિકારીઓએ વડીલોનો સંતોષ સંપાદન કરી, આજ્ઞા મેળવવી યોગ્ય છે, જેથી મુનિશ્રીના ચરણ-કમળમાં દીક્ષિત થવામાં બીજો વિક્ષેપ ન રહે.

૧૦. કોઇ અધિકારીને સંસારથી ઉપશમ વૃત્તિ થઇ હોય, તથાવિધ વૈરાગ્ય જાગ્યો હોય અને તે આત્માર્થ સાધક છે એમ જણાતું હોય તો તેને દીક્ષા આપવામાં મુનિવરો અધિકારી છે. ફક્ત ત્યાગનાર અને ત્યાગ દેનારના શ્રેયનો માર્ગ વૃદ્ધિમાન રહે એવી દૃષ્ટિથી તે પ્રવૃત્તિ થવી જોઇએ.

૧૧. અલ્પાયુષી એવા આ દુષમ કાળમાં પ્રમાદ કર્તવ્ય નથી; તેથી આરાધક જીવોનો સુદ્રઢ ઉપયોગ વર્તે છે.

૧૨. પુદ્દગળ ભોગ ભોગવે છે તેથી અમને કર્મ લાગતાં નથી એમ કહે તે જ્ઞાનીની દૃષ્ટિનું વચન જ નથી, એ તો વાણીશૂરાનું કેવળ કલ્પિત મિથ્યા વચન છે.

૧૩. સ્વભાવ દશા તથારૂપ સંપૂર્ણ હોય તો તેથી મોક્ષ અને વિભાવદશાથી જન્મ-જરા-મરણાદિરૂપ સંસાર પ્રાપ્ત થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૮૩ ]

---

## તાત્ત્વિક વચનો.

૧. આત્મપરિણામની સવિશેષ સ્થિરતા થવા વાણી અને કાયાનો સંયમ ઉપયોગપૂર્વક કરવો ઘટે છે.

૨. ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે.

૩. કોઇ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહીં; સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં.

૪. પ્રત્યેક દ્રવ્ય ( દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી ) સ્વપરિણામી છે. નિયત અનાદિ મર્યાદાપણે વર્તે છે.

૫. જે ચેતન છે તે કોઈ દિવસ અચેતન થાય નહીં, જે અચેતન છે તે કોઇ દિવસ ચેતન થાય નહીં.

૬. જો આ જીવ ( રાગ–દ્વેષાદિ ) વિભાવ પરિણામને ક્ષીણ નહીં કરે તો તે આ જ ભવને વિષે પ્રત્યક્ષ દુઃખ વેઠશે.

૭. જે જે પ્રકારે આત્માએ ચિંતન કર્યું હોય તે તે પ્રકારે તે પ્રતિભાસે છે.

૮. વિષયાર્ત્તપણાથી મૂઢતાને પામેલી વિચારશક્તિવાળા જીવને આત્માનું નિત્યપણું ભાસતું નથી, એમ ઘણું કરીને દેખાય છે, તેમ થાય છે તે યથાર્થ છે; કેમકે અનિત્ય એવા વિષયને વિષે આત્મબુદ્ધિ હોવાથી, પોતાનું પણ અનિત્યપણું ભાસે છે.

૯. વિચારવાનને આત્મા વિચારવાન લાગે છે. શૂન્યપણે ચિન્તન કરનારને આત્મા શૂન્ય લાગે છે. અનિત્યપણે ચિન્તન કરનારને અનિત્ય લાગે છે. નિત્યપણે ચિન્તન કરનારને નિત્ય લાગે છે.

૧૦. ચેતનની ઉત્પત્તિના કંઇપણ સંયોગો દેખાતા નથી તેથી ચેતન અનુત્પન્ન છે. તે ચેતન વિનાશ પામવાનો કંઇ અનુભવ થતો નથી માટે અવિનાશી છે. નિત્ય અનુભવસ્વરૂપ હોવાથી નિત્ય છે.

૧૧. સમયે સમયે પરિણામાન્તર પામવાથી ચેતન અનિત્ય છે.

૧૨. સ્વ-સ્વરૂપનો ત્યાગ કરનારને અયોગ્ય હોવાથી મૂળ દ્રવ્ય છે.

૧૩. સર્વ કરતાં વીતરાગનાં વચનને સંપૂર્ણ પ્રતીતિનું સ્થાન કહેવું ઘટે છે, કેમકે જ્યાં રાગાદિક દોષોનો સંપૂર્ણ ક્ષય હોય ત્યાં જ સંપૂર્ણ જ્ઞાન સ્વભાવ પ્રગટે છે.

૧૪. શ્રી જિનને સર્વ કરતાં ઉત્કૃષ્ટ વીતરાગતા સંભવે છે.

૧૫. સર્વ દર્શનની શિક્ષા કરતાં શ્રીજિનની કહેલી બંધ-મોક્ષના સ્વરૂપની શિક્ષા જેટલી અવિકળ-અબાધિત ભાસે છે તેટલી બીજાં દર્શનની પ્રતિભાસતી નથી, અને જે અવિકળ-અબાધિત શિક્ષા છે તે જ પ્રમાણસિદ્ધ છે.

૧૬. અન્ય સર્વ દર્શનમાં માનવા માત્રથી અવિકળતા ન ઠરે, જેનું પ્રમાણવડે અવિકલપણું હોય તે જ અવિકળ ઠરે.

૧૭. સિદ્ધ આત્મા લોકાલોકપ્રકાશક છે પણ લોકાલોકવ્યાપક નથી. વ્યાપક તો સ્વશરીરની અવગાહના પ્રમાણ છે. જે મનુષ્ય-દેહે સિદ્ધિ પામ્યા તે શરીરના ત્રીજા ભાગે ઊણ તેના આત્મ-પ્રદેશનો ઘન થાય છે એટલે આત્મદ્રવ્ય લોકાલોકવ્યાપક નથી પણ લોકાલોકપ્રકાશક એટલે લોકાલોકજ્ઞાયક છે. લોકાલોક પ્રત્યે આત્મા જતો નથી અને લોકાલોક કંઈ આત્મામાં આવતાં નથી. સર્વે પોતપોતાની અવગાહનામાં સ્વસત્તામાં રહ્યાં છે તેમ છતાં આત્માને તેનું જ્ઞાન-દર્શન થાય છે.

૧૮. આત્માનો અગુરુલઘુ ધર્મ છે. તે ધર્મને દેખતાં આત્મા સર્વ પદાર્થને જાણે છે, કેમકે સર્વ દ્રવ્યમાં અગુરુલઘુ ગુણ સમાન છે એમ કહેવામાં આવે છે.

૧૯. વર્તમાન કાળની પેઠે આ જગત સર્વ કાળ છે. પૂર્વ કાળે ન હોય તો વર્તમાનકાળે તેનું હોવાપણું હોય નહીં. વર્તમાન કાળે છે તો ભવિષ્ય કાળમાં તે અત્યંત વિનાશ પામે નહીં. પદાર્થ માત્ર પરિણામી હોવાથી આ જગત્ પર્યાયાંતર દેખાય છે, પણ મૂળપણે તેનું સદા વર્તમાન ( વિદ્યમાન )પણું છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૨૪૦ ]

---

## બોધક વચનો

૧. **નિશ્ચય ધ્યાન**–ધ્યાનમાં એકાગ્રવૃત્તિ રાખીને ઉત્તમ સાધક નિઃસ્પૃહ વૃત્તિમાન એટલે સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત થાય તેને પરમ પુરુષો નિશ્ચય ધ્યાન કહે છે.

૨. **ભગવદ્ ગીતામાં**–અનેક સ્થાને **પૂર્વાપરવિરોધ** છે તે **સૂક્ષ્મ અવલોકનથી** જણાઈ આવશે.

૩. પૂર્વાપરઅવિરોધ–**વિરોધ વગરનું એવું દર્શન, એવાં વચન** તે **વીતરાગનાં** જ છે.

૪. **ષડ્દર્શનસમુચ્ચયની પ્રસ્તાવનામાં** મણિભાઇ નથુભાઈએ લખી દીધું છે કે **હરિભદ્રસૂરિને** વેદાન્તની ખબર ન હતી. વેદાન્તની ખબર હત તો એવી કુશાગ્ર બુદ્ધિવાળા હરિભદ્રસૂરિ જૈન તરફથી પોતાનું વલણ ફેરવી વેદાન્તમાં ભળત. ગાઢ મતાભિનિવેશથી મણિભાઈનું આ વચન નીકળ્યું છે. હરિભદ્રસૂરિને વેદાન્તની ખબર હતી કે નહીં એ મણિભાઈએ હરિભદ્રસૂરિનો **ધર્મસંગ્રહણી** ગ્રંથ જોયો હોત તો ખબર પડત. હરિભદ્રસૂરિને વેદાન્તાદિ બધાં દર્શનોની ( પાકી ) ખબર હતી. તે બધાં દર્શનોના પર્યાલોચનપૂર્વક તેમણે જૈન-

દર્શનને પૂર્વાપર અવિરોધી પ્રતીત કર્યું હતું એ સૂક્ષ્મ અવલોકનથી જણાશે.

૫. વર્તમાન કાળમાં **ક્ષયરોગ** વિશેષ વૃદ્ધિ પામ્યો છે અને પામતો જાય છે એનું મુખ્ય કારણ બ્રહ્મચર્ય-પાલનની ખામી, આળસ-નિરુદ્યમતા અને વિષયાદિકની આસક્તિ છે. **ક્ષયરોગ-નિવારણનો મુખ્ય ઉપાય બ્રહ્મચર્ય સેવન, શુદ્ધ સાત્વિક આહારપાન અને નિયમિત વર્તન છે.**

૬. યથાર્થ જ્ઞાન-દશા, સમ્યક્ત્વ-દશા અને ઉપશમ-દશા (ત્યાગ-વૈરાગ્ય-કષાયજય) તે તો જે ખરા મુમુક્ષુ જીવ સત્પુરુષના સમાગમમાં આવે તે જાણે-જાણી શકે.

૭. જેમના ઉપદેશે તેવી ઉત્તમ દશાના અંશો પ્રગટે તેમની પોતાની દશામાં તે તે ગુણો કેવા ઉત્કૃષ્ટપણે રહેલા હોવા જોઇએ તે વિચારવું સુગમ છે. અને એકાન્ત નયાત્મક અસંગત-કપોલકલ્પિત-મિથ્યા આગ્રહભર્યો જેમનો ઉપદેશ હોય તેનામાં તેવી એક પણ દશા પ્રાપ્ત થવી સંભવિત નથી. સત્પુરુષ-જ્ઞાની મહાશયની વાણી સર્વ નયાત્મક વર્તે છે.

૮. તથારૂપ પ્રત્યક્ષ સદ્ગુરુયોગે અથવા કોઇ પૂર્વના દૃઢ આરાધનથી જિનાજ્ઞા યથાર્થ સમજાય, યથાર્થ પ્રતીત થાય અને યથાર્થ આરાધાય તો **મોક્ષ** પ્રાપ્ત થાય એમાં સંદેહ નથી.

૯. જ્ઞાન-પ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણીને પ્રત્યાખ્યાન-પ્રજ્ઞાએ પચ્ચખ્ખે તેમને પંડિત કહ્યા છે તે યથાર્થ છે. જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો તે જ્ઞાન

અજ્ઞાન કહેવા યોગ્ય છે. અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે.

૧૦. **ઉચિત ક્રિયાનો અનાદર કરીને એકાન્ત જ્ઞાનને મોક્ષસાધક માને** તેને મિથ્યાત્વી કહ્યા છે, તેમ **સમ્યગ્જ્ઞાનનો અનાદર કરી એકાંત ક્રિયાને મોક્ષસાધક માને** તેને પણ મિથ્યાત્વી કહ્યા છે.

૧૧. **જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ** એ ચાર કારણ મોક્ષનાં કહ્યાં છે તે સંયુક્તબળે, અવિરોધપણે પ્રાપ્ત થશે, સર્વ ક્લિષ્ટ કર્મનો સર્વથા અંત કરી મોક્ષદાયક બને છે.

૧૨. **ભાવ-અધ્યાત્મની શૈલી**-વસ્તુતત્ત્વ યથાર્થ સમજાયે પરભાવથી આત્યન્તિક નિવૃત્તિ કરવી તે ખરો અધ્યાત્મ માર્ગ છે. જેટલી જેટલી પરભાવથી નિવૃત્તિ થવા પામે તેટલા ખરા અધ્યાત્મ-માર્ગના સત્ય અંશ છે.

૧૩. 'પુદ્ગલસેં રાતો રહે'-પુદ્ગલ(પરભાવ)માં રક્તપણું(આસક્તિ) તે મિથ્યાત્વ ભાવ છે. અંતરાત્મપણે પરમાત્મ સ્વરૂપ ધ્યાવે-વીતરાગ ભાવ ભજે તો તે આત્મા પરમાત્મા થાય.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૨૪૧ ]

## સુભાષિત વચનો.

૧. પ્રાણાન્તે પણ અકર્તવ્ય ન જ કરવું અને હિત કર્તવ્ય કરવું.

૨. કરેલું શુભાશુભ કર્મ અવશ્ય ભોગવવાનું છે એમ સમજવું.

૩. પરના ઇંગિત આકાર ઉપરથી બુદ્ધિશાળી હૃદયગત ભાવને જાણી જાય છે.

૪. જ્યાં સર્વે નાયક બની બેસે, જ્યાં સર્વે અભિમાની હોય, તેમજ જ્યાં સર્વે માન-મહત્ત્વની ઇચ્છા રાખે તે સમુદાય સીદાયા કરે છે.

૫. નિર્ગુણી ગુણીજનને પિછાણી શકતો નથી, પોતે ગુણી હોય છતાં પણ અન્ય ગુણીજનના ગુણને મત્સરભાવથી જોનાર સહન કરી શકતા નથી. પોતે ગુણી અને પરનાં ગુણમાં પ્રેમ-રાગ ધરાવનાર એવા સરલસ્વભાવી જીવો થોડા હોય છે.

૬. જરૂર વગર એક પાઇ પણ આડે માર્ગે નહીં ખર્ચનાર અને જરૂરી પ્રસંગે ક્રોડોની સખાવત કરનારને લક્ષ્મી અનુસરે છે.

૭. લક્ષ્મીની અસ્થિરતા-ક્ષણિકતા સમજી સુજ્ઞજનોએ તેનો ધર્મસ્થાનમાં સદુપયોગ કરવાવડે બને એટલો લહાવો લેવો.

૮. કુકર્મવડે હતાત્મા પાપી જીવો સર્વત્ર શંકાતા રહે છે જ્યારે શુદ્ધ નીતિના માર્ગે સંચરનારા પવિત્રાત્માઓ આનંદિત રહે છે.

૯. શુદ્ધ તાત્ત્વિક ભવભીરુ ગીતાર્થ મહાપુરુષ સૌથી શ્રેષ્ઠ છે.

૧૦. પાત્રાપાત્ર વિશેષવડે ખોળ પણ ગાયને વિષે દૂધરૂપ થાય છે અને દૂધ પણ સર્પને વિશે વિષરૂપ થાય છે; માટે પાત્રમાં દાન દેવું તે જ યોગ્ય છે.

૧૧. પરના ખરાખોટા અવગુણ કહેવાથી કે સાંભળ્યાથી લાભ થતો નથી, પણ કહેનારને વેર વધ્યા કરે છે અને સાંભળનારને ભારે કુબુદ્ધિ વધે છે.

૧૨. ઉત્તમમતિ પરદૂષણ-પારકા દોષને પામતો નથી, દોષથી દૂર જ રહે છે. મધ્યમમતિ દોષને જોવે-જાણે છતાં જાહેર કરતો નથી. અધમમતિ કોઇને પડખે બેસી દોષ ગાવા બેસે છે.

અધમાધમ તો તેનો વગર વિચાર્યે કોલાહલ કરવા માંડે છે. ઉત્તમ મતિવંત જીવે પોતાની પાત્રતા ટકાવી રાખવા અને બીજાઓએ એવી પાત્રતા પ્રાપ્ત કરવા બને એટલો પ્રયત્ન કરવો.

૧૩. સ્વગુણ કે પરદોષ કહેવાને, પરની યાચના કરવાને તેમજ યાચકજનને ના કહેવાને ઉત્તમ મનુષ્યની જીભ ઉપડતી નથી.

૧૪. માતાપિતાદિક વડિલોને જે નમસ્કાર કરે છે તેને તીર્થયાત્રાનું ફળ મળે છે, તેથી સદાય નમસ્કાર કરવો એ જ સુજ્ઞનું કર્તવ્ય છે.

૧૫. પશુઓને સ્તન્યપાન સુધી માતાનો સંબંધ હોય છે, અધમોને સ્ત્રીપ્રાપ્તિ સુધી, મધ્યમ જનોને ગૃહકાર્ય ચલાવતા સુધી અને ઉત્તમ જનોને તો જીવિત સુધી તીર્થ જેવો પૂજ્ય સંબંધ હોય છે.

૧૬. મૈત્રીના છ લક્ષણો કહ્યાં છે. તેને વસ્તુ આપવી અને તેની પાસેથી લેવી. ગુહ્ય વાત કહેવી અને સાંભળવી તથા તેને ત્યાં જમવું અને પોતે તેને જમાડવો.

૧૭. કામી વિષયલોલુપ્ત જીવની શાસ્ત્રમાં દશ દશા વર્ણવી છે. પહેલીમાં કામ–ચિન્તા, બીજીમાં સંગમ કરવાની સ્પૃહા, ત્રીજીમાં નિસાસા, ચોથીમાં કામજ્વર, પાંચમીમાં શરીરે દાહ, છઠ્ઠીમાં ભોજન ઉપર અરુચિ, સાતમીમાં માથું ફરી જઇ મૂર્છા આવવી, આઠમીમાં :પ્રબળ ઉન્માદ, નવમીમાં પ્રાણ રહેશે કે નહીં એવો સંદેહ અને દશમીમાં પ્રાણનો સર્વથા વિયોગ.

૧૮. ઉત્તમ જનની સંગતિથી અને જ્ઞાની–સાચા જ્ઞાનીના સુભાગ્યે સમાગમથી થતો લાભ અને સ્વવીર્યરક્ષાથી થતા અગણિત લાભ અને મૂર્ખાઇભરી રીતે તેની હાનિ કરવાથી

થતું પારાવાર નુકશાન જેના હ્રદયમાં સદુપદેશભરી શાન્ત અમૃત વાણીનાં ચિંતનથી સમજાઇ ગયેલ હોય તે ભાગ્યવંત જીવ પોતાના મન અને ઇન્દ્રિયના સુનિગ્રહથી અવળા માર્ગથી પાછા વળી સારી ને સાચી સેવાનો લાભ મેળવી શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૨૬૬ ]

## આત્મહિતકર વાક્યો.

૧. જિનેશ્વર પ્રત્યે સાચી સેવા ભક્તિ, જીવદયા, જિતેન્દ્રિયતા, જયશક્તિ અને જયપ્રાપ્તિ વિગેરે સદ્‌ગુણો ઉત્તમ પુરુષોમાં હોય છે.

૨. શુદ્ધ દેવ-ગુરુ-ધર્મની પરીક્ષા જેને થઇ છે તે બીજી તુચ્છ વસ્તુની સ્પૃહા ન કરે.

૩. પ્રભુતા, લોકપ્રિયતા, પરોપકાર અને પંડિતતા એ પુન્યોદયથી પ્રાપ્ત થાય છે.

૪. જ્ઞાનીથી કોઇ વાત ગુપ્ત નથી રહેતી. જેમ બને તેમ દોષનો ત્યાગ ને ગુણનો દૃઢ આદર કરવાથી જીવની ઉન્નતિ થવા પામે છે. અઢારે પાપસ્થાનકોને સમજી દૂર કરવા યોગ્ય છે.

૫. શુદ્ધ ચારિત્ર તરફ ઘણા બુદ્ધિવાનોની નજર વધારે ખેંચાય છે એ વાત અનુભવસિદ્ધ છે.

૬. તેમના સત્ય સંગથી આપણે બને એટલા ગુણ ગ્રહણ કરી સ્વજીવન સફળતા કરવી.

૭. બીજી ગમે તેવી બાહ્ય પદવી કે સંપદા કરતાં એક સમકિત રત્ન પામવું તે શ્રેષ્ઠ છે.

૮. તે સમકિત રત્ન પામીને તેને યત્નથી સાચવી જેમ બને તેમ ગુણુમાં આગળ વધવું.

૯. કવચિત કષ્ટ પડે ત્યારે ધીરજ ધરી તે સહન કરી લેવું અને સિંહવૃત્તિને કેળવતાં શીખવું.

૧૦. તેવે પ્રસંગે અજ્ઞાનવશ જીવો તેનું મૂળ કારણુ શોધી નહીં શકવાથી વધારે દુ:ખી થાય છે.

૧૧. તેવા અજ્ઞ જીવોને કરુણુા લાવી સત્ય માર્ગ સમજાવવાથી તેમનું પણુ હિત થઈ શકે છે.

૧૨. તેથી જ પરોપકારરસિક જ્ઞાની મહાત્માઓ કરુણુા લાવી સદ્બોધ વૃષ્ટિ વરસાવે છે.

૧૩. પરના અવગુણુમાં નહીં પેસતાં ગુણુ ગ્રહણુ કરો, મિષ્ટ અને સ્વપરહિતકારી વચન વદો અને ઉદારતા ગુણુની બને તેટલી વૃદ્ધિ કરો.

૧૪. મુમુક્ષુ જનોએ વૈરાગ્યજનક જ્ઞાનીનાં વચનોનો વિશેષે આદર કરતા રહેવું.

૧૫. જે જે કારણુથી કષાય શમે–ઓછા થાય તેનું આદરપૂર્વક સેવન કરતા રહેવું. અને જે જે કારણુથી કષાય ઉપજે ને વધે તે તે કારણુથી યત્નપૂર્વક પાછા ઓસરવું.

૧૬. જ્યાં સુધી સમય–સામગ્રી અનુકૂળ છે ત્યાં સુધી પ્રમાદ રહિત તેનો લાભ લઈ લેવો. તક ગયા પછી પ્રયત્ન કર્યો શા કામનો ? દવ બળે ત્યારે કૂવો ખોદવો નિરર્થક છે.

૧૭. મોહમલ્લ અને ચારિત્રરાજ વચ્ચે સતત યુદ્ધ ચાલ્યા કરે છે તે શાન્તિથી વિચારવું અને ચારિત્રરાજની કૃપા જાગે અને મોહ પાતળો પડે એવી તક પ્રમાદવશ ગુમાવવી નહીં.

૧૮. એ સંબંધી બોધદાયક સંવાદ ઉપમિતિ ભવપ્રપંચા કથા તથા આત્મવિકાસ અને મોહપરાજય જેવા ભાષાગ્રંથથી ઉપલબ્ધ થઈ શકે છે, એથી આત્માનું સારું ભાન થઇ શકે છે.

૧૯. શ્રી ઉમાસ્વાતિ વાચકકૃત પ્રશમરતિ ગ્રંથનું ભાષાંતર મનનપૂર્વક વાંચી તેમાંનો સાર સમજી જો જીવનમાં ઉતારાય તો તે ભારે ઉપકારક બને.

૨૦. શ્રીમાન્ યશોવિજયજી વાચકકૃત ૧૨૫–૧૫૦ અને ૩૫૦ ગાથાના સ્તવનો જો પ્રેમથી અવગાહી લેવાય તો તેમાંથી પણ ઠીક તત્ત્વબોધ મળતાં શ્રદ્ધા દૃઢ ને નિર્મળ થવા પામે છે.

૨૧. આત્માર્થી ભાઇ–બહેનોએ અમુક વખત ખાસ બોધ-દાયક ગ્રંથોનો સ્વાધ્યાય કરવા નિશ્ચય કરવો, જેથી તેમાંથી અપૂર્વ રસભર્યો બોધ મળતાં જીવનમાં ઉલ્લાસ વધવા પામશે.

૨૨. જેમ સોનાની પરીક્ષા કષ–છેદ–તાપાદિકવડે કરાય છે તેમ ધર્મની તેનાં હિતવચનોથી, તેનો અનુભવ કરવાથી, તેના તપપ્રભાવ, દયા તથા ગાંભીર્યાદિક ગુણોથી થઇ શકે છે.

૨૩. ગમે તેવું સુંદર હિતરૂપ શાસ્ત્રવચન નર્યું વાંચવા–સાંભળવા માત્રથી નહીં પણ તેને દૃઢ શ્રદ્ધાથી યથાશક્તિ સ્વજીવનમાં ઉતારી લેવાથી તેની સાર્થકતા થઇ શકે છે.

૨૪. તેથી જ આત્માર્થી જનોને ટૂંકમાં પણ કહેવામાં આવેલ છે કે જે બુદ્ધિબળ, વચનબળ, કાયબળ ને ધન–બળ ભાગ્યવશાત્ સાંપડેલ હોય તેનો જેમ લાભ લેવાય તેમ લઈ લેવા ચૂકવું નહીં.

૨૫. માનવ ભવાદિકની દુર્લભતા ઠીક સમજાય તેને સ્વપર-હિત કરી લેવા અંતરપ્રેરણા થવી ઘટે.

૨૬. ક્ષણિક સુખ પાછળ ફાંફાં મારનારાઓને દુઃખ-ઉપાધિ વધતાં ખૂબ પસ્તાવો થવા પામે છે.

૨૭. પ્રમાદ રહિત ધર્મ સાધનથી સ્વમાનવભવને સફળ કરી લેનાર સદ્ભાગી જનો ધન્યવાદ પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૨૩૪ ]

## હિતસંદેશ.

૧. સંયમ અને સાદાઇ જીવનમાં ઉતારીએ તો અધિકાધિક સુખી થઇએ.

૨. સર્વ જીવોને સ્વાત્મા સમાન લેખી, કોઇને કશી પ્રતિકૂળતા ( પીડા ) ન ઉપજાવો.

૩. પ્રિય, પથ્ય ને તથ્ય, એવા સત્યને પ્રાણ કરતાં અધિક કિંમતી સમજીને સેવો.

૪. બ્રહ્મચર્યને જીવનના પાયા સમાન લેખી તેમાં અધિક દઢતા રાખો.

૫. કોઇપણ જાતના કુવ્યસનથી દૂર રહેવા બનતો પ્રયત્ન કરો.

૬. શરીરનિર્વાહ માટે પણ જરૂરી વસ્તુ શુદ્ધ-નિર્દોષ ગવેષી લેવા ન ચૂકો.

૭. ક્રોધ-કષાયાદિક અંતરંગ શત્રુઓને જીતવા સદા સાવધાન રહો.

૮. ક્ષમા-સમતાના સેવનવડે તમે ક્રોધને રોકી વશ કરશો.

૯. ધર્મનું મૂળ દયા છે, ક્ષમા રહિત માણસ દયાને સારી

રીતે આદરી શકતો નથી, તે માટે જે ક્ષમા આપવામાં તત્પર છે તે ઉત્તમ ધર્મને સાધી શકે છે.

૧૦. સર્વ ગુણો વિનયને આધીન છે અને વિનય મૃદુતાને આધીન છે. જેમાં સંપૂર્ણ મૃદુતા વસી છે તે સર્વગુણસંપન્ન થાય છે.

૧૧. ઋજુતા–સરલતા વગરનો કોઇપણ માણુસ શુદ્ધિ પામતો નથી, અશુદ્ધ આત્મા ધર્મને આરાધી શકતો નથી. ધર્મ વિના મોક્ષ નથી અને મોક્ષ વિના બીજું કોઈ પરમ સુખ નથી.

૧૨. ભાવશૌચને બાધક ન પહોંચે તેમ ખાન–પાન ને શરીર આશ્રયી દ્રવ્ય–શૌચ યત્નથી સાચવો.

૧૩. પૂર્વાપર અવિરુદ્ધ વચનનો ઉચ્ચાર કરવો અને તન–મન–વચનની એકતા–અકુટિલતા આદરવી, એ પ્રમાણે ચાર પ્રકારનું સત્ય જિનશાસનમાં કહ્યું છે.

૧૪. અધ્યાત્મ જ્ઞાનીઓ નિશ્ચયથી મમતા–મૂર્છાને જ પરિગ્રહ કહે છે તેથી વૈરાગ્યના અર્થી જનોને નિષ્પરિગ્રહતા, નિઃસ્પૃહતા એ પરમ ધર્મ છે.

૧૫. ઉપર્યુક્ત ધર્મનું સદા સેવન કરનારના અત્યંત નિબિડ થયેલા રાગ, દ્વેષ ને મોહનો અલ્પ કાળમાં ક્ષય થાય છે.

૧૬. અહંકાર ને મમકાર ( હું ને મારું ) તજવાથી અતિ દુર્જન, ઉદ્ધત અને પ્રબળ કષાયાદિક દોષોને, મન–વચન–કાયાના દંડને અને ઇંદ્રિયોને જીતી શકાય છે.

૧૭. પ્રવચન–શાસનભક્તિ, શ્રુતજ્ઞાનની સંપદા માટે ઉદ્યમ અને ગીતાર્થ સાથે પરિચય એ વૈરાગ્ય માર્ગના સદ્ભાવમાં સાચી બુદ્ધિ અને સ્થિરતા પેદા કરે છે.

૧૮. ઉન્માર્ગનો ઉચ્છેદ કરનારી અને શ્રોતાજનોના શ્રોત્ર તથા મનને માતાની માફક પ્રસન્ન કરનારી આક્ષેપણી, વિક્ષેપણી, સંવેદની અને નિર્વેદની ધર્મકથા સદા કરવી અને સ્ત્રીકથા, ભોજનકથા, ચોરકથા અને દેશકથાને દૂરથી જ તજી દેવી.

૧૯. જ્યાં સુધી મન પારકા ગુણ–દોષ કથવામાં ચપળ થાય ત્યાં સુધી તે મનને વિશુદ્ધ ધ્યાનમાં પરોવી દેવું હિતકારી–શ્રેયકારી છે.

૨૦. શાસ્ત્રાધ્યયન અને અધ્યાપનમાં, આત્મચિંતવનમાં અને ધર્મોપદેશ દેવામાં સદા સર્વથા પ્રયત્ન કરવો.

૨૧. રાગ–દ્વેષવડે ઉદ્ધત ચિત્તવાળા જીવોને સદ્ધર્મને વિષે સારી રીતે સમજાવી જોડે અને દુઃખ–દુર્ગતિથકી સારી રીતે બચાવી લે તેને સત્પુરુષો **શાસ્ત્ર** કહે છે. એવા ઉત્તમ શાસ્ત્રવચનને અનુસરવાથી સર્વ દુઃખનો અત્યંત ક્ષય થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૩૮૭ ]

---

## હિતકારક વચનો

૧. વિદ્યાભ્યાસ કરવામાં પુસ્તક, ગુરુ, નિવાસ, સહાય અને ભોજનની અનુકૂળતા એ પાંચ બાહ્ય સાધન કહ્યાં છે. અને આરોગ્ય, બુદ્ધિ, વિનય, ઉદ્યમ તથા શાસ્ત્રપ્રીતિ એ પાંચ અંતરંગ સાધન સમજવાનાં છે.

૨. “**सर्वत्र जयमिच्छेत्, शिष्यात् पुत्रात् पराजयम् ।**” સર્વત્ર સર્વ વાતમાં જય મેળવવા ઇચ્છા સહિત પ્રયત્ન સેવવો તેમાં શિષ્ય કે પુત્રથકી પરાજય થવા પામે તેની પરવા ન કરવી. અર્થાત્ શિષ્ય કે પુત્રને ઉદાર દિલના ગુરુ અને પિતાએ

એવા કેળવવા કે શિષ્ય કે પુત્ર પોતાથી પણ આગળ વધી જાય તેવે વખતે પિતા અને ગુરુને પ્રમોદ થાય.

૩. ધર્મ, નીતિ અને પ્રામાણિકતાથી વર્તનાર પુરુષનો જય થયા વગર રહેતો જ નથી તેથી ગમે તેવા વિકટ પ્રસંગે પણ ધીરજ રાખી ધર્મ, નીતિ અને પ્રામાણિકતાને વળગી રહેવા સફળ પ્રયત્ન સેવવો.

૪. પૂર્વકર્મના યોગથી યુધિષ્ઠિર પ્રમુખ અનેકાનેક આપત્તિઓના ભોક્તા થયા હતા. તેમ છતાં આખરે તેમની પવિત્ર મનોવૃત્તિ અને સદાચરણથી તે તે આપત્તિઓને પાર ઉતરી સુખી થયા હતા. એવા ઉત્તમ દૃષ્ટાન્ત વાંચી, સાંભળી સુજ્ઞ જનોએ અહિતમાર્ગ ત્યજી હિતમાર્ગનો જ સ્વીકાર કરવો.

૫. પુન્યચરિત્ર પુરુષોના પવિત્ર ચરિત્રો વાંચવાથી કે સાંભળવાથી તેમના જીવનમાંથી સત્ય, દૃઢતા, ટેક, સાહસ, ધૈર્ય, હિંમત પ્રમુખ ઉત્તમ ગુણો તરી આવે છે અને એવા જ ગુણોનો ચોક્કસ અભ્યાસ–આદર કરાય તો આપણામાં એવા જ ગુણો પ્રગટ થાય છે. ( થવા પામે છે. )

૬. ભીષ્મ પિતાનું અદ્ભુત ચરિત્ર ખાસ મનન કરવા જેવું છે. પિતાના ઋણમાંથી કોઇ અંશે મુક્ત થવા માટે તેમનું ઇચ્છિત સાધવા બ્રહ્મચર્ય જેવું અતિ આકરું વ્રત આખી જિંદગી સુધી પાળવા પોતે પ્રતિજ્ઞા કરી તેને સારી રીતે દીપાવી હતી. શુદ્ધ નૈષ્ઠિક બ્રહ્મચર્યનું અખંડ પાલન કરવાથી પોતાનામાં બળબુદ્ધિ અને વીર્ય ઉલ્લાસની કેટલી બધી વૃદ્ધિ થવા પામે છે અને તેનો સ્વપર કલ્યાણાર્થે કેવો ઉપયોગ થઇ શકે છે તે એમાંથી શીખવા યોગ્ય છે.

૭. સીતા, દ્રૌપદી અને રાજીમતી જેવી ઉત્તમ સતીઓના પૂન્ય ચરિત્ર પણ ઘણા બોધદાયક છે. સતી સીતાએ કેવા વિકટ અને ત્રાસદાયક સંયોગોમાં ધીરતા રાખી, પોતાનું પ્રાણ-પ્રિય શીલવ્રત અખંડ સાચવી પોતાની પવિત્રતાની જગતભરને ખાત્રી કરી આપી હતી. સીતાની પેઠે દ્રૌપદી સતી વિકટ સંયોગોમાં ધીરજ રાખી સ્વપતિસેવામાં સાવધાનપણે વર્તી હતી. સતી રાજીમતીનું ચરિત્ર ખાસ મનન કરવા યોગ્ય છે. કેવળ મનથી ઈચ્છેલા વરની અપ્રાપ્તિમાં સંસારની અસારતા વિચારી, સમજી, ચારિત્ર લઇ સિદ્ધિપદને પ્રાપ્ત કરેલ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૨૦ ]

## ગૃહસ્થ શ્રાવકનો કર્તવ્ય ધર્મ

૧. સુશ્રાવક પ્રભાતે, મધ્યાહ્નને, સંધ્યાકાળે ચૈત્યવંદન કરે. જિનમંદિરમાં ધૂપ, દીપ, પુષ્પ, સુગંધી દ્રવ્યોવડે જિનદેવની પૂજા કરવામાં ઉજમાલ રહે.

૨. જૈન ધર્મમાં દૃઢ શ્રદ્ધાથી નિશ્ચલ રહે. વીતરાગદેવ વિના અન્ય દેવને માને નહી, તેમજ પૂર્વાપર વિરોધવાળા કુદર્શનમાં રાચે નહી. સારી રીતે તત્ત્વપરીક્ષાપૂર્વક ધર્મ-આરાધન કરે.

૩. કુદર્શીને વિવિધ પ્રકારે ત્રસ-સ્થાવર જીવોની વિરાધના કરતા દેખી ઇંદ્રાદિક દેવો પણ સ્વધર્મથી ચલાયમાન કરી શકે નહી.

૪. સુસાધુ જનોને બહુમાનપૂર્વક વંદન કરે, સંશય પૂછે, તેમની સેવાભક્તિ કરે, શાસ્ત્રશ્રવણ કરે, શાસ્ત્ર-અભ્યાસ કરે, યોગ્ય જનોને ધર્મ ઉપદેશ આપી ધર્મમાર્ગમાં જોડે ને સ્થિર કરે.

૫. શીલવ્રત પાળવામાં દઢ રહે, પૌષધ પ્રતિક્રમણ અસ્ખલિત ભાવે કરે, તેમજ મધ, મદિરા, માંસ તથા વડ–ઉંબરાદિક પાંચે પ્રકારનાં અભક્ષ્ય ફળ તથા રિંગણ, વિંગણ, મહુડાદિક અનેક પ્રકારના અભક્ષ્યનો ત્યાગ કરે. અભક્ષ્ય અનંતકાય–કંદમૂળાદિકનું ભક્ષણ ન જ કરે. વળી રાત્રિભોજનથી પોતે સાવધાનપણે દૂર રહે. શ્રાવક ઉચિત વ્રત–નિયમ દઢતાથી પાળે.

૬. પંદર પ્રકારના કર્માદાનના વ્યાપારથી દૂર રહે, વ્રત પચ્ચખ્ખાણ કરવામાં સદા ઉજમાળ રહે, ધનધાન્યાદિક વસ્તુઓનું યોગ્ય પ્રમાણ કરે અને કદાચ તેમાં ભૂલ–સ્ખલના થવા પામે તો તેનું ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહે.

૭. જિનેશ્વર ભગવાનના જન્મ–દીક્ષા–જ્ઞાન અને નિર્વાણ-સ્થાનમાં જઇ બહુમાન સહિત વંદન સ્તુતિ કરે. તેમજ દેવ-ગુરુની જોગવાઇ વગરના સ્થાનમાં બીજો ગમે તેટલો લાભ થતો હોય તો પણ જિનધર્મમાં અનુરક્ત શ્રાવક વસે નહીં ( જ્યાં સ્વધર્મની પુષ્ટિ થયા કરે ત્યાં જ નિવાસ કરે. )

૮. કુદર્શનીને પ્રણામ ન કરે, પર સમક્ષ તેના ગુણોત્કીર્તન ન કરે, પાત્ર બુદ્ધિથી દાન ન આપે.

૯. પ્રથમ સુવિહિત સુપાત્ર સાધુને આદરપૂર્વક નિર્દોષ અન્નપાનાદિક દઇને પછી ભોજન કરે. જો એવા સુપાત્રનો જોગ ન બને તો દિશા અવલોકન કર્યા પછી પોતે ખાનપાન કરે.

૧૦. જ્યાં સુધી કોઇ દેશકાળાદિકમાં મુનિને કલ્પે એવી કંઇપણ ચીજ મુનિને દીધી ન હોય ત્યાં સુધી ખરો શ્રાવક તે આરોગે નહીં.

૧૧. સાધુને રહેવા લાયક સ્થાનક, પાટપાટલા, આહારપાણી,

ઔષધભેસજ અને વસ્ત્રાદિક, પોતે સામાન્ય સ્થિતિનો હોય, બહુ ધનાઢ્ય ન હોય તો પણ થોડામાંથી થોડું પણ દેવાનો અવશ્ય ભાવ રાખે.

૧૨. સંવચ્છરી, ચઉમાસી અને અઠ્ઠાઇ વિગેરે પર્વદિવસોમાં જિનવર પૂજા તથા તપજપ કરવામાં સારી રીતે ઉજમાળ રહે.

૧૩. સાધુ તથા ચૈત્ય ( જિન–પ્રતિમા ) સાથે શત્રુભાવ રાખનારને તથા તેના અવર્ણવાદ બોલનારને તથા જૈન શાસનનું અહિત કરનારને પોતાની સર્વ શક્તિથી નિવારે, શાસનની કોઇ રીતે હેલના થવા દે નહીં.

૧૪. જીવહિંસા, અસત્ય ભાષણ, ચોરી અને પરસ્ત્રીગમનનો સુશ્રાવક સર્વદા ત્યાગ કરે, અવ્રતીપણે રહેવાનું પસંદ ન જ કરે.

૧૫. અનંતી તૃષ્ણાને વધારનાર અપરિમિત પરિગ્રહ છે એમ સમજી તેનો પરિહાર કરે કે તે બહુ દોષકારી તથા નરકાદિક દુર્ગતિનું મૂળ છે.

૧૬. દુર્જનોની સંગતિ તજીને સુશ્રાવક સત્સંગતિને સદાય આદરે, પરનિન્દાનો પરિહાર કરે અને સર્વજ્ઞદેશિત શુદ્ધ નિષ્કષાય ધર્મનો આદર કરે. રાગદ્વેષને તજી સમતા ભાવનો સ્વીકાર કરે.

૧૭. એ રીતે જે શ્રાવકો તપ નિયમ અને શીલાદિક સદ્ગુણો સહિત હોય તેમને સ્વર્ગ અને મોક્ષનાં સુખ પ્રાપ્ત થવાં દુર્લભ નથી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૫૨ ]

# અમૃતમય વચનો.

( ૧ ) આપણામાં એવો વહેમ છે કે પહેલાં પાંચ વર્ષ બાળકને કેળવણી પામવાપણું હોતું નથી. ખરી વાત એ છે કે પહેલાં પાંચ વર્ષમાં બાળક જે પામે છે તે પછી પામતું જ નથી. બાળકની કેળવણી માતાના ઉદરથી જ શરૂ થાય છે એમ હું અનુભવથી કહી શકું છું.

( ૨ ) જ્યાં જ્યાં ઉદારતા, સહિષ્ણુતા અને સત્ય છે ત્યાં ભેદો પણ લાભદાયક નીવડે છે.

( ૩ ) સામા પક્ષને ન્યાય આપીને આપણે ન્યાય વહેલો મેળવીએ છીએ.

( ૪ ) વડીલોની આજ્ઞાનું પાલન કરવું-તેઓ કહે તેમ કરવું, કરે તેના કાજી આપણે ન બનવું જોઇએ.

( ૫ ) સાચું બોલનારે અને સાચું કરનારે પણ ગાફેલ ન રહેવું જોઈએ.

( ૬ ) સ્વાદનું ખરું સ્થાન જીભ નથી પણ મન છે.

( ૭ ) જે વસ્તુ જાહેરમાં ન કરાય તે છૂપી રીતે કરવા માટે પણ મારું મન કબૂલ નથી કરતું.

( ૮ ) સ્તુતિ, ઉપાસના, પ્રાર્થના એ વહેમ નથી પણ આપણે ખાઇએ પીઈયે છીએ, ચાલીએ છીએ, બેસીએ છીએ એ બધું જેટલું સાચું છે તેના કરતાં તે વધારે સાચી વસ્તુ છે. તેનું મૂળ કંઠ નથી પણ હૃદય છે.

( ૯ ) વ્રત બંધન નથી પણ સ્વતંત્રતાનું દ્વાર છે.

( ૧૦ ) બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો જીભ ઉપર

કાબૂ મેળવવો જોઈએ. જો સ્વાદ જીતાય તો બ્રહ્મચર્ય અતિશય સહેલું છે.

( ૧૧ ) ઉપવાસ વિના વિષયાસક્તિનો જડમૂળથી નાશ સંભવતો નથી. તેથી બ્રહ્મચર્યના પાલનમાં ઉપવાસ અનિવાર્ય અંગ છે.

( ૧૨ ) સત્ય એક ઉત્તમ ફળદાયક વિશાળ વૃક્ષ છે.

( ૧૩ ) કરણી તેવી ભરણી–પાર ઉતારણી.

( ૧૪ ) પ્રયત્નશીલ બ્રહ્મચારી પોતાની ઊણપોનું નિત્ય દર્શન કરશે, પોતાનામાં ખૂણેખોચરે છુપાઇ રહેલા વિકારોને પણ ઓળખી લેશે અને તેને શીઘ્ર કાઢવા સતત પ્રયત્ન કરશે.

( ૧૫ ) મારી માન્યતા છે કે મનુષ્યને દવા લેવાની ભાગ્યે જ જરૂર રહે છે, કેમકે પથ્ય અને પાણી ઇત્યાદિના ઘરગથુ ઉપચારોથી એક હજારમાંથી નવસેં નવાણું દર્દીઓ સારા થાય છે.

( ૧૬ ) ‘ આહાર તેવો ઓડકાર ’ ‘ માણસ જેવું ખાય તેવો થાય ’ એ કહેવતમાં ઘણું સત્ય છે.

( ૧૭ ) આત્મસાધક મુમુક્ષુને માટે પોતાના ખોરાકની પસંદગી–ત્યાગ અને સ્વીકાર બંને એટલાં જ આવશ્યક છે જેટલા વિચાર અને વાચાની પસંદગી–ત્યાગ અને સ્વીકાર આવશ્યક છે.

( ૧૮ ) છોકરામાં માબાપની આકૃતિનો વારસો જેમ ઉતરે છે તેમ તેમના ગુણ–દોષનો વારસો પણ ઉતરે છે.

( ૧૯ ) શુદ્ધ બ્રહ્મચર્યમાં તો વિચારની મલિનતા પણ ન હોવી જોઇએ. સંપૂર્ણ બ્રહ્મચારીના સ્વપ્નમાં પણ વિકારી વિચાર ન હોય. એવા વિચાર આવે ત્યાં સુધી વિકારની ખાત્રી સમજી લેવી.

( ૨૦ ) માણુસ રસને સારુ નહીં પણ શરીર નભાવવા સારુ જ ખાય ત્યારે જ તે સ્વાભાવિકપણે વર્તે છે એમ કહેવાય.

( ૨૧ ) જેનું મન સંયમ પ્રતિ જઇ રહ્યું છે તેને ખોરાકની મર્યાદા અને નિરાહાર બહુ મદદ કરનારા છે, તેની મદદ વગર મનની નિર્વિકારતા અસંભવિત જણાય છે.

( ૨૨ ) લૌકિક સંબંધ કરતાં આધ્યાત્મિક વધારે કિંમતી છે. આધ્યાત્મિક વિનાનો લૌકિક સંબંધ પ્રાણ વિનાના દેહ સમાન છે.

( ૨૩ ) મુમુક્ષુ કે સેવકના પ્રત્યેક કાર્યમાં જો નમ્રતા–નિરભિમાનતા ન હોય તો તે મુમુક્ષુ નથી, સેવક નથી, તે સ્વાર્થી અને અહંકારી છે.

( ૨૪ ) આત્મશુદ્ધિ વગર જીવ માત્રની સાથે ઐકય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસા ધર્મનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માના દર્શન કરવા અસમર્થ છે.

( ૨૫ ) શુદ્ધિનો માર્ગ વિકટ છે. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું.

( ૨૬ ) મનના વિચારોને જીતવા એ જગતને જીતવા કરતાં યે કઠીન છે.

( ૨૭ ) અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. નમ્રતા વગર મુક્તિ કોઇ કાળે થવાની નથી એ અનુભવસિદ્ધ વાત છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૨૫૬ ]

# ઉપદેશક વાકયો.

૧. નિશ્ચય કરો એટલે તમે મુક્ત થશો.

૨. આપણી ભાષામાં વપરાતાં ટૂંકા શબ્દો ‘હા’ અને ‘ના’ સૌથી વિશેષ જોખમદારીભરેલા છે. એનું રહસ્ય અનુભવગમ્ય છે.

૩. મનુષ્યે પોતાના કાર્યના સ્વામી બનવું જોઈએ, એવું નિશ્ચયબળ કેળવવું જોઇએ.

૪. એક મહાન્ ઉદ્દેશ સાધવાની મંગળ કામના એ જ સાંદર્ય તથા સુખ છે.

૫. પૂર્ણ વિશ્વાસ મનુષ્યને ઉપહાસથી અલગ-પર રાખે છે.

૬. હિંમત ધારણ કર અને પસંદ કરેલા માર્ગથી લેશ પણ ચલિત થાવ નહિ, કારણ કે સહનશીલતામાંથી જન્મેલી સફળતા અંતે તારે પડખે જ ઊભી રહેશે.

૭. તમે જે કાર્ય ઉત્તમોત્તમ રીતે કરી શકતા હો તેને જ તમારું બળ, તમારો ઉત્સાહ, તમારું સર્વસ્વ અર્પણ કરો.

૮. બળવાન ઇચ્છાશક્તિના ગુપ્ત ભેદો કોણ જાણે છે? આરોગ્ય એ શારીરિક પવિત્રતા છે.

૯. ઉત્તમ મન શરીરને પણ ઉત્તમ બનાવે છે. વીરતા એ એક જાતની ઔષધી છે. મનની ઉદાત્તતા મલમ કરતાં પણ અતિ સારી રીતે ઘાને રૂઝવે છે.

૧૦. દૃઢ અને પ્રબળ ઈચ્છાશક્તિ આરોગ્ય અને સફળતા મેળવવામાં ભારે સહાય કરે છે.

૧૧. માણસ પોતાના મનમાં જેવો વિચાર કરે છે તેવો જ તે થાય છે.

૧૨. આપણે આરોગ્ય અને સ્વાસ્થ્યનું ઉચ્ચ લક્ષ્ય નિરંતર આપણા મનઃચક્ષુઓ સામે રાખવું જોઇએ.

૧૩. જો તું બીજાઓ પ્રત્યે ભલો હોય છે તો તારી જાત પ્રત્યે તેથી પણ વિશેષ ભલો હોય છે.

૧૪. બીજાઓના દોષ તરફ જોશો નહિ, તેમનામાં દોષ જણાય તો પણ તે તરફ દુર્લક્ષ કરજો.

૧૫. ઉદારતા આપીને શ્રીમંત થાય છે ત્યારે લોભ સંગ્રહ કરીને ગરીબ ( દીન–દુઃખી ) બને છે.

૧૬. ઉદાર મનુષ્ય લાંબા સમય સુધી સંકટ સહન કરે છે તો પણ તેટલો જ ઉદાર રહે છે.

૧૭. ધાર્મિક મનુષ્યના મુકુટમાં ઉદારતા એ સૌથી વિશેષ પ્રકાશિત હીરો છે.

૧૮. પ્રત્યેક મનુષ્યમાં થોડી ઘણી દુર્બલતા તો અવશ્ય હોય છે જ પરંતુ તે માફ કરવી જોઇએ. પ્રત્યેક મનુષ્યમાં કેટલીક વિચિત્રતા હોય છે પરંતુ આપણે નિભાવી લેવી જોઇએ. પ્રત્યેક મનુષ્યને કેટલીક વસ્તુઓ પ્રત્યે તિરસ્કાર હોય છે તેની પણ આપણે ઉપેક્ષા કરવી જોઇએ. પ્રત્યેક મનુષ્યમાં કેટલીક નિર્દોષ ટેવો હોય છે પરંતુ આપણે તે સહન કરી લેવી જોઈએ. પ્રત્યેક મનુષ્યના કેટલાક નિશ્ચિત મતો હોય છે તે પ્રત્યે માનની નજરે જોવું જોઇએ. પ્રત્યેક મનુષ્યમાં કેટલીક ખાસ લાગણીઓ અને મૃદુ ભાવનાઓ હોય છે પરંતુ આપણે તેનો આદર કરવો જોઈએ. દોષમાત્રની ઉપેક્ષા કરી ગુણ માત્ર હંસની માફક ગ્રહણ કરવા જોઈએ.

૧૯. ઉદારતાને સ્વાર્થની સ્પૃહતા હોતી નથી. આપણે જે અર્પણ કરી દીધું તે જ આપણી પાસે છે. ઉદાર આત્મા જાડો થશે અને લોભી આત્મા સુકાઇ જશે.

૨૦. આપણે જે કંઇ પણ આપીએ છીએ તેના કરતાં અધિક સારું પ્રાપ્ત કરીએ છીએ. ઉદારતા અને પરોપકાર-વૃત્તિ જ મહાનમાં મહાન્ દૈવી ગુણો છે. આપણે તેનો વિકાસ સાધીએ છીએ.

૨૧. ઉદાર માણુસ સહાય કર્યા વિના રહી શકતો નથી. એક સળગેલી બત્તીવડે બીજી હજારોને સળગાવી શકાય છે, તેથી તેના પ્રકાશમાં કાંઇ પણ ઉણપ આવતી નથી.

૨૨. જે અંતઃકરણનો સ્વામી છે તે જ કોઇ પણ અંતઃ-કરણની સાચી તપાસ કરી શકે છે.

૨૩. કોઇને હાથે કોઇ મહત્ કાર્ય સિદ્ધ થાય છે ત્યારે આપણે માત્ર તેનું કેટલેક અંશે માપ જ કરી શકીએ છીએ, તે સિદ્ધ કરવામાં પડેલો શ્રમ અને નડેલા વિઘ્ન જાણી શકતા નથી.

૨૪. માનવ હૃદયમાં જે ઉદારતા અને પરોપકારવૃત્તિનાં બીજ છે, તેને સંકુચિત કરી જીવતાં રાખવાને ગરીબ લોકોનાં સંકટો જ આપણને ઉત્તેજીત કરે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૨૮૦ ]

---

## સુંદર સંદેશ.

૧. તમે સહુ શાંતિથી અને કાન ખુલ્લા રાખી મને સાંભળો ! ભારે ખેદનો વિષય છે કે સમયસૂચકતાની ખામી અને ઉપેક્ષાને લીધે ખરી કેળવણીના અભાવે આપણામાં વસ્તુ-

સ્થિતિનું જે ઘોર અજ્ઞાન પ્રસર્યું છે તેથી આપણા સમાજની ભારે દુર્દશા થવા પામી છે. વિચારવાનને આ સત્ય સમજાતાં તેને સુધારવા પ્રયત્ન કરી તેમાં સફળતા મળે તેવી તાલાવેલી જાગવી જોઈએ.

૨. શરીરનું આરોગ્ય સચવાય તેવી તાલીમ દરેક વ્યક્તિને મળવી જોઇએ, તેવું જ્ઞાન અપાવું જોઈએ અને તેને વર્તનમાં મુકાવવું જોઇએ.

૩. બ્રહ્મચર્ય–પાલનના અજબ ફાયદા અને તેના ભંગથી થતા પારાવાર ગેરફાયદાઓ દરેક નાના–મોટા ત્યાગી–સાધુઓ કે ગૃહસ્થોને ઠીક સમજાવવા જોઈએ.

૪. સમજ વગર લૂખી કરણી આંખો મીંચીને કરતા–કરાવતા રહીએ તે કરતાં સુંદર રહસ્ય સાથે તે કરાય તેવો પ્રબંધ થવો જોઇએ.

૫. આમ કરવાથી દૂધમાં સાકર ભળવા જેવો ભારે લાભ થવા પામશે.

૬. જિનોક્ત જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચારને યથાર્થ સમજી તેને વિધિવત્ પાળનાર–આરાધક ત્યાગી કે ગૃહસ્થ ભાઇબહેનોમાં એક ક્ષણમાત્ર પણ કુસંપ રહેવા પામે ખરો ?

૭. સાધર્મીપણાનું ખરું સગપણ યથાર્થ સમજીને તેનો આદર કરાય તો આજકાલ વ્યાપી રહેલી કંગાળીયત દૂર થતાં કેટલી વાર લાગે ?

૮. સમ્યગ્જ્ઞાન અને વિવેકના અભાવે ત્યાગી લેખાતાં માર્ગમાં તેમજ ગૃહસ્થ–ઉપાસક વર્ગમાં સ્વતંત્રતાના મિષથી

જે ઘોર સ્વચ્છંદતા વ્યાપી રહી છે તેને દૂર કરી શાસન-રસિકતા જાગે તેવો પ્રયાસ કરવો જોઇએ.

૯. શ્રી વીર પરમાત્માએ સ્થાપેલા ચતુર્વિધ સંઘમાં કેટલો બધો નિઃસ્વાર્થ પ્રેમ અને કેટલી બધી સુંદર વ્યવસ્થા જળવાવી જોઇએ? તેવી ઊંડી લાગણી આગેવાનોદ્વારા આપણા સહુમાં જાગે અને ખરી શાંતિ વ્યાપે એમ થવું જોઇએ.

૧૦. આજકાલ ઘોર અજ્ઞાન, કલેશ, કુસંપ ને નિંદા, ઇર્ષ્યાદિક દોષો જ્યાં ત્યાં સેવાય છે તેમને જલ્દી દૂર કરવા જોઇએ.

૧૧. આપણામાં બાળ-ઉછેર અને બાળ-કેળવણી તરફ બહુ દુર્લક્ષ રખાય છે તેથી ભયંકર પરિણામ આવે છે, તેમાં સારો સુધારો થવો જોઈએ.

૧૨. માતાઓ અજાણ અને અસંસ્કારી હોવાથી ઘણાં બાળમરણ નીપજે છે, અને જે અવશેષ જીવતાં રહે છે તેમનામાં સારા બીજ-સંસ્કાર પડતા નથી.

૧૩. માતાઓ શાણી હોય તો ભવિષ્યની પ્રજા સુસંસ્કારી થવા પામે ખરી.

૧૪. પરન્તુ એવી સાચી કેળવણી તરફ ઘણે ભાગે ઉપેક્ષા થતી જોવાય છે.

૧૫. જડ જેવી વસ્તુઓને પણ ઠીક કેળવવાથી ધાર્યું સુંદર પરિણામ આવી શકે છે.

૧૬. આ અતિ અગત્યની અને મુદ્દાની વાત ઉપર આંખ મીંચામણા કરવા હવે નહીં પાલવે, સહુએ બનતી સહાનુભૂતિ દાખવી કામ કરવું જોઇએ.

૧૭. એ કામ પાછળ ઉદાર દિલથી તન–મન–ધનનો ભોગ અપાવો જોઇએ.

૧૮. બીજા નકામા ખર્ચ ઓછા કરી, નજદિકના ભવિષ્યમાં સમાજ અને શાસન દીપી નીકળે તેવી ખરી કેળવણી પાછળ આપણી સઘળી શક્તિ વહેવડાવવી જોઇએ.

૧૯. આપણામાં સારા દિલસોજ ને સમયજ્ઞ શિક્ષકો ને ઉપદેશકો પ્રગટે એવો પ્રબંધ સારા અનુભવી જનોની સાચી સલાહ મેળવી કરવો.

૨૦. તેમ કરવાથી આપણી ઘણીખરી શક્તિઓ વ્યર્થ વેડફાઈ જાય છે તે બચે અને ખરી દિશામાં ખર્ચાય તો ભવિષ્ય બહુ સુંદર થવા પામે.

૨૧. પ્રમાણિક ઉદ્યોગશીલતાની ગંભીર ખામીથી જ્યાં ત્યાં દરિદ્રતા પ્રસરી દેખાય છે તે જલ્દી દૂર થાય એવી દુરંદેશી વાપરી યોગ્ય વ્યવસ્થા કરવી અને અસ્ત થયેલી ખરી પ્રામાણિક ઉદ્યોગશીલતા આપણા સહુમાં મૂર્તિમંત જાગે, સર્વત્ર વ્યાપે અને તેના મીઠાં સ્વાદિષ્ટ ફળનો સહુને સાક્ષાત્ અનુભવ થાય તેમ કરવું જેથી સમાજ અને શાસનના એકાંત હિતકાર્યમાં ઉત્સાહભેર આગળ ને આગળ વધવા આપણામાં ખરી શક્તિ સ્ફુરી સફળતા મળે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૧૭૩ ]

# सूक्त बोधवचनो ने प्रभुप्रार्थना.

( ૧ ) એકાગ્રચિત્ત બની, પરમાત્મ ગુણોનું ચિન્તવન કરવાનું નામ જ ખરી વસ્તુ કે પ્રાર્થના છે. એ દ્વારા આત્મા ધીરે ધીરે ઉન્નતિ પામતો પરમાત્મદશા સુધી પહોંચે છે.

( ૨ ) જેને શાંતિ પામવાની ઇચ્છા જ હોય તેણે મનોવિકારોને દૂર કરવા ખાસ પ્રયત્ન કરવો જોઇએ.

( ૩ ) જ્યાં સુધી વિષયસુખ મીઠાં લાગે ત્યાં સુધી મનુષ્ય આત્માની ઉન્નતિ કરી શકતો નથી.

( ૪ ) સદ્‌વિચાર, સદ્‌વર્તન અને સદ્‌ઉદ્યમમાં લાગ્યા રહેવું એ એક ભારે હેતુ છે; સુખદાયક કામ છે.

( ૫ ) મન અને તનને શુદ્ધ રાખો, વિષય-વાસનાઓને દૂર કરો, સ્વાર્થબુદ્ધિને તજો અને ઉચ્ચ પવિત્ર જીવન વ્યતીત કરો.

( ૬ ) પ્રભાતમાં ઊઠી આત્મનિરીક્ષણ કરો, આપણી અંદર ઊંડી નજર નાંખી જુઓ, ને જે જે દોષો નજરે આવે તેને દૂર કરવા દૃઢ નિશ્ચય કરો તથા સદ્‌ગુણો વધારવા પ્રયત્નશીલ બનો.

( ૭ ) જેણે પોતાના હૃદયને રાગ-દ્વેષ-માન-ક્રોધાદિક કષાયો તથા તુચ્છ ઇચ્છાઓથી રહિત કર્યું છે અને જે સહુને અનંત દયા અને પ્રેમભાવથી જોઇ પ્રાણીમાત્રને માટે શાન્તિનો ઇચ્છક છે તે મનુષ્યના સહજ સુખ અને આનંદની કંઇ સીમા નથી.

( ૮ ) સજ્જનો ! આપણા મનને શુદ્ધ-નિર્દોષી બનાવો, એથી સ્વજીવન સુંદર, ઉદાર, સુખી અને શાન્ત બની જશે.

## પ્રભુપ્રાર્થના

( ૧ ) હે નાથ ! સહુ પ્રાણીવર્ગ પ્રત્યે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ. દુઃખીજનો પ્રત્યે કરુણા અને નિન્દાદિક વિપરીત વર્તનવાળાઓ પ્રત્યે ઉદાસીનતા ( રાગ દ્વેષ રહિત મધ્યસ્થભાવ ) મારા માટે સદાય બની રહો.

( ૨ ) મ્યાનમાંથી તલવાર જુદી કરવાની જેમ શરીરથી અનંત શક્તિશાળી અને દોષવર્જિત આત્માને અલગ કરવાની શક્તિ મને આપ પસાયે પ્રાપ્ત થાઓ.

( ૩ ) હે નાથ ! સુખમાં, દુઃખમાં, શત્રુ અને મિત્રમાં, સંયોગ અને વિયોગમાં સદાય મારું મન સંપૂર્ણ મમત્વભાવનો ત્યાગ કરી, સમભાવી બની રહે એવી આત્મજાગૃતિ માટે આપને યાચું છું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૩૧૪ ]

---

## હિતવચનો.

૧. આપ્તપુરુષોએ નિરપેક્ષપણે કહેલાં તત્ત્વોમાં દૃઢ શ્રદ્ધા રાખો.

૨. તેમાં શંકા–કાંક્ષાદિક કરીને તત્ત્વ શ્રદ્ધાનને મલિન કરો નહીં.

૩. તેમાં નિશ્ચળ થવા માટે તત્ત્વજ્ઞાની–આત્મજ્ઞાની મહાપુરુષોનો સાક્ષાત્ સમાગમ કરવા કામના રાખો ને તેવી દુર્લભ તક મળે તો તેનો લાભ જરૂર લેજો–નકામી વાતો કરી તે ફોગટ ગુમાવતા નહીં.

૪. બુદ્ધિબળ વિચારશક્તિ પામ્યાનું ફળ તત્ત્વનો ઊંડો

વિચાર કરી તેનો નિરધાર કરવામાં રહેલું છે–આત્મતત્ત્વ શોધી લેવામાં રહ્યું છે.

૫. દશ દૃષ્ટાન્તે દુર્લભ મનુષ્ય ભવ પામ્યાનું ફળ, આપણી છતી શક્તિને ગોપવ્યા વગર યથાયોગ્ય વ્રત–નિયમો આદરી પાળવામાં રહ્યું છે.

૬. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોને સર્વથા મન–વચન–કાયાવડે શુદ્ધ સાવધાન-પણે સાંસારિક બંધનોથી મુક્ત થયેલા નિર્ગ્રંથ સાધુજનો જ પાળી શકે છે.

૭. જેમનામાં એવી ને એટલી બધી ત્યાગ–વૈરાગ્ય વૃત્તિ જાગી નથી તેવા પણ તત્ત્વશ્રદ્ધામાં દઢતા રાખનારા ગૃહસ્થ ભાઇબહેનો ઉક્ત મહાવ્રતો કરતાં ઘણા અલ્પ પ્રમાણમાં પાંચ અણુવ્રતોનું સ્વરૂપ સમજી, તેનો યથાશક્તિ આદર કરવા અવશ્ય પ્રયત્ન કરી શકે છે.

૮. ત્રસ ને સ્થાવર સર્વ જીવોનું સર્વથા રક્ષણ કરવાની દઢ પ્રતિજ્ઞા કરવી તે પ્રથમ અહિંસા મહાવ્રત ગૃહસ્થાશ્રમી પાળી ન શકું પરન્તુ ગૃહસ્થાશ્રમ ચલાવવામાં વાંધો ન આવે એટલી શકય જીવરક્ષા કરવી ને તેવી પ્રતિજ્ઞા લઇ પાળવી તે પ્રથમ અણુવ્રત લેખાય છે.

૯. સર્વ પ્રકારે સત્ય બોલવાની પ્રતિજ્ઞા લઇ પાળવી તે બીજું **મહાવ્રત** અને ગૃહસ્થ વ્યવહારોચિત સત્યનું પાલન કરવાનો નિશ્ચય તે **બીજું અણુવ્રત**.

૧૦. સર્વ પ્રકારે ચૌર્ય કર્મનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા

પાળવી તે **ત્રીજું મહાવ્રત** અને તેમાંથી બની શકે તેટલો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા તે ત્રીજું **અણુવ્રત.**

૧૧. સર્વ પ્રકારનો વિષય-વિલાસ તજી, શુદ્ધ બ્રહ્મચર્ય પાળવું તે **ચતુર્થ મહાવ્રત** અને સ્વસ્ત્રી કે સ્વપતિમાં સંતોષ રાખી રહેવું તે ગૃહસ્થોચિત **ચોથું વ્રત** છે.

૧૨. વસ્તુ-શરીર ઉપગરણ પ્રમુખ ઉપરથી માયા-મમતા સર્વથા તજવારૂપ **અપરિગ્રહ** નામનું **પાંચમું મહાવ્રત** અને ધન ધાન્યાદિક બાહ્ય પરિગ્રહનું યથાયોગ્ય પ્રમાણ કરી, મર્યાદા બાંધી, બને તેટલી તૃષ્ણા ઘટાડવા નિશ્ચય કરી ગૃહસ્થોચિત માર્ગે વર્તવું તે પાંચમું **અણુવ્રત** છે.

૧૩. ઉક્ત પાંચ અણુવ્રતો સાથે તેની જ પુષ્ટિ નિમિત્તે છઠ્ઠું દિગ્વિરમણ, સાતમું ભોગોપભોગ વિરમણ અને આઠમું અનર્થદંડ વિરમણ-એ ત્રણ **ગુણ પ્રત્યે** તથા **સામાયિક, દેશાવગાસિક, પૌષધ** અને **અતિથિસંવિભાગ** નામના ચાર **શિક્ષાવ્રતોનું** સ્વરૂપ યથાર્થ સમજી લઇ, સુજ્ઞ શ્રાવક, શ્રાવિકાઓએ ગૃહસ્થોચિત ઉક્ત બારે વ્રતો આદરવા જરૂર ખપ કરવો.

૧૪. વળી ભાવશૌચ ( પ્રામાણિકતા ), સંતોષ, ઉત્તમ તપ, સ્વાધ્યાય અને ઇશ્વરધ્યાન-એ પાંચે નિયમિત આચરવા પડે. આત્મોન્નતિ સાધવા ઇચ્છનારાઓને તે બહુ ઉપયોગી છે.

૧૫. પ્રામાણિકપણે જ યોગ્ય વ્યવસ્થાવડે જે ધન ઉપાર્જન કરવામાં આવે તેની પણ સાર્થકતા તો તેનો વિવેકસર સારા ઠેકાણે કેવળ પરમાર્થ દાવે ઉપયોગ કરવાથી જ થઇ શકે

છે, એમ સમજી સ્વસ્થિતિ અનુસારે સુજ્ઞ જનોએ તેનો સુસ્થાનકે શીઘ્ર ઉપયોગ કરવો.

૧૬. સાંભળનારને રુચિ-પ્રીતિ ઉપજે એવું સમયોચિત ડહાપણભર્યું હિત, મિત, પ્રિય, પથ્ય ને તથ્ય ( સત્ય ) વચન વદી સર્વને સંતોષવા એ જ વાચા પામ્યાનું ઉત્તમ ફળ સમજવું.

૧૭. દીન, દુ:ખી, અનાથ, અશરણ જીવોને યથાયોગ્ય આશ્રય આપી તેમને દુ:ખમુક્ત કરવા બનતી કોશીશ કરવી એ મહાદયાળુઓની પવિત્ર ફરજ છે.

૧૮. માતાપિતાદિકના અમાપ ઉપગારને સંભારી, તેમની સેવા-ભક્તિ કરવાની દરેક તક મળે તેનો લાભ લેવા સુગુણ-કૃતજ્ઞ ભાઈબહેનોએ ભૂલવું નહીં.

૧૯. શીલ, સંતોષ યા બ્રહ્મચર્યનો અજબ પ્રભાવ સારી રીતે સમજી લઈ, પોતાની અને પોતાની પ્રિય સંતતિની ઉન્નતિને અર્થે અધિક આદર કરવો.

૨૦. સંત-મહાત્માઓએ આપણા શ્રેયનિમિત્તે સમયોચિત જે જે હિતવચનો કહ્યાં હોય તેનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરી, આપણું શ્રેય સાધી લેવું જોઈએ.

૨૧. ‘ લગન વેળા ગઈ ઊંઘમાં, પછી ઘણો પસ્તાય ’ એ ન્યાયે આવો દુર્લભ માનવ ભવ પામી, આત્મકલ્યાણ સાધી લેવાની અમૂલ્ય તક મળ્યા છતાં પ્રમાદવશ તેનો લાભ લેવાનું ચૂકી જવાશે તો પાછળથી અત્યંત પ્રસ્તાવો કરવો પડશે, તેથી જ સર્વએ પ્રમાદાચરણ તજી પ્રાપ્ત સામગ્રીનો બને તેટલો લાભ લેવો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૧, પૃ. ૩૧૪ ]

# મોક્ષનો સાચો સરલ માર્ગ—વિશુદ્ધ પ્રેમ-ભક્તિ

૧. સ્વાત્મા સમાન સર્વને લેખો, કોઈને પ્રતિકૂળતા ઉપજે એવું કદાપિ મનથી, વચનથી કે કાયાથી ન કરો.

૨. સહુ સુખના અર્થી છે. ખરું સુખ મોક્ષમાં છે. શુદ્ધ દેવ–ગુરુની ભક્તિથી તે સ્હેજે મળી શકે છે.

૩. ખરા દિલની ભક્તિ એ કલ્પવેલી જેવી સુખદાયી છે. ભાવ વગરની ભક્તિ કશા લેખાની નથી.

૪. વિધિ સહિત અનુકૂળ ભક્તિવડે આત્મકલ્યાણ સાધી શકાય છે, તેમાં અવિધિ દોષ અવશ્ય તજવો જોઇએ.

૫. ભક્તિમાં જ એક ચિત્ત રાખી, તુચ્છ ફળની ઇચ્છા તજી નાગકેતુની પેઠે સર્વોત્તમ ગુણ પ્રાપ્ત કરવાની જરૂર છે.

૬. મુનિજનોને ભાવપૂજા અને મલિનારંભી ગૃહસ્થોને દ્રવ્ય પૂજા મુખ્યપણે કરવાની છે.

૭. રોગીને ઔષધની જેમ દ્રવ્યપૂજા મલિનારંભી ગૃહસ્થોને હિતકારી જ છે, મુનિજનોને તેની જરૂર નથી.

૮. કૃતકૃત્ય થયેલા પ્રભુની ખાતર પૂજા કરવાની નથી, પણ પ્રભુ સમાન થવા માટે પરમાત્માની પૂજા કરવાની છે.

૯. એક દીવો પોતાની જેવા અનેક દીવા પ્રગટાવી શકે છે અને તેથી તેના પોતાનામાં કશી ખામી કે ન્યૂનતા આવતી નથી.

૧૦. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવવડે જિનેશ્વરો સર્વ દેશ–કાળમાં ત્રિભુવનને પાવન કરે છે. તેમનાં નામાદિ સર્વ પવિત્ર જ છે.

૧૧. જેમનો ભાવ પવિત્ર વર્તે છે તેમનાં નામાદિ સર્વ પવિત્ર જ સમજવાં.

૧૨. દ્રવ્યપૂજા, ભાવપૂજા નિમિત્તે કરવાની છે. દ્રવ્યપૂજા માત્ર કરીને અટકી જવાનું નથી, પણ વીતરાગની સ્તુતિ-પ્રાર્થના કરી, આગળ વધી પ્રભુનો ઉપદેશેલો માર્ગ આદરી વીતરાગદશા પ્રાપ્ત કરવા પ્રબળ પુરુષાર્થ ફોરવવાનો છે.

૧૩. મિથ્યાત્વ, વિષય, કષાય, આળસ અને વિકથાદિક પ્રમાદ દોષને તો જરૂર તજવા જોઈએ.

૧૪. શમ, સંતોષ અને સમ્યક્ત્વાદિ સદ્‌ગુણોનો અવશ્ય આદર કરવો જોઇએ અને સુશીલ બની જવું જોઇએ.

૧૫. ઈયળ ભમરીના દૃષ્ટાન્તે શુદ્ધ દેવ-ગુરુના ગુણમાં તન્મયતા લગાવી, વિષયવાસના વિસારી દેવી જોઈએ.

૧૬. ભક્તિ એ મુક્તિને ખેંચી લાવે છે. એ વાતને સાચી કરવા શુદ્ધ દેવ, ગુરુ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ લગાડવો જોઈએ.

૧૭. 'સવિ જીવ કરું શાસનરસી' એવી ઉત્તમ ભાવના યુક્ત પ્રબળ વીર્યોલ્લાસવડે સકળ સ્વાર્થ ત્યાગી, શાસન પ્રભાવના કરવી જોઇએ. તીર્થંકરો પણ પૂર્વભવમાં એ જ માર્ગે પ્રવર્તી, એક ભવના અંતરે પરમપવિત્ર તીર્થંકર પદવી પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ. ૩૫૧ ]

## ખરા સૂતેલા અને જાગતા કોણ ?

( ૧ ) ગૃહસ્થો સદા સૂતેલા છે અને સાચા સાધુઓ-મુનિઓ ઘટમાં વિવેક-પ્રકાશ થવાથી સદા જાગતા છે.

( ૨ ) દુનિયામાં અજ્ઞાન એ જ અહિતકર્તા છે.

( ૩ ) મુનિએ હિંસાને બાળલોકોનો આચાર જાણી, છ-કાયની હિંસાથી સદાય દૂર રહેવું.

( ૪ ) નિરાગી મુનિઓ રતિ–અરતિ પરિષહને સહન કરતા થકા, સંયમની મુશ્કેલીઓને નથી સંભારતા. એવી રીતે પરાક્રમી મુનિઓ જાગતા રહી વૈરવિરોધને દૂર કરતા થકા દુઃખોથી મુક્ત થાય છે.

( ૫ ) હંમેશાં મહામોહથી મુંઝાઈ ગયેલાં પુરુષો કર્મને જાણી શકતાં નથી.

( ૬ ) દુઃખિત પ્રાણીઓને જોઈ, મુનિએ સાવધાનતાથી સંયમમાં પ્રવર્તવું ઘટે છે.

( ૭ ) સઘળાં દુઃખો આરંભથી થાય છે, એમ જાણી મુનિએ આરંભ તજી જાગૃત રહેવું.

( ૮ ) જે વિષયભોગની ક્રિયાને શસ્ત્રરૂપ જાણે છે તે અશસ્ત્રરૂપ સંયમને જાણે છે; અને જે અશસ્ત્રરૂપ સંયમને જાણે છે તે વિષયોપભોગની ક્રિયાને શસ્ત્રરૂપે જાણે છે.

( ૯ ) રાગાદિક( વિકાર )ને અહિતકર્તા જાણીને તેનો ત્યાગ કરી, લોકને રાગાદિકથી દુઃખી થએલ જાણી, સાધુએ લોકસંજ્ઞા દૂર કરીને સંયમમાં પરાક્રમવંત થવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૧૮૯ ]

# હિતકર–માર્ગ

૧. જન્મ, જરા ને મરણથી સર્વથા મુક્ત થયેલા શ્રી જિનેશ્વરોએ મોક્ષના મુખ્ય બે માર્ગ કહ્યાં છે (૧) સુસાધુ માર્ગ અને (૨) સુશ્રાવક માર્ગ. (૩) સંવિગ્નપક્ષી ધર્મ છે. તે ઉપરના બન્ને ધર્મમાં અંતર્ભાવ (સમાવેશ) પામે છે.

૨. જિનેશ્વરપ્રભુની આજ્ઞા અહિંસાદિક મહાવ્રતોને અખંડ પાળતા રહી પ્રતિબંધ રહિત (અપ્રમત્તભાવે) વિચરવું એ ભાવપૂજારૂપ મુનિમાર્ગ છે અને સુશ્રદ્ધા સહિત સ્થૂલ હિંસાદિકના ત્યાગ પ્રમુખ અણુવ્રતાદિકને પાળવા સાથે જળ, ચંદનાદિકવડે જિનેશ્વર પ્રભુની દ્રવ્ય પૂજા કરવી એ સુશ્રાવક માર્ગ છે. જે મુનિમાર્ગ પાળવાને અસમર્થ હોય તેને શ્રાવક માર્ગ આદરપૂર્વક સેવવો શ્રેયકારી છે. શક્તિ અને યોગ્યતા મુજબ ધર્મ સાધવાની મર્યાદા છે.

૩. જે મનુષ્ય સુખશીલપણાથી ઉભયભ્રષ્ટ રહે છે અર્થાત્ સંયમ પાળવા અશક્ત છતો શ્રાવક માર્ગને પણ કપટ રહિત અંગીકાર કરીને જે પાળતો નથી તેને મોક્ષની કે સ્વર્ગની પ્રાપ્તિ થઇ શકતી નથી.

૪. ઉત્તમ પ્રકારનું જિનમંદિર બનાવવા કરતાં પણ પ્રભુ આજ્ઞા મુજબ તપ, જપ, સંયમનું સાદર સેવન કરવું વધારે લાભકારી છે.

૫. જેમ કોઇ રાજાએ નિર્બીજ થયેલા દુર્ભિક્ષ કાળમાં અન્ય દ્વીપમાંથી અન્ન લાવીને ખેડુ લોકને વાવવા આપ્યું.

૬. તેમાંથી કેટલાક ખેડૂતોએ તે સર્વ બીજનું ભક્ષણ કર્યું, કેટલાએકે અર્ધ ખાધું અને અર્ધ વાવ્યું, કેટલાએકે સર્વ

બીજ વાવ્યું અને કેટલાએકે તો ક્ષેત્રમાં ઊગેલું ધાન્ય પણ ફેંકી દીધું. આ વાતનો ઉપનય-સાર સમજવા જેવો છે.

૭. એવી રીતે રાજા જિનવર છે, ધર્મ રહિત કાળ એ નિર્બીજ કાળ છે, કર્મભૂમિરૂપ ક્ષેત્ર છે અને નીચે મુજબ ચાર પ્રકારના ખેડુ લોકો છે.

૮. અસંયત (વ્રત-નિયમ રહિત) લોકો, દેશવિરતિવંત (થોડાઘણાં વ્રત યુક્ત) લોકો, સુસાધુ લોકો અને પાસત્થાદિક (શિથિલાચારી સ્વેચ્છાચારી) લોકો, એવા ચાર પ્રકારના લોકોને જિનવરદેવે સર્વ પ્રત્યક્ષ જ્ઞાનથી ધર્મબીજ મોક્ષપ્રાપ્તિ અર્થે આપ્યું. તેમાંથી અસંયત લોકોએ સર્વ બીજનું સમૂળગું ભક્ષણ કર્યું, દેશવિરતિવંત લોકોએ અર્ધ ધર્મબીજનો સદુપયોગ કર્યો, સુસાધુ જનોએ સર્વથા સદુપયોગ કર્યો અને સ્વેચ્છાચારી સાધુઓએ ઊગેલાં ધર્મરૂપ ધાન્યનો સર્વથા લોપ કર્યો. પૂર્વોક્ત ઉભય માર્ગનું સ્વેચ્છાએ ઉલ્લંઘન કરનાર જીવ સર્વ જિનવરોની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે અને એવી રીતે આપમતિથી જિનઆજ્ઞાનો ભંગ કરનાર ભયંકર ભવઅટવીમાં ભમે છે.

૯. જો સાધુના ઉત્તમ ગુણવાળા પાંચ મહાવ્રતાદિકરૂપ મૂળ ગુણને ધારી તેનો નિર્વાહ કરવા શક્તિ ન હોય તો સાધુવેશને ત્યજી, સુશ્રાવકની વ્રત મર્યાદા આદરી, તેને પ્રયત્નથી પાળવી હિતકારી છે. દંભ સહિત (મિથ્યા આડંબર યુક્ત) સાધુમુદ્રાને જાળવી રાખવા કરતાં કપટ રહિત શ્રાવકના વ્રત પાળવા શ્રેષ્ઠ છે.

૧૦. અરિહંત ભગવાનની મુદ્રા(પ્રતિમા)ની અને સાધુ જનોની પૂજાભકિત કરવામાં રકત તથા વ્રત-નિયમમાં દૃઢ

એવા શ્રાવક થવું એ શ્રેય છે, પરંતુ ધર્મભ્રષ્ટ થઈ દંભથી સાધુવેશ રાખવો તે હિતકારી નથી; એથી સ્વપરને નુકશાન છે.

૧૧. હિંસાદિક સર્વ પાપવ્યાપારનો સર્વથા ત્યાગ કરું છું, એવી મોટી પ્રતિજ્ઞા કર્યા છતાં જે લેશમાત્ર પાપથી ડરી પાછો નિવર્તતો નથી તે ઉભય ( સાધુ કે ગૃહસ્થના ) માર્ગથી ચૂકી સર્વથા ધર્મભ્રષ્ટ બને છે.

૧૨. જે પોતે પ્રતિજ્ઞા કરી તે મુજબ વર્તતો નથી તેનાથી બીજો મિથ્યાદષ્ટિ કોણ છે ? કેમકે પરને અવિશ્વાસ ઉત્પન્ન કરી મિથ્યા ભ્રમમાં નાંખતો તે મિથ્યાત્વની વૃદ્ધિ કરે છે.

૧૩. સર્વજ્ઞ પ્રભુની આજ્ઞામાં વર્તતાં જ ચારિત્ર પ્રમાણ છે. આજ્ઞા ભંગ કર્યે બાકી શું રહ્યું ? આજ્ઞાભંગ કરનાર કોની આજ્ઞાથી શેષ અનુષ્ઠાન કરે છે ? અર્થાત્ તેની સ્વેચ્છાચારી કરણી નિષ્ફળ છે, મોક્ષદાયી થતી નથી.

૧૪. જેણે પાંચ મહાવ્રતરૂપી ઊંચો કિલ્લો તોડી નાંખ્યો છે તેવા ચારિત્રભ્રષ્ટ વેશધારીને સ્વેચ્છાચારરૂપ પ્રમાદવશથી અનંતો કાળ સંસારચક્રમાં ભ્રમણ કરવું પડે છે.

૧૫. ‘ હું કંઇ પાપ પોતે નહિ કરું, નહિ કરાવું અને કરનારને ઠીક નહી માનું ’ એમ પ્રગટ પ્રતિજ્ઞા કરી તેવા જ પાપને પુનઃ પુનઃ સેવે છે તે પ્રત્યક્ષ મૃષાવાદી બની માયા-કપટને સેવે છે. આવા અનાચારીથી ચેતી જવામાં જ શ્રેય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭૫ ]

# ધાર્મિક લેખ-વિભાગ

# સંયમવંત સાધુજનોનું વર્તન કેવું હોય?

**तच्चिन्त्यं तद् भाष्यं तत्कार्यं भवति सर्वथा यतिना ।**
**नात्मपरोभये बाधकमिह यत् परतश्च सर्वाद्धम् ॥ १ ॥**

—પ્રશમરતિ

**અર્થ**—સંયમમાર્ગમાં યતનાવંત યતિ મહારાજ મનમાં એવું જ ચિંતવે–વિચારે, મુખથી એવું જ ઉચ્ચરે–ભાષણ કરે અને કાયાથી એવું જ આચરણ કરવા પ્રમાદરહિત પ્રયત્નશીલ બને કે પરને કે ઉભયને આ લોકમાં કે પરલોકમાં કયારે ય પણ બાધા–પીડા ઉપજે નહીં, પરન્તુ સહુને સર્વસ્થળે સર્વદા સુખ જ મળે.

**પરમાર્થ**—સંયમધારી, સંસારત્યાગી, નિઃસ્વાર્થ વૃત્તિવાળા યતિજનોનું સદ્‌વર્તન દુનિયાના પ્રાયઃ સર્વ જીવોને અને યોગ્યતાવાળા ભવ્ય જીવોને વિશેષ પ્રકારે હિતકારી થઈ શકે છે, તેથી તે સહુને પોતપોતાના સ્થિતિ–સંયોગો પ્રમાણે આદરવા યોગ્ય બને છે અને તેનો જેટલા અંશે આદર કરી શકાય છે તેટલા અંશે દુનિયાનું હિત જ થતું જાય છે. આથી સંયમ જીવન એકાંત હિતકારી છે એમ સ્પષ્ટ થાય છે. ખરેખર સઘળી સાંસારિક આશા–તૃષ્ણાને છેદી સંયમી જીવન જીવનાર મુનિમહાશયની આંતરભાવના ઘણી જ ઉમદા હોય છે. ક્ષુદ્ર દૃષ્ટિવાળા સંસારી જીવોને જેવો મારા–તારાનો ભેદભાવ હોય છે તેવો જ તેમનામાં હોતો નથી. તેમને તો આખું જગત્ નિજ કુટુંબ જેવું જ જણાય છે. આવી ઉદાર ભાવનાવડે ગમે તે મનુષ્યોનું ચારિત્રબળ અતિ ઉમદા અને ભવ્ય જનોને અનુકરણ યોગ્ય બની શકે છે.

જેમનું મન સદા વૈરાગ્યથી વાસિત–વિષયકષાયના પ્રપંચથી વિરક્ત–સમતા રસમાં રંગાયેલું રહે છે તે મુનિમહાશયો અને તેમના પવિત્ર પગલે ચાલનારા સુશિષ્યો આખી આલમની સદા શાંતિ ઇચ્છે છે. સહુ સદ્‌ગુણશાળી બની એક–બીજાનું ભલું જ ચાહતા અને કરતા રહે. કોઇપણ દુઃખી કે દોષવાન ન રહો અને સર્વ સદા સર્વત્ર સુખી સુખી રહે એવી જ અમૃતમય આશિષોની વૃષ્ટિ તેઓ કરે છે. વળી તેઓ એવા ઉત્તમ વિચાર માત્ર કરીને વિરમતા નથી, પણ જેઓ અજ્ઞાન અને અવિવેકયોગે દુષ્કાર્યો કરી દુઃખી થઇ રહ્યા છે તેમના પ્રત્યે કરુણા લાવી, સદુપદેશવડે તેમને તેવા પાપ–પંકથી ઉદ્ધારવા અને પવિત્ર પુણ્યમાર્ગે ચઢાવવા અને તેમની દુઃસ્થિતિ ગમે તે રીતે દૂર કરવા તનતોડ મહેનત કરે છે, અને તેવા કાર્યમાં યથાશક્તિ તન, મન અને ધનથી મદદ કરવા અન્ય યોગ્ય જનોને પણ પ્રેરણા કરે છે.

પૂર્વે સુકૃત્યો કરવાવડે સુખી થયેલા અને પવિત્ર આચાર–વિચારના સતત સેવનથી સદ્‌ગુણી બનેલા અન્ય બંધુઓને અને બહેનોને નિરખી દિલમાં પ્રમુદિત થાય છે, સુકૃત્યની અનુમોદના કરે છે, એ બધું સુકૃત્યનું જ ફળ છે એમ સારી રીતે સમજાવી તેમને પવિત્ર ધર્મમાં અધિકાધિક ઉત્સાહિત કરે છે અને પુણ્ય-માર્ગમાં સારી રીતે દૃઢ કરે છે, જેથી તે પણ એ મુનિમહાશયની પેઠે સર્વ શક્તિથી શાસનની પ્રભાવના કરે છે. વળી પૂર્વભવના પ્રચંડ પાપયોગે અતિ મલિન અધ્યવસાયવાળા, નિર્દય પરિણામી, નિન્દક અને ધિઠ્ઠાઇને ધારણ કરનારા આત્મદ્રોહી જીવો ઉપર પણ લેશમાત્ર દ્વેષ નહીં લાવતાં તેમને પ્રચંડ કર્મવશ સમજી, પોતાના મનનું સમાધાન કરી, સંયમમાર્ગમાં સાવધાનપણે

આત્મવીર્ય ફોરવી, સ્વપરનું હિત સાધવા ચૂકતા નથી. એ રીતે વિચારમાં, વાચામાં અને આચારમાં પુણ્ય-અમૃતનું સિંચન કરતાં, અનેક કોટિ ઉપાયોવડે ત્રિભુવનવાસી જીવોને પ્રસન્ન કરતા અને અન્યના લેશમાત્ર ગુણને પણ સૂક્ષ્મદર્શક યંત્ર જેવી અતિ બારીક દૃષ્ટિથી પર્વત જેવા વિશાળરૂપે જોઇ દિલમાં આનંદિત થાય તેવા સંત-સુસાધુજનો આ જગતીતલ ઉપર વિચરી, પોતાના પવિત્ર મન-વિચાર, વચન-ઉપદેશ અને ચારિત્ર-આચારવડે ઉત્તમજનોને અનુકરણ કરવા યોગ્ય બની તેમને પાવન કરે છે.

આવા પવિત્રાત્મા સંત-સાધુજનોવડે જ પૃથ્વી રત્નગર્ભા લેખાય છે. તેમના ઉત્તમ ગુણાનુભાવવડે વિષય-કષાય અને વિકથાદિક પ્રમાદથી વિરકત, સદા સર્વત્ર સુખદાયી એવું સુંદર સંયમબળ આપણામાં સ્ફુરો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ. ૨૦૯ ]

## આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મવિવેક પ્રગટ કરવા પાંચ બોલ.

૧. આપણો આત્મા સ્ફટિક રત્ન જેવો નિર્મળ છતાં જેમ તે સ્ફટિક રાતા, કાળા ફૂલના સંબંધથી રાતું-કાળું દેખાય છે, તેમ શુભાશુભ કર્મના સંબંધથી આત્મા પણ રાગ-દ્વેષના પરિણામને પામે છે. કોઇ ચતુર માણસ યુક્તિથી એ ફૂલ કાઢી નાખે તો સ્ફટિક જેવું ને તેવું જ નિર્મળ દેખાય છે તેમ પુરુષાર્થ ફોરવી કર્મ-ઉપાધિને દૂર કરતાં રાગ-દ્વેષ પરિણામ ટળી જઇને આત્મા શુદ્ધ-વિશુદ્ધ પરમાત્મસ્વરૂપ થઇ રહે છે. પુરુષાર્થ કે વીર્યશકિતનો આવો સારો ઉપયોગ કરવાને બદલે રાગ-દ્વેષ વધ્યા જ કરે તેવાં કર્મો કર્યાં કરવા એ મહા-

દુઃખદાયક છે, એટલે કે આપણી શક્તિનો ગેરઉપયોગ નહીં કરતાં સદુપયોગ જ કરવો જોઇએ.

૨. જો સત્સંગ–ઉત્તમ સમાગમયોગે સદ્બોધ મેળવી આપણી અનાદિની તરલવાળી અજ્ઞાનદશા–અવિદ્યા દૂર કરવા પ્રયત્નો કરીએ અને જ્ઞાની પુરુષોનાં એકાંત હિતકારી વચનોનું મનન કરી તે આપણા મનમાં રુચવીએ અને તેમ કરી દૃઢ શ્રદ્ધા–વિશ્વાસથી અદ્ભુત બળ–પરાક્રમ ફેરવીને રાગ–દ્વેષ, મોહાદિક દુઃખદાયક દોષસમૂહને દૂર કરવા મથન કરીએ તો થોડા વખતમાં સુખદાયક ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષાદિક સદ્ગુણો આપણા હૃદયમાં દાખલ થવા પામે અને એમ થવાથી વારંવાર કરવા પડતાં જન્મ–મરણાદિક અનંત દુઃખ–દાવાનળમાંથી ક્રમે ક્રમે બચીને છેવટે શાશ્વત–મોક્ષસુખમાં ઠરવાનું બને.

૩. જેમ બને તેમ પંચ પ્રમાદરૂપી મદિરાના પાશમાંથી છૂટીને પરવશતાની દુઃખદાયી બેડીમાંથી મુક્ત થવા દૃઢ પ્રયત્ન કરવા ભૂલવું નહીં. પ્રમાદ–મદિરાથી જીવ પોતાનું ભાન ભૂલી જઇ–પરવશ બની જઇ મહાદુઃખ અનુભવે છે. સ્વતંત્રતાના બહાને સ્વચ્છંદપણું સેવવું અને શાસ્ત્રજ્ઞ મહાશયોની હિત-શિખામણની અવગણના કરવી એ જ મોટો પ્રમાદ છે. હિત-સુખ–શ્રેય અને કલ્યાણકારી માર્ગનો અનાદર કરી અહિત–અસુખ અને અશ્રેયકારી દુર્ગતિનો માર્ગ આદરવો એ જ મહાપ્રમાદ જાણવો. જે વડે અત્યંત મૂંઝાઇ જઈ જીવ મોહમાં ચકચૂર થઇ જાય તે જ પ્રમાદ છે.

૪. મદ્ય, વિષય, કષાય, નિદ્રા ( આળસ ) અને વિકથા–એ પાંચ મુખ્ય પ્રકારના પ્રમાદ છે, અર્થાત્ પહેલું મદ્ય એટલે

માદક પદાર્થો–મદ ઉપજાવનાર દારુ, ગાંજો વિગેરે વ્યસનો સેવવા, બીજું વિષય–પાંચ ઇંદ્રિયોના ગુલામ બની જઇ તુચ્છ વિષયસુખમાં લોલુપતા કરવી, ત્રીજું કષાય–ક્રોધ, અહંકાર, છળ, કપટ ને લોભ–તૃષ્ણાને વશ થઇ જવું, ચોથું નિદ્રા–શરીરાદિકની શુભ શક્તિનો કશો સદુપયોગ નહીં કરતાં જડ-ભરતની જેમ ઘણી નિદ્રામાં પડ્યા રહેવું, શુભ કામમાં આળસ (ઉપેક્ષા) કરવી અને અશુભ કામ કરવામાં પહેલ કરવી, પાંચમું વિકથા–જે વાતથી સ્વપરનું કશું હિત થાય એમ ન હોય પણ કેવળ હાનિ જ થાય તેમ હોય છતાં તેવી નકામી વાતો–રાજકથા, દેશકથા, ભોજનકથા, શૃંગારકથા વિગેરે કુથલી કરવામાં જ વખત વ્યતીત કરવો. એને જ્ઞાની પુરુષો સદા દુઃખદાયક **પ્રમાદાચરણ** કહે છે. અજ્ઞાન, મિથ્યાત્વ પ્રમુખ દોષસમૂહનો પણ પ્રમાદાચરણમાં સમાવેશ થઇ શકે છે તેમાંથી બચવું–પ્રમાદરહિત બની રહેવું એ આત્મરક્ષાનો સરલ ઉપાય છે.

૫. જુઓ '**આત્મઘાતી મહાપાપી**' પૂર્વે મહાપુરુષોએ ઉક્ત દુષ્ટ પ્રમાદવૈરીનો ત્યાગ કરવા–તેનો પરાભવ કરવા અને તેને નિર્મૂળ કરવા બને તેટલો પુરુષાર્થ ફોરવવા આપણને ધર્મશાસ્ત્રોમાં ઉપદેશ આપેલો છે; તેને અનુસરીને જ આપણે ચાલવું જોઇએ. સમ્યગ્જ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સમ્યગ્ આચરણરૂપ ચારિત્ર એ જ પ્રમાદ મહાવૈરીને વશ કરવાનો મુખ્ય ઉપાય છે. અનિત્ય, અશુચિ અને જડ એવા આ શરીરાદિક પદાર્થોની સહાયથી બની શકે તેટલી કુશળતાથી નિત્ય, શાશ્વત અને પવિત્ર એવું આપણું જ્ઞાનાદિ ચૈતન્યસ્વરૂપ પ્રગટ કરી લેવું એ જ બુદ્ધિ પામ્યાનું ઉત્તમ ફળ છે. બુદ્ધિ-બળથી વિચારશક્તિ ખીલી શકે છે, તેથી સત્યાસત્ય, હિતાહિત,

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય, કર્તવ્યાકર્તવ્ય અને ગુણ-દોષાદિકનું હેય, જ્ઞેય તથા ઉપાદેય સ્વરૂપ સમજી શકવાનો વિવેક પ્રગટે છે. તે તે વાતનું વિશેષ પૃથક્કરણ થતાં પ્રગટેલી અને વૃદ્ધિ પામતી વિવેક કળાયોગે ચેતન પોતાની ઉચિત મર્યાદામાં આવી જાય છે એટલે પછી ચેતન અનુક્રમે આત્મજ્ઞાન, આત્મ-દર્શન (શ્રદ્ધા) અને આત્મરમણતારૂપ પવિત્ર ત્રિપુટીનો સુયોગ પામી, તેનું સમ્યગ્ સેવન–આરાધન કરીને અનેક ભવ્યાત્માઓને ઉપગારી બની, અંતે અક્ષય–અવ્યાબાધ મોક્ષપદ પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૩, પૃ. ૨૬૪ ]

---

# पढमं नाणं तओ दया

## પ્રથમ જ્ઞાન ( સમજ ) પછી દયા ( અનુકંપા )

હિંસા અને અહિંસાના ભેદ ડહાપણથી સમજવા યોગ્ય છે.

**प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा**—વિષય કષાયાદિક પ્રમાદવશ મન, વચન અને કાયાથી સ્વપર પ્રાણનો અંત કરવો તે હિંસા કહેવાય છે.

આવી દુષ્ટ હિંસાનો જ્યાં અભાવ હોય તેને જ **અહિંસા** અથવા **દયા** જાણવી. આપણે સૌ દયા અથવા અહિંસાનો લાભ ઇચ્છીએ ખરા, પરન્તુ તેવો લાભ ઇચ્છતા આપણે આપણા વર્તનમાં કેટલા સાવધાન રહેવું જરૂરનું છે તે હિંસા કે અહિંસાની સામાન્ય વ્યાખ્યા ઉપરથી જ સ્પષ્ટ સમજી શકાય એવું છે. મૂળ વ્યાખ્યામાં આવેલ ‘ પ્રમત્તયોગ ’નો ખૂબ ખ્યાલ રાખવાની જરૂર છે. **પ્રમત્તયોગ** એટલે પ્રમાદ-વાળા યોગ–પ્રમાદયુક્ત યોગ. તે કયા ? સામાન્યતઃ મદ

( Intoxication ), વિષયાસક્તિ ( Sensual appetite ), ક્રોધાદિક કષાય, નિદ્રા–આળસ અને વિકથા–નકામી કુથલી એ પ્રમાદરૂપ કહેલ છે. ટૂંકામાં કહીએ તો નિષ્કારણ બંધુરૂપ સર્વજ્ઞ વીતરાગદેવે આપણા એકાન્ત હિત માટે જે કંઈ હિત–આચરણ કરવા માટે ઉપદેશ્યું છે તે હિતોપદેશનો આપ-મતિથી અનાદર કરી, સ્વચ્છંદપણે ચાલવું, ખાવું–પીવું વિગેરે મોજ માણવી એને જ શાસ્ત્રકાર **પ્રમાદ** કહે છે. અજ્ઞાન મિથ્યાત્વાદિક દોષ માત્રનું પોતાની જ બેદરકારીથી સેવન કર્યા કરવું તે પણ પ્રમાદરૂપ જ લેખાય. ઉક્ત પ્રમાદવાળાં મન, વચન કે કાયા કહો કે વિચાર, વાણી અને આચાર કહો તે જ પ્રમાદયોગ એટલે પ્રમાદયુક્ત મન, વચન અને કાયાના વ્યાપાર જાણવા. આવા પ્રમાદાચરણથી પોતાના કે પરાયા પ્રાણનો અંત કરવામાં આવે તેનું નામ હિંસા. એ પ્રાણ બે પ્રકારનાં–**દ્રવ્ય** ને **ભાવ**રૂપ કહ્યાં છે. શ્રોત્રાદિક પાંચ ઇંદ્રિયો, મનબળ, વચનબળ ને કાયાબળ, શ્વાસોશ્વાસ અને આયુષ–એ દશને દ્રવ્ય પ્રાણસંજ્ઞા તથા જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય–શક્તિને ભાવપ્રાણની સંજ્ઞા આપવામાં આવી છે, દ્રવ્યપ્રાણનો નાશ થાય તે **દ્રવ્યહિંસા** અને ભાવપ્રાણનો નાશ–લોપ થાય તે **ભાવહિંસા** જાણવી. એ બંને પ્રકારની હિંસા તજવા યોગ્ય છે, પરન્તુ દ્રવ્યહિંસા કરતાં ભાવહિંસા અત્યંત દુષ્ટ કહી છે. જે રીતે સ્વપર ભાવહિંસાના દોષથી બચી શકાય અને સ્વપર ભાવ-પ્રાણોની રક્ષારૂપ ભાવદયાનો લાભ થાય તેવા લક્ષપૂર્વક સ્વપર દ્રવ્ય–પ્રાણની પણ રક્ષા કરવા સતત સાવધાન રહેવું ઉચિત છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૨૭૦ ]

# નિર્દંભપણે ધર્માચરણ કરવું તે જ હિતકારી છે.

૧. સારી રીતે વિચારી જોતાં જો મહાવ્રતોનો ભાર વહી શકાશે નહિં એમ જણાય તો પછી કેવળ લોકરંજન માટે સાધુવેશ રાખવો એ હિતકારી નથી.

૨. શુદ્ધ ચારિત્રપાત્ર સાધુ સ્વાત્મહિત કરી શકે છે અને શુદ્ધ શ્રદ્ધાદિક ગુણયુક્ત ગૃહસ્થ-શ્રાવક પણ આત્મહિત કરી શકે છે અને ચારિત્રમાં શિથિલ છતાં સંવિજ્ઞપક્ષી ( શુદ્ધ સાધુ ગુણનો રાગી ) સાધુ પણ સ્વહિત સાધી શકે છે.

૩. ચારિત્રમાં શિથિલ છતાં જે વડે કર્મની નિર્જરા થાય છે તે સંવિજ્ઞપક્ષી સાધુના લક્ષણ સંક્ષેપથી આવી રીતે કહેલાં છે.

૪. તે શુદ્ધ સંયમ માર્ગનાં વખાણ કરે, પોતાના શિથિલ આચારની નિંદા કરે અને સાધુ સમીપે પોતે સહુથી લઘુ ( અતિનમ્રભાવે ) રહે.

૫. સકળ સુસાધુઓને પોતે વંદન કરે, પણ પોતાને વંદાવે નહિ; પદસ્થને દ્વાદશાવર્ત વંદન કરે પણ પોતાને કરાવે નહિં; સ્વાર્થને માટે કોઇને દીક્ષા આપે નહિ પણ સામાને પ્રતિબોધી સુસાધુને સમર્પણ કરે.

૬. શિથિલાચારી સાધુ સ્વાર્થને માટે બીજાને દીક્ષા આપે છે અને તે સ્વપરનું બગાડે છે, સામાને દુર્ગતિમાં નાંખે છે અને પોતે ભવસાગરમાં ડૂબે છે.

૭. જેમ શરણાગતનો કોઇ વિનાશ કરે તેમ આચાર્ય પણ શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા કરતા પાપ બાંધે છે, એમ સમજી ભવભીરુપણે શુદ્ધ પ્રરૂપણા (અને બને તેટલી શુદ્ધ આચરણા) કરવી ઘટે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ૭, ૭૭ ]

# શ્રી જંબૂકુમાર અને દશવિધ યતિધર્મ.

धन्योऽयं सुरराजराजिमहितः श्रीजम्बूनामा मुनि-
स्तारुण्येऽपि पवित्ररूपकलिते यो निर्जिगाय स्मरम् ।
त्यक्त्वा महिनिबंधनं निजवधूसम्बन्धमत्यादरात्,
मुक्तिवरस्त्रीवरसंगमोद्भवसुखं लेभे मुदा शाश्वतम् ॥ १ ॥

ઇંદ્રોની શ્રેણિવડે પૂજા-સત્કાર પામેલા થી જંબૂ નામના મુનિ ધન્ય કૃતપુણ્ય છે કે જેમણે પવિત્ર રૂપયુક્ત યૌવન વયમાં પણ કામનો જય કર્યો અને મોહ-ઉત્પત્તિના નિદાનરૂપ નિજ સ્ત્રી-સંબંધનો ત્યાગ કરીને અતિ આદરપૂર્વક મોક્ષરૂપી સ્ત્રીના શ્રેષ્ઠ સંબંધજનિત શાશ્વત સુખનો હર્ષથી ભેટો કર્યો. જંબૂકુમાર જેવા શ્રેષ્ઠ સજ્જનો છતા વિષયભોગનો પણ ત્યાગ કરે છે અને કેટલાક ભારેકર્મી જીવો અછતા ભોગની પણ અભિલાષા રાખે છે ત્યારે જંબૂકુમાર જેવા મહાપુરુષનું અદ્ભુત ચરિત્ર દેખીને ( યા સાંભળીને ) પ્રભવ ચોર જેવા પ્રતિબોધ પામી જાય છે અર્થાત્ વિષયભોગનો ત્યાગ કરે છે. દુર્ગતિમાં પડતાં પ્રાણીને ધારી રાખી સદ્ગતિમાં જોડી આપવાનું સામર્થ્ય ધર્મમાં છે. સર્વજ્ઞ ભગવાને કહેલો તે ધર્મ દશ પ્રકારનો છે; અને તે ધર્મ મોક્ષ માટે થાય છે. આ પ્રમાણે સમજીને જ અનેક ભવ્યાત્માઓ શ્રી જંબૂકુમારની પેઠે અવિનાશી સુખ મેળવવા માટે સંયમ માર્ગનો આશ્રય લઇ, સદ્ગુરુને આધીન રહી, વિનય-બહુમાનપૂર્વક શુશ્રૂષાદિક ઉત્તમ ગુણ ધારી, સમ્યક્ શ્રુતજ્ઞાનનો દૃઢ અભ્યાસ કરી, ક્ષમાદિક ઉત્તમ ગુણોને ધારણ કરી, વિવિધ પ્રકારનાં બાહ્ય અભ્યંતર તપવડે આત્મદમન કરી, રાગ-દ્વેષ અને મોહાદિક દોષોનું

ઉન્મૂલન કરી અંતે અવિચળ મોક્ષપદ પામે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા ( સમતા ), ઉત્તમ પ્રકારની મૃદુતા ( નમ્રતા ), ઉત્તમ પ્રકારની ઋજુતા ( સરલતા ), ઉત્તમ પ્રકારની નિર્લોભતા, ઉત્તમ પ્રકારની તપસ્યા, ઉત્તમ પ્રકારનો સંયમ ( ઇંદ્રિય અને કષાયાદિકના જયવડે આત્મનિગ્રહ ), ઉત્તમ પ્રકારનું સત્ય, ઉત્તમ પ્રકારનું શૌચ ( પ્રમાણિકપણું–પવિત્રપણું ), ઉત્તમ પ્રકારનું નિર્મમત્વ અને ઉત્તમ પ્રકારનું બ્રહ્મચર્ય એ દશવિધ યતિધર્મ મોક્ષ માટે કહેલ છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૪, પૃ. ૨૯૯ ]

## શિવસુખનો સરલ ઉપાય

**जत्थ य विसयविराओ, कसायचाओ गुणेसु अणुराओ।**
**किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥**
**[ यत्र च विषयविरागः, कषायत्यागो गुणेष्वनुरागः ।**
**क्रियास्वप्रमादः, स धर्मः शिवसुखोपायः ॥ ]**

‘ જેમાં **વિષયવિરાગ** ( ત્યાગ ) વર્તે છે, **કષાયનો ત્યાગ** કરવામાં આવે છે, **ગુણ–ગુણી** ઉપર **અનુરાગ**–પ્રેમ પ્રવર્તે છે અને **સત્ક્રિયા–કરણી** કરવામાં પુરુષાર્થ ફોરવવામાં આવે છે તે ધર્મ' **શિવસુખ–મોક્ષ** પ્રાપ્ત કરવાનો અચૂક ઉપાય છે, તે ધર્મ અચૂક મોક્ષસુખ આપી શકે છે.

**વિવેચન**—વિવિધ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ ઇંદ્રિયોના વિષયો ઉપર જીવને અજ્ઞાન અને મોહવશ અગાધ–અનંતા પ્રીતિ–મમતા લાગેલી હોય છે તે સમ્યગ્જ્ઞાન અને વિવેકના પ્રભાવથી ઓછી થઇ શકે છે. વિષયસુખમાં

આસક્તિ યા ગૃદ્ધતાથી રાગ–દ્વેષ યા કષાયની વૃદ્ધિ થાય છે અને તેવાં તુચ્છ વિષયસુખનો ત્યાગ યા અનાદર કરવાથી રાગ–દ્વેષ યા કષાયની મંદતા થતી જાય છે. જેમ કાંટાવડે કાંટો કાઢી શકાય છે તેમ પ્રશસ્ત વિષયરાગવડે અપ્રશસ્ત વિષયરાગ દૂર કરી શકાય છે અને પછી પ્રશસ્ત રાગાદિક પણ સ્હેજે દૂર થઈ શકે છે. વિવેકવડે જ્ઞાન–વૈરાગ્યને ધારણ કરી, તુચ્છ–ક્ષણિક વિષયસુખનો અનાદર કરી અતુચ્છ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા, ક્રોધાદિક કષાયોનો જય કરવા દૃઢ પ્રયત્ન કરવો જોઇએ.

**કષાયત્યાગ**—જેમ વિવિધ ફૂલના સંયોગથી સ્ફટિક રત્ન વિવિધ રંગનું જણાઇ આવે તેમ વિવિધ ( શુભાશુભ ) કર્મયોગે આત્મા પણ સ્વાભાવિક રૂપને તજી રાગ–દ્વેષાદિક વિભાવિક સ્વરૂપને ધારણ કરતો જણાય છે; પરન્તુ સાથે લાગેલ ફૂલને દૂર કરતાં સ્ફટિક રત્ન સહજ સ્વાભાવિક રૂપને પામે છે તેમ કર્મ–ઉપાધિ દૂર થતાં જ આત્મા, રાગાદિક વિભાવિક રૂપને તજી શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપને જરૂર પ્રાપ્ત થાય છે, તેથી રાગ–દ્વેષાદિક દોષોને દૂર કરવા અને સમતાદિક સદ્ગુણોને ધારણ કરવા ક્રોધાદિક કષાય માત્રનો તેમજ તેવાં નબળાં નિમિત્તોનો ત્યાગ કરી ગુણાનુરાગ ધારવો જોઈએ.

**સદ્ગુણાનુરાગ**—સદ્ગુણ ને સદ્ગુણી ઉપર જેમ જેમ પ્રેમ વધતો જાય છે તેમ તેમ આપણું હૃદય તે તે સદ્ગુણને આકર્ષવા અને પ્રગટ કરવા યોગ્ય–લાયક બને છે. જેમ મેઘને દેખી મોર અને ચંદ્રને દેખી ચકોર ખુશી ખુશી થાય છે તેમ સદ્ગુણીને દેખી દિલમાં રાજી રાજી થવું જોઇએ. જેમ પુષ્પાદિક સુગંધી વસ્તુની સુગંધ પવન સ્વાભાવિક રીતે જ દૂર સુધી વિસ્તારે છે તેમ સદ્ગુણાનુરાગી જનો સદ્ગુણીના સદ્-

ગુણોને પ્રશંસી પ્રશંસી ચોતરફ પ્રસારતાં રહે છે. સજ્જનોમાં એ ગુણ સ્વાભાવિક હોય છે. જેઓ એવા ગુણોને પ્રશંસવાને બદલે વખોડે છે–નિંદે છે, અવગણે છે તેઓ દુર્જનની કોટિમાં લેખાય છે અને અંતે તેઓ અધોગતિને પામે છે. જો કે તેઓ બગલાની પેઠે બહારથી સફાઇ દેખાડે છે, પરન્તુ અંતરથી બહુ જ મેલા હોય છે. ફક્ત સજ્જનો જ હંસની માફક બંને રીતે ઉજળા હોય છે. દ્દઢ ગુણાનુરાગથી આપણા હૃદયમાં ઉત્તમ ગુણો દાખલ થઇ શકે છે, એટલે એવા સદ્ગુણો પ્રગટાવવા આપણે પાત્ર બનીએ તેવો સદુદ્યમ–પુરુષાર્થ સેવવા, તેનું સાક્ષાત્ ફળ પામવા આપણે ભાગ્યશાળી થઇએ.

**સત્કરણીમાં અપ્રમાદ**–જો દ્દઢ સંકલ્પ–બળથી, સદ્ભાવના-યુક્ત ખંતથી આપણે સત્કરણીમાં મચીએ તો તે સત્કરણીથી પામવા યોગ્ય ઉત્તમ ફળ શીઘ્ર મળી શકે છે. તે જ કરણી જો મંદ પરિણામથી મંદ આદરવડે કરવામાં આવે તો તેનું ફળ મેળવવામાં ઘણો જ વિલંબ થાય છે, તેટલી લાંબી ધીરજ ટકી શકતી નથી, અને નિરાશ બની વચમાં જ કરણી રઝળતી મૂકાય છે, તો તેના ફળથી બેનશીબ રહેવાય છે, તેથી શિવ-સુખ યા મોક્ષસુખ મેળવવાની દ્દઢ ઇચ્છાવાળા બંધુઓ અને બહેનોએ પ્રમાદ રહિત સત્કરણી કરવી જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૬, પૃ. ૩૬૫ ]

## સાધુજીવનની રૂપરેખા.

ક્ષમા ( સમતા–સહનશીલતા ), મૃદુતા ( નમ્રતા–સભ્યતા ), ઋજુતા ( સરલતા–નિર્લોભતા ), શૌચ ( શુદ્ધ–પવિત્રતા ), સંયમ

(આત્મનિગ્રહ), ત્યાગ (અસંગતતા–નિર્ગ્રંથતા–બંધનમુક્તિ), સત્ય, તપ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહી (અમૂર્ચ્છા) એ દશવિધ સાધુ-ધર્મ સારી રીતે સરહસ્ય સમજીને મુમુક્ષુજનોએ આદરવો.

૧. ધર્મનું મૂળ દયા છે અને ક્ષમા રહિત હોય તે દયા આદરી શકતો નથી, તેથી જે સદા ક્ષમાળુ હોય તે જ ઉત્તમ અહિંસા ધર્મને સાધી શકે છે.

૨. સર્વ સદ્‌ગુણો વિનયને આધીન વર્તે છે, અને વિનય ગુણ મૃદુતા વગર આવતો નથી, તેથી જેનામાં સંપૂર્ણ નમ્રતા વસે છે તે સદ્‌ભાગી સર્વગુણભાગી–સર્વગુણનો અધિકારી થાય છે.

૩. દંભી–કપટીની શુદ્ધિ થઈ શકતી નથી. અશુદ્ધ–મલિન આત્મા ધર્મને આરાધી શકતો નથી. ધર્મનું યથાર્થ આરાધન કર્યા વગર મોક્ષ થતો નથી અને મોક્ષ ઉપરાંત કોઈ શ્રેષ્ઠ સુખ નથી.

૪. ભાવ શૌચને બાધ ન આવે તેવો દ્રવ્ય શૌચ ઉપકરણ, ભાત, પાણી અને દેહ પરત્વે આદરવા કાળજીપૂર્વક પ્રયત્ન કરવો ઘટે.

૫. હિંસા, અસત્યાદિક પાંચ આશ્રવોથી વિરમવું, પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિક કષાય માત્રનો જય કરવો તથા મન, વચન ને કાયાને કાબૂમાં રાખવા–એ સત્તર પ્રકારનો સંયમ સેવવો.

૬. બાંધવ, ધન અને ઇંદ્રિય સંબંધી બાહ્ય સુખનો અનાદર કરવાથી ભય તથા વિરોધ રહિત થયેલો ત્યાગી સાધુ અહંતા અને મમતાના ત્યાગથી ખરો નિર્ગ્રંથ લેખાય છે.

૭. પૂર્વાપર અવિરુદ્ધ વચન વદવું ( પ્રિય, પથ્ય ને સત્ય જ કહેવું ) અને મન, વચન, કાયા( વિચાર, વાણી ને આચાર )માં અબંધકતા હોવી એ ચાર પ્રકારનું સત્ય શ્રી જિનેશ્વરના શાસનમાં છે. અન્ય સ્થળે તેવું સત્ય સંભવતું નથી.

૮. અનશન ( ઉપવાસાદિક ), ઊનોદરી ( અલ્પ ભોજન કરવું ), વૃત્તિસંક્ષેપ ( થોડી વસ્તુઓથી ચલાવી લેવું ), રસ-ત્યાગ, કાયક્લેશ ( દેહદમન ) અને સંલીનતા ( કાચબાની પેઠે અંગગોપન અથવા એકાન્તવાસ )–એ છ પ્રકારે બાહ્ય તપનું સેવન કહ્યું છે. કરેલ પાપની આલોચના, ધ્યાન, વૈયાવચ્ચ, વિનય, ઉત્સર્ગ અને સ્વાધ્યાય–એ છ પ્રકારે અભ્યંતર તપ સેવનીય છે.

૯. દિવ્ય ( દેવ સંબંધી) તથા ઔદારિક (મનુષ્ય અને તિર્યંચ સંબંધી ) વિષયભોગથી સર્વથા નિવર્તવારૂપ બ્રહ્મચર્ય કહ્યું છે.

૧૦. અધ્યાત્મવાદીઓ ખરેખર મૂર્છાને જ પરિગ્રહ કહે છે, તેથી વૈરાગ્ય–રંગીને અસંગતા–નિર્ગ્રંથતારૂપ ઉત્કૃષ્ટ ધર્મ કહ્યો છે. ઉક્ત દશવિધ ધર્મના દૃઢ અભ્યાસીને ગમે તેવા આકરા રાગ, દ્વેષ અને મોહનો નિગ્રહ કરતાં વાર લાગતી નથી.

આ દશવિધ યતિધર્મનો સંક્ષિપ્ત સાર નીચે પ્રમાણે તારવી શકાય—

૧. ક્ષમા ( સમતા ) જ ચારિત્રનો ખરો કસ–નિચોળ છે.

૨. કમળ જેવી મૃદતા વજ્ર જેવા માનને ક્ષણમાં ગાળી નાખે છે.

૩. વિચાર, વાણી ને આચારમાં સર્વ રીતે સરલતા રાખ-નારનું જ કલ્યાણ સુલભ છે.

૪. દરેક રીતે અંતઃકરણની શુદ્ધિ કરવા લક્ષ રાખવું જોઈએ.

૫. સંયમ જ સુખનું મૂળ છે. આત્મનિગ્રહવડે જ દુઃખની મુક્તિ છે.

૬. બાહ્ય–અંતર સર્વ પરિગ્રહ છાંડવાથી જ નિઃસંગી રહી શકાય છે.

૭. સર્વ પ્રકારે અવિરુદ્ધ(શાસ્ત્ર)વચન સર્વજ્ઞદેશિત હોય છે, તેને યથાર્થ અનુસરનાર કોઇ સ્થળે સ્ખલના પામતો જ નથી.

૮. અભ્યંતર તપની રક્ષા અને પુષ્ટિ થાય તેવો બાહ્ય તપ અવશ્ય કરવો.

૯. કામને તર્યો તે દુઃખને તર્યો, તેથી જ સાચો બ્રહ્મચારી પૂજનીય છે.

૧૦ મૂર્છા–મમતા રહિત નિર્ગ્રંથ સાધુ દુનિયામાં કોઇ સ્થળે લેપાતો નથી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૬, પૃ. ૩૮૦. ]

---

## સંયમ: સાચું સુખ અને સ્વચ્છંદતા સર્વ દુઃખનું મૂળ

સુખના અર્થીજનોએ સંયમ સેવવાની ભારે જરૂર છે. તે સંયમ મનનો, ઇંદ્રિયોનો, કષાયોનો, વાણીનો અને કાયાનો નિગ્રહ તથા હિંસા, અસત્યાદિક પાપાશ્રવોનો પરિહાર કરવાવડે જ બને છે. નબળા–નિર્માલ્ય જેવા નકામાં વિચારોને આવતા અટકાવવા અને સુંદર–સમર્થ વિચારોને જ અંતરમાં સ્થાન આપી મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થતા ભાવના–બળને પોષણ આપવું, ઉચ્છૃંખલ ઘોડાની પેઠે અવળે માર્ગે દોરી જનારા ઇંદ્રિયોરૂપી અશ્વોને જ્ઞાન–લગામવડે કબજે

રાખવા સુપ્રયત્ન કરવો, ક્ષમા, સમતા, સહનશીલતા, મૃદુતા–નમ્રતા, ઋજુતા–સરલતા અને સંતોષરૂપી અમોઘ ઉપાયો-વડે ક્રોધાદિક કષાયોને દૂર કરવા, પ્રિય, પથ્ય અને સત્ય વાણીનો જ પ્રયોગ કરવો; દરેક ક્રિયા કરતાં જયણા–દયા માતાને ન જ વિસારવી, કેમકે જયણાવડે જ ધર્મની ઉત્પત્તિ, રક્ષા અને વૃદ્ધિ થવા પામે છે, તથા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને નિર્મમત્વ ભાવનું સેવન કરીને હિંસાદિક દુષ્ટ દોષોનું નિવારણ કરવું. આનું નામ જ સંયમ અથવા આત્મનિગ્રહ. આવા સંયમ અથવા આત્મનિગ્રહવડે વિષયતૃષ્ણા યા તુચ્છ કામનાઓ દૂર થાય છે, અને સંતોષ-વૃત્તિની વૃદ્ધિ થાય છે. તૃષ્ણાથી દુઃખની અને સંતોષથી સુખની વૃદ્ધિ થવા પામે છે. તુચ્છ કલ્પિત ક્ષણિક વિષયસુખની ખાતર ખરું પુષ્કળ અખૂટ સુખ જતું કરવું ન ઘટે. તેમ છતાં મોહ-મુગ્ધ જનો તેમ કરે છે. આ દરિયા જેવડી ગંભીર ભૂલ ખરા તત્ત્વ( આત્મ )જ્ઞાનવડે જ ભાંગે છે. તેવડે ખરા સુખની અને ખરા માર્ગની પ્રતીતિ થતાં સાચો માર્ગ પકડાય છે, જેથી અનુક્રમે દુઃખનો અંત અને સ્વાભાવિક સુખની પ્રાપ્તિ થઇ શકે છે. સ્વચ્છંદતાના ત્યાગથી સર્વસુખના મૂળરૂપ સંયમની સર્વને પ્રાપ્તિ થાઓ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૬, પૃ. ૩૮૨ ]

---

## સિદ્ધચક્ર આરાધનની આવશ્યકતા.

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સાધુ, ૬ દર્શન, ૭ જ્ઞાન, ૮ ચારિત્ર અને ૯ તપ–એ નવ પદને

સિદ્ધચક્રના નામથી ઓળખવામાં આવે છે. યથાવિધિ આયં-બિલ તપ કરી, મન, વચન અને કાયાની શુદ્ધિ રાખવાથી **મયણાસુંદરી** અને **શ્રીપાળ**ની માફક એનું આરાધન કરી શકાય છે. દરેક **આસો** અને **ચૈત્ર** શુદિ સાતમથી પૂનમ સુધી નવ દિવસ નવ–નવ આયંબિલ સાડાચાર વર્ષ સુધી કરતાં એ તપ-વિધિ પૂરો થાય છે. એ તપનો મહિમા જગ-જાહેર છે. ગમે તેવા કોઢાદિક રોગોને ટાળનાર તથા વિઘ્ન-માત્રને દૂર કરી સુખશાંતિ આપનાર એ તપ આબાળગોપાળ સર્વને કરવા લાયક છે. જો પૂર્ણભાવ–ઉત્સાહથી એનું સેવન કરાય તો ચિંતામણિરત્ન, કામકુંભ, કલ્પવેલી અને કામધેનુની પેઠે તે અપૂર્વ લાભ આપે છે. ઇંદ્રિયો અને મનનું દમન કરી શુદ્ધ પરિણામે તેનું આરાધન કરાય છે, ઘણે ભાગે ગમે ત્યાં વસતા જૈનો (સાધુઓ તેમજ ગૃહસ્થો) તેનું સદ્ભાવથી સેવન કરે છે. શ્રીપાળ ચરિત્ર કે રાસાદિકમાં તેનું વિશેષ વર્ણન કરેલું હોઈ ખાસ તેવા પ્રસંગે તેનું શ્રવણ, મનન અને પરિશીલન કરવામાં અધિક આદર થતો જોવામાં આવે છે. સુખશીલ જનો પણ પૂર્ણ પ્રેમ–ભક્તિભાવથી એનો લાભ લેવા ઉમેદ રાખે છે. બાળ અને વૃદ્ધો પણ તેમાં ઉત્સાહભેર પ્રવૃત્તિ કરતા દેખાય છે. **ફક્ત જડવાદથી રંગાયેલી આંગ્લ કેળવણી પામેલા નવયુવાનો ઘણે ભાગે આના અપૂર્વ લાભથી વંચિત રહે છે**; કેમકે તેનું ઊંડું રહસ્ય જાણવા તેઓ બહુ જ ઓછી દરકાર રાખે છે.

ઉક્ત નવપદનું ઊંડું રહસ્ય સમજવા દરેક નવયુવાને અવશ્ય પ્રયત્ન કરવો ઘટે. તેના રહસ્યના જાણ ગુરુજનની સેવા–ઉપાસના કરી એ **નવપદમય** સ્વાત્માને બરાબર પિછાણવો

જોઇએ, એ આત્મામાં જ છૂપાઈ રહેલી અનંત જ્ઞાનાદિક ઋદ્ધિ–સમૃદ્ધિની યથાર્થ શ્રદ્ધા–પ્રતીતિ કરવી જોઇએ અને એ અનંતી આત્મસંપત્તિને સ્વાધીન (પ્રગટ) કરવા પૂર્ણ ઉત્સાહથી સર્વજ્ઞ–વીતરાગ પ્રભુનાં વચનાનુસારે પુરુષાર્થયોગે સંયમ–ચારિત્રનું યથાર્થ પાલન કરવું જોઇએ. ખરા ( સ્વાભાવિક ) સુખના અર્થી સહુને સદ્બુદ્ધિયોગે ઉક્ત નવપદનું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાપૂર્વક સેવન કરવા હૃદયબળ આપો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૭, પૃ. ૨૨૭ ]

## મહાવીર પ્રભુની જયંતિ કેમ ઉજવાય ?

વહાલા શાસનપ્રેમી ભાઇઓ અને બહેનો ! ઉપરનો પ્રશ્ન ભારે ગંભીર અને અર્થસૂચક છે, તેની તમે સહુ સરલ ભાવે તમારા અંતઃકરણને જ પૂછી ખાત્રી કરશો, છતાં કોઈપણ ખરો પ્રભુભક્ત તેનો ઉત્તર પૂછે તો તેને વળતું કહી શકાય કે– ‘ મહાવીર પ્રભુના એકાંત હિતકર વચનામૃતો હૈયે ધરી યથા· શક્તિ પણ દૃઢતાથી તેમના પુણ્ય પગલે ચાલવાથી પ્રભુની જયંતિ ઉજવી શકાય, પછી ભલે તે ત્યાગી સાધુ સાધ્વી હોય કે ગૃહસ્થ શ્રાવક–શ્રાવિકા હોય, તેમાંનાં દરેકે કાયરતા, ખોટી દીનતા, ડરપોકતા તજી દઇને સત્ત્વશાળી–પુરુષાતની બનવું જ જોઇએ. પોતપોતામાં રહેલી ખામીઓ–શિથિલતાઓ–પ્રમાદાદિક દૂર કરવા જાગૃત થવું જ જોઈએ. હવે આપણે નકામા વાયદા કર્યા કરી વખત ગાળવો ન જ જોઈએ. જે ખરા હિતકર માર્ગે આપણું નિશ્ચિત હિત થવા ખાત્રી થાય તે માર્ગે શંકા અને સંકોચ રાખ્યા વગર ચાલવું જોઈએ; નકામાં

ચુંથણું ચુંથવામાં અમૂલ્ય અવસર વીતાવવો ન જોઇએ. આપણે સહુ સુખને જ ચાહીએ છીએ ખરા, પરન્તુ સુખપ્રાપ્તિનો ખરો માર્ગ આદરવામાં કેટલી ઢીલ-ઉપેક્ષા કરીએ છીએ ? પૂર્વના સત્ત્વશાલી જીવો ભલે થોડું જ કરતા તો પણ દૃઢ ટેકથી જે કંઈ હિતરૂપ આદરતા તેને પાર પાડતા. આજ આપણે લોભવશ ઘણું કરવા મથીએ છીએ પણ પ્રમાણમાં સારું, હિતરૂપ બહુ જ થોડું કરી શકીએ છીએ. પૂર્વનાં જીવોનાં આયુષ્ય મોટાં હતા અને તેમ છતાં તેઓ કરેલી પ્રતિજ્ઞાને ઠેઠ સુધી નિભાવતા. અત્યારે આઉખાં ટૂંકાં છે છતાં ઠેઠ સુધી બરાબર ટેક જાળવી શકાતી નથી. કંઈક સહજ અડચણ નડતાં ડગી જવાય છે. હિત સાધવા ઇચ્છનાર ભાઈ-બહેનોએ તો એમ કરવું પાલવે જ નહીં. ખરું સુખ મેળવવાનો માર્ગ વિકટ છતાં સતત અભ્યાસ અને વૈરાગ્યયોગે સુલભ થાય છે. નીચે જણાવેલી હિતકર બાબતોને રુચિપૂર્વક સર્વેએ આદરવી જોઇએ.

૧. સારી ખેડ કરવા ઇચ્છતો ખેડૂત જેમ પહેલાં ક્ષેત્રમાંથી નકામાં જાળાં-ઝાંખરાં કાઢી નાંખી, જમીનને સાફ-ચોકખી કરી નાખે છે તેમ આપણા અંતઃકરણમાં મુત્કળપણે જે જે દોષો-પાપ પ્રવૃત્તિઓ પેદા થયેલ હોય તે સર્વને કાઢી નિર્મળ કરવા પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ.

૨. આપણી હૃદયભૂમિને ખેડી એવી સાફ-ચોકખી-શુદ્ધ બનાવી લેવી જોઇએ કે તેમાં વિનય, વિવેક, દયા, ક્ષમા, સરલતા, સંતોષાદિક સદ્‌ગુણોરૂપી સદ્‌બીજોની વાવણી સહેજે થોડી મહેનતે ખીલી નીકળી અનંત લાભ આપી શકે. આળસ-પ્રમાદ તજી, સાચો અવંચક પ્રયત્ન કરવાથી જ એવું ઉત્તમ પરિણામ નિપજાવી શકાય. સાચા મહાવીર સંતાનોને એમ જ

કરવું છાજે. જેનામાં અધિક વીર્ય–સામર્થ્ય હોય તે શુદ્ધ પ્રેમભાવથી પોતાના સ્વધર્મી જનોને યોગ્ય શક્તિ ધીરીને તેમને સચેત–જાગૃત કરે, ખરા શાસનપ્રેમી જનો સ્વાર્થાંધ ન જ બને. તેઓ તો બને તેટલી નિઃસ્વાર્થપણે શાસનસેવા કરીને જ સંતોષ માને. એવા શુદ્ધ શાસનપ્રેમી સજ્જનોની બલિહારી છે. કેવળ સ્વાર્થાંધ શાસનદ્રોહી જનો તો ભૂમિને ભારભૂત જ બની બધી શુભ સામગ્રીને એળે ગુમાવી દે છે.

૩. સર્વને આપણા આત્મા સમાન લેખી, અનુકૂળ આચરણથી સંતોષવા, સ્વાર્થાંધ બની પ્રતિકૂળ આચરણથી કોઇને પરિતાપ ઉપજાવવો નહીં.

૪. આપણાથી અધિક સુખી ને સદ્દગુણી જનોને દેખી દિલમાં રાજી થવું, લેશમાત્ર ખેદ પામવો નહીં. આપણે પણ સુખી તેમજ સદ્દગુણી બનવા બનતો પ્રયત્ન કરવો. આપણામાં જડ ઘાલી બેઠેલી અનેક પ્રકારની કુટેવો છોડયે જ છૂટકો છે.

૫. બીજાના અવગુણ સામું નહીં જોતાં કેવળ ગુણ સામે જ દૃષ્ટિ રાખવામાં હિત છે.

૬. આપણા વિચાર, વાણી અને આચારને જેમ બને તેમ શુદ્ધ–નિર્દોષ બનાવવા.

૭. મન, ઇંદ્રિય અને પાપયોગનો નિગ્રહ કરી સાવધાનપણે સ્વપરહિત સાધી લેવું.

[ જૈ. ધ. પ્ર. પુ ૩૮, પૃ. ૪૩ ]

# ભગવાન મહાવીરનું તપ

શ્રી સુધર્માસ્વામી કહે છે:—

હે આયુષ્મન્ જંબૂ ! શ્રી મહાવીર ભગવાનની તપશ્ચર્યાનું વર્ણન મેં જેમ સાંભળ્યું છે તેમ તને કહી સંભળાવું છું. તે શ્રમણ ભગવાને ઉદ્યમવંત થઈ, સંસારનાં દુઃખ સમજી, પ્રવ્રજ્યા લીધી અને તે જ દિવસે હેમંત ઋતુની ઠંડીમાં જ બહાર ચાલી નીકળ્યા. તે કડકડતી ઠંડીમાં વસ્ત્રથી શરીર ન ઢાંકવાનો તેમનો દૃઢ સંકલ્પ હતો અને જીવનપર્યંત મુશ્કેલીઓ ઉપર વિજય મેળવનાર ભગવાન માટે તે ઉચિત જ હતું.

અરણ્યમાં વિહરતા ભગવાનને નાના મોટા અનેક જંતુઓએ ચાર મહિના સુધી ઘણો ત્રાસ આપ્યો અને એમના લોહી-માંસ ચૂસ્યા.

તેર મહિના સુધી ભગવાને વસ્ત્રને ખભા ઉપર જ રાખી મૂક્યું. પછી બીજે વર્ષે શિશિર ઋતુ અડધી વ્યતીત થતાં તે છોડીને ભગવાન સંપૂર્ણ અચેલક-વસ્ત્ર રહિત થયા.

વસ્ત્ર ન હોવા છતાં સખત ટાઢમાં તેઓ હાથ લાંબા રાખીને ધ્યાન ધરતા, ટાઢને કારણે કોઈ દિવસ તેમણે હાથ બગલમાં ઘાલ્યા નથી. કોઈ કોઈ વાર શિયાળામાં તો છાયામાં જ બેસીને ધ્યાન ધરતા અને ઉનાળામાં તાપમાં જ ખુલ્લે દિલે ઉભડક બેસી ધ્યાન ધરતા.

તે વખતે શિશિર ઋતુમાં હિમાળુ વા વાવાને લીધે અનેક લોકો તો કંપ્યા જ કરતા અને કેટલાક સાધુઓ એ વખતે હવાના ઉપદ્રવ વિનાનું સ્થાન શોધતા, કેટલાક કપડાવડે શરીર

ઢાંકવાનો વિચાર કરતા અને કેટલાક લોકો લાકડાં પણ બાળતાં. તે વખતે જિતેંદ્રિય અને શરીરસુખની આકાંક્ષા વિનાના તે ભગવાન એ શીતને ખુલ્લામાં રહીને સહેતા. કોઇ વાર ઠંડી અસહ્ય થઇ પડે ત્યારે ભગવાન સાવધાનપણે રાત્રે બહાર નીકળીને ઊભા રહેતા. વસ્ત્ર વિનાના હોવાથી તૃણના સ્પર્શો, ટાઢના સ્પર્શો, તાપના સ્પર્શો અને ડાંસ તથા મચ્છરના સ્પર્શો એમ અનેક પ્રકારના કઠોર સ્પર્શો ભગવાન મહાવીરે સમભાવે સહ્યા હતા.

રસ્તે ચાલતાં ભગવાન આગળ આગળ પુરુષની લંબાઇ જેટલા માર્ગ ઉપર દૃષ્ટિ રાખીને આડુંઅવળું ન જોતાં ચાલવાના માર્ગ તરફ જ જોઇને સાવધાનીથી ચાલતા. તે વખતે કોઇ બોલાવે તો પ્રાય: બોલતા જ નહીં, કદી બોલતા તો ઘણું જ ઓછું બોલતા અને દૃષ્ટિને સ્થિર કરીને અંતર્મુખ રહેતા. ઉજ્જડ ઘર, સભાસ્થાન, પરબો અને હાટડાંઓ એવાં સ્થાનોમાં ભગવાન કોઇ વાર રહેતા તો કોઇ વાર લુહારની કોઢમાં કે પરાળના ઢગલાઓ પાસે, તો કોઇ વાર ધર્મશાળાઓમાં, બગીચાઓમાં, ઘરોમાં કે નગરમાં રહેતા હતા. કોઇ સ્મશાનમાં, શૂન્ય ઘરમાં કે ઝાડની નીચે રહેતા હતા. આ રીતે એ પૂજ્ય શ્રમણે ૧૨ વર્ષ કરતાં વધારે સમય વીતાવ્યો, તે વર્ષો દરમીયાન રાતદિવસ યત્નવાન રહીને ભગવાન અપ્રમત્તપણે સમાધિપૂર્વક ધ્યાન કરતા. પ્રભુનું આવું જીવનચરિત્ર અવગાહી તેનું જેટલું બને તેટલું અનુકરણ કરાય તો કેવું સારું ?

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૬, પૃ. ૭૪ ]

# વિવેક કળા જાગે તો જીવન સફળ થાય

ઉત્તમ જીવોએ બને એટલો સત્સંગ અને સત્શાસ્ત્રનો પરિચય સેવવો-વધારવો યોગ્ય છે. વર્તમાન કાળમાં મુગ્ધ જનોને જ્ઞાન તથા શાંતિ સાથે સંબંધ રહ્યો નથી. મતાચારે મારી નાખ્યા છે.

**આશય આનંદઘનતણો, અતિ ગંભીર ઉદાર;**
**બાળક બાંહે પ્રસારીને, કહે ઉદધિ વિસ્તાર.**

ભગવતી-આરાધના જેવા પુસ્તકો તથાવિધ યોગ્યતાવાળા મહાત્માઓને તથા મહાવ્રતધારી મુનિરાજોને યોગ્ય છે. એવા ગ્રંથો અનેરી યોગ્યતાવાળા જેવાતેવાને આપવાથી લાભને બદલે ઊલટો અલાભ થાય છે. ખરા મુમુક્ષોને જ એ લાભકારી છે.

મોક્ષમાર્ગ એ અગમ્ય તેમજ સરળ છે. શી રીતે ? તે યથાર્થ સમજવું ઘટે છે.

**અગમ્ય**—માત્ર રાગ-દ્વેષાદિક વિભાવદશાને લીધે મતભેદો પડવાથી કોઇ સ્થળે મોક્ષમાર્ગ યથાર્થ સમજાય એવું રહ્યું નથી, અને તેને લીધે વર્તમાનમાં તે અગમ્ય છે. માણસ મરી ગયા પછી અજ્ઞાનવડે નાડ ઝાલીને વૈદું કરવાના ફળની બરાબર મતભેદ પાડવાનું વિષમ ફળ થયું છે અને તેથી મોક્ષમાર્ગ સમજાય તેવો રહ્યો નથી.

**સરળ**—મતભેદની કડાકૂટ જવા દઈ જો આત્મા અને પુદ્ગળ વચ્ચે વહેંચણ કરી, શાન્તતા અનુભવવામાં આવે તો મોક્ષમાર્ગ સરળ છે; દૂર નથી.

અનેક શાસ્ત્રો છે, તે એકેક વાંચ્યા પછી તેનો નિર્ણય

કરવા માટે બેસવામાં આવે તો તે હિસાબે પૂર્વાદિકનું જ્ઞાન તથા કેવલજ્ઞાન કેમે પ્રાપ્ત થાય નહીં અર્થાત્ કોઈ દિવસ પાર આવે નહીં, પણ તેની સંકલના છે અને તે શ્રીગુરુદેવ બતાવે છે કે જેથી અલ્પ સમયમાં તથાવિધ યોગ્યતાવંત મહાત્માઓ તેનો પાર પામી શકે છે.

આ જીવે નવ પૂર્વ સુધી જ્ઞાન મેળવ્યું તો પણ કાંઇ સિદ્ધિ થઇ નહીં તેનું કારણ વિમુખદશાએ પરિણામ પામેલ છે. તે જો સન્મુખ ભાવે પરિણમે તો તત્ક્ષણ સિદ્ધ–મુક્ત થાય.

પરમ શાન્તરસમય ‘ ભગવતી આરાધના ’ જેવા એક જ શાસ્ત્રનું સારી રીતે પરિણમન થયું હોય તો બસ છે. તેનું રાગાદિની ગ્રંથી તૂટે એવું એક પણ પદ–વાક્ય–જ્ઞાન શ્રેષ્ઠ છે.

આ કાળમાં સંઘયણ સારાં નથી, આયુષની કંઇ નિશ્ચયપૂર્વક સ્થિતિ નથી, માટે જેમ બને તેમ આત્મહિતની વાત તરત જ કરવી, મુલ્તવી રાખવાથી ભૂલ થાય છે ને ખોઇ બેસાય છે. આવા સાંકડા ( વિષમ ) સમયમાં તો છેક જ સાંકડો સંયમ માર્ગ ગ્રહણ કરી લેવાય તો તેથી જ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવથી વીતરાગ ભાવ પ્રગટ થવા પામે.

કામ–ક્રોધ–લોભાદિ કોઇક જ વાર આપણાથી પરાભવ પામે છે, નહીં તો ઘણી વાર આપણને થાપ મારી દે છે. એટલા માટે બનતાં સુધી જેમ બને તેમ ત્વરાથી તેમને તજવા સાવધાન રહેવું. જેમ વહેલું થવાય તેમ કરવું. શૂરવીરપણાથી તેવા તરત થવાય છે.

વર્તમાનકાળમાં દૃષ્ટિરાગી–દૃષ્ટિરાગાનુસારી માણસો વિશેષપણે વર્તે છે.

જો ખરા વૈદની પ્રાપ્તિ થાય અને તેના વચનાનુસારે વર્તવામાં આવે તો વ્યાધિનો જલ્દી અંત આવે છે, તેમ જો ખરા જ્ઞાની ગુરુની પ્રાપ્તિ થાય તો રાગ–દ્વેષાદિક દુષ્ટ વિકાર ટળી જઈ, આત્માની શાન્તિ ઘણી જ સુગમતાથી અને સહજમાં થાય છે.

તપ–સંયમાદિક ક્રિયા કરવામાં તત્પર એટલે અપ્રમાદી થવું. પ્રમાદ કરીને ઊલટા કાયર થવું નહીં.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૮૪ ]

---

## સર્વસાધારણ વ્યવહારુ હિતશિક્ષા.

સહુ મન સુખ વંછે, દુઃખને કો ન વંછે,
નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઈહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે ?,
અતિ આળસ તજીને, ઉદ્યમ ધર્મ કીજે. ૧

ઈહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે,
ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે ?;
ધરમ નવિ કરે જે, આયુ આળે વહાવે,
શશિ નૃપતિ પરે તે, શોચ ના અંત પાવે. ૨

**ભાવાર્થ**—જગતમાં સહુ કોઈ સુખની જ વાંછના કરે છે, કોઈ પણ દુઃખની વાંછના કરતા નથી. સહુને સુખમય જીવન જ જીવવું વ્હાલું લાગે છે, પરંતુ એવું સુખ, દયા, દાન અને દમ( સંયમ )રૂપ ધર્મસેવનવડે જ પ્રાપ્ત થઇ શકે છે. અને એવો ઉત્તમ ધર્મ સાધી લેવાની ઉમદા–અમૂલ્ય તક આ માનવ દેહમાં જ પામી શકાય છે; છતાં પ્રમાદવશ પડી, સ્વચ્છંદતા આદરી, મળેલી દુર્લભ તકને કેમ ફોગટ ગુમાવી

દેવાય છે? ફરી ફરી આવી ઉમદા તક હાથ આવતી નથી, તેથી આળસ-પ્રમાદ તજી, પુરુષાતન ફોરવી ધર્મકરણી કરવી ઘટે. ૧.

ધર્મ સાધન કર્યાવગર જે દિવસ ગુમાવ્યા તે પાછા આવતા નથી, તેથી આવો અમૂલ્ય સમય પ્રમાદવશ ફોગટ ગુમાવી દેવો જોઇએ નહીં. તેમ છતાં જે મુગ્ધ જનો ધર્મસાધન કર્યા વગર આયુષ્યને વૃથા ગુમાવે છે તેમને પાછળથી ભારે પસ્તાવો કરવો પડે છે, પરંતુ પસ્તાવાથી કંઇ વળતું નથી. સંસાર-ચક્રમાં જન્મ-મરણના ફેરા ફરવા પડે છે, માટે ચેતન! ચેત, ચેત, જાગૃત થા અને આળસ ઊડાડી, યથાશક્તિ સ્વવીર્ય ફોરવી ધર્મસાધન કરી લે. ધર્મ-સંબલ ( ભાથું ) સાથે બાંધી લઇશ તો આગળ અધિક સુખી થઇ શકીશ. તે વગર પર-ભવમાં તને કોઇ ત્રાણ-શરણ કે આધાર નથી, માટે જાગૃત થા, જાગૃત થા. ખોટી માયા-મમતામાં લપટાઇ જઇ જો કશું હિત-સાધન કરી લઇશ નહીં તો અંતે પારાવાર શોચ-પસ્તાવો કરવો પડશે અને ભવિષ્ય બગડી જશે; માટે જો સવેળા ચેતી, ઉત્તમ ધર્મસાધન કરી લઇશ તો જરૂર પોતાનું ભવિષ્ય સુધારી અધિક સુખશાળી થઇ શકીશ. ૨.

પરહિત કરવા જે, ચિત્ત ઉચ્છાહ ધારે,
પરકૃત હિત હૈયે, જે ન કાંઇ વિસારે;
પ્રતિહિત પરથી જે, તે ન વંછે કદાઈ,
પુરુષ રયણ સોઇ, વંદીએ સો સદાઈ. ૧

નિજ દુઃખ ન ગણે જે, પારકું દુઃખ વારે,
તેહતણી બલિહારી, જાઇએ કોડી વારે;
જિમ વિષધરકેરી, ડંક પીડા સહીને;
વિષધર જિન વીરે, બુઝવ્યો તે વહીને. ૨

**ભાવાર્થ**:—સ્વહિત સમજીને પરહિત કરવા જે મહાનુભાવ વનમાં ઉત્સાહ ધારે અને યથાશકય પરહિત કરવામાં ખામી ન રાખે, બીજાએ કરેલો આપણી ઉપરનો ઉપકાર હૃદયમાં ધારી રાખે–વિસારે નહીં અને તક મળતાં પ્રત્યુપકાર કરવાનું ન ભૂલે, વળી આપણાથી જે કંઇ પરનું હિત થઇ શકયું હોય તેનો બદલો લેવા કદાપિ ન વાંછે, તે રત્નપુરુષ સદા ય વંદન કરવા યોગ્ય લેખાય. ૧. જે પોતાને દુઃખ આવી પડે તે સમભાવે સહન કરે અને પરનું દુઃખ યથાશક્તિ નિવારે તેવા પુરુષરત્નોની બલિહારી જઇએ. જુઓ ! પ્રભુ મહાવીરે ચંડકોશીયા નાગની ડંક–પીડા સહન કરી, તેને પ્રતિબોધ પમાડી, તેનો ઉદ્ધાર કર્યો. ૨.

તીર્થંકરો અને ગણધરો વગેરે મહાપુરુષો જે આ માનવદેહાદિકની દુર્લભતા બતાવે છે તે આવી રીતે યથાશક્તિ સ્વ-પરહિતકારી ધર્મસાધન કરી લેવાના પવિત્ર હેતુથી જ. તે પ્રમાણે પ્રમાદ તજીને જે વર્તે તેમનો આ માનવભવ એક અમૂલ્ય ચિન્તામણિ રત્ન સમો લેખવવા યોગ્ય છે. તેઓ સ્વ-પરહિતકારી કાર્યો કરી, આ માનવદેહને સાર્થક કરે છે.

પૂર્વકૃત ધર્મના જ પ્રભાવે સારી સ્થિતિ પામ્યા છતાં જે મંદમતિ જનો તે ઉપગારી ધર્મનો અનાદર કરે છે તેવા કૃતઘ્ન–સ્વસ્વામીદ્રોહ જનોનું શ્રેય શી રીતે થઇ શકે ? ન જ થઇ શકે, એમ સમજી સુજ્ઞ–ચકોર ભાઇ બહેનોએ પવિત્ર ધર્મ આચરણ સેવીને આ દુર્લભ માનવદેહને સાર્થક કરી લેવો. પ્રમાદ તજીને જે નિજ હિત સાધી શકે છે તે પરહિત પણ કરી શકે છે. ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષાદિક

દશવિધ સાધુ-ધર્મની દૃઢ ભાવના રાખી, મૈત્રી, મુદિતા, કરુણા અને માધ્યસ્થ ભાવનાને યોગે બની શકે તેટલું રુડું સ્વાશ્રયી જીવન ગાળવું ઘટે.

## સ્વાશ્રયી જીવન જીવવાનું પુરુષાર્થવંતને સુશક્ય છે

ઉત્તમ ગૃહસ્થ જનોએ તેમજ ત્યાગી સાધુ-સંતોએ પોતાનાં જીવનમાં કરવા યોગ્ય સત્કાર્યો સ્વાશ્રય યોગે સતત ઉત્સાહ અને ખંતથી આળસ તજીને કરવા જોઇએ. ખંતથી સદુદ્યમ સેવનાર શીઘ્ર સ્વકાર્યસિદ્ધિપૂર્વક સહેજે સકળ સુખ-સંપદા પામી શકે છે અને પ્રાપ્ત થયેલી આ દુર્લભ માનવદેહાદિક અમૂલ્ય સામગ્રીને સફળ કરી શકે છે. વળી તે મહાનુભાવો ગુણ-વિકાસમાં આગળ ને આગળ વધતા જાય છે. એટલે તેઓ સર્વત્ર આદરને પાત્ર બને છે અને અન્ય કઈક ભવ્યાત્માઓને સ્વઉત્તમ ચારિત્ર-બળે સન્માર્ગમાં જોડી શકે છે. તીર્થંકર ગણધર પ્રમુખ મહાપુરુષોની પેઠે તેઓ સ્વકલ્યાણ સાધી અન્ય ભવ્યજનોને કલ્યાણસાધનમાં પુષ્ટ નિમિત્ત ( આલંબનરૂપ ) બને છે. તેમનું પરમ પવિત્ર ચરિત્ર અનેક આત્માર્થી જનોને આદર્શરૂપ બને છે. ગુણ-ગુણીનો સર્વત્ર આદર કરાય છે. સદ્ગુણો સર્વત્ર પૂજા-સત્કારને પાત્ર બને છે, પૂજાય છે અને મનાય છે. કહ્યું છે કે—**गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं न च वयः ।** ગુણી જનોના ગુણો જ પૂજાપાત્ર છે, કેવળ લિંગ ( વેશ ) કે વય પૂજાપાત્ર નથી.

કાયર જનો કંઈ પણ સત્કાર્ય, પ્રતિજ્ઞાદિક ભંગ થવાના ભયથી આદરતા જ નથી, મધ્યમ જનો તે તે કાર્યનું મહત્ત્વ માની તેનો આદર કરે છે પરંતુ કંઇ વિઘ્ન-ઉપદ્રવ આવે ત્યારે

કાયર બની તેને તજી દે છે; જ્યારે ખરા દક્ષ-ડાહ્યા-ચકોર જનો સમજપૂર્વક ગ્રહણ કરેલી પ્રતિજ્ઞાને, ગમે તેવાં વિઘ્ન-ઉપદ્રવો આવી પડે તો પણ અંત સુધી ખંડિત થવા દેતા નથી. બહાદૂરીથી તેનો નિર્વાહ કરે છે. પ્રથમ જ તપાસો કે તમે જે સત્કાર્ય કરવા સંકલ્પ-દૃઢ નિશ્ચય કર્યો છે તે ડહાપણભર્યો છે કે નહીં ? અને જો તે સંકલ્પ ડહાપણભર્યો જ હોય તો ગમે તેવાં વિઘ્ન ઉપસ્થિત થાય તો પણ તેમાંથી લેશમાત્ર ડગશો નહીં-ચલાયમાન થશો નહીં-તેમાં પૂરેપૂરા અડગ જ રહેજો. ધૈર્યપૂર્વક ખંત-ઉદ્યમ જારી રાખવાથી ગમે તેવાં દુષ્કર કાર્યો પણ સુખે સાધી શકાય છે. **“ ચાકરી વગર ભાખરી નથી. ઉદ્યમ કર્યા વગર ફળ મળવાનું નથી. જેવું વાવશો એવું લણશો. જેવું મન ઘાલશો તેવું કમાશો. આપ સમાન બળ નહીં અને મેઘ સમાન જળ નહીં. જાત-મહેનત ઉપર જ વિશ્વાસ રાખો. સ્વાશ્રયી બનો. બીજાના ઉપર વિશ્વાસ રાખી બેસી આળસને વધારશો નહીં. ”**

નિયમિત કાર્ય કરવાની ટેવથી બહુ સરળતા-અનુકૂળતા થવા પામે છે, તેથી તમારા દરેક કાર્યમાં બને તેટલા નિયમિત થઇ રહેવા પ્રયત્ન કરો. સરળતાથી સારી રીતે કાર્ય કરવા જેવી બીજી કોઈ સરસ પદ્ધતિ નથી. નિયમિત કામ કરનારાઓ ગમે તેટલાં કામ પ્રસન્નભાવે કરી શકે છે અને અનિયમિત કામ કરનાર એકાદ કામ કરવામાં પણ નાસીપાસ થઇ જાય છે.

લક્ષપૂર્વક નિયમિત કામ કર્યા પછી તન-મનને જે

વિશ્રાન્તિ મળે છે તેમાં જ ખરી મીઠાશ આવે છે; કેમકે તેથી આત્મ-સંતોષ પ્રાપ્ત થાય છે-ચિત્ત પ્રસન્ન થાય છે. અનિયમિત-પણે કામ કરનારને આત્મસંતોષને બદલે બહુધા બળાપો થયા કરે છે, એટલે તેનું ચિત્ત અપ્રસન્ન અને ઉદાસ રહે છે.

નિયમિત કામ કરનારને નિજ કાર્યશક્તિમાં શ્રદ્ધા બની બની રહે છે, તેથી તે ધાર્યું કામ ઉત્સાહપૂર્વક સારી રીતે બજાવી શકે છે; તેનાથી તદ્દન ઊલટું અનિયમિત કામ કરનાર આળસુ બને છે. આ વાત સ્વાનુભવસિદ્ધ, દીવા જેવી અને સ્પષ્ટ સમજી શકાય એવી છે.

કોઇ પણ અગત્યના કામ કરવા ઇચ્છનારે પ્રથમ પહેલાં તેવી **યોગ્યતા** મેળવવા મથવું જોઈએ (First deserve & then desire). **યોગ્યતા મેળવી લેવાય તો કાર્ય-સિદ્ધિ સુલભ થવા પામે એ નિર્વિવાદ સિદ્ધ છે. કારણ વગર કાર્યની સિદ્ધિ થઈ શકે જ કેમ ?** માટે જ કહેવામાં આવે છે Try, try and try : **ઉદ્યમ કરો, ઉદ્યમ કરો, ઉદ્યમ કરો.** ઉદ્યમ કરવાવડે જ અંતરાય તૂટશે. ઉદ્યમ કર્યા છતાં તત્કાળ ફળપ્રાપ્તિ-કાર્યસિદ્ધિ થવા ન પામે તો તેથી નિરુત્સાહ થઇ જવું નહીં. ધીરજ ધરીને ફળપ્રાપ્તિ કરવી. સિદ્ધિ થતાં સુધી અડગ ઉત્સાહથી ઉદ્યમ કરી આગળ ને આગળ વધતા જવું; એટલે અંતે ફળપ્રાપ્તિ-કાર્યસિદ્ધિ પણ અવશ્ય થશે જ. ઉદ્યમ સાથે નશીબ યારી આપે છે તો તત્કાળ પણ ફળ-પ્રાપ્તિ થઇ શકે છે. સતત ઉદ્યમ કર્યા છતાં ફળ ન મળે તો જ દૈવને દોષ દેવો, તે પહેલાં દૈવને કે કાળને દોષ દઇ નિરુદ્યમી બની બેસવું નહિ. ગંભીર અને મહત્ત્વનાં કામ બહુ

વિવેકથી ને ધૈર્યથી કરવાં જોઇએ. તેમાં ફળપ્રાપ્તિ માટે અધીરા થવું નહીં. કહ્યું પણ છે કે–Patience and persivearance overcome mountains–અર્થાત્ ધૈર્ય અને ખંતથી ગમે તેવાં મહત્ત્વનાં કામ પણ પૂરાં કરી શકાય છે. બાકી તે વગર તો Haste is Waste અતિ ઉતાવળ અને અધીરાઇ કરવી તે અતિહાનિરૂપ નીવડે છે.

શ્રીમાન્ **આનંદઘનજી** જેવા આત્મજ્ઞાની–અધ્યાત્મી પુરુષો એવો જ બોધ આપે છે કે '**સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ**' સેવા–ભક્તિ અને પરમાર્થપરાયણતા માટે પ્રથમ–પહેલાં જ ભય, દ્વેષ અને ખેદરૂપ દોષત્રયનો ત્યાગ કરવો જોઇએ. જેમાં પરિણામની ચંચળતા–અસ્થિરતા વર્તે એ જ **ભય**, અરુચિ થવા પામે એ જ **દ્વેષ** અને એવી ઉત્તમ પ્રવૃત્તિ કરતાં થાકી જવાય એ જ **ખેદ**. સતત અભ્યાસયોગે સ્થિતિ પરિપાક થયે છતે એ દોષત્રય વિલય પામે છે અને આંતર–વિવેકદષ્ટિ ખુલે છે. પછી ગુણમણિના નિધાનરૂપ સંત–મહંતને પિછાણી, તેમનો પરિચય કરી, સ્વચિત્તશુદ્ધિ કરી શકાય છે, જેથી સઘળી કરણી સફળ થઇ શકે છે. અને એ રીતે સરલ મન–વચન–કાયાથી કરાતી શુદ્ધ કરણીવડે સત્ય ફળરૂપ ઉત્તમોત્તમ મોક્ષસુખ પણ પ્રાપ્ત થઇ શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૦ ]

## સત્ય તત્ત્વનો સ્વીકાર.

૧. કપાળમાં કેશરનો ચાંદલો (તિલક) કરનારને તે જગ્યાએ લાંબે વખતે કાળો ડાઘ પડી જાય છે તે સ્પષ્ટ રીતે

દેખી શકાય છે. એટલી ચામડી કેશરથી જ કાળી ન પડતી હોય તો બીજા શા કારણથી કાળી (દગ્ધ જેવી થઇ પડેલી) જણાય છે તેનો વિચાર કરવો ઘટે. જો ખૂદ કેશરમાં તેવી ગરમી કરવાનો સ્વભાવ માનવા મન ના કબૂલ થતું હોય તો તે કેશરમાં તેજાબ જેવી કોઈ તીક્ષ્ણ ગરમ અને અનિષ્ટ વસ્તુનું મિશ્રણ થતું કે થયેલું તો વગર આનાકાનીએ માનવું જ પડશે.

૨. પ્રભુની પ્રતિમાને અંગે સોના-રૂપાદિક ધાતુના ચાંદલા ચોડવાનો રિવાજ થોડાંક વર્ષોથી જ પ્રચલિત થયેલો સુપ્રસિદ્ધ છે, તેમજ કેટલેક સ્થળે પહેલી પૂજા કર્યા બાદ તરત જ ચાંદીનું ખોળું ચડાવી દેવાનો રિવાજ શરૂ થયેલ જોવાય છે.; તેથી સમજી શકાય છે કે-જોતજોતામાં ગમે તેવું કેશર વધારે પ્રમાણમાં પૂજા પ્રસંગે વાપરવાનું શરૂ થયું ત્યારે જ એ બધી ઉપાધિ આદરવી પડી છે. પ્રભુના અંગે વિલેપન-પૂજા કરવાથી જે આત્મસંતોષ થાય તે કેવળ ચાંદલાં કે ખોળા ઉપર જ કરવાથી થઇ શકે ખરો ? તેમ છતાં તે બધું લગભગ ફરજીયાત થઈ ગયું છે.

૩. જુલ્મી ને ધર્માંધ રાજાઓના વખતમાં ભય કે ત્રાસથી કંટાળીને સેંકડો ગામે જિનબિંબો ભૂમિમાં પધરાવી દેવામાં આવેલા. અત્યારે જ્યારે તે જિનબિંબો પ્રગટ થાય છે ત્યારે તેમાંનાં કોઇ પ્રભુના અંગે તેવા ધાતુના ચાંદલા કે ખોળા ચઢાવેલા જોવા-જાણવામાં અદ્યાપિ આવ્યા કે આવતા નથી. તે શું સૂચવે છે ? તેનો સહૃદયી સજ્જનોએ વિચાર કરવો ઘટે.

૪. કોઇપણ ભૂમિમાંથી પ્રગટ થતાં જિનબિંબાદિકના અંગે મૂળ સ્વાભાવિક આકૃતિ ઉપરાંત ધાતુનિષ્પન્ન શ્રીવત્સ પ્રમુખ ચોડેલાં જોવા-જાણવામાં આવેલ છે ?

૫. તેમજ જડાવ, તંબોળ વિગેરે બાળજીવોએ બીજી વધારાની કંઇક વસ્તુઓ સાથે કયાંક ક્યાંક દાખલ કરી દીધેલી જણાય છે. એ બધું કયાં ને કેટલું સાધક–બાધક છે તેનો ખ્યાલ સરખો પણ એવા બાળજીવોને ભાગ્યે જ હોઇ શકે.

૬. બાળજીવોએ ગમે તેવી ભકિતની ધૂનમાં જે કંઈ મનગમતું દાખલ કરી દીધું તે બધું ગાડરિયા પ્રવાહને અંગે કાયમ નભાવ્યે જવું એ કેવું અને કેટલું અવિવેકભર્યું લેખાય ?

૭. પ્રભુદર્શન, પૂજા ને સ્તવનનો યથાર્થ વિધિ પણ વિરલા જ જાણતા હોય છે, તેથી થોડા જ તે પ્રમાણે આચરણ કરે છે અને બીજા બાળ–અજ્ઞાન જીવોને તેનો યથાર્થ વિધિ શાંતિથી સમજાવી આદર કરાવવા જેવો સફળ પ્રયત્ન તો ઘણા જ થોડા કરતાં હોય છે. એથી જ જયાં ત્યાં અવિધિ દોષ પ્રગટપણે સેવાતો જોવાય છે, છતાં તેની દરકાર કોણ કરે છે ? આજકાલ કહેવાતા ઉપદેશકો પણ પોતપોતાની ધૂન પ્રમાણે ઉપદેશ આપતા હોય છે. ખાસ સમયાનુસારી જરૂરનો બોધ આપી, બાળજીવોને યથાર્થ માર્ગે ચઢાવવાની દરકાર ભાગ્યેજ કરવામાં આવે છે; તેથી જ પ્રાયઃ ગાડરિયો પ્રવાહ વધારે પ્રમાણમાં વહેતો રહે છે.

૮. જે જિનેશ્વર ભગવાનનાં દર્શનાદિક કરવા જાય છે તેમને જ પૂંઠ દઇ પાછો વળતાં કેટલાં બધાં મુગ્ધ ભાઇ–બહેનો નજરે પડે છે ? દેરાસરની અંદર રહેલાં બે બાજુના બારણામાંથી વિવેકપૂર્વક નીકળવાની દરકાર સહુ સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકાએ કાયમ રાખવી ઘટે.

૯. એનસાઇકલોપીડીયા નામના ઈંગ્રેજી ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ જૂનો ઈંગ્રેજી લેખ વાંચી સમજી શકનારની ખાત્રી

બેશક થવી જ જોઇએ કે અનેક અસ્પૃશ્ય અનિષ્ટ વસ્તુઓનું જેમાં સંકોચ રહિત મિશ્રણ થયા કરતું હોય તેવું વિદેશી કેશર અને શુદ્ધ સ્વદેશી કાશ્મીરી કેશરના નામે જેમાં પારાવાર દગો ચાલી રહ્યો છે તેવું અશુદ્ધ ને બનાવટી નમાલું કેશર આપણાથી પ્રભુપૂજા પ્રસંગે વાપરી જ કેમ શકાય ? જેમને પોતાને કેશરમાં થતી ભ્રષ્ટતાની ખાત્રી થઇ હોય તેમની સ્પષ્ટ ફરજ છે કે બીજા અનેક લેભાગુઓ આપણા માટે શું બોલશે તેની અંશ માત્ર દરકાર રાખ્યા વગર પોતાના અંતઃકરણને જ સાક્ષી રાખીને, જેવી ને તેવી સત્ય હકીકત પોતાને સ્પષ્ટ સમજાઇ હોય તેની ખાત્રી કરી, સમાજની સમક્ષ રજૂ કરી, તેઓને સમજાવી સાચા માર્ગે દોરવા પ્રયત્ન કરવો.

૧૦. દારૂ, તેજાબ અને માંસ જેવી દુગંછનિક અસ્પૃશ્ય વસ્તુઓને આપણે જાતે ન આદરીએ તેવી નિંદનિક વસ્તુઓના મિશ્રણવાળું વિદેશી કેશર તેમજ શુદ્ધ સ્વદેશી કેશરના નામે જેમાં ભારે દગલબાજી ચાલી રહેલી વરતેજ લેબોરેટરીમાં નિઃસ્વાર્થભાવે તપાસ કરી જાહેર કરનાર પારેખ મૂળચંદ ઉત્તમચંદ ‘ **પ્રકાશ** ’ માં સ્પષ્ટપણે જણાવે છે તેવું નામનું જ સ્વદેશી ( કાશ્મીરી ) કેશર પણ પ્રભુના અંગે કેવળ ગાડરિયા પ્રવાહે ચઢાવ્યા કરવું વ્યાજબી લેખાય નહીં જ. તેમ છતાં જ્યાં ત્યાં નકામો શોરબકોર કરી, મુગ્ધ લોકોને આડું-અવળું સમજાવી પકડેલું ગદ્ધાપૂંછ ઝાલી રાખવા પરાણે ફરજ પાડવામાં આવે છે. તેવો ખોટો આગ્રહ-કદાગ્રહ કરનારા પોતાના જ ખાનપાનમાં એવી ભ્રષ્ટ વસ્તુઓની સેળભેળ થાય તો ચલાવી લેવાનું પસંદ કરશે ખરા કે ? નહીં જ.

૧૧. અનેક મૂળ આગમો કે સૂત્રોમાં કેવળ ઊંચા પ્રકા-

રના ચંદનનું જ વિલેપન કરવાનું દીવા જેવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે તો પછી આજકાલ બહુધા મળી શકતું ભ્રષ્ટ અને બનાવટી નમાલું કેશર પ્રભુના અંગે વાપરવા મુગ્ધ જનોને નકામો આગ્રહ કરવો એ અમારે મન તો આત્મદ્રોહ કે ધર્મ-દ્રોહ સમાન જણાય છે. નકામી ખેંચતાણ કરીને લોકોને ભમાવવા કે ધર્મની હાંસી કરાવવી એ ખરેખર લજ્જાસ્પદ છે. પ્રભુપૂજા અંગે ગમે તેવી અણુમોલી પવિત્ર વસ્તુનો મોહ ઉતારવા સંકોચ કરવો ન જ ઘટે, પરન્તુ જ્યાં તેવી પવિત્ર વસ્તુ જ મળી શકે અથવા કદાચ ક્યાંક થોડીઘણી મળી શકતી હોય તો તે તેના મૂળ રૂપમાં જળવાઇ રહેલી શુદ્ધ વસ્તુ તેવી પૂર્ણ કાળજીથી મેળવવાની દરકાર જ ન કરાય અને નકામી ધમાલ કે ભ્રમણા ઉપજાવવામાં જ બધી શક્તિનો દુર્વ્યય કરાય તો તે ખરેખર અક્ષમ્ય ને અસહ્ય જ લેખાય. નકામી મોટી ધમાલ મચાવીને પોતે પવિત્ર ધર્મની રક્ષા કરતા હોય તેવો ડોળ કરનાર પોતે જ પોતાને દયાજનક સ્થિતિમાં મૂકતા લાગે છે. ડુંગર જેવડી પોતાની ભૂલ પોતાને જણાતી નથી અને એ ભૂલ ભાંગતા ખરા પ્રેમથી સમજાવવા જનારને ઊલટા ખરાબ દેખાડવાનો નિર્બળ પ્રયત્ન કરવામાં આવે છે. જ્યાં સુધી જીવને અંતરલક્ષથી પોતાની ભૂલ જોવાની ને સુધારવાની દરકાર ન થવા પામે ત્યાં સુધી બાહ્ય દૃષ્ટિથી બીજાના ગુણને દોષરૂપ અને પોતાના દોષને ગુણરૂપ માનવારૂપ મિથ્યાત્વ યા બુદ્ધિવિપર્યાસ જ થવા પામે. આવી ભ્રમણા ભાંગી યથાર્થ તત્ત્વનું ભાન અને શ્રદ્ધાન થવાપૂર્વક તેનો આદર કરવા દરેક ભવ્યાત્મા ઊજમાળ બને એ અત્યંત ઇચ્છવા યોગ્ય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૪૫ ]

## સોળ વિદ્યાદેવીઓનાં વર્ણ, વાહન અને શસ્ત્રાદિ

૧. **રોહિણી**—ધવળ વર્ણ, સુરભિ ( ગાય ) વાહન, ચાર ભુજા, બે દક્ષિણ હાથમાં અક્ષસૂત્ર ( માળા ) ને બાણ, બે ડાબી ભુજામાં શંખ ને ધનુષ્ય.

૨. **પ્રજ્ઞપ્તિ**—શ્વેત વર્ણ, મયૂર વાહન, ચાર ભુજા, બે દક્ષિણ હાથમાં વરદ ને શક્તિ. બે ડાબી ભુજામાં માતુલિંગ ( બીજોરું ) ને શક્તિ.

૩. **વજ્રશૃંખલા**—શંખ જેવો ઉજ્જવળ વર્ણ, પદ્મ વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને શૃંખલા ( સાંકળ ), બે ડાબી ભુજામાં પદ્મ ને શૃંખલા.

૪. **વજ્રાંકુશી**—શ્વેત કનક વર્ણ, ગજ વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને વજ્ર, બે વામ ભુજામાં માતુલિંગ ને અંકુશ.

૫. **અપ્રતિચક્રા**—તડિત્ ( વીજળી ) જેવો વર્ણ, ગરુડ વાહન, ચાર ભુજા ને ચારેમાં ચક્ર.

૬. **પુરુષદત્તા**—કનક જેવાં ઉજ્જવળ વર્ણ, મહિષી-( ભેંસ )નું વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને અસિ, બે ડાબી ભુજામાં માતુલિંગ ને ખેટક ( ધનુષ્ય ).

૭. **કાળી**—કૃષ્ણ વર્ણ, પદ્મ વાહન, ચાર ભુજા, બે જમણી ભુજામાં અક્ષસૂત્ર ને ગદા, બે ડાબી ભુજામાં વજ્ર ને આલય.

૮. **મહાકાળી**—તમાલ જેવો (શ્યામ) વર્ણ, પુરુષ વાહન, ચાર ભુજા, અક્ષસૂત્ર ને વજ્રયુક્ત બે દક્ષિણ ભુજા, બે ડાબી ભુજામાં અભય ( ફળ વિશેષ ) ને ઘંટા.

૯. **ગૌરી**—કનક સમાન ~~ગૌર~~ વર્ણ, ગોધાનું વાહન, ચાર

ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને મુશળ, બે વામ ભુજામાં યક્ષમાળા ને કુવલય.

૧૦. **ગાંધારી**—નીલ વર્ણ, કમળાસન, ચાર ભુજા, બે જમણી ભુજામાં વરદ ને મુશળ, બે ડાબી ભુજામાં અભય ને કુલીશ (વજ્ર).

૧૧. **સર્વાસ્ત્રા-મહાજ્વાળા**—ધવલ વર્ણ, વરાહ વાહન, અનેક શસ્ત્રોયુક્ત ભુજા ( ભુજાની સંખ્યા દર્શાવી નથી. )

૧૨. **માનવી**—દેદીપ્યમાન શ્યામ વર્ણ, કમળાસન, ચાર ભુજા, બે જમણી ભુજામાં વરદ ને પાશ, બે ડાબી ભુજામાં યક્ષસૂત્ર ને વિટપ.

૧૩. **વૈરોટયા**—શ્યામ વર્ણ, અજગર વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં ખડ્ગ ને ઉરગ, બે વામ ભુજામાં ખેટક અને અરિ.

૧૪. **અચ્છુપ્તા**—તડિત્ ( વીજળી ) જેવો વર્ણ, તુરગ વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં ખડ્ગ ને બાણ ને વામ ભુજામાં ધનુ ને ખેટક.

૧૫. **માનસી**—ધવળ વર્ણ, હંસ વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને વજ્ર, બે વામ ભુજામાં અક્ષવલય અને અશનિ.

૧૬. **મહામાનસી**—ધવળ વર્ણ, સિંહ વાહન, ચાર ભુજા, બે દક્ષિણ ભુજામાં વરદ ને અસિ ને બે ડાબી ભુજામાં કુંડિકા અને ફલક.

શોભન સ્તુતિમાં આ સોળ વિદ્યાદેવીઓ પૈકી વૈરોટ્યા જણાવેલ નથી, પંદરના નામો જણાવ્યા છે. માનસીનો વર્ણ વીજળી જેવો અને મહામાનસીનો વર્ણ પીતળ જેવો જણાવ્યો છે.

( જૂના પાના પરથી ઉદ્ધૃત ) [ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૪૮ ]

# ધર્મને ઓળખ્યાનું ફળ શું ?

ધર્મને યથાર્થ સમજ્યાનું ફળ પોતે ધર્મી–ધર્મનિષ્ઠ થવું એ જ હોઇ શકે, નહીં કે ફક્ત ધર્મીમાં ખપવું–ધર્મીપણાનો ડોળ કરવો; દાંભિકતા આદરવી–શ્રી ઉપદેશમાળાકાર સ્પષ્ટ કહે છે કે–ખરા ધર્મ કે ધર્મીમાં માયા–કપટ–દંભરચના ન જ હોય, અર્થાત્ માયાવી–દંભી જનો ખરો ધર્મ ન પામી શકે. એટલે ખરા ધર્મના અર્થીજનોએ તો માયા–કપટ કે દંભરચનાથી દૂર જ રહેવાનું હોય, તે સિવાય ખરા ધર્મની પ્રાપ્તિ અને તેની રક્ષા તેમજ વૃદ્ધિ થઇ ન જ શકે. વસ્તુસ્થિતિ આમ હોવા છતાં દુનિયામાં મોટે ભાગે ઊલટું જ વર્તન જોવામાં આવે છે. ખરા ધર્મીજનો બહુ જ થોડા હોય છે. ધર્મ ધર્મીજનોમાં જ નિવસે છે. ખરા ધર્મના અર્થીજનો તેવા ધર્મીજનોની ખરી ધર્મકરણીની અનુમોદના–પ્રશંસાવડે બને તેટલા અનુકરણ કરનારા જ હોય છે, ત્યારે સ્વયં ધર્મહીન છતાં ધર્મીમાં ખપવા ઇચ્છતા દંભીજનો ખરા ધર્મીજનોની ધર્મકરણીની અનુમોદના–પ્રશંસા કે યથાશક્તિ અનુકરણ કરવાનું બાજુએ રાખીને તેની નિંદા કે હેલનાદિક કરવામાં સંતોષ માને છે. સામાન્યતઃ ધર્મ બે પ્રકારે સમજવા યોગ્ય છે. એક નિશ્ચયથી અને બીજો વ્યવહારથી. તેમાં નિશ્ચયથી તો '**वत्थुसहावो धम्मो**' એટલે વસ્તુનો મૂળ સ્વભાવ એ જ ધર્મ છે. સ્ફટિક રત્ન સમાન ઉજ્જવળ–નિર્મળ–નિષ્કલંક–નિષ્કષાયતારૂપ આત્માનો મૂળ સ્વભાવ સર્વજ્ઞોએ સાક્ષાત્ જાણ્યો, જોયો, અનુભવ્યો ને પ્રરૂપ્યો છે. સ્ફટિક જાતે ઉજ્જવળ છતાં ઉપાધિ ( ફૂળ ) સંબંધથી જેમ વિચિત્ર રંગનું પ્રતિભાસે છે તેમ

પાપ–પુન્યરૂપ ઉપાધિ સંબંધથી આત્મા પણ રાગ–દ્વેષ પરિણામને પામે છે. ફૂલરૂપ ઉપાધિ સંબંધ દૂર થતાં જેમ સ્ફટિક રત્ન તેના મૂળ રૂપમાં પ્રકાશે છે તેમ પુન્ય–પાપરૂપ ઉપાધિ સંબંધ તથાપ્રકારના વિવેકભર્યા સદુદ્યમવડે દૂર થતાં આત્મા રાગદ્વેષના પરિણામ રહિત શુદ્ધ વીતરાગ–નિષ્કષાય-દશાને સ્વભાવે જ પામે છે. એ વીતરાગ દશામાં જે અનુપમ સુખ રહ્યું છે તે સુખને સરખાવવાનું સાધન દુનિયામાં કયાંય નથી. એવું અક્ષય, અનંત, અનુપમ સુખ પ્રગટાવવા વિવેક-ભર્યા સદુદ્યમની જરૂર છે. તેના અનેક–અસંખ્ય સાધન છે. તે સહુ વ્યવહાર ધર્મના નામે ઓળખાય છે. અધિકાર પરત્વે આદરનારને તે સહુ સુખદાયક બને છે અને અંતે અક્ષય–અવિનાશી પદ સાથે જોડી આપે છે, તેથી જ ધર્મની વ્યવહાર–સામાન્ય વ્યાખ્યા જ એવી કરવામાં આવે છે કે–દુર્ગતિમાં પડતાં બચાવે અને સદ્‌ગતિ સાથે જોડી આપે તે **ધર્મ**. તે ગૃહસ્થ યોગ્ય હોય કે ત્યાગી સાધુ યોગ્ય હોય. ધર્મના પરિપાલનથી આત્માની ઉત્તરોત્તર ઉન્નતિ જ થવા પામે છે, પરન્તુ અત્યારે પાત્રતા જાળવી રાખવાની જ દરકાર બહુ ઓછી કરવામાં આવે છે. ધર્મસર્વસ્વ પ્રકરણમાં તેમજ અન્ય કઇક સદ્‌ગ્રંથોમાં તેવી પાત્રતા મેળવવા ખૂબ પ્રયત્ન કરવા ભાર દઈને કહ્યું છે, તે વાંચી, સાંભળી–વિચારી, ખૂબ મનન કરી, આપણી ન્યૂનતા દૂર કરવા ખૂબ મથવું જોઇએ. તે સિવાય તો બધા ફોફા ખાંડવા જેવો બહારનો ડોળ જાણવો, વસ્ત્રને શુદ્ધ કર્યા વગર તેને રંગ કયાંથી બેસે ? અને ભીંતને મઠારી સાફ કર્યા વગર તેમાં ચિત્ર કયાંથી ખીલે ? તેમ પાત્રતા–યોગ્યતા-લાયકાત મેળવ્યા વગર ચિંતામણિ રત્ન સદશ ધર્મ કયાંથી

પમાય ? તે વગર તેની કદર પણ ક્યાંથી કરાય ? તે શુદ્ધ સર્વજ્ઞોક્ત ધર્મ પાળવા ખરી અભિલાષા જ હોય તો મોટા ધર્મીમાં ખપવાનો વ્યર્થ શ્રમ કરવા કરતાં નિર્દંભપણે નિજ દોષ ટાળી પાત્રતા મેળવવી અને પવિત્ર ધર્મ પાળવા સફળ પ્રયત્ન કરવો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૭૮ ]

---

## ચારિત્ર-સંયમ-સદ્‌વર્તન

૧. વધારે બુદ્ધિ વગરનો પણ સાદી સમજથી સંયમ-ચારિત્ર પાળી દીપાવી શકે છે. અધિક બુદ્ધિશાળી ધારે તો તેથી પણ અધિક પાળી શકે ખરો, પરન્તુ ચારિત્ર અજમાવવામાં તેનો ઉપયોગ ખરેખર કોઇ વિરલ–સદ્‌ભાગી છે.

૨. સંયમ–ચારિત્રશાળી સદ્‌ગુણપ્રાપ્તિથી અધિક નમ્ર બને છે, ત્યારે સંયમહીન–ચારિત્રશૂન્ય માણસ બુદ્ધિના ગર્વથી અક્કડ બની, કપટ કેળવી કેવળ અધોગતિ પામે છે.

૩. ચોક્કસ નિયમ વગરનો માણસ સુકાન વગરના વહાણ જેવો જાણવો. તે ગમે ત્યાં અથડાઇ પછડાઇ પાયમાલ થવાનો, તેથી જ જીવનનૌકા સફળ કરવા સહુએ નિયમબદ્ધ થવું.

૪. સત્યનિષ્ઠા એ જ સર્વનું મન વશ કરી–આકર્ષી શકે છે.

૫. જેમ કષ, છેદ, તાપ અને તાડનવડે ( કસોટીએ ઘસવાથી, કાપ દેવાથી, તાપમાં તપાવવાથી અને હથોડાવતી કૂટવાથી ) સોનાની પરીક્ષા કરાય છે તેમ ત્યાગ, શીલ, ગુણ અને કર્મવડે પુરુષની પરીક્ષા કરી શકાય છે.

૬. મન, વચન અને કાયા ( વિચાર, વાણી ને આચાર ) વિષે પુણ્ય–અમૃતથી ભરેલા અને અનેકવિધ ઉપકારની કોટિ-

વડે ત્રિભુવનને પૂરતા (વિશ્વત્રયને પાવન-પ્રસન્ન કરતા) તેમજ પરના લેશમાત્ર ગુણુને (પોતાની સૂક્ષ્મ દૃષ્ટિવડે) પર્વત સમાન વિશાળ દેખી-લેખીને પોતાના દિલમાં ખુશી ખુશી થતાં કોઇ વિરલ સંતપુરુષો પૃથ્વી પર વિચરતા હોય છે. તેમને અમારા કોટિશઃ નમસ્કાર હો !

૭. મન-ઇંદ્રિયનો જય, ક્રોધાદિક કષાયનો નિગ્રહ, હિંસાદિક પાપનો ત્યાગ અને મન, વચન તથા કાયાની શુદ્ધિ કરવાથી જ સંયમ સધાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૧૭૪ ]

## એકાગ્રતાની આવશ્યકતા

જ્ઞાનયોગ કરતાં ભક્તિયોગ સરલ ને સુખદાયી લેખાય છે; તેથી તેના તરફ ભવ્યજનો કલ્યાણાર્થે સહેજે આકર્ષાય છે. સરલ ને સુખદાયી માર્ગે કોણ સંચરવા મન ન કરે ? જ્ઞાનયોગ પ્રાપ્ત કરતાં ભારે પરિશ્રમ ઉઠાવવો પડે છે, તેમ છતાં તે વડે મદ થવાનો સંભવ રહે છે; ભક્તિયોગમાં વિનય-નમ્રતા જ પ્રધાન હોવાથી મદને અવકાશ નથી, તેથી તે મદને ગાળી-ખાળી શકાય છે. એથી જ તેની સરલતા ને સુખદાયિતા લેખી શકાય છે, એમ છતાં ભક્તિપ્રમુખ ધર્મકરણીમાં એકાગ્રતા-એકતાનતાની પૂરેપૂરી જરૂર હોય છે. તે વગર એવો કોઈ યોગ સિદ્ધ થઇ શકતો નથી અને તેનું ખરું ફળ ને રસાસ્વાદ પ્રાપ્ત થઇ શકતાં નથી. એક સામાન્ય હિસાબ ગણતાં પણ જો એકાગ્રતા ન હોય તો તેમાં સ્ખલના થાય છે, તો પછી અક્ષય સુખ-સાધક ભક્તિ પ્રમુખ ધર્મકરણી કરતાં એકા-

ગ્રતાની ભારે જરૂર હોય જ એમાં આશ્ચર્ય જેવું લાગવું ન જોઈએ. આપણે અલ્પ શ્રમે અક્ષય સુખ મળે એવું ઇચ્છીએ અને મનને જ્યાં ત્યાં દોડાવ્યા કરીએ, વાચા અને કાયા ઉપર કાબૂ ન રાખીએ ને સર્વને સ્વેચ્છા મુજબ જેમ ફાવે તેમ છૂટા ફરવા દઈએ તો ઇચ્છિત સુખરૂપ ફળ ન જ મેળવી શકીએ એ તદ્દન સ્પષ્ટ છે. આપણે પ્રભુદર્શન-પૂજન ને સ્તવનભક્તિ પ્રમુખ આપમતે સુલભ માની લીધા છે, પણ એ બધાં એવા સુલભ નથી. વસ્તુતઃ તે બધાય દુર્લભ છે; પરન્તુ પ્રભુની કૃપાથી કહો કે તથાપ્રકારના સાચા ઉદ્યમથી-મન, વચન કે કાયાની એકાગ્રતાથી તે સુલભ થઇ શકે તેવાં છે ખરાં. એટલો ય ઉદ્યમ ખરી દિશામાં કરી ન જ શકાય તો એ બધાં યે દુર્લભ જ છે ને દુર્લભ જ રહેવાના.

સંસારમાં લોભાવી રાખનાર પાંચે ઇંદ્રિયોના વિષયો તરફ ખાસ વૈરાગ્ય આવ્યા વગર મન-વચન-કાયાની અસ્થિરતા-ચંચળતા મટે નહીં અને અક્ષય સુખસાધક ભક્તિપ્રમુખ ગમે તે કલ્યાણયોગ સાધતાં જેવી એકાગ્રતા જોઈએ તેવી આવી શકે નહીં. હવે આપણે આપણી વર્તમાન સ્થિતિનું અવલોકન કરી જોઇએ તો આપણને જણાશે ને પ્રતીત થશે કે કોઇ પણ ધર્મકરણીમાં આપણે એકાગ્રતા પામી શકતા નથી. અને તેથી જ તેને ધર્મ-કરણી કરતાં જે રસાસ્વાદ (અનુભવ) મળવો જોઈએ તે આપણે મેળવી શકતા નથી. '**પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ**' એ વચનાનુસારે વિચારતાં અને પોતાનામાં સરખાવી જોતાં દેહાદિક જડ વસ્તુઓ ઉપર જીવને અનાદિ કાળથી જે અનંત-અમાપ પ્રીતિ-મૂર્ચ્છા-મમતા વર્તે છે તેનું

અનિષ્ટ ભાવી પરિણામ વિચારી તેનાથી ઓસર્યા વગર શુદ્ધ તત્ત્વ સાથે પ્રીતિ જોડી શકાશે નહીં. ખરી વિચારણાના જ પરિણામે જડ ઉપર લાગેલી અનાદિ કાળની અનિષ્ટ ને અસાર અશુદ્ધ પ્રીતિને જે ઉખેડી શકે તે જ સદ્ભાગી જીવ શુદ્ધ તત્ત્વ સાથે સાચી પ્રીતિ જોડી શકે અને એથી જ જીવ ઉત્તરોત્તર ઉન્નતિ સાધી અક્ષય-અવિનાશી એવું મોક્ષસુખ પામી શકે છે. આપણે હૃદયભૂમિનું શોધન કર્યા વગર-તેમાંથી ખેદ, અસત્ય અને ચંચળતાદિક અનેક અવગુણોરૂપી જાળાં-ઝાંખરાં ઉખેડી દૂર કાઢી નાખ્યા વગર ગમે તેવી રૂડી ધર્મ-કરણી રૂપી બીજ તેમાં વાવવામાં આવે તો તે ફળિભૂત શી રીતે થઈ શકે ? આપણી હૃદયભૂમિને સુધાર્યા વગર-તેમાં જડ ઘાલી રહેલા અનેક દોષો દૂર કર્યા વગર આપણી અશાંતિ શી રીતે મટે ? અને પોતે અશાંતિમાં ડૂબેલો બીજાને શાંતિ ક્યાંથી આપી શકે ? સ્વપરને શાંતિ ઇચ્છનારે ઉદ્વેગ તજી, મન-વચન-કાયાના દોષો દૂર કરવાની પ્રથમ જરૂર છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૩૦૬ ]

---

## ઇંદ્રિયપરવશતાથી પારાવાર દુઃખ.

પતંગિયા, ભમરા, માછલા, હરણીયા અને હાથીઓ કેવળ એક-એક ઇંદ્રિયને પરાધીન પડી રહેવાના દોષથી દુર્દશા પામી પાયમાલ થાય છે, તો પછી પાંચે ઇંદ્રિયોને પરવશ થઇ રહેનારા પામર જીવોના કેવા હાલ થવાના છે તે વિચારવું જોઇએ. મોહાંધ જીવો ખરેખર ઇંદ્રિય-પરવશતાથી પાયમાલ થઈ જાય છે, છતાં ‘ મધુબિંદુ ’ ની જેમ ક્ષણિક અને કલ્પિત તુચ્છ

વિષયસુખની ‘ મધલાળ ’ તે બાપડા તજી શકતા નથી, જેથી પરિણામે તેઓ ભારે દુઃખના ભાગી થાય છે. જ્ઞાની પુરુષો કહે છે કે-**રસમૂલાશ્ચ વ્યાધયઃ** એટલે અનેક તરેહના વિકારો કેવળ રસગૃદ્ધિ-વિષયલોલુપતાથી જ થવા પામે છે. તે વાતની ખાત્રી કરી આપવાની ભાગ્યે જ જરૂર રહે છે, કેમકે આ ઘણે ભાગે સહુના અનુભવનો વિષય બની રહેલ છે. આખી દુનિયા એમાં મૂંઝાઇ રહેલ છે. કોઇક વિરલા સદ્‌ભાગી જનો જ તેથી બચી શકે છે. તેઓ જ અનુપમ અતીન્દ્રિય-આત્મિક સુખનો સાક્ષાત્‌ અનુભવ કરી શકે છે. સાકરને મીઠી કહેવા માત્રથી તેનો રસાસ્વાદ મળી શકતો નથી, તે તો મોઢામાં જીભ ઉપર મૂકવાથી જ મળી શકે છે તેમ ખરું કે આત્મિક સુખ તો ઇન્દ્રિયપરાધીનતા અને રસલોલુપતા તજી, સંતોષવૃત્તિ આદરી તત્ત્વામૃતનું પાન કરવાથી જ સાંપડી શકે છે.

મોહ અને અજ્ઞાનવશ વિવિધ વિષયને આધીન બની, ક્ષણિક ને તુચ્છ સુખમાં મૂંઝાઇ મુગ્ધજનો ખરા આત્મિક સુખથી બેનશીબ જ રહે છે. એ કલ્પિત તુચ્છ સુખને તજવાથી જ 'સાચું સુખ મળી શકે છે. ઇંદ્રિયો તો ઇંદ્ર એટલે આત્માની દાસીઓ છે. ઇન્દ્ર-આત્મા સમજે તો ડહાપણથી તેમનો સદુપયોગ જ કરે. કલ્યાણના માર્ગમાં તેમને યોજી, તેમની મદદથી અધિક સુકૃત કમાણી કરી, પોતે અધિકાધિક સુખી થઇ શકે. મુગ્ધ-અજ્ઞાન ભાઇબહેનો ચક્ષુ વિગેરે ઇન્દ્રિયોનો દુરુપયોગ-ગેરઉપયોગ કરી, કેવળ પાપના જ ભાગી થઇ પરિણામે દુઃખ તેમજ દુર્ગતિને પામે છે. ત્યારે સુજ્ઞ-શાણા ભાઇબહેનો તો દરેક ઇંદ્રિયનો સમજપૂર્વક બને તેટલો સદુપયોગ કરી લેવા ઉજમાલ રહે છે. તેથી જ તેઓ પરિણામે સુખ

અને સદ્‌ગતિ પામી પ્રાંતે અક્ષય તથા અવિનાશી મોક્ષ સુખના અધિકારી બને છે. મોક્ષસુખ એ જ ખરેખર અતીન્દ્રિય સ્વાભાવિક સુખ છે. તે તુચ્છ ઇંદ્રિયસુખની લાલસાનો ત્યાગ કરવાથી અને આત્મિક સુખમાં રઢ લાગવાથી તેમજ પ્રબળ જ્ઞાન-ધ્યાનાદિક પુરુષાર્થયોગે જ મળી શકે છે. જીવ માત્ર સુખની ચાહના તો કરે છે અને પ્રત્યેક પ્રવૃત્તિ પણ સુખને અર્થે જ કરે છે, પણ ખરું સુખ કયું છે અને તે કેવી રીતે મળી શકે ? તેનું યથાર્થ ભાન, મોહ અને અજ્ઞાનવશ આત્મા ભૂલી જવાથી ખોટે-અવળે માર્ગે દોરવાઇ, દરેક ઇંદ્રિયનો દુરુપયોગ કરી, રાગ-દ્વેષાદિક દોષોથી ક્ષણેક્ષણે ખરડાઇ પરિણામે અત્યંત દુઃખી થાય છે.

[ ૨ ]

ચપળ ઘોડા જેવી ઇંદ્રિયોને લગામમાં નહીં રાખતાં જો મોકળી મૂકી હોય તો તે જીવને વિષમ-અવળે માર્ગે ખેંચી જઇ દુર્ગતિના ખાડામાં નાખી દે છે એવું સમજનારા સુજ્ઞ ભાઇબહેનો ચેતતા રહી તેમને લગામમાં રાખે છે; તેથી જ તેઓ તેનો સદુપયોગ કરી સુખશાંતિ પામે છે. મુગ્ધ-મોહ-વિકળ ભાઇ-બહેનો જ્યારે મનથી જ નકામાં આર્ત્તરૌદ્ર ધ્યાન ધરી, તંદુલીયા મચ્છની માફક મહાઅશુભ કર્મ બાંધી, મહા-માઠી નરકાદિક ગતિમાં જાય છે ત્યારે સુજ્ઞ-તત્ત્વરુચિ ભાઇ-બહેનો ચપળ મન અને ઇંદ્રિયોને કબજે રાખવા જ્ઞાન-ધ્યાનાદિક શુભ આલંબનનું સતત સેવન કરી, સુલસા, ચંદનબાળા અને સીતા જેવી ઉત્તમ સતીઓની જેમ ભારે સુકૃત કમાણી કરી સદ્‌ગતિ અને મોક્ષ પામે છે. બધી ઇંદ્રિયોમાં રસના

(જીભ) ઇંદ્રિયને જીતવી મુશ્કેલ કહી છે. તે બે ધારવાળા ખડ્ગ જેવી વિષમ છે. જો જ્ઞાન-વિવેકની ખામી હોય તો તે ખાવા-પીવામાં તેમજ બોલવા-ચાલવામાં પણ જીવને દંડે છે. જો વકરેલી વાઘણને મજબૂત લોહપિંજરમાં પૂરી દેવામાં આવે તો તે વધારે નુકશાન કરી શકતી નથી તેમ સમજીને ચપળ જીભથી વધારે નુકશાન થવા ન પામે-થતું અટકે એવા કોઇ કુદરતી સંકેતથી તેને બત્રીશ દાંતના મજબૂત કોટ-કિલ્લાથી વેષ્ટિત કરવામાં આવેલ છે. જો સાચી સમજપૂર્વક વિવેકયોગે તેનો સદુપયોગ કરવામાં આવે છે તો તેની કિંમતી મદદથી જયાં ત્યાં જયારે ત્યારે ભારે લાભ-ફાયદો મેળવી શકાય છે. વિવેકસર નિર્દોષ ખાનપાનનું સેવન કરવામાં આવે તો તેની મારફત બીજી બધી ઇંદ્રિયોને યોગ્ય પોષણ મળી રહે છે, અને સ્વજીવન-તત્ત્વ પણ ટકી રહે છે. વળી જો હિત, મિત ને પ્રિય સત્ય જ બોલાય છે તો તેનાથી સંયમની રક્ષા ઉપરાંત ખરું તત્ત્વ જોઇ અનેક જનો તેવા સત્ય ભણી સહેજે આકર્ષાય છે; પરન્તુ વિવેકશૂન્યપણે જેમ આવે તેમ બકવામાં આવે તો તેથી પરિણામે સ્વપરને ભારે અનર્થ થવા પામે છે. જીભમાં જ અમૃત અને જીભમાં જ ઝેર રહેલું કહેવાય છે, તે આ રીતે સત્ય ઠરે છે અને સુજ્ઞ ભાઈ-બહેનોએ વિવેકથી જ તેનો ઉપયોગ કરવો ઘટે. ખાનપાનમાં પણ વિવેક ભૂલવો જોઇતો નથી. રજો તથા તમો ગુણ પેદા કરનારી ચીજો તજી સાત્ત્વિક ગુણ પેદા કરનારી નિર્દોષ ચીજોથી જ સ્વજીવનનો નિર્વાહ કરવો ઘટે.

એ જ રીતે ચક્ષુ પ્રમુખ દરેક ઇંદ્રિયનો દુરુપયોગ કરવાથી ઉપજતાં અનિષ્ટ પરિણામની કલ્પના કરીને તેથી વિરમી જે સુજ્ઞ

ભાઈ બહેનો આત્મનિગ્રહરૂપ સંયમવડે તે દરેક ઈંદ્રિયનો સદુપયોગ કરવા ભૂલતા નથી તેઓ અનેક અનર્થોથી બચી જઈ, આલોક તેમજ પરલોકનાં સહજ સ્વાભાવિક સુખ-શાંતિરૂપ પારમાર્થિક ફળ મેળવી શકે છે. વીતરાગ પરમાત્માની તથા સંત-સાધુજનોની શાંતમુદ્રાના દર્શનયોગે ચક્ષુને સફળ કરી શકાય છે, શ્રવણ ઈંદ્રિયને જિનવચનામૃતના શ્રવણવડે પવિત્ર કરાય છે, પૂજ્ય ગુણી જનોના ગુણગાનવડે જીભને, તેમની સેવા-ભક્તિવડે કાયાને, તેમની પવિત્ર આજ્ઞાનું વહન કરવા-વડે મસ્તકને, તેમના પ્રત્યે પ્રેમ-બહુમાન ધરવાવડે હૃદયને અને તેમના સદ્ગુણોનું સતત ચિંતવન કરવાવડે અને કદાપિ નહીં વિસારવાવડે મનને પવિત્ર કરી શકાય છે. આવા સદાચરણ સેવવાથી પૂર્વે સ્વચ્છંદતા યોગે કરેલાં પાપ-મળનું પ્રક્ષાલન થતાં આત્મા શુદ્ધ-નિર્મળ બને છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૮, પૃ. ૩૩૫ ]

## દેહ, મન અને ઈંદ્રિયદમનથી થતાં અનેક લાભ

૧. શુદ્ધ હવા, પાણી અને અન્ન લેવા સાથે સ્વારોગ્ય ટકાવી રાખવા માટે સૌ કોઇને પોતાને ફાવે તેવી એટલે બની શકે તેવી જાતમહેનત કરીને કે જરૂરી પ્રસંગે પગે ચાલીને શરીર કસવાની ભારે જરૂર છે.

૨. ઘણા દિવસો સુધી અંગકસરત કર્યા વગર કદાચ ચાલે, શરીર નભી શકે ખરું, પણ નિરોગી રહી શકાતું નથી. તેથી જ આરોગ્ય સાચવવા માટે પ્રકૃતિને માફક આવે એવી ગમે તે જાતની અંગમહેનતની ખાસ આવશ્યકતા રહે

છે. ખરી અંગમહેનત કરવાથી મન પણ પ્રસન્ન રહે છે. એટલે મગજનું કામ પણ સારું થઇ શકે છે, તે વગર મગજ ઠીક કામ કરી શકતું નથી.

૩. જેમ લોહ–લોઢું પડયું પડયું કટાઇ–ખવાઇ જાય છે તેમ શરીર પણ જાતમહેનત વગર–અંગકસરત કર્યા વગર અનેક જાતના રોગોનું સ્થાન બની વિનાશ પામે છે. અંગકસરત–જાતમહેનત એક સુંદર પૌષ્ટિક ખોરાક જેવી ગરજ સારનાર નીવડે છે.

૪. શુદ્ધ અન્ન, જળ સાથે ખુલ્લી હવા–ચોકખી હવામાં અંગકસરત કરનારનું આરોગ્ય આબાદ ટકી રહે છે.

૫. જાતમહેનતથી પાચનશક્તિ ઠીક ઠીક બની રહે છે.

૬. ખુલ્લા પગે ખુલ્લી હવામાં અનેક વ્યવહારિક પ્રસંગે જાતે જવા આવવાની ટેવ રાખવાથી સહેજે અંગકસરતને। લાભ મળી શકે છે; શૌચાદિક અર્થે જેમ બને તેમ બહાર ખુલ્લી હવામાં જવાને। અભ્યાસ રાખવો સર્વને માટે સુખકારી છે.

૭. પાયખાનાદિ અશુચિ સ્થાનોમાં કાયરતાથી શૌચ અર્થે જનારની તબીયત બગડવાને। વધારે સંભવ છે.

૮. બીજા પણ આવશ્યક ( જરૂરના ) કામ બને ત્યાં સુધી બીજાના આધારે નહીં છોડતાં જાતે જ કરવાની ટેવ પાડવાથી શરીરમાં સ્ફુર્તિ–જાગૃતિ રહે છે અને કામ પણ ધારેલા વખતે નિયમિત બની શકે છે. બીજાને તો અણછૂટકયે જ કામ બતાવવા જોઇએ. બીજાને આધારે જ રહેનારનાં કેટલાંક કામ અધૂરાં રહેવાથી કે અનિયમિત થવાથી પોતાને સંતોષ મળતો જ નથી.

૯. શ્રીમંતાદિક કોઇપણ કામ પારકાના આશ્રયથી જ કર-

વાનું રાખે છે તેઓના શરીર તદ્દન નાજુક–માંદલાં જેવાં રહે છે. તેમને ઘણે ભાગે પાચનક્રિયા મંદ રહેલી હોવાથી અનેક જાતની ઉત્તેજક દવાઓ લેવી પડે છે. તેમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરવા છતાં, તેમની તબીયત ઠીક રહી શકતી નથી. તેઓની બદહજમીની ફરિયાદ કાયમ રહ્યા કરે છે. જાતમહેનત કરવાની ટેવ પાડવાથી તેમની એ બધી ફરિયાદનો પ્રાય અંત આવી જાય છે. જાતિઅનુભવથી તેની ખાત્રી કરી શકાય છે.

૧૦. દરેક ધાર્મિક કરણી યથાવિધિ સાવધાનતાથી કરવાવડે સુજ્ઞ ભાઈ–બહેનો ધારે તો અંગકસરતનો અપૂર્વ લાભ સહેજે મેળવી શરીર–આરોગ્ય સાચવી શકે છે.

૧૧. **પદ્માસનાદિક** ધ્યાનનાં આસનોનો અભ્યાસ–મહાવરો રાખવાથી અને શુદ્ધ દેવગુરુના ઉત્તમ ગુણોનું ધ્યાન એકાગ્રતાવડે કરવાથી મન ને વચનનો જય થવાને અંગે તન–મનની શુદ્ધિ થતાં પ્રસન્નતા વધે છે.

૧૨. ચિત્તની પ્રસન્નતા બની રહેવાથી અનેક લાભ થાય છે, રોગો ટળે છે, નવા રોગ થતા નથી અને આત્માનું સહજ સ્વાભાવિક સુખ અનુભવાય છે. નકામા સંકલ્પ–વિકલ્પો શુભ ધ્યાનબળથી શમાવી દેવાથી એ અપૂર્વ ફળ મળે છે.

૧૩. શુભ ધ્યાનની પુષ્ટિ માટે ઉપવાસાદિક બાહ્ય તપની પણ ખાસ જરૂર છે. ખોટી બાબતો તજવાથી એ સહેજે બને છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૯, પૃ. ૧૭૨ ]

# દેવસી પ્રતિક્રમણનો કાળનિર્ણય.

ચાલુ રૂઢીગત રીતરિવાજ મુજબ આજકાલ ધર્મરુચિવાળા ભાઇ-બહેનો દિવસ સંબંધી પાપની આલોચના કરવારૂપ દેવસી પ્રતિક્રમણ જો કે ઇચ્છાનુસાર જ્યારે ત્યારે ચોક્કસ વખતના મેળ વગર કરતાં દેખાય છે; તેમ છતાં તેમાંનાં ઘણાખરાની શ્રદ્ધા-માન્યતા દેવસી પ્રતિક્રમણ કરવાના શાસ્ત્રીય વિધિ તરીકે કાળ-માપરૂપે એવી બંધાયેલી છે કે-' સૂર્ય આથમતી વખતે ' વંદિત્તા ' સૂત્ર બોલાવું જોઇએ. ' આવી માન્યતા કોઈ કોઇ ગ્રંથના આધારે બંધાણી હશે, તદ્દન નિર્મૂળ બંધાયેલી નહીં હોય; પરંન્તુ દેવસી પ્રતિક્રમણનો ખરો અસલ કાળનિયમ બહુ પુરાતન શાસ્ત્રના આધારે હોય તે જ માન્ય કરવો એટલું જ નહીં પણ બનતી કાળજીથી ચાલુ રૂઢીમાં સુધારો કરી તેનો અમલ પણ કરવા પૂરતું લક્ષ્ય રાખવું. આ સંબંધમાં કેટલાએક ગ્રંથના આધારે ચોક્કસ નિર્ણય થયા બાદ તે જાહેર કરવા ઇચ્છા હતી, છતાં ઘણો વિલંબ થવા પામ્યો છે. હાલ **ઉપદેશ-ચિંતામણિ** ગ્રંથ મધ્યે આ સંબંધી અધિકારને સ્પષ્ટ કરવા માટે આવશ્યક ચૂર્ણિમાંનો જ ઉલ્લેખ ટાંકી બતાવી, તે તરફ વિધિના ખપી ભાઇબહેનોનું લક્ષ ખેંચવું ઉચિત જાણી આ પ્રયત્ન સેવ્યો છે. તે ઉલ્લેખ નીચે પ્રમાણે છે.

**अयं चावश्यकविधिरामूलं चूर्ण्युक्त एव लिख्यते–इह किर साहुणो कयसयलवेयालियं करणिज्जं सूरत्थमणवेलाण सामाइयाई सुत्तं कड्ढित्ता दिवसाइयारचिंतणत्थं काउस्सग्गं करन्ति तथ्थय इत्यादि ।**

**ભાવાર્થ**:-આ આવશ્યક વિધિ મૂળથી માંડી ચૂર્ણિમાં જ કહેલો જ લખવામાં આવે છે. નિશ્ચયથી સાધુઓ સાંજ

સંબંધી કાર્ય પતાવી, સૂર્યાસ્ત સમયે સામાયિક ( કરેમિ ભંતે ) આદિ સૂત્ર ઉચ્ચરી, દિવસ સંબંધી અતિચારો ચિંતવવા અર્થે કાઉસગ્ગ કરે. જો ગુરુમહારાજ તૈયાર હોય તો સર્વ સાધુઓ ગુરુ સાથે જ પ્રતિક્રમણ આરંભે, પરન્તુ જો ગુરુ ધર્મોપદેશ દેવાદિક કાર્યમાં રક્ત હોય તો તેઓની રજા લઈને નાના મોટાના ક્રમે આવશ્યક કરવાના સ્થાને આવી હાજર થાય. ત્યાં પ્રથમ ગુરુસ્થાપના કરીને 'કરેમિ ભંતે સામાઇયં' એ સૂત્ર ઉચ્ચરે, પછી ગુરુમહારાજ આવે ત્યાં સુધી કાઉસગ્ગમાં રહ્યા છતાં સૂત્રાર્થનું સ્મરણ કર્યા કરે. પછી ગુરુમહારાજ આવીને સામાયિક સૂત્ર કહી, કાઉસગ્ગ કરી, દેવસી અતિચાર ચિંતવે. સાધુઓ પણ કાઉસગ્ગમાં રહ્યા છતાં દેવસી અતિચાર ચિંતવે. ફલિતાર્થ એ છે કે–વિધિરસિક ભાઈ બહેનોએ બરાબર સૂર્યાસ્ત સમયે જરૂર દેવસી પ્રતિક્રમણ ઠાઈને 'કરેમિ ભંતે સામાઈયં' સૂત્રનો ઉચ્ચાર કરવો જોઈએ. સૂર્યાસ્ત સમયે વંદિત્તુ કહેવું જોઈએ એવી માન્યતા ઉક્ત પ્રમાણ વિરુદ્ધ હોવાથી દૂર કરી, પૂર્વોક્ત વચનમાં શ્રદ્ધા રાખી ચૂર્ણીમાં જણાવ્યા મુજબ સૂર્યાસ્ત સમયે પ્રતિક્રમણની શરૂઆતનું પ્રથમ આવશ્યક-રૂપ સામાયિક સૂત્ર ઉચ્ચારવું. તે પહેલાં મંગળ નિમિત્તે દેવવંદન, ગુરુવંદન કરી લેવાં ઉચિત છે.

દેવસી પ્રતિક્રમણ પ્રમાણે રાત્રિ સંબંધી કે પાખી, ચઉમાસી ને સંવચ્છરી પ્રતિક્રમણ પણ ગુરુ સન્મુખ કરવાનો જ સહુ સાધુઓએ તેમજ શ્રાવકોએ ખપ કરવો. પાખી, ચઉમાસી ને સંવચ્છરી પ્રતિક્રમણ પ્રસંગે પ્રથમ દેવસી પ્રતિક્રમણ થતું હોવાથી તે કરવાનો સમય પણ દેવસી પેઠે સમજવો. લોકો કેટલાક કારણને લઈને તે પ્રતિક્રમણ ખૂબ વહેલું કરવા માંડે

છે, તેમજ કેટલાક કેવળ પ્રમાદવશ બહુ જ મોડું-અસુરું કરવાથી ઊંઘે છે કે જેમ તેમ લબડધકકે પૂરું કરે છે, એ રીત મુખ્યપણે પસંદ કરવા જેવી નથી.

રાઇ પ્રતિક્રમણ પણ યથેચ્છ બહુ વહેલા અંધારે કરવાની રૂઢી ઠીક નથી. પ્હો ફાટે ત્યારે પ્રભાતસમયે શાંતિથી ઉપયોગપૂર્વક વિધિસર પ્રમાદ રહિત તે કરવું ઘટે. સહુ સાધુઓએ દેવસી પ્રતિક્રમણની પેઠે ગુરુ સન્મુખ મંડળીરૂપે ગોઠવાઇ જઇ રાઇ પ્રતિક્રમણ એવા ધીમા સાદે કરવું કે-મંડળીમાં બેઠેલ એકલક્ષપૂર્વક સાંભળી શકે. એમાં ગોટાળો વાળવારૂપ આજકાલ ચાલતો સ્વેચ્છાચાર હિતકારક નહીં હોવાથી ઇચ્છવાજોગ નથી. રાઇ પ્રતિક્રમણ કરી રહ્યા પછી સાધુ-સાધ્વીએ પડિલેહણાના આદેશ માગી ગુરુમહારાજની ઉપધિ વિધિપૂર્વક પડિલેહ્યા પછી પોતાની ઉપધિ પડિલેહવી. સૂર્યોદય વખતે છેલ્લી ડાંડાની પડિલેહણા કરવી. ત્યારબાદ વસતિને પ્રમાર્જી, ઇરિયાવહિયાપૂર્વક સ્વાધ્યાય કરવા પ્રવર્તવું.

### સાર્થકતા શી રીતે?

પ્રીતિપૂર્વક પ્રતિક્રમણ કરનારનું જીવન દિવ્ય બનવું જોઇએ. જેમ મંત્રના પ્રયોગથી ચઢેલું વિષ ઉતરી જાય છે તેમ શ્રદ્ધાપૂર્વક ઉપયોગ સહિત કરેલ પ્રતિક્રમણથી રાગ, દ્વેષ ને મોહનું ભાવવિષ ઉતરી જવું જોઇએ, પણ અત્યારે તથા-વિધ શ્રદ્ધા ને વૈરાગ્યથી હેતુ અર્થના લક્ષ સહિત પ્રતિક્રમણ કરનાર ભાગ્યેજ જોવાય છે. બહુધા ગાડરીયા પ્રવાહે હેતુ અર્થના ઉપયોગ વગર ઇચ્છા મુજબ સાધુઓ કે ગૃહસ્થો ફક્ત સૂત્રો ભણી જાય છે, તેમાં સૂત્રશુદ્ધિનો ઉપયોગ પણ અલ્પ જ હોય છે. એક જણ પ્રતિક્રમણ ભણાવે છે એટલે બીજા

તો પ્રાયે બેઠા બેઠા ઠંડે પેટે સાંભળતા હોય છે. તેમાં પણ ઉપયોગની શૂન્યતાથી સંકલ્પને વશ બની મનમાં કંઇક નવનવા ઘાટ ઘડતા હોય છે, એ કરતાં મનને એકાગ્ર કરવા, સારા આલંબનને સેવતા રહે અને સમતા–સામાયિકનો અભ્યાસ પાડવા પ્રથમ લક્ષ રખાય તો કેવું સારું ? જે જે અર્થજ્ઞાનાદિક આલંબને મન સ્થિર–એકાગ્ર થવા પામે તે તે આલંબનનો અધિક અધિક ઉપયોગ કરવો યુક્ત છે. સામાયિકપૂર્વક પ્રતિ-ક્રમણ પણ ભાવથી કરી શકાય છે. નિષેધ કરેલા કામ કરી લેતાં, કરવા યોગ્ય કાર્યનો અનાદર થતાં, સત્ય તત્ત્વમાં અશ્રદ્ધા થતાં અને વિપરીત પ્રરૂપણા થઇ જવાનો પ્રસંગ બનતાં મન, વચન ને કાયાથી લાગેલાં પાપને, નિઃશલ્યપણે, સુગુરુ કે તેમની સ્થાપના સમક્ષ આલોચી, નિંદા કરી, ફરી તે ભાવે નહીં કરવાના લક્ષથી જ દરેક જણે પ્રતિક્રમણની સાર્થકતા–સફળતા કરવી જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૦, પૃ. ૨૫૬, ૨૮૬ ]

## જિન–સ્થાપના યા જિનપ્રતિમા

દશવૈકાલિક સૂત્રમાં વિકારજનક હોવાથી નારીનું ચિત્ર જોવાનું નિવાર્યું છે, કેમકે તેથી પરિણામ મલિન થવા પામે છે, એ વાત ઘણાએકને તો અનુભવગત પણ હોય છે. એ જ રીતે રાગદ્વેષ–મોહાદિક દોષમાત્ર રહિત વીતરાગ પરમાત્માની પરમ શાન્ત મુદ્રાને નિરખવાથી ભવિક જીવને શાન્તિ ઉપજે છે અને રાગાદિક દુષ્ટ વિકારો દૂર જાય છે; તેથી ભવ્યજનોને ઉક્ત વીતરાગ પ્રતિમાનું આલંબન લેવાનું કહેલું છે. આગમ-શાસ્ત્રોમાં દેવભુવનાદિક અનેક સ્થળે શાશ્વતી જિનપ્રતિમા-

ઓનો અને મર્ત્યલોકમાં અશાશ્વત પ્રતિમાઓનો અધિકાર આવે છે, તેમની પૂજા-સ્તુતિના પાઠ પણ તેવી જ રીતે સ્પષ્ટ જોવામાં-જાણવામાં આવ્યા છતાં કેટલાએક મૂઢમતિ જનો કદાગ્રહવશ તે આગમની વાતને પ્રમાણ કરવામાં આંચકો ખાતા રહે છે તે ખેદની વાત છે. દુનિયામાં પણ સદ્ગત પૂજ્ય વડીલ જનોની યાદી તેમની તસબીરદ્વારા થતી જોવાય છે, એટલું જ નહીં પણ પોતે પોતાની છબી-તસબીર પડાવી તે જોઇને હરખાય છે, તો પછી તદ્દન નિર્વિકારી વીતરાગ પ્રભુની પરમ શાન્ત મુદ્રાનો અનાદર શા માટે કરવો જોઇએ ?

જે વડે પ્રભુની પૂર્વ અવસ્થાનું યથાર્થ ભાન થાય તે પ્રભુપ્રતિમાનો ભવ્યજનોએ ખાસ આદર કરવો જોઇએ. તેના શુભ આલંબન યોગે પ્રભુનું પવિત્ર ચરિત્ર યાદ લાવી પ્રભુના જેવા ઉત્તમ ગુણો આપણામાં પ્રગટાવવા પ્રયત્ન કરવો જોઇએ. પ્રભુની પૂજા-સ્તુતિ પ્રેમપૂર્વક નિરંતર કરવાં જોઇએ. જો કે પ્રભુ પોતે તો કૃતકૃત્ય થયેલ હોવાથી આપણી પૂજા-સ્તુતિની અપેક્ષા રાખતા નથી જ; પરંતુ પ્રભુ સન્માર્ગદર્શક હોવાથી આપણે કૃતજ્ઞતા દાખવવા પૂજા-સ્તુતિ કરવી તે જ ઉચિત છે. પ્રભુમાંથી રાગ-દ્વેષ-મોહાદિક દોષમાત્ર દૂર થવાથી જ્ઞાનાદિક અનંત ગુણ પ્રગટ થયા છે અને આપણે તે પ્રગટ કરવાની જરૂર છે. તે ગુણો પ્રભુના શુભ આલંબનયોગે રાગ-દ્વેષાદિક દોષો દૂર કરવાથી આપણે પ્રગટ કરી શકીએ. '**જિન ઉત્તમ ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ**' એ વાત આપણી અનાદિની ભૂલ સુધારી લેવાથી સિદ્ધ થઇ શકશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૦ ]

# ચાર નિક્ષેપા.

## [ નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ. ]

**શુદ્ધ ભાવ જેહનો છે તેહના, ચાર નિક્ષેપા સાચા;**
**જેહમાં ભાવ અશુદ્ધ છે તેહના, એક કાચે સવિ કાચા રે.**
**જિ૦ તુ૦ ૧૨**

[ શ્રીમદ્ ઉપા૦ યશોવિજયજીકૃત હુંડીનું સ્તવન ]

**ભાવાર્થ**—જેહનો ભાવ શુદ્ધ-નિર્મળ થયેલ છે તેના ચાર નિક્ષેપા સાચા-આદરવા યોગ્ય જાણવા. શ્રી અરિહંતની પેઠે જેનો ભાવ વિશુદ્ધ છે તેના ચારે નિક્ષેપા જગતને પાવન કરનારા હોવાથી સર્વ ક્ષેત્ર ને કાળ વિષે તે માનવા, પૂજવા, ઉપાસના કરવા યોગ્ય હોય છે. આવા જ હેતુથી આચાર્યમાં ૩૬ ગુણાલંકૃત ભાવાચાર્ય, ઉપાધ્યાયમાં ૨૫ ગુણાલંકૃત ભાવ પાઠક અને સાધુમાં પણ ૨૭ ગુણાલંકૃત ભાવ નિર્ગ્રંથને વંદન યોગ્ય વખાણ્યા છે. તેમનો ભાવ વિશુદ્ધ હોવાથી તેમના સર્વ નિક્ષેપા સાચા લેખાય છે; પરંતુ અંગારમર્દક આચાર્યની પેઠે જે મલિન-નિર્ધ્વંસ પરિણામી હોય છે તેમના નામ વિગેરે સઘળા નિક્ષેપા ખોટા [ અમાન્ય ] કહ્યા છે. ટૂંકમાં જેમનો ભાવ કાચો, ખોટો-મલિન હોય તેના બીજા બધા નિક્ષેપા કાચા-ખોટા-અમાન્ય સમજવા. જાણીબૂઝીને તેમનો આદર કરવાથી પાપની પુષ્ટિ કરવામાં આવે છે અને ગૌતમસ્વામી જેવા સાચા ભાવ-નિર્ગ્રંથોની આશાતના થવા પામે છે, તેથી જ શુદ્ધ દેવ, ગુરુ ને ધર્મની બરાબર ગુણપરીક્ષા કરીને જ તેમનો સ્વીકાર કરવામાં સર્વથા હિત સમાયેલું છે. ભલભલા લેખાતા વિદ્વાનો પણ ઉક્ત દેવ-ગુરુ-ધર્મની યથાર્થ પરીક્ષા કરવામાં સખત

ભૂલાવો ખાય છે. એ તો જ્યારે સંપ્રદાયનો મોહ મૂકી કેવળ નિરપેક્ષપણે તેમની યથાર્થ પરીક્ષા કરવામાં આવે ત્યારે જ શુદ્ધ તત્ત્વ તારવી શકાય છે અને તેનો સુદૃઢ ભાવે સ્વીકાર પણ કરી શકાય છે. જુઓ ગૌતમાદિક ગણધરોએ ' લોગસ્સ ' ( ચઉવિસથ્થો ) મધ્યે નામનિક્ષેપે ઋષભાદિક ચોવીશે તીર્થંકરોની અતિ અદ્‌ભુત ગુણકીર્તનરૂપ સ્તવના કરી છે. ' અરિહંતચેઇયાણં ' (ચૈત્યસ્તવ) મધ્યે સ્થાપનાનિક્ષેપે શાશ્વતી અશાશ્વતી પ્રભુપ્રતિમાઓનું આરાધન કરવા કહેલ છે. શક્રસ્તવ (નમુથ્થુણં) મધ્યે ભાવનિક્ષેપે બિરાજમાન અરિહંતોની સ્તુતિ કરી છે અને તેની અંતિમ ગાથામાં દ્રવ્યનિક્ષેપે અતીત, અનાગત અને વર્તમાન સર્વે તીર્થંકરોના જીવોને પ્રણામ કરેલ છે, એ જ રીતે સર્વ વિશુદ્ધ આત્માઓ પણ સર્વથા વંદન-પૂજન યોગ્ય કહ્યા છે. ' જાવંતિ કેવિ સાહૂ ' માં ઉક્ત વાત સપ્રમાણ મળી આવે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૧૧. ]

---

## અદ્વેષ-દ્વેષત્યાગ.

' યોગનું અંગ અદ્વેષ છે પહેલું,
સાધન સવિ લહે એહથી વહેલું. '

શ્રી હરિભદ્રસૂરીશ્વર જેવા પ્રામાણિક શાસ્ત્રકારોનાં અત્યંત હિતવચનોનું સમર્થન કરતા શ્રીમાન્ યશોવિજયજી મહારાજ ભવ્યજનોને પ્રબોધે છે કે-' આત્માર્થી જનો તમે કલ્યાણને ઇચ્છતા જ હો તો આત્માની ખરી શાન્તિનો જ નાશ કરનાર અને સ્વપરને અપાર અશાન્તિ ઉપજાવનાર દ્વેષ નામના દુષ્ટ દુર્ગુણને એકદમ તજો, તો જ તમે ખરી શાન્તિને પામી

શકશો. તમે ગમે તેવી આકરી કરણી કરતા હશો પરંતુ એક દ્વેષ દોષને સેવતા હશો તો તે સઘળી કઠણ કરણી ભવદુઃખહરણી થવાને બદલે ભવદુઃખને વધારનારી થશે. એ દોષને નહીં તજવાથી ઘડ્યું સોનું ધૂળ મળશે અને જગતમાં ઊલટી હાંસી થશે કે ઉક્ત દોષ–વિકારથી બધો ઘાણ બગડ્યો. નિર્ગુણી ગુણહીનને તો ગુણની સમજ–કદર જ હોઈ ન શકે તેથી તેની વાત જવા દઈએ; પરંતુ જેનામાં તપ–જપ–સંયમ સંબંધી ક્રિયા હૈયાત હોય અને તેમાં વધારો ઇચ્છતા હોય છતાં બીજામાં રહેલાને વૃદ્ધિ પામતા સદ્ગુણોને દેખી, સહન કરી ન શકવાથી ઇર્ષ્યા–અદેખાઇ યોગે તેના છતા પ્રગટ ગુણોનો અપલાપ કરી તેની લઘુતા અને પોતાની ગુરૂતા બતાવવા જે નીચ પ્રયત્ન કરવામાં આવે તો તે ખરેખર ભારે શોચનીય ને નિંદાપાત્ર જ લેખાય. ગુણ–દ્વેષયોગે નિંદામાં ઉતરી, નીચ ગોત્રકર્મ બાંધી તેને ખરેખર અનેક નીચ યોનિઓ મધ્યે બહુ ભવભ્રમણ કરવું પડે છે, એમ સમજી તેથી થતા મહાઅશુભ વિપાકનું સદોદિત સ્મરણ રાખી ભવદુઃખનો અંત કરવા માટે જે મહાશયો સર્વજ્ઞોક્ત અહિંસા, સંયમ ને તપલક્ષણ ધર્મનું શુદ્ધ નિષ્ઠાથી જાતે સેવન કરે છે, સેવન કરનારને તન–મનથી બનતી સહાય કરે છે અને તેની શુદ્ધ સાત્ત્વિક કરણીનું અનુમોદન કરે છે એવા સત્ત્વશાળી ગુણીઓ માટે કહે છે કે—

**‘ આપ ગુણી ને વળી ગુણરાગી, જગમાંહી એહની કીરતિ ગાજી ’**

એવા સત્ત્વશાળી મહાશયો જ ગુણમાં વૃદ્ધિ પામવા સાથે જગતમાં પણ બધે પ્રશંસા પામે છે. એથી અવળાં આચરણવાળાં રાજસી ને તામસી વૃત્તિવાળા જીવો ઊંચે આવી શકતા

નથી એટલું જ નહીં પણ આપબડાઇ ને પરનિંદાના ઢાળથી તેઓ બહુધા જ્યાં ત્યાં અપમાનપાત્ર થઇ, બહુ નીચી ગતિમાં ઉતરી જાય છે. એવી તદ્દન દયાજનક સ્થિતિમાં મૂકનાર એક દ્વેષમાત્રનો પરિહાર કરી લેવાય તો કેવું સારું થાય ?

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૪૧૪ ]

## સમભાવ

જ્યારે અમર્ષભર્યો કમઠ તાપસ મરીને મેઘમાળી દેવ થયો ત્યારે પૂર્વનું વૈર યાદ કરીને ધ્યાનસ્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પરાભવ કરવા તેણે ઘણા પ્રકારના ઉપસર્ગો કર્યા, છતાં પોતે તેમાં ન ફાવ્યો. છેવટે મૂશળધાર મેઘધારાથી તે વરસવા લાગ્યો ને જોતજોતામાં જળપ્રવાહ વધતો જતો ઠેઠ પ્રભુના નાસાગ્રે આવ્યો ત્યારે ધરણેંદ્રનું આસન કંપાયમાન થતાં તેણે અવધિ પ્રયુંજી જોયું તો પ્રભુને ઘોર ઉપસર્ગ થયેલો જાણી તત્કાળ નિવારવા તે પ્રભુ પાસે આવ્યો અને તેનું તરત નિવારણ કર્યું. એવે પ્રસંગે સ્વસ્વઉચિત કાર્ય કરતા કમઠ અને ધરણેન્દ્ર બંને ઉપર પ્રભુ પોતે સમભાવી હતા. ધરણેન્દ્ર ઉપર રાગ અને કમઠ ઉપર દ્વેષ રહિત જ રહ્યા હતા, તેમ સમતા–સામાયિકના અભ્યાસી ભવ્યાત્માઓએ રહેવું જોઇએ.

એકદા ચંડકૌશિક સર્પને પ્રતિબોધવા ગયેલા અને ત્યાં કાઉસગ્ગ ધ્યાને નિશ્ચળ રહેલા વીરપ્રભુને તે દૃષ્ટિવિષ સર્પે દૃષ્ટિજ્વાળા વમી વમીને મૃત્યુ પમાડવા બહુ બહુ પ્રયત્ન કર્યાં છતાં તેનું કશું ન ચાલ્યું ત્યારે છેવટે પ્રભુના પગે કરડી તે દૂર ભાગતો હતો, એવા હેતુથી કે રખે પ્રભુના પડવાથી પોતે

કચરાઈ મરે. પછી દંશના સ્થાને લાલ રક્તને બદલે ગાયના દૂધ જેવું ઉજ્જવળ લોહી સ્રવતું જોઇ સર્પ આભો બની ગયો ને મોટા વિચારમાં પડ્યો, ત્યારે પ્રભુએ યોગ્ય સમય જાણી તેને યોગ્ય વચનથી પ્રતિબોધી ઠેકાણે આણ્યો જેથી તેની ગતિ સુધરી. પરંતુ પગે દંશ દેનારા સર્પ ઉપર અને હર્ષોલ્લાસથી ચરણમાં નમન કરવા માટે સ્પર્શ કરતા દેવતાઓ તથા ઇન્દ્ર ઉપર પ્રભુને સમભાવ જ હતો. તેમ સમતા–સામાયિકના અભ્યાસી ભવ્યાત્માઓએ તેવા તેવા પ્રસંગે સમભાવ આદરવો.

**સાર**—એટલું તો સહુ સુજ્ઞ જનો સમજી આદરી શકે કે એવા એવા ભારે સંકટ પ્રસંગે પણ આત્માનું પુરુષાતન ફોરવવાથી જ્યારે અવિશુદ્ધ સમભાવ સાચવી શકાય છે, તો પછી આપણને જ્યારે આપણી કસોટી થાય એવી કોઇ તક સાંપડે ત્યારે તેનો લાભ પુરુષાતનથી લેવા તૈયાર રહેવું જોઇએ.

પહેલાં ભારે–કઠણ લાગતું કાર્ય અભ્યાસયોગે સહેલું થઇ જાય છે અને તથાપ્રકારની પાત્રતા–યોગ્યતા વગર વસ્તુની પ્રાપ્તિ થઇ શકતી નથી, એ સાચું સમજી ઉક્ત પરમપુરુષોના ઉદાર ચારિત્રને દિલમાં અવધારી ( કોતરી રાખી ) સત્તારૂપે તેમના જેવા જ આપણા આત્મામાં એવી શક્તિ પ્રગટાવવા માટે જોઇતી યોગ્યતા–પાત્રતા મેળવવા બનતો પ્રયત્ન કરવો જોઇએ. સર્વથા રાગાદિક બંધનોથી મુક્તિ મેળવવા માટે જ જેમણે મહાવ્રતો ધારણ કરેલાં છે તેવા નિર્ગ્રંથ–સાધુજનોનો તો એ ધર્મ–આચાર સુપ્રસિદ્ધ જ છે કે–સર્વત્ર સદાય સમભાવ સાચવી રાખવો. જેમના મનમાં એવો નિઃસ્પૃહભાવ હોય કે જેથી રાજા ને રંક, શ્રીમંત અને ગરીબ, તેમજ વિદ્વાન ને અભણ ઉપર સમભાવ વર્તે, કોઇ નિંદા કરે કે સ્તુતિ કરે,

કોઈ માન-સન્માન આપે કે અપમાન કરે તેથી હર્ષ-ખેદ નહીં કરતા પોતે સદા સમભાવે રહે. ખંડન-મંડન, થાપ-ઉત્થાપમાં નહીં પડતાં સદા આત્મભાવે રમે, એવા આદર્શરૂપ સાધુરત્નો સહેજે આત્માની વિશુદ્ધિ કરીને પરમાત્મદશાને પામી શકે છે. તેનો મર્મ સમજી પોતાનું જીવન ઉન્નત કરવા ઇચ્છતો ગૃહસ્થ ભવ્યાત્મા પણ સામાયિક પ્રસંગે એવા શુભ અભ્યાસને સેવતો-વધારતો સતો આત્માની ઉન્નતિને સુખે સાધી શકે છે અને આનંદ, કામદેવની પેઠે અન્યને માર્ગદર્શક બને છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૮૧ ]

## સાધુવિહાર.

એક ગીતાર્થ વિહાર ને બીજો ગીતાર્થનિશ્રિત-વિહાર સિવાય ત્રીજો વિહાર જિનેશ્વરોએ અનુમત કરેલો નથી.

પોતાની સમાન કે અધિક ગુણવાન શિષ્યાદિક સાધુનો યોગ ન બને ત્યારે જ ગીતાર્થ પણ એકલા સંયમમાર્ગને સાવધાનપણે સાધતા-વિષયકષાયાદિક પ્રમાદને યત્નપૂર્વક પરિહરતા સતા વિહરે છે.

ભવભીરુ ગીતાર્થની નિશ્રામાં રહેતાં, પોતાને સંયમમાર્ગમાં ઉત્તમ નિર્યામક મળવાથી અગીતાર્થ એવા સાધુજનને પણ અનેક પ્રકારના ઉત્તમ લાભ સાંપડે છે. તેવા વિહારને ગીતાર્થ-નિશ્રિત વિહાર કહી શકાય છે. એ સિવાય સ્વચ્છંદતાવશ કોઈ સાધુ-સાધ્વી એકલા કે અજ્ઞાન અગીતાર્થ ટોળા સાથે વિહાર કરે તે ગમે તેટલી તપસ્યાદિક કઠીન કરણી કરતા હોય તો પણ યથાર્થ સાધુમાર્ગથી બહિર્મુખ હોવાથી શાસ્ત્રમાન્ય

કે પ્રમાણભૂત નથી. પ્રભુની આજ્ઞાના ખરા ખપી સાધુ સાધ્વીઓએ ખાસ જ્ઞાન, દર્શન ને ચારિત્રના પુષ્ટાલંબન વગર એક જ સ્થળે માસકલ્પાદિ મર્યાદા તજી વધારે લાંબો વખત કે જિંદગી પર્યંત કાયમ કોઈ સ્થળે રહેવું નહિ. માસકલ્પાદિક વિહાર સંબંધી મર્યાદાનું ઉલ્લંઘન ખાસ પ્રયોજન સિવાય કરવાથી સંભવતા દોષો શાસ્ત્રકાર ઘણા ગણાવે છે, તેમાંથી કેટલાક નીચે બતાવ્યા છે:-

( ૧ ) શય્યાતર-ઉપાશ્રયસ્વામી વિગેરેમાં રાગ-પ્રતિબંધ-મમતા બંધાય તેથી પોતાનો આત્મા મલિન થવા પામે.

( ૨ ) લઘુતા થાય-આ સાધુઓ સ્વઘર તજી બીજા ઘરોમાં રક્ત થઈ રાગ બાંધી રહ્યા છે એવો લોકાપવાદ થવા પામે.

( ૩ ) વિવિધ દેશમાં રહેલા ભવ્ય જનોને ઉપદેશ દેવાવડે લાભ કરી ન શકાય. અથવા અન્ય દેશમાં રહેલા સુવિહિત સાધુજનોની સેવાભક્તિ કે વંદનાદિકનો લાભ મળી ન શકે, તેમજ અન્ય દેશના ભવ્ય જનોને વંદનાદિક ભક્તિનો લાભ મળી ન શકે, વળી સાધુજનોચિત વ્યવહારનું પાલન થઈ શકે તેવો સદ્‌વ્યવહાર પણ ન સચવાય.

( ૪ ) વિવિધ દેશોમાં વિચરતાં જે વિજ્ઞાન વિચિત્ર લોક લોકોત્તર વ્યવહાર સંબંધી થઈ શકે છે તે થવા ન પામે.

( ૫ ) પ્રભુ આજ્ઞાનું આરાધન થઈ ન શકે; કેમકે તેમાં તો માસકલ્પની મર્યાદા સિવાય સાધુવિહાર માન્ય કર્યો જ નથી. કદાચિત્ કોઈ પુષ્ટ કારણથી એટલે દુર્ભિક્ષાદિક કાળ-દોષથી, સંયમનો નિર્વાહ થઈ ન શકે એવા ક્ષેત્રદોષથી, ભાત વિગેરે શરીરને અનુકૂળ ન આવે એવા દ્રવ્યદોષથી અને માંદગી કે જ્ઞાનાદિકની હાનિ પ્રમુખ ભાવદોષથી કદાચ

દેખાવરૂપે આ માસકલ્પની મર્યાદા સાચવી ન શકાય; પણ સંથારાની ભૂમિ બદલાવવાવડે તથા અન્ય ઉપાશ્રય કે ગામ વગરના બીજા વિભાગમાં જઈ રહેવાવડે ભાવથી તો તે સાચવવી જ જોઇએ. ઉક્ત સાધુ સાધ્વીઓના વિહારની મર્યાદા પળાવવામાં પણ ભારે શિથિલતા–મંદતા ને ઉપેક્ષા થતી જણાય છે. તેનાં કારણો શોધી ભવભીરુ આત્માર્થી જનોએ હિતમાર્ગનો જ આદર કરવા અધિક ખપ કરવો જોઈએ.

સાધુઓને વર્ષાકાળમાં જ એક સ્થાને નિવાસ કરીને રહેવાનું કહ્યું છે. તે સિવાય ઋતુબદ્ધ કાળમાં માસકલ્પની મર્યાદાથી વિહાર કરવાનું એટલે સામાન્યત: કોઇ એક યોગ્ય સ્થળે એક માસથી વધારે નહી રહેતાં વિચરવાનું જેમ ફરમાન છે તેમ પ્રવર્તિની અને તેની નિશ્રામાં રહેતી સાધ્વીઓને માટે પણ એકને બદલે બે માસકલ્પની મર્યાદાથી ગ્રામાનુગ્રામ વિહાર કરતા રહેવાનું કહેલું છે. તેમાં પણ આજકાલ અનાદર કે મંદ આદર થતો જણાય છે, તે દૂર કરી દેવાની ખાસ જરૂર છે. જેમ સાધુજનોએ જ્ઞાનધ્યાનમાં મશગૂલ રહી સંયમની રક્ષા ને વૃદ્ધિ કરવાની છે તેમ સાધ્વીઓએ પણ સાવધાનપણે સંયમની રક્ષા ને વૃદ્ધિ થવા પામે તેમ પ્રવર્તવાની ઘણી જ જરૂર છે. વિહાર મર્યાદાસર કરતા રહેવાથી પોતે પ્રતિબંધથી દૂર રહી શકે છે. અનેક જુદા જુદા સ્થળવાસી ભવ્ય જનોને ગુરુસેવા અને વંદનનો લાભ મળવા ઉપરાંત શુદ્ધ સુવિહિત સમાચારી જાણવાનો ને યથાશક્તિ આદરવાનો પણ લાભ મળે છે. સાધુજનોના વિરહે વ્યાપી ગયેલી આચારશિથિલતા દૂર થવા પામે છે અને અનેક ભવ્યાત્માઓને સદાચાર સાંપડવાથી તેમનું પણ કલ્યાણ સાથે શાસનની ઉન્નતિ થઇ શકે છે. વળી શાસનનું

હિત હૈયે ધરનારા જ્ઞાની ને સંયમી સાધુ-સાધ્વીઓ પ્રમાદ રહિતપણે યથાયોગ્ય જ્ઞાનનો વિસ્તાર કરતા રહેવાથી નાના મોટા સહુ ભાઈ-બહેનો વ્યવહારકુશળતા મેળવવા સાથે ખરો કલ્યાણનો માર્ગ સમજી પ્રેમપૂર્વક તેનું પાલન કરવા ઉજમાળ બને છે. એ મહાન્ લાભ સતત સુવિહિત વિહારથી થવા પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૮૨ ]

## શાસનની મર્યાદાના પાલન માટે કેવી વ્યવસ્થા જરૂરની છે ?

સૂર્ય સમાન પ્રતાપશાળી શ્રીતીર્થંકરદેવના અભાવે શાસનની મર્યાદા ભવ્યજનોને શાન્તિથી સમજાવીને તે સાચવવા સદોદિત પ્રયત્ન સેવે એવા સમર્થ, જ્ઞાની, વૈરાગી ને ગંભીર, અપ્રમત્ત, તત્ત્વોપદેશક ગુરુની આપણને અત્યારે ખાસ જરૂર છે. જે પોતે સાદા અને સરલસ્વભાવી હોઇ સંયમમાર્ગની સદા રક્ષા ને પુષ્ટિ કરતાં રહે છે તે જ સાચા માર્ગદર્શક બની શકે છે. ઉત્તમ મહાવ્રતો આદરી તેનું પ્રીતિથી પાલન કરતાં સતા જેઓ સત્તાવીશ ગુણોને ધારે છે એવા સુસાધુઓને યથાર્થ ઓળખી, સદાય તેમનું શરણ લેવું જોઇએ; તેથી આગળ વધી અધિક ઉત્તમ ગુણોને ધારણ કરનારા ઉપાધ્યાયોની ને આચાર્યોની ખાસ જરૂર છે. જેઓ યથાર્થ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ઓળખી જે રીતે શાસનની રક્ષા ને ઉન્નતિ થાય તેવો હિત-માર્ગ જ આદરે છે, તેવા ભાવ-આચાર્ય, ઉપાધ્યાય ને સાધુની પણ જરૂર છે. જ્યારથી પૂરી યોગ્યતા કે પાત્રતા વિચારી ઉક્ત ઉત્તમ પદવીઓ દેવા-લેવાનું વિસારી દેવાયું છે ત્યારથી આપણી અવનતિ શરૂ થઈ છે. ઉક્ત ઉત્તમ પદવીઓ કેવા પાત્રને

અપાય ? કુપાત્રને દાન દેવાથી કેવો અનર્થ થાય ? તે સંબંધી સ્પષ્ટ ઉલ્લેખ શ્રી હરિભદ્રસૂરિ જેવા સમર્થ આચાર્યોએ કરેલા પ્રામાણિક ગ્રંથોમાં પણ જોવામાં આવે છે; તેમ છતાં આજકાલ કેવી સ્વેચ્છાવૃત્તિથી કામ લેવાય છે ? કાર્યની ગંભીરતા ને જવાબદારીનો કેટલો ઓછો ખ્યાલ રખાય છે ? તે માટે મહાપુરુષોએ પૂર્વે દાખવેલી મર્યાદા ને જવાબદારી વિચારવા યોગ્ય છે, એ રીતે અંધપરંપરાથી શાસનનું હિત કેટલું જોખમાય છે ? તેનો વિચાર સરખો કરવા કોણ કાળજી રાખે છે ? પૂરો પંચેન્દ્રિયનો પરમાર્થ આવડતો ન હોય, તેમાં ગણાવેલાં ઉત્તમ ગુણોનું ભાન પણ ન હોય તેવા નામના આચાર્ય કે ઉપાધ્યાય કે પંન્યાસ શાસનનું કેવું હિત કરી શકે ? ગમે તેમ કરી, પાત્રતાની પૂરી ખામી છતાં, મોટી જોખમભરી પદવીઓ ધારણ કરવી એ પ્રગટ મિથ્યાત્વ છે. તેથી લેનાર ને દેનાર બંને દોષિત ઠરે છે, તેમજ આજ્ઞાવિરુદ્ધ સ્વેચ્છાચારથી બંને ભારે શિક્ષાપાત્ર બને છે. તેના સહચારીઓ, સહાયકો ને અનુમોદકો પણ ઉક્ત દોષ ને શિક્ષાના ભાગી થાય છે. અનંત સંસારવૃદ્ધિરૂપ અતિ ગંભીર શિક્ષા અદૃશ્ય છતાં પ્રભુ આજ્ઞાખંડનકારી માટે વ્યાજબી જ કહી છે. ભવભીરુ ભવ્યાત્માઓ તેથી ચેતીને જ ચાલે છે. તેઓ એવો મિથ્યાડંબર લગારે પસંદ કરતા નથી, તેમજ તેમાં કશી સહાય કે અનુમોદના કરતા નથી. આગમમાં જે કૃતિકર્મ ( નમન–વંદન )ની મર્યાદા ને તેથી ફલિત થતાં ફાયદા કહ્યાં છે તે સુવિહિત સાધુ–સાધ્વીઓએ જાણી તેવી મર્યાદા કાળજીપૂર્વક પાળવા અને તેથી થતાં લાભ મેળવવા પ્રયત્ન કરવાની જરૂર છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૩, પૃ. ૭૦ ]

# કર્તવ્ય ધર્મો.

શ્રી ચિરંતનાચાર્ય પ્રણીત પંચસૂત્રમાં નીચે મુજબ કહેલું છે:—

૧. શુદ્ધ દેવ, ગુરુ, ધર્મને સારી રીતે પિછાણી લઈ તેમનું જ શરણ લેવું.

૨. અત્યાર સુધીમાં રાગ, દ્વેષ ને મોહવશ આ જન્મમાં કે જન્માન્તરમાં મન, વચન, કાયાવડે જે કોઇ નાનાં મોટાં દુષ્કૃત્યો કર્યાં, કરાવ્યાં ને અનુમોદ્યાં હોય તે સર્વે કલ્યાણ-મિત્ર-ગુરુદેવ સમીપે આલોચી-નિંદી ફરી તેવાં દુષ્કૃત્યો તેવા ભાવે થવા ન પામે એમ નિ:શલ્યપણે માફી માંગવી.

૩. વીતરાગ પ્રભુના વચનાનુસાર ત્રણે કાળનાં સર્વે સુકૃત્યોની ત્રિવિધે અનુમોદના કરવી અને નવાં સુકૃત્યો સેવતાં રહી તેમાં વધારો કરતાં રહેવું.

૪. ધર્મમાર્ગમાં આગળ વધવા પ્રથમ તો શ્રાવક ધર્મની પ્રાપ્તિ યોગ્ય પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષા-વ્રતો સુગુરુ સમીપે અંગીકાર કરીને તે સર્વ વ્રતોને શાસ્ત્રાનુ-સારે યથાવિધિ પાળવા ઉદ્યમવંત થવું.

૫. અનર્થકારી જાણીને કુગુરુનો સંગ તજવો, તેમજ બીજા અનર્થદાયી લોકવિરુદ્ધ કાર્યો સ્વપરહિત સમજીને તજી દેવાં.

૬. કલ્યાણમિત્ર-સુગુરુજનની સેવા એકનિષ્ઠાથી કરતા રહેવું.

૭. ગૃહસ્થ યોગ્ય અનેક સદાચારો સાવધાનપણે મન, વચન, કાયાની વિશુદ્ધિપૂર્વક સાધતા રહી, સુગુરુ સમીપે ગ્રહણ કરેલાં વ્રતોને અજવાળવા.

૮. અનેક જીવોપઘાતક આરંભ-સમારંભને બહુ અનર્થ-

કારી જાણી તજવાં, પરને પીડા થાય તેવું ન ચિંતવવું, કોઈની પાસે નકામી દીનતા ન કરવી, ઇચ્છિત મળતાં હર્ષ-ઉન્માદ ન કરવો તથા ખોટો હઠ-કદાગ્રહ રાખવો નહિ. એ રીતે ઉચિત નીતિને અવલંબી મનને કાબૂમાં રાખતાં રહેવું.

૯. કોઇને ખોટું આળ ન દેવું, કઠોર વચન ન કહેવું, ચાડીચુગલી ન કરવી તથા વિકથા-કુથલીથી દૂર રહેવું. એ રીતે હિતમિતભાષી થવું.

૧૦. જીવહિંસાથી દૂર રહેવું, કોઇનું અદત્ત ન લેવું, પરસ્ત્રીને સરાગ દૃષ્ટિથી ન જોવી તેમજ અનર્થદંડ ન કરવો. એ રીતે શાસ્ત્રમર્યાદા પાળતા રહી શુભ કાયયોગ્યવાળા થવું. મન-વચન-કાયાથી બને તેટલો પરમાર્થ સાધવો.

૧૧. આવક અનુસાર જ દાન, ભોગ ને કુટુંબપાલન કરવું અને ખર્ચ અનુસાર અર્થસંચય કરતાં રહેવું.

૧૨. કુટુંબ પરિવારમાંના કોઇને સંતાપવા નહિ. બને તેટલું તેમનું હિત જ કરવું, તે પણ નિઃસ્પૃહતાથી જેમ અન્યનું પાલન કરીએ તેમ તેમનું પાલન કરવું.

૧૩. જેમ ધર્મગુણની વૃદ્ધિ થાય તેમ તેને જ સારભૂત અને બીજાને અસાર લેખીને વર્તવું. એ રીતે ત્રિલોકબંધુ શ્રી તીર્થંકરદેવનું વચન પ્રમાણ કરનાર મહાશયે વ્રતમર્યાદા-થી અવિરુદ્ધ સદાચારોને વિષે સાવધાન બની સ્વશ્રેય સાધવું.

૧૪. વળી ધર્મજાગરિકાવડે વિવેકથી વિચારવું કે મારી અવસ્થા કેવી છે ? એને ઉચિત કયું ધર્મ-અનુષ્ઠાન છે ? પાંચે ઇંદ્રિયોના વિષયો અસાર, વિયોગશીલ અને અંતે દુઃખદાયક છે, વળી ભયંકર મૃત્યુ અણુચિંતવ્યું આવશે, તેને વારંવાર

પાછળ લાગતું અટકાવી રાખવા મહાપુરુષોએ સેવેલા સર્વ-હિતકારી એકાન્તવિશુદ્ધ નિર્દોષધર્મનું સેવન પરમાનંદ-દાયક થઇ શકે છે, એમ સમજી શુદ્ધ ધર્મ અને ધર્મીજનોનું બહુમાન કરવું અને તેમની પવિત્ર આજ્ઞાને યથાર્થ અનુસરવું, એ મોહનો ઉચ્છેદ કરવા માટે પ્રબળ સાધનરૂપ છે. એ રીતે કુશળ અભ્યાસવડે પવિત્ર આજ્ઞાકારી આત્મા વિશુદ્ધ થતો થતો સાચી ભાવનાયોગે કર્મ–મળને ટાળી સાધુધર્મની યોગ્યતા પામે છે. એટલે તે સંસારસુખથી વિરક્ત થયો છતો મોક્ષાર્થી, મમત્વરહિત, કોઇને પીડા ઉત્પન્ન નહિ કરનાર, રાગદ્વેષની ગ્રથિલ ગાંઠને ભેદવાવડે વિશુદ્ધ ભાવવાળો થાય છે.

૧૫. સાધુધર્મને સારી રીતે સમજેલ ઉપરોક્ત ગુણવાળો ભાવિત આત્મા કોઇને ઉત્પાત–દુઃખ–પીડા–અસમાધિ ન ઉપજે તેમ ચારિત્ર ધર્મને અંગીકાર કરવા ઉજમાળ થાય છે; કેમકે કોઇને અશાન્તિ કે અસમાધિ ઉપજાવવી એ તેમાં વિઘ્નરૂપ છે. વળી એ ધર્મપ્રાપ્તિનો માર્ગ–ઉપાય પણ નથી; કેમકે પરોપતાપરૂપ અકુશલારંભ આત્માને હિતકારક નથી. કદાચ માત–પિતા પ્રમુખ કર્મયોગે પ્રતિબોધ પામ્યા ન હોય તો તેમને પ્રતિ-બોધવા શાંતિથી સમજાવવા.

૧૬. સદ્‌ભાગ્યયોગે તેઓ પ્રતિબોધ પામે તો સર્વેએ સાથે જ દીક્ષા ગ્રહણ કરી નિઃસ્પૃહભાવે તે પાળવી.

૧૭. કર્મયોગે તેઓ પ્રતિબોધ ન પામે તો શક્તિ અનુ-સાર તેમના નિર્વાહ માટે સ્વમતિ મુજબ આવકનાં નિર્દોષ સાધન કરી આપવા એ ખરેખરી કૃતજ્ઞતા છે, અને આવી ભક્તિ લોકમાં શાસનોન્નતિના કારણરૂપ થાય છે. પછી અનુ-

કૂળતાએ માત-પિતાની અનુમતિ મેળવી પોતે ચારિત્રધર્મ આદરવો. તેમ છતાં પણ અનુમતિ ન આપે તો યુક્તિથી સ્વકાર્ય સાધવાનો પ્રયત્ન કરવા ચૂકવું નહિ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૨૨ ]

## યોગ સંબંધી વસ્તુનિર્દેશ.

૧. વેદાંતમાં કર્મયોગ, ભક્તિયોગ, રાજયોગ ને જ્ઞાનયોગ, એ ચાર મોક્ષપ્રાપ્તિના મુખ્ય માર્ગ કહ્યાં છે.

૨. ઇન્દ્રિયનિગ્રહ, સ્વાર્થત્યાગ, અનાસક્તિ અને નિષ્કામના એ ચાર કર્મયોગના આધારસ્થંભ છે. એ ડગમગતા હોય ત્યાં સુધી કર્મયોગ કાચો છે.

૩. ભક્તિયોગનો માર્ગ અત્યંત સરલ ને સર્વાંગ મધુર છે. તે માર્ગે ચાલતો મનુષ્ય સુખપૂર્વક કૈવલ્યપ્રદેશમાં જાય છે.

૪. જ્ઞાનયોગના માર્ગમાં વિચરવાનું કાર્ય પરમ દુર્ઘટ છે, રાજયોગનો માર્ગ પણ તેવો જ કષ્ટસાધ્ય છે અને કર્મયોગમાં પણ અનેક સંકટો આવી મુખ વિકાસીને ઊભા રહે છે.

૫. ભક્તિની જે પરિપૂર્ણતા તે જ જ્ઞાન; તેનો મહિમા મહાન્ છે.

૬. જેની પાસે પૂર્ણભક્તિ છે તેની પાસે સર્વકાંઇ છે.

૭. જૈન માર્ગમાં તો મોક્ષ સાથે જોડી આપે તે સર્વ આચારને યોગરૂપ વખાણેલ છે. અને તેના સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા આશ્રયી પાંચ પ્રકાર કહેલા છે. તેમાં પ્રથમના બેનો કર્મયોગમાં અને બાકીના ત્રણનો જ્ઞાનયોગમાં

સમાવેશ થાય છે. ઉક્ત યોગ-પ્રસાદ વિરતિવંત( ચારિત્રશીલ )ને નિશ્ચે હોય છે અને બીજામાં બીજ માત્ર હોય છે.

૮. કૃપા, નિર્વેદ, સંવેગ ને પ્રશમને પેદા કરનારા પૂર્વોક્ત પંચવિધ યોગના પ્રત્યેકે ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા ને સિદ્ધિરૂપ ચાર ચાર ભેદ થાય છે.

૯. તેવા યોગીજનોની સ્તુતિમાં પ્રીતિ ઉપજવારૂપ ઇચ્છા યોગ, પૂર્વોક્ત યોગમાર્ગનું સેવન કરવામાં તત્પરતારૂપ પ્રવૃતિ-યોગ, તેમાં દોષ માત્રનું નિવારણ કરી નિર્દોષપણે યોગનું સેવન કરવારૂપ સ્થૈર્યયોગ અને પોતે કૃતકૃત્યતા મેળવી અન્ય ભવ્યજનોનો ઉપગાર સાધવારૂપ સિદ્ધયોગ વખાણ્યો છે. એ રીતે તેના ૨૦ ભેદ થવા પામે છે.

૧૦. વળી પ્રીતિ, ભક્તિ, આજ્ઞાવચન અને અસંગ ભેદવડે તે દરેકના ચાર ચાર ભેદ થાય છે. તેથી યોગના એકંદર ૮૦ ભેદ એ રીતે થાય છે.

૧૧. ઉક્ત સ્થાનાદિક યોગનો સ્વેચ્છાથી અનાદર કરનાર સાધક જનને સૂત્રદાન દેવામાં પણ મહાદોષ લાગે છે એમ યોગાચાર્યો કહે છે; કેમકે તેવા સ્વેચ્છાચારી જનો ઉત્સૂત્રપ્રરૂપણા કરે, જેથી તીર્થોચ્છેદનો પ્રસંગ ઉપસ્થિત થવા સંભવ રહે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૧૬૮ ]

---

## योग अवंचकता.

મન, વચન ને કાયા એ ત્રણે યોગસંજ્ઞક કહેવાય છે. એ ત્રણેમાં સામ્ય આવે એટલે જેવું મનમાં એવું જ વાણીમાં, અને એવું જ વર્તનમાં એવો એક સરખો પવિત્ર ત્રણેનો યોગ

બને તે ‘ યોગઅવંચકતા ’ લેખી શકાય. સાદી ને સ્પષ્ટ રીતે કહીએ તો વિચાર, વાણી અને વર્તનની એક સરખી પવિત્રતા સાચવવી. નિકટભવી જીવને જ આવી ‘ યોગઅવંચકતા ’ સાંપડે છે. યોગઅવંચકતાવડે ક્રિયાઅવંચકતા એટલે ચારિત્ર-શુદ્ધિ અને તે વડે ફળ–અવંચકતા એટલે મોક્ષસુખની સહેજે પ્રાપ્તિ થઈ શકે છે; એટલે જન્મ–મરણનો અંત આવે છે; પરંતુ જીવ જ્યાંસુધી સ્વચ્છંદપણે મન, મચન, કાયાનો દુરુપયોગ કર્યા કરે છે ત્યાંસુધી રાગ, દ્વેષ અને મોહાદિક દોષની પ્રબળતાવડે અનંત જન્મ મરણનો ભય વધતો જ જાય છે. જ્ઞાની–પ્રબુદ્ધ આત્મા એક પણ નબળો વિચાર મનમાં દાખલ થવા ન દે, એક પણ નબળું કે વગર જરૂરનું વચન ન વદે અને એક પણ નબળું કે વગરવિચાર્યું કાર્ય ન કરે; એટલું જ નહિ પણ એ ત્રણે યોગનો બને તેટલો સારામાં સારો ઉપયોગ કરે, જેથી સ્વપરહિતમાં વધારો જ થવા પામે. સંત–સાધુ–મહાત્મા તો તે ત્રણે યોગનું ગોપન મુખ્યપણે કરીને ગુપ્તિવડે સંયમનું પાલન કરે છે. ખાસ જરૂરી પ્રસંગે સાવધાનપણે તેનો સદુપયોગ કરે છે, તે સમિતિ કહેવાય છે. નિઃસ્પૃહી મહાત્માને તો શરીર ઉપર મમતા હોતી નથી, તેથી પરિષહ–ઉપસર્ગોને સહન કરીને પણ મહાવીર પ્રભુના પંથે વળે છે, ને બીજાને દૃષ્ટાંતરૂપ બને છે. વીરોચિત આવા મહા-વ્રતોથી કાયર જનો કંપે છે, પણ શૂરવીર જનો તો દુર્લભ સામગ્રીનો પૂરો લાભ લઇ તેને સાર્થક જ કરે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૧૯૩ ]

# પરભવનું પાથેય : ધર્મસેવન.

જે કોઇ દૂરની લાંબી અટવીવાળી મુસાફરીમાં કંઇ પણ ભાતું સાથે રાખ્યા વગર બેદરકારીથી જાય તે ક્ષુધા-તૃષાથી પીડા પામી મહાદુઃખી થાય; એ રીતે યથાશક્તિ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય પ્રમુખ ધર્મસાધનને હિતકારી સમજીને સેવન કર્યા વગર જે મૃત્યુવશ થઇ પરભવમાં જાય છે તે ત્યાં વિવિધ વ્યાધિ અને રોગથી પીડા પામતો સતો બહુ બહુ દુઃખી થાય છે; પરંતુ જે કોઇ શુભાશયથી, દીર્ઘદ્રષ્ટિથી તેવા દૂરના અટવીવાળા લાંબા માર્ગે મુસાફરી કરતાં યથાયોગ્ય ભાતું સાથે રાખી લેવા ચૂકતા નથી તે તેવે પ્રસંગે ક્ષુધા-તૃષાના દુઃખથી મુક્ત રહી જેમ સુખી થાય છે તેમ જે કોઇ મહાશયો પોતાને પ્રાપ્ત થયેલી માનવદેહાદિ બધી દુર્લભ સામગ્રીનો બને તેટલો સદુપયોગ કરતા રહી, વીતરાગ સર્વજ્ઞોક્ત સત્ય ધર્મનું ચીવટથી સેવન કરી, સ્વજીવન સાર્થક કરી પરભવમાં જાય તે અશુભ પાપકર્મ રહિત જનો અનેકવિધ વ્યાધિ-રોગથી મુક્ત રહી સર્વત્ર સુખી સુખી થવા પામે છે. જેમ મોહ ને અજ્ઞાનવશ કિંપાકના ફળ બહારથી સુંદર ને સ્વાદિષ્ટ દેખી, જે કોઇ લોભ-લાલચથી તે ખાય છે તેનું પરિણામ સારું નથી આવતું, પણ પ્રિય પ્રાણની હાનિરૂપ વિપરીત જ આવે છે તેમ પાંચે ઇન્દ્રિયોના શબ્દ, રૂપ, રસ, ગંધ પ્રમુખ ગમે તેવા બહારથી સુંદર-મનોહર જણાતા વિષય-ભોગને જે કોઇ મોહ અજ્ઞાનને વશ બની લોભ-લાલચથી નિરંકુશપણે સેવતા રહે છે તેનું પરિણામ પણ ભારે વિપરીત આવવા પામે છે. તેને વારંવાર જન્મ મરણના ફેરામાં ફરવું

પડે છે; પરંતુ જે કોઇ મહાશયો તે કિંપાકના ફળ સમા વિપરીત પરિણામને નીપજાવનારા વિવિધ વિષયોથી લગારે નહીં લલચાતાં તેનાથી દૂર રહે છે-ચેતીને ચાલે છે-અલિપ્ત રહે છે તેમને જન્મ-મરણના અનંત દુઃખ સહેવાં પડતાં નથી. આત્મલક્ષ્ય જાગૃત થવાથી શુદ્ધ ધર્મનું સેવન કરનાર આત્માના શુદ્ધ અવિનાશી સુખને જલદીથી પ્રાપ્ત થાય છે; સકળ દુઃખથી સર્વથા મુક્ત થઇ આત્માનું સહજ અવિનાશી સુખ મેળવવાના ખરા અર્થી ભવ્યાત્માઓએ શુદ્ધ ધર્મનું દૃઢ આગ્રહથી પ્રમાદ રહિત સેવન કરી લેવા આસન્નઉપગારી પરમ આદર્શરૂપ શ્રી મહાવીરસ્વામીનું તેમજ શ્રી ગૌતમસ્વામી પ્રમુખ ગણધરોનું પરમઉદાર ચરિત્ર નજર સામે રાખી મન અને ઇન્દ્રિયોને કાબૂમાં રાખી સ્વકર્તવ્યપરાયણ થવું જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૨૭૭ ]

## તપનો મહિમા ને પ્રભાવ.

અનાદિનો કર્મમળ ટાળી, આત્મારૂપી સુવર્ણને શુદ્ધ નિર્મળ કરે તેવો તપ ખરા આત્માર્થી જનોએ અવશ્ય સેવવા-આદરવા યોગ્ય છે. તે જ ભવમાં ચોક્કસ મોક્ષે જવાવાળા તીર્થંકરો પણ પોતે પોતાના રહ્યાંસહ્યાં કર્મને ટાળવા જે તપનું સેવન કરે છે તે તપને નિષ્કામપણે વિવેકપૂર્વક સેવનારનું શ્રેય થયા વગર કેમ રહે ? બાહ્ય ને અભ્યંતર તપ છ છ પ્રકારે શાસ્ત્રમાં વખાણ્યો છે. તેમાંનો બાહ્ય તપ-ઇચ્છાનિરોધરૂપ, આત્મજ્ઞાન-ધ્યાનાદિરૂપ આભ્યન્તર તપની પુષ્ટિને માટે જ કરવાનો છે. તેવા હિતકારી લક્ષ્ય વગરનો કેવળ બાહ્ય તપ તો કાયક્લેશરૂપ થવા પામે છે, તેથી જ મહોપાધ્યાય શ્રીમાન

યશોવિજયજી કહે છે કે-' શક્તિ અનુસારે એવું જ તપ-આચરણ કરવું કે તેમાં દુર્ધ્યાન તો ન જ થાય. નબળા હલકા વિચાર ન આવે, પણ પવિત્ર વિચાર પેદા થાય, અંતરની શુદ્ધિ થાય, જેથી સ્વકર્તવ્ય કર્મો શુદ્ધ ભાવે કરાય, તેમાં કશી ખામી ન આવે, તેમજ આત્મ-સાધનમાં સહાયકારક ઇન્દ્રિયોની ક્ષીણતા થવા ન પામે. વળી જે તપ આચરણ સેવતાં આત્મ-સ્થિરતા-રમણતા જાગે, જિનેશ્વર પ્રભુ પ્રત્યે અધિકાધિક પ્રેમ પ્રગટે, તેમના કેવળજ્ઞાનાદિક ગુણો પ્રત્યે અંતરમાં બહુમાન જાગે અને એવા જ ઉત્તમ ગુણો આપણામાં ગુપ્ત રહેલાં છે તેમને પ્રગટ કરવા દર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપી રત્નત્રયીનું યથા-વિધિ સેવન કરવા તત્પર થવાય-તેમાં આળસ કે બેદરકારીપણું રહેવા ન પામે, ક્રોધાદિક ચારે કષાયો પાતળા પડે એ રીતે વર્તાય એટલે ક્ષમા, નમ્રતા, સરલતા ને સંતોષાદિ ગુણમાં વધારો થાય અને જિનેશ્વર દેવની અત્યંત હિતકારી આજ્ઞાનું ઉલ્લસિત ભાવે ઉપયોગ સહિત પાલન કરવાનું ન જ ભૂલાય. એવા પ્રકારનું વિવેકભર્યું નિઃસ્વાર્થપણે તપનું સેવન કરાય તો તે શુદ્ધ ને કલ્યાણકારી લેખાય. તે સિવાયનું આજ્ઞાવિરુદ્ધ જે સ્વેચ્છાએ તપનું સેવન કરાય તે કલ્યાણકારી લેખી ન જ શકાય, એમ સમજી સર્વશ્રેયકારી શાસ્ત્રમર્યાદા યુક્ત શુદ્ધ તપ-ધર્મનું સેવન સહુએ સાવધાનપણે કરવું.

સમતા સહિત કરવામાં આવતા તપવડે નિકાચિત કર્મનો પણ ક્ષય થઇ શકે છે, શુદ્ધ તપના પ્રભાવથી દ્રવ્ય-ભાવ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, ભવસંતતિનો ક્ષય થાય છે, રોગનું નિર્મૂલન થાય છે, કર્મનો અંત થાય છે, વિઘ્નો વિસરાળ થઇ જાય છે, ઇન્દ્રિયોનું દમન થાય છે, મંગળમાળા વિસ્તરે છે,

ઇષ્ટ અર્થ સિદ્ધ થાય છે, દેવતાનું આકર્ષણ થાય છે તેમજ કામ વિકાર નષ્ટ થાય છે એમ સમજી મોક્ષના અર્થી સુજ્ઞ જનોએ એવા કલ્યાણકારી તપનું સેવન અવશ્ય કરવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૪, પૃ. ૩૭૯ ]

## ભારેકર્મીપણાનું લક્ષણ.

( ૧ ) જેનું મન અનવસ્થિત (વિહ્વલ) છે તે ઘણા આહટ્ટ-દોહટ્ટ ચિંતવ્યા કરે છે પણ ઇચ્છિત વસ્તુ મેળવી શકતો નથી અને ઘણાં પાપ-કર્મ બાંધે છે.

( ૨ ) જેમ જેમ શાસ્ત્ર-રહસ્ય જાણે અને લાંબો વખત સાધુની સંગતિમાં રહે તેમ તેમ ભારેકર્મી જીવ સંયમમાર્ગથી ઊલટો વિમુખ થતો જાય છે.

( ૩ ) અસાધ્ય રોગીની જેમ જેનું ચિત્ત સર્વજ્ઞ-વીતરાગનાં અમૃતવચનનું પાન કરતા છતાં પાપ-વિકારથી વધારે પુરાય તે જીવ ભારેકર્મી હોવો જોઇએ. અન્યથા એકાન્ત હિતકારી એવા જિનવચનથકી કદાપિ વિકારની વૃદ્ધિ થાય જ નહીં. અસાધ્ય રોગી જેવા ભારેકર્મી જીવને તેમ થવું સંભવે છે.

( ૪ ) જેમ બળેલી લાખ નકામી જાય છે, ભાંગી ગયેલો શંખ ફરી સાંધી શકાતો નથી અને લોહમિશ્ર કરેલું તાંબુ સુધારવા યોગ્ય રહેતું નથી, એવી રીતે ભારેકર્મી જીવનું પણ હિત થવું અશક્ય બને છે.

( ૫ ) જાણવા છતાં સંયમમાર્ગમાં આળસ કરનાર આપમતિલા સ્વચ્છંદી સાધુને ઉપદેશ આપવો નકામો છે. જેમ ઇન્દ્રને દેવલોકનું સ્વરૂપ સમજાવવું નકામું છે તેમ.

( ૬ ) પ્રથમથી જ શક્તિ–આરોગ્યતા મુજબ ધર્મ–માર્ગ અંગીકાર કરી હળુકર્મી જીવો તેને પ્રેમપૂર્વક પાળે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭૫ ]

## કર્મની અકળ ગતિ

૧. દશ દશ જણને પ્રતિબોધવાની લબ્ધિ શક્તિવાળા નંદિષેણ મુનિ પણ કર્મમાંથી છૂટી શક્યા નહિ.

૨. બદ્ધ, નિધત્ત, નિકાચીત અને સ્પૃષ્ટ એવા અનેક પ્રકારના કર્મથી મલિન થયેલ આત્મા જાણતો સતો વિષયાદિક પ્રમાદમાં મુંઝાઇ દુઃખી થાય છે. બદ્ધકર્મ કલુષિત જળ જેવું અથવા દોરાવડે બાંધેલ સોયોના સમૂહ જેવું, નિધત્ત કર્મ દૃઢ બંધનથી બાંધેલું, નિકાચીત કર્મ અત્યન્ત આકરા અધ્યવસાયથી ભોગવ્યા વગર છૂટી ન શકે એવું બંધાયેલું અને સ્પૃષ્ટ કર્મ તો કોરા વસ્ત્ર ઉપર ચોંટેલી રજ જેવું ઢીલું બંધાયેલું સમજવું.

૩. નિકાચીત કર્મના યોગે કૃષ્ણ વાસુદેવની પેઠે વસ્તુ-તત્વને જાણતાં છતાં જીવ સત્ય સંયમાદિક સફળ મોક્ષમાર્ગને આદરી શકતો નથી.

૪. કંડરીક મુનિ એક હજાર વર્ષ સુધી વિશાળ ચારિત્ર કરણી કર્યા છતાં અંતે કિલષ્ટ પરિણામયોગે સંયમમાર્ગથી ભ્રષ્ટ થઇ દુર્ગતિગામી થયા અને તેના જ વડીલ બંધુ પુંડરીક ઉચ્ચ ભાવનાયોગે સંયમમાર્ગને અંગીકાર કરી ઉચ્ચ ગતિને પ્રાપ્ત થયા.

૫. મલિન પરિણામથી ચારિત્રને ડોળી નાખ્યા પછી પુનઃ પુનઃ ચારિત્રની શુદ્ધિ કરવી દુષ્કર છે, તો પણ જો કોઇ

શુભ અવસર પામી, પાછળથી પુરુષાતન ફેરવે તે કવચિત્ સ્વશુદ્ધિ પણ કરી શકે.

૬. જે જીવ સંશય ગ્રહણ કરી તેને અતિચાર અને આચાર દોષથી ખંડિત કરે છે, તે સુખલંપટ થયા પછી ઠેકાણે આવવો મુશ્કેલ છે. નિર્ધ્વંસ પરિણામી તેવો ઉદ્યમ કરી શકતો નથી.

૭. ચક્રવર્તી સ્વરાજ્યને વૈરાગ્યયોગે સુખે ત્યજી શકે છે પણ શિથિલાચારી શિથિલાચારને ત્યજી શકતો નથી.

૮. તેથી સુદુર્લભ સંયમ પામી, પ્રમાદચરણથી તેનો નાશ નહીં કરવો જેથી ભવાંતરમાં સુલભબોધિપણું સહેજે પ્રાપ્ત થાય.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૨૫૪ ]

## " જૈન ધર્મ સંબંધી સમજવા યોગ્ય બોધવચનો "

રાગ, દ્વેષ અને મોહાદિ દોષ દૂર કરનાર–જીતી લેનાર જિનેશ્વર દેવ છે. તેમણે ઉપદેશેલો–પ્રરૂપેલો ધર્મ એ જૈન ધર્મ છે. અહિંસા, સંજમ અને તપ એ જિનોક્ત ધર્મનું લક્ષણ છે. એ પરમ મંગળમય ધર્મની ધુરાને ધારણ કરનાર ધોરી સમાન નિર્ગ્રંથ–સાધુ ગુરુ ગણાય છે. શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મ ઉપર દ્રઢ શ્રદ્ધા રાખનાર વિવેકચક્ષુથી સત્ય જોનાર જાણનાર અને સત્ય હિતકારી કરણી કરનાર શ્રાવક કહેવાય છે. સકળ દોષ રહિત જિનેશ્વરદેવે કથેલા ધર્મને એકસરખી રીતે અનુસરનારા સાધર્મી લેખાય છે. તેમની યથા ઉચિત સેવા–ભક્તિ કરનારા ભાગ્યશાળી ભવ્યજનો મહાલાભ મેળવે છે. વિવેકયુક્ત સાધર્મી સેવાનું મહાફળ કહ્યું છે.

આ ભવસમુદ્રથી તરી પાર ઉતારે અથવા જેના આલંબન-વડે ભવનો પાર પમાય તે લોકોત્તર-શ્રેષ્ઠ તીર્થ કહેવાય છે. તે જંગમ તીર્થ અને સ્થાવર તીર્થ એમ બે પ્રકારનાં કહ્યાં છે. જિનેશ્વર દેવની એકાન્ત હિતકારી આજ્ઞાને સારી રીતે સમજી, તેમાં દૃઢ શ્રદ્ધા ધારી, તે મુજબ યથાશક્તિ ચાલવા તત્પર રહેતા સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા એ જંગમ તીર્થ છે અને શત્રુંજય, ગિરનાર, આબૂ, અષ્ટાપદ અને સમેત-શિખર પ્રમુખ સ્થાવર તીર્થ છે. શુદ્ધ ભાવથી તેને ભેટનારા ભવ્યજનો ભવસાગર તરી શકે છે. એ ઉપર કહેલાં તીર્થને ભાવથી ભેટી શક્તિ મુજબ દાન, શીલ અને તપરૂપ ધર્મકરણી આળસ ત્યજીને સવિશેષ કરવી એ દરેક ભવ્યાત્માનું હિત કર્તવ્ય છે. તીર્થને ભેટતાં અનેક સજ્જનોનો સહેજે સમાગમ થવા પામે છે. તેમના ઉત્તમ ગુણોનું અનુમોદન કરવાથી આપણામાં સજ્જનતા-સારી યોગ્યતા આવે છે, નિંદાદિક દોષોનું નિવારણ થાય છે અને નિર્મળ જ્ઞાન, દર્શનાદિક ગુણોનો પ્રકાશ થાય છે. આવા ઉત્તમ હેતુથી જ સહુ કોઈ આત્માર્થી સજ્જનોએ પવિત્ર તીર્થની ભેટ કરવી ઘટે છે. તેવે શુભ પ્રસંગે સાધર્મી જનોનો યોગ્ય સત્કાર કરવો, તેમની સંગાતે ધર્મગોષ્ઠી કરવી અને દરેક શુભ પ્રસંગમાંથી કંઈ ને કંઇ ગુણ ગ્રહણ કરી લેવા ચૂકવું નહીં. હંસની પેઠે સાર તત્ત્વનું ગ્રહણ કરી લેવામાં જ પ્રાપ્ત થયેલી સુબુદ્ધિની સાર્થકતા છે. સુખે નિર્વહી શકાય એવાં વ્રત-નિયમો સમજ-પૂર્વક આદરવાનો ખપ કરવો એ આ દુર્લભ માનવદેહાદિ સામગ્રી પામ્યાની સાર્થકતા છે.

પૂર્વપુણ્યયોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મી અને વાણીનો પણ સદુપયોગ કરવાથી જ તેની સાર્થકતા છે, એ અગત્યની વાત વિસારવી ન ઘટે. ટુંકાણમાં સહુ સંગાતે મૈત્રી, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુઃખીજનો પ્રત્યે કરુણા અને દોષવંત પ્રત્યે રાગ–દ્વેષ રહિત મધ્યસ્થભાવ રાખવામાં જ આપણું ખરું હિત રહેલું છે, એ મુદ્દાની વાત ખૂબ લક્ષમાં રાખીને કલેશ–કુસંપ ટાળવા, સુલેહ–શાન્તિ સ્થાપવા અને પવિત્ર ધર્મ–માર્ગનો સર્વત્ર પ્રકાશ કરવા માટે દૃઢ પ્રયત્ન કરવો. સહુ કોઈનું શ્રેય–કલ્યાણ ઇચ્છવાથી આપણું પણ શ્રેય થશે જ. કહ્યું છે કે:—

"સહુ મન સુખ વંછે, દુઃખને કો ન વંછે,
નહિ ધરમ વિના તે, સૌખ્ય એ સંપજે છે;
ઈહ સુધરમ પામી, કાં પ્રમાદે ગમીજે ?
અતિ આળસ તજીને, ઉદ્યમે ધર્મ કીજે. ૧

ઈહ દિવસ ગયા જે, તેહ પાછા ન આવે,
ધરમ સમય આળે, કાં પ્રમાદે ગમાવે ?
ધર્મ નવિ કરે જે, આયુ આળે વહાવે,
શશીનૃપતિ પરે તે, શોચ ના અંત પાવે." ૨

જગતમાં સહુ કોઇ સુખની વાંછા કરે છે, દુઃખની વાંછના કરતા નથી. સહુ જીવોને સુખમય જીવન જ જીવવું વ્હાલું લાગે છે, પણ એવું સુખ દયા, દાન અને દમન( સંયમ )-રૂપ ધર્મનું સેવન કર્યા વગર મળી શકતું નથી. એ ઉત્તમ ધર્મસેવન કરવાથી એક અમૂલ્ય તક આ માનવભવમાં પામ્યા છતાં વિષય–કષાયાદિક પ્રમાદવશ પડી, સ્વચ્છંદીપણું આદરીને હે મુગ્ધ જીવ ! તું કેમ એળે ગુમાવે છે ? પ્રમાદ સમાન કોઇ કટ્ટો દુશ્મન નથી, એથી જ તારે સંસારચક્રમાં જન્મ–મરણના

ફેરા ફરવા પડે છે; માટે ચેત ! જાગૃત થા ! અને કાયરપણું ત્યજી દે. એ જ ખરો સુખનો માર્ગ છે. જે રાત્રિ–દિવસ ધર્મ-સાધન વગરના જાય છે તે ફોગટ જાય છે, ધર્મસાધન કરી લેનારાનાં તે સફળ થાય છે. અત્યારે અવસર પામી સ્વાધીનપણે થોડું ઘણું કષ્ટ સહન કરીને પણ ધર્મસાધન કરી લેવું સારું કે જેથી ભવિષ્યમાં ઘણું સુખ સાંપડે; પરંતુ જે કોઈ દેહ, ધન અને પુત્રાદિક પરિવાર ઉપર મમતા ધારી ધર્મસાધનની ખરી તક ખોઈ દે છે તેમને પછી ભારે શોચ સાથે ભવિષ્યમાં બહુ દુઃખ વેઠવું પડે છે, એમ સમજી, સ્વહૃદયચક્ષુ ઉઘાડી, ભવિષ્યનો વિચાર કરજો. સવેળા ચેતી જઈ કંઈ ઉત્તમ ધર્મ-સાધના કરી લેવાશે તો જરૂર આગામી ભવિષ્ય સુધરવા પામશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૭૯ ]

---

## “ પાત્રતા વગર ખરી પ્રાપ્તિ થતી કે ટકતી નથી. ”

ગુરુ લોભી શિષ્ય લાલચી, દોનો ખેલે દાવ;
દોનો ડૂબે બાપડા, બેઠ પથ્થરકી નાવ. ૧

ગુરુ ને શિષ્યની જોડી ઘણે ભાગે એક સરખી જ મળે છે. ગુરુ ‘ લોભી ’ હોય અને શિષ્ય ‘ લાલચુ ’ હોય તો પથ્થરની નાવમાં જ બેઠેલા એ બંનેના બૂરા હાલ થાય છે. એવા નાલાયક પથ્થરની નાવ જેવાનો આશ્રય કરનારા સહુના બૂરા હાલ થવા પામે છે. ગુરુપદની જવાબદારી કેટલી બધી છે ? ઉત્તમ ગુણોને પોતે ધારણ કરી અધિક અધિક ગુણનો અભિ-લાષી બની, પવિત્ર આચાર્ય ઉપાધ્યાયાદિકની પદવીને અનુક્રમે પામી, શુદ્ધ કરુણાબુદ્ધિથી જેઓ રાગ–દ્વેષાદિ દોષોથી સંસા-રમાં ડૂબતા જીવોને યોગ્ય અવલંબન આપી શકે છે તેઓ જ

તેવી ઉત્તમ પાત્રતાયોગે ગુરુપદને સાર્થક કરી શકે છે. પોતે પ્રવહણની માફક તરે છે અને અન્ય કઇકને તારે છે.

જાકા ગુરુ હૈ લાલચી, દયા નાંહિ શિષ્યમાંહી;
ઉન દોનોકો ભેજીયે, ઉજ્જડ કૂવામાંહી. ૨

મૂળ ગુરુ બની બેઠેલા જ લાલચી–લોભતૃષ્ણાથી ભરપૂર હોય અને તેની પાછળ વળગેલા શિષ્યો એથી નપાવટ–નિર્દય હોય તો એ બન્ને જગતને કેવળ ભારભૂત જ લેખાય તેથી જ બહિષ્કાર યોગ્ય ગણાય, પરંતુ એવાના ય પૂજારીઓ મળી જાય છે, જેથી થોડા દિવસ મોજ માણી લે છે; પરંતુ પાડાની પેરે પવિત્ર શાસનને પણ ખૂબ ડોળી નાંખી સ્વાર્થાંધ બનેલાના કેવા બૂરા હાલ થાય છે તેનો એટલે પરિણામનો વિચાર કરનારા ખરા શાસનરસિક ત્યાગી કે ગૃહસ્થો જ ખરો ખ્યાલ કરી શકે છે.

સદ્‌ગુરુ ઐસા કીજીએ, તુરત દિખાવે સાર;
પાર ઉતરે પલકમેં, દર્પન કે દાતાર. ૩

સદ્‌ગુરુ એવા મેળવવા જોઈએ કે તરત સારતત્વ દર્શાવે અને શિષ્યના હૃદયની શુદ્ધિ કરી દઈ તેને પલકમાં પાર ઉતારે. જે આત્મકલ્યાણનો સાચો ને સીધો માર્ગ ન બતાવે તેવા નામના કાચા ગુરુથી કંઇ વળે નહીં. સ્વપરનું કલ્યાણ કરી શકે એવા સુપાત્ર–સુગુરુ શોધી લેવા જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૨૭૮ ]

# સાચા સાધુ કોને કહેવા ?

દયા ગરીબી બંદગી, સમતાશીલ સ્વભાવ,
આશા તજે માયા તજે, મોહ તજે અરુ માન;
એ તે લંચ્છન સાથકે, કહે કબીર સદ્‌ભાવ,
હર્ષ શોક નિંદા તજે, કહે કબીર સંત જાન.
માન નહીં અપમાન નહીં, ઐસે શીતલ સંત,
સંત ખરે સોહિ જિને, કનક કામિની ત્યાગ;
ભવસાગર ઉતર પડે, તોડે જમકે દંત,
ઔર કછુ ઇચ્છા નહિં, નિશદિન રહે વિરાગ.

ઉપર વર્ણવ્યા તેવા લક્ષણ સંત–સાધુમાં મળે છે, તેથી સોબત કરવી તો એવા સંતોની કરવી જેથી જીવ તેની છાયામાં ખરી શીતળતા પામે. સુખમાં આસક્ત જીવને પ્રભુ ભાગ્યે જ સાંભરે છે, દુઃખમાં તે વધારે સાંભરે છે તે માટે સુખ કરતાં દુઃખને જ્ઞાની જનો ખૂબ આવકાર આપી અપનાવે છે. માન-અભિમાનથી અનેક અવગુણ પેદા થાય છે એટલે માન અપમાન તજી જે સ્વપરહિત સાધવા સાવધાન રહે છે તે ખરા સંત લેખાય છે. પોતે પરિષહ–ઉપસર્ગ સહન કરે પણ પરને પીડા ઉપજાવે, બને તેટલું સહુનું ભલું જ કરે, બૂરું કોઇનું મનથી પણ ન ઇચ્છે તે સંત. જેને શરીરની મમતા ન હોય, મોહ–માયા, હર્ષ, શોક જેનાથી દૂર હોય, પરની આશા ન કરે એવા સંત–સાધુ પ્રભુ સમાન જાણવા. ચંદન જૈસા સંત હોય છે, જેમાંથી શીતળતા ને સુવાસ સહેજે મળે છે.

એક ઘડી આધી ઘડી, આધી હુંમે આધ;
સંગત કરીએ 'સંત' કી, કરે કોડ અપરાધ.

ખરા સંત–સાધુને તેના લક્ષણથી પિછાણી લઇને ઘડી,

અર્ધી ઘડી કે પા ઘડી પણ એવા 'સંત'ની સેવા સંગત કરી લેવાય તો તેમના સુપ્રસાદથી–સુશિક્ષાથી ક્રોડો ભવના પાપ નાશે. આજકાલ બાહ્ય આડંબર વધી ગયો છે ને મુગ્ધ જીવને ખરા સંતની પરીક્ષા–પિછાણ થઈ શકતી નથી તેથી તે સાચો માર્ગ પામી શકતા નથી, જે પોતે સાચો માર્ગ પામ્યો હોય તે પમાડે એવાં હિતવચન હૈયે ધરી સાચા સંતને ઓળખવા ખપ કરવો ને તેમની સેવાભક્તિનો લાભ અચૂક લેવો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૨૭૯ ]

---

## આત્મદમન ( Self Restraint )

' નિજ આત્માને જ દમવો સારો છે. '

૧. ગર્દભ, ઊંટ, અશ્વ, વૃષભ અને મદોન્મત્ત હાથી પણ યુક્તિને વશ થઇ શકે છે, પરંતુ સ્વેચ્છાચારી એવો આપણો આત્મા વશ થઈ શકતો નથી.

૨. તપ, સંયમવડે આત્માને સ્વાધીનપણે દમી લેવો સારો છે; નહીં તો પરાધીનપણે વધબંધનાદિક વિવિધ કષ્ટ-વડે દમાવું તો પડશે જ.

૩. બીજી નકામી ખટપટ કરવા કરતાં નિજ આત્માને જ વશ કરવો યુક્ત છે, કેમકે તે બહુ મુશ્કેલીથી વશ થાય છે; પણ આત્માને તપ સંયમાદિકવડે દમવાથી આ લોકમાં સુખી થવાય છે.

૪. સદા રાગદ્વેષાદિક દોષને સેવતો જીવ મલિન અધ્યવ-સાય યુક્ત છતો સ્વેચ્છાચારીપણાથી વિષયકષાયાદિકયોગે થતી ગુણહાનિને પણ જોઇ શકતો નથી. મોકળી મૂકેલી પશુ જેવી વૃત્તિથી જીવનું પોતાનું બહુ જ બગડે છે.

૫. જીવને સુગંધી દ્રવ્યથી અર્ચ્યો છતો, ગુણ–સ્તુતિવડે સ્તવ્યો છતો, વસ્ત્રાલંકારોથી પૂજ્યો છતો, બહુમાન કરવાવડે સત્કાર્યો છતો, મસ્તક નમનવડે પ્રણમ્યો છતો અને આચાર્યાદિક પદવી દેવાવડે સન્માન્યો છતો, મૂઢપણાથી તે એવું કામ કરે છે કે જેથી પોતાનું સ્થાન જ ફેડી નાખે છે એટલે અલ્પ સુખને માટે બહુ સુખ હારી જાય છે. બાહ્ય આડંબરમાં મૂંઝાઇ રહેવાથી ખરું સુખ હારી જવાય છે.

૬. બહુ ફળદાયી શીલવ્રતાદિકને લોપી નાંખી જે મૂર્ખ સુખની ઇચ્છા કરે છે તે દુર્બુદ્ધિ કોટી મૂલ્યથી તુચ્છ કાંગણી ખરીદે છે.

૭. જેમ સ્વપ્ન અવસ્થામાં અનુભવેલું સુખ જાગૃત અવસ્થામાં જણાતું નથી. ભૂતકાળમાં ભોગવેલું સુખ પણ સ્વપ્નવત્ થઇ જાય છે એમ વિવેકબુદ્ધિથી સમજી, સર્વ વિષયસુખને તુચ્છ, કલ્પિત અને ક્ષણિક લેખી, વૈરાગ્ય લાવી આત્મદમન કરવું જ ઉચિત છે.

એમ કરવાથી જ જીવનો નિસ્તાર થવા પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૩૧૩. ]

---

## વિષય લોલુપતાનાં વિરસ ( કડવાં ) ફળ.

૧. મથુરામાં મંગુ નામના આચાર્ય રસલોલુપતાથી સ્થિરવાસ રહ્યા હતા. ત્યાંથી કાળ કરીને તે નગરીની ખાળ પાસે યક્ષમંદિરના અધિષ્ઠાયક( યક્ષ ) તરીકે ઉત્પન્ન થયા. હવે તે યક્ષ પશ્ચાત્તાપ કરતો છતો, મંદિર સમીપે નીકળતા મુનિજનોને પોતાની હકીકત જણાવી બોધ કરતો કહે છે. ‘ ગૃહવાસ તજી,

દીક્ષા લઇને, રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવને વશ થઇ મેં જૈન ધર્મનું આરાધન કર્યું નહિ તેથી મારી આવી બૂરી દશા થઇ છે; માટે તમે સર્વે સાધુઓ સાવધાનપણે સંયમ પાળજો.

૨. શિથિલ આચારવડે સર્વ આયુષ્ય ક્ષીણ થયે છતે ધર્મરૂપ સંબલ વિના હું શું કરું ? હવે મને ઘણો શોચ થાય છે પણ અવસર વિત્યા પછી, સંયમભ્રષ્ટ થયા પછી હવે શોચ કરવા માત્રથી શું વળે ?

૩. લક્ષ ગમે ભવમાં ભમતાં દુર્લભ જૈનધર્મ પામીને પણ સ્વચ્છંદ આચરણથી હા ! ઇતિ ખેદે ! જીવને અનેક પ્રકારની જાતિઓ તથા યોનિઓમાં ભ્રમણ કરવું પડે છે.

૪. વિષયકષાયાદિક પ્રમાદને વશ થઇને સાંસારિક કાર્યમાં ઊજમાળ થયેલો જીવ વિવિધ પ્રકારના સંયોગવિયોગના અથવા જન્મ–મરણનાં દુઃખોથી ડરતો નથી કેમકે તે પુનઃ પુનઃ તેવા જ દુઃખદાયી કારણોને સેવતો જ રહે છે; તેમજ ઇન્દ્રિયો સંબંધી સુખથી સંતોષ પામતો નથી કેમકે વિષયસુખની નવનવી ચાહના કરતો જાય છે. અને પરમાનંદદાયક અનુપમ મોક્ષસુખકારી હિત સાધનથી વિમુખ જ રહે છે.

૫. જો સ્વાધીનપણે તપ–સંયમ સેવવાનો ઉદ્યમ કરવામાં ન આવે તો પાછળથી પશ્ચાત્તાપ કરવા માત્રથી વિશેષ ફાયદો થઈ શકે નહિ; કેમકે શ્રેણિક રાજા પશ્ચાત્તાપ કરતા છતાં નરકમાં જ ગયા.

**'ભવચક્રમાં ધારણ કરેલાં દેહાદિકની અનંતતા.'**

૬. ચોરાશી લક્ષ જીવયોનિમાં ભ્રમણ કરતાં જીવે જેટલાં દેહ ધારણ કરીને તજી દીધાં તેના અનંતમા ભાગના દેહોથી

પણ ત્રણ ભુવન સંપૂર્ણ ભરાય જાય તો પૂરેપૂરા ધારણ કરેલાં દેહપ્રમાણનું કહેવું જ શું ?

૭. નખ, દાંત, માંસ, કેશ અને હાડકાંનો હિસાબ કરીએ તો અનંત મેરુપર્વત થાય તોય તેનો પાર ન આવે.

૮. સંસારચક્રમાં ભ્રમણ કરતાં જીવે જે જે આહાર આરોગ્યા તેનો હિસાબ કરાય તો હિમવંત, મલય, મેરુગિરિ અને અસંખ્ય દ્વીપસમુદ્રથી પણ અધિક પ્રમાણમાં ઢગ થાય.

૯. તૃષાતુર થઇ જીવે ભવભ્રમણ કરતાં જે જે જળ પીધાં તેનો હિસાબ કરીએ તો સર્વ કૂવાં, તળાવ, નદી ને સમુદ્રમાં પણ ન સમાય.

૧૦. બાળપણમાં જે સ્તનપાન કર્યાં તેનો હિસાબ કરીએ તો તે સમસ્ત સમુદ્રના જળથી પણ અધિક થાય કેમકે ભવ-ભ્રમણ કરતાં જીવે અનંતીવાર અવનવા દેહને ધારણ કરેલ છે.

**'જીવની મતિમૂઢતા યા અજ્ઞાનતા'**

૧૧. જીવે અનેક પ્રકારના કામભોગ અનંતીવાર પ્રાપ્ત કર્યાં છતાં અજ્ઞાનતાથી એને અપૂર્વ સુખ છે એમ મૂઢ આત્મા માની લે છે.

૧૨. જીવ જાણે છે અને પ્રત્યક્ષ દેખે છે કે આ સર્વ ભોગ-સામગ્રી અને સંપદા ધર્મનું જ ફળ છે તેમ છતાં સત્યની મૂઢમતિ-વાળા જાતિહીન જીવો પાપકર્મમાં જ રમે છે–રચ્યાપચ્યા રહે છે.

૧૩. જન્મ, જરા અને મરણ સંબંધી દુઃખને જીવ જાણે છે અને મનમાં વિચારે છે તો પણ મહામોહાન્ધતાથી મૂઢજનો વિષયસુખથી વિરક્ત થતા નથી. કોઇક વિરલા શીઘ્ર મોક્ષગામી જનો જ સંતોષવૃત્તિને ધારણ કરે છે.

૧૪. જીવ જાણે છે કે મરવું તો છે જ અને નહીં મરતાંને પણ જરા વિણાસે છે, ખોખરો કરી મૂકે છે તો પણ જીવ પરભવથી કે પાપકર્મથી ડરતો નથી. મોહનું એવું ગૂઢ દુષ્ટ ચરિત્ર છે કે તે જીવને મિથ્યા ભ્રમમાં નાખી પાપમાં રક્ત કરી મૂકે છે.

૧૫. બેપગા, ચોપગા, બહુપગા, અપગા, સધન અને નિર્ધન માત્રને કાળ સદા લગારે થાકયા વગર ખાઇ જાય છે. કાળ કદાપિ કોઇને છોડતો નથી.

૧૬. સર્વ કોઈને અવશ્ય મરવું પડશે જ, પરંતુ મરણનો મુકરર દિવસ જાણતો નથી તેથી તે મોતના મુખમાં રહ્યો છતો આશાપાશમાં બંધાઈને સ્વહિત સાધી શકતો નથી.

૧૭. જીવિત સંધ્યારંગ સમાન છે, જળતરંગ જેવું તેમજ ગતિના અગ્ર ભાગે રહેલા જળબિંદુ જેવું અસ્થિર છે અને યૌવન ( જોબન ) પણ નદીના વેગ જેવું ચપળ છે તો પણ પાપકર્મમાં રક્ત થયેલો જીવ બુઝતો નથી–ચેતી શકતો નથી અને અહિત–પાપકર્મને આચર્યા કરે છે.

૧૮. સ્ત્રી–જઘનાદિક જે જે અશુચિ સ્થાનો છે અને જેને દુગંચ્છનિક જાણીને જીવ લાજે છે તે તે અશુચિ અને દુગંચ્છનિક સ્થાનને સેવવા કામાન્ધજનો અભિલાષા કરે છે, એમાં મોહમૂઢજનોની પ્રગટ પ્રતિકૂળ વૃત્તિ જોવાય છે.

‘ દુષ્ટ કામગ્રહ. ’

૧૯. સર્વ દુઃખને પેદા કરનાર, મહાદુઃખદાયી અને પરસ્ત્રીગમનાદિ સર્વ દોષોનો પ્રવર્તક દુષ્ટ કામગ્રહ જ છે. એ દુષ્ટ કામગ્રહથી જગત્ માત્ર પરાભવને પામ્યું છે.

૨૦. જે કામાન્ધ બની વિષય સેવે છે તેને તૃપ્તિ થતી

નથી, શરીરબળ એથી ક્ષીણુ થઈ જાય છે, સત્વ-વીર્ય ચુસાઇ જાય છે, ચિત્તમાં ઉદ્વેગ થાય છે, તેમજ સ્વચ્છંદ આચરણુથી ક્ષયરોગ, પ્રમેહ અને ચાંદી પ્રમુખ અનેક દુઃસહ્ય રોગો થાય છે.

૨૧. જેમ ખજ (ખણુવાના) રોગથી પીડિત માણુસ ખાજને ખણુતાં થતાં દુઃખને સુખ માને છે તેમ મોહમૂઢ માનવીઓ કામભોગમાં થતી દેહ-વિડંબનાને સુખ માને છે. કામાન્ધ જીવો ક્ષણિક વિષયસુખને જ સારભૂત માને છે.

૨૨. જ્ઞાની, વિવેકી મહાત્માઓ વિષયને હલાહલ ઝેરરૂપ માને છે. વિષયરૂપ ઉગ્ર ઝેરનું સેવન કરનાર જીવો તેના ભયંકર પરિણુામથી અનંતા દુઃખને પામે છે અને તેના મહામાઠા પરિણુામથી મરણુ પામી દુર્ગતિમાં જાય છે.

૨૩. એવી રીતે પાંચે ઇન્દ્રિયોના વિષય-વિકારથી અથવા હિંસાદિક પાપયુક્ત મલિન પરિણુામથી ક્ષણે ક્ષણે કર્મમળનો સંચય કરી, ચાર ગતિરૂપ સંસારચક્રમાં મોહમૂઢ જનો પરિભ્રમણુ કરે છે.

‘ કર્મની વિચિત્રતા. ’

૨૪. જે જિનવચનને રુચિથી સાંભળતા નથી તેમજ સાંભળીને પ્રમાદ કરે છે તે કમનશીબ જનો અપાર સંસારમાં ચિરકાળ ભમે છે.

૨૫. બહુ પ્રકારે ધર્મ-ઉપદેશ માટે પ્રેર્યા છતાં મિથ્યાદૃષ્ટિ, સત્વહીન જનો કવચિત્ ધર્મોપદેશ સાંભળે છે, પૂર્વ નિકાચીત કર્મબંધના કારણુથી વિવેક આદરી ધર્મસાધન કરી શકતા નથી.

‘ આરાધક ભાવ. ’

૨૬. હિંસાદિક પાંચ પાપ-આશ્રવો તજીને તથા અહિંસાદિક

પાંચ પ્રકારના સંવરને સેવીને અથવા પાંચે ઇન્દ્રિયોનો સંપૂર્ણ જય કરી, સર્વ મળથી મુક્ત થઈને મુમુક્ષુ જનો સર્વોત્તમ મોક્ષપદને પામે છે અર્થાત્ પ્રમાદ રહિત ધર્મ કરનારા તથાવિધ ભવ્યજનો જ પરમપદને પામી શકે છે.

૨૭. સમ્યગ્જ્ઞાન-દર્શન અને સમ્યગ્ આચરણ, તપ, સંયમ, સમિતિ, ગુપ્તિ, પ્રાયશ્ચિત્ત, ઇન્દ્રિયદમન, ઉત્સર્ગ, અપવાદ તથા વિવિધ અભિગ્રહ ધારણ કરવાથી, સાવધાનપણે રત્નત્રયીનું સેવન-આરાધન કરવાથી અને નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરવાથી જ મુમુક્ષુ જનો ભવસમુદ્રને તરી શકે છે. એવા અપ્રમાદી મુનિજનોનો જ મનુષ્ય અવતાર પ્રવ્રજ્યાનું યથાર્થ પાલન કરવાવડે સફળ થાય છે.

' વિરાધકભાવ. '

૨૮. પરંતુ જે ગૃહવાસ તજીને પુનઃ પાપારંભના કામમાં આસક્ત થાય છે, તેમાં પ્રીતિ જોડે છે, ત્રસ સ્થાવર જીવોનો વધ કરે છે, પરિગ્રહ રાખે છે, એવા સંયમભ્રષ્ટ થયેલા અસંયતિઓ તો ગૃહવાસ તજ્યા છતાં કેવળ વેશવિડંબના જ કરે છે.

૨૯. શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરતો જીવ સંકિલષ્ટ પરિણામથી અતિ ચિકણાં ( નિકાચિત ) કર્મ બાંધે છે, સંસારભ્રમણ વધારે છે અને માયા-મૃષાવાદને સેવે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૩૧૪ ]

---

## ધર્મ આચરણમાં થતી પારાવાર ઉપેક્ષા.

કેટલાએક મુગ્ધમતિ જનો મરુદેવી માતાનું આલંબન ( ઓઠું ) લઈને કહે છે કે-જેમ તે મરુદેવી માતા તપ-સંયમ

સંબંધી કઠણ કરણી કર્યા વગર જ મુક્તિપદ પામ્યા તેમ અમે પણ પામશું. તેવું સ્વેચ્છાપૂર્વક બોલી–બોલતા રહી ધર્મ-સાધન કરવામા ઉપેક્ષા કરવી એ પોતાના આત્માને ઠગવા બરોબર છે. શ્રી મરુદેવીનું દૃષ્ટાન્ત આશ્ચર્યરૂપ છે. એવી નિર્મળ ભાવના આવવી સુલભ નથી. બહુધા અભ્યાસયોગે, જ્ઞાન-ક્રિયાનો ઠીક સહયોગ થતાં જ સિદ્ધિ સંપજે છે. પૂર્વ ભવના અભ્યાસબળથી આ જન્મમાં કવચિત્ કંઇક તેવું નિમિત્ત પામીને, વિષમ ભોગથી વિરક્ત થઇ, તત્કાળ સ્વયમેવ દીક્ષા ગ્રહણ કરી પ્રત્યેકબુદ્ધો સુખપૂર્વક મોક્ષપદ પામે છે. એવા આલંબન લઇ આત્મસાધનમાં ઉપેક્ષા કરવી ઉચિત નથી, પરન્તુ વિશેષ સાવધાન થઇ ધર્મ અભ્યાસ કરવો યોગ્ય છે; કેમકે જો આ જન્મમાં ઉત્તમ ધર્મ–બીજ વાવ્યાં હશે તો ભવિષ્યમાં ઉત્તમ ફળના અધિકારી થઈ શકાશે; તેથી ગમે તેવાં બહાનાં કાઢી ધર્મકરણી કરવામાં આળસ કરવું તે કોઇપણ રીતે ઉચિત નથી.

કોઇ નિર્ધન માણસ કદાચિત રત્નાદિકનું નિધાન પામ્યા છતાં પ્રમાદથી તેની સાચવણ ન કરે તો તેના લાભથી ભ્રષ્ટ થાય છે તેમ પ્રત્યેકબુદ્ધાદિકની ઋદ્ધિ ઈચ્છતો સતો જો કોઇ કાયરતાવડે ધર્મકરણી ન કરે અથવા પ્રથમ કરતો હોય તેને સ્વેચ્છાથી તજી દે તો તે કદાપિ આત્મહિતને સાધી શકે નહીં. તેથી જ આત્માર્થી જનોને સર્વ પ્રમાદાચરણ તજી ધર્મસાધન કરવું ઉચિત છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૬ ]

## રાગાદિક વિકારનો જય કરવાની જરૂર.

સસક અને ભસક નામના સાધુઓની બ્હેન સુકુમાલિકા સાધ્વીના થયેલા અનિષ્ટ હાલ સાંભળીને મોક્ષાર્થી સાધુએ મરણાંત સુધી રાગાદિક વિકારને વશ થવું નહીં. એકદા સસક અને ભસક નામના બંને ભાઇઓએ વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી. તેઓ અનુક્રમે જ્ઞાની–ગીતાર્થ થયા. તેમણે સુકુમાલિકા નામની પોતાની બ્હેનને પ્રતિબોધી દીક્ષા આપી, પરન્તુ તે સાધ્વી અત્યન્ત રૂપવંત હોવાથી કામાન્ધ જનો તેની પૂંઠે લાગતા હતા. તે વાત જાણી સાધ્વીજીએ બહાર જવું આવવું બંધ કર્યું તો પણ ઉપાશ્રયના મુખદ્વાર આગળ, સાધ્વીજીનું રૂપ નિહાળવા કામીજનો આવીને ઉપદ્રવ કરવા લાગ્યા. તેથી આચાર્ય મહારાજની અનુમતિ મેળવી બંને સાધુ ભાઇઓ સુકુમાલિકાના શીલની રક્ષાર્થે ચોકી કરવા લાગ્યા. આવી વિટંબના થતી જાણી એ સાધ્વીજીએ પોતે અનસન કર્યું–આહાર ત્યાગપૂર્વક શરીર વોસરાવ્યું. અનુક્રમે સાધ્વીજીને મૂર્છિત અવસ્થામાં મુએલી સમજી, બંને સાધુઓ તેનું ઉચિત ( પરિષ્ઠાપનાદિ ) કરી સ્વસ્થાનકે ગયા. સાધ્વી તો શીતળ પવનના યોગે સ્વસ્થ–સચેત થઈ. તેવામાં ત્યાં આવી ચઢેલા કોઇ સાર્થવાહે તેવી અવસ્થામાં તેને સહાય કરવાથી તે તેના સાથમાં રહેવા લાગી. અનુક્રમે તે ગૃહસ્થની સાથે રાગ બંધાયાથી તે સાધ્વી ચારિત્ર ચૂકી, સાર્થવાહની ગૃહિણી થઇને રહી. એકદા તેના બંને સાધુ–ભાઇઓ તેને આંગણે આહારપાણીને અર્થે આવ્યા. તેને શંકા પડવાથી તેની હકીકત પૂછતાં સાચી વાત જણાઇ આવી, તેથી તેમણે સાર્થવાહને સમજાવી સુકુમાલિકાને ફરી દીક્ષા દીધી માટે રાગાદિક વિકારનું દુર્જયપણું સમજી, સાધુ

પુરુષોએ સદાય સાવચેત રહેવું જોઇએ કે જેથી પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે નહિ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૬ ]

---

## સંત સાધુજનોની નિર્લોભતા.

રૂપલાવણ્યાદિક ગુણોથી ભરેલી રૂકમિણી નામની પોતાની પુત્રી કોટિ ગમે દ્રવ્યના દાયજા સાથે ધનસાર્થવાહ, પોતાની પુત્રીએ પ્રથમ સાધ્વીઓના મુખે શ્રી વયરસ્વામીના ગુણોની પ્રશંસા સાંભળી શ્રી વયરસ્વામીને જ વરવા કરેલી પ્રતિજ્ઞા મુજબ તેઓ જ્યારે વિચરતા વિચરતા ત્યાં પધાર્યા ત્યારે શ્રી વયરસ્વામીને અત્યન્ત આદરથી અર્પણ કરવા ગયા, પરન્તુ તેઓ તેમાં લોભાયા નહીં એટલું જ નહીં પણ તેમને યોગ્ય ઉપદેશવડે પ્રતિબોધી–શુદ્ધ સાધુમાર્ગની યથાર્થ ઓળખાણ કરાવી, જેથી રૂકૂમિણીએ વૈરાગ્યભીની બની તેમની જ પાસે દીક્ષા અંગીકાર કરી પોતાનું કલ્યાણ સાધ્યું. એવી રીતે સર્વ સાધુજનોએ નિર્લોભી નિઃસ્પૃહી રહેવું જોઇએ. સ્ત્રી, નગર, સૈન્ય, વાહન અને પ્રચુર લક્ષ્મી વિગેરે બહુ પ્રકારની લાલચોવડે લલચાવ્યા છતાં શ્રેષ્ઠ મુનિઓ તેની લેશ માત્ર ઇચ્છા કરતા નથી.

### અમર્ષ અથવા ઈર્ષા–અદેખાઈ તજી કેવળ ગુણાનુરાગી થવું.

સદ્‌ગુરુ કેવળ ગુણના જ રાગી હોવાથી કોઇ ગુણવંત શિષ્યની પ્રશંસા કરતા હોય ત્યારે અન્ય શિષ્યોએ તેની અદેખાઈ ન જ કરવી. અદેખાઈ કરનાર શિષ્ય જ્ઞાની ગુરુની આશાતના કરી દુઃખી થાય છે. કોશ્યા–વેશ્યાને પ્રતિબોધી શ્રી

સ્થૂલભદ્ર મુનિ જ્યારે ગુરુ સમીપે આવ્યા ત્યારે ગુરુ મહારાજે તેને દુષ્કરદુષ્કરકારક કહીને સત્કાર્યા. એ વાત અન્ય સિંહગુફાવાસી વિગેરે સાધુઓને ઇર્ષા આવવાથી ન રુચી અને ગુરુના વચને અવગણી સ્થૂલભદ્રની હોડ કરવા જતાં જ્યારે મૂળગી મૂડી ખોઇ આવ્યા ત્યારે પોતાની ભૂલ સમજાણી અને પશ્ચાત્તાપપૂર્વક ગુરુ સમીપે તેની આલોચના-નિંદા કરી, ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત સ્વીકારી પાછા શુદ્ધ-સાવધાન થયા. સિંહગુફાવાસી સાધુની પેઠે અન્ય સાધુઓએ ઇર્ષા કરવી નહીં, પણ તેવે વખતે સમતા રાખીને સદ્‌ગુણનું જ ગ્રહણ કરવું.

કર્મના ક્ષયોપશમવડે પ્રાપ્ત થયેલ સદાચરણ પ્રમાદ રહિત સેવવાથી જ જીવ શોભા પામે છે, એમ જાણતાં છતાં પરનો ગુણ દેખી અદેખાઇ કેમ કરાય? પોતે મૂળગુણ તથા ઉત્તરગુણસંપન્ન છતાં અન્ય ગુણવંત સાધુજનની પ્રશંસા સહન કરી ન શકે તે પીઠ અને મહાપીઠ ઋષિની પેઠે પરભવમાં હાનિ પામે છે.

જે અહોનિશ પરનિંદા કર્યા કરે છે, આઠ મદનું સેવન કરે છે અને અન્યની સંપદા દેખી દિલમાં દાઝે એવા કષાયકલુષિત જીવ સદા દુઃખી છે.

લડાઇ-ટંટા-ફિસાદ કરવાની ટેવ હોવાથી શ્રી સંઘ તરફથી તિરસ્કાર પામેલા સાધુને દેવગતિમાં પણ શુભ સ્થાન મળતું નથી તો મોક્ષગતિનું તો કહેવું જ શું?

જો કોઇ લોકવિરુદ્ધ કામ કરે તો તે અનાચારસેવનથી સ્વયં દુઃખી થાય છે. એવાં અકાર્ય કરનારને દુનિયામાં ઉઘાડો પાડનાર પરાયા દુઃખે ફોગટ દુઃખીયો થાય છે અર્થાત્ પર-

નિંદા સર્વથા વર્જવા યોગ્ય છે. તપ–જપ–સંયમ સંબંધી દુષ્કર કરણી કરનાર સાધુને પણ આ પાંચ વાનાં ગુણ રહિત કરી નાંખે છે. ( ૧ ) આત્મશ્લાઘા ( આપબડાઇ ) ( ૨ ) પરનિંદા. ( ૩ ) રસલોલુપતા. ( ૪ ) કામરાગ અને ( ૫ ) ક્રોધાદિ કષાય. ઉક્ત પાંચે દોષો સમજીને તજવાથી જ સુખ પ્રાપ્ત થાય છે અને ગુણ વધે છે.

પરનિંદાકારક જે જે વચનોવડે પરને દૂષણ દે છે તે તે દોષને પોતે પામે છે. પરનિંદાકારકનું મૂળ પણ દેખવા લાયક નથી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૫ ]

## કુશિષ્યનાં લક્ષણ.

સ્તબ્ધ, છિદ્રપેક્ષી, અવર્ણવાદી, આપમતિ, ચપળ સ્વભાવી, વક્ર અને ક્રોધમુખી એવા કુશિષ્યો ગુરુમહારાજને કેવળ ઉદ્વેગકારક બને છે.

જેને ગુરુમહારાજ ઉપર ભક્તિભાવ નથી, અંતરનો પ્રેમ નથી, ગુરુબુદ્ધિ નથી તેમજ જેને ભય, લજ્જા કે સ્નેહ નથી એવા ગુણહીન કુશિષ્યને ગુરુકુળમાં રહેવાથી પણ શો ફાયદો થાય ?

જે હિતશિખામણ દેનાર ગુરુ ઉપર રોષ કરે, સામાન્ય રીતે શિખામણ આપતાં મનમાં ખેદ લાવે અને ગુરુના કોઈ પણ કામમાં આવે નહી તે શિષ્ય નહીં પણ ગુરુને કેવળ ભારરૂપ જ છે.

## સુસાધુનાં લક્ષણ.

દુર્જન લોકોએ કરેલા અપમાનાદિ અપરાધથી શાન્ત પ્રકૃતિવાળા સાધુ કોપ કરે નહિં. દુર્જનો તેમના પ્રત્યે ગમે

એવું વિરુદ્ધ આચરણ કરે તો પણ સાધુજનો તેના પર કોપ કરતા નથી પણ મનમાં કરુણાદિક ભાવને ધારે છે.

પૂજા સત્કારને પ્રાપ્ત થયેલા સાધુઓ પરનું અપમાન કરતા નથી તેમજ પરને ઠગતા નથી. પ્રાપ્ત થયેલ સુખ દુઃખ સમભાવે ભોગવી તેનો ક્ષય કરવા માટે નિજ સ્વભાવમાં રમનારા મુનિઓ સાગરની જેવા ગંભીર હોય છે. રત્નાગર સમાન મુનિવરો સ્વસંયમ–મર્યાદા મૂકતા જ નથી.

નમ્ર સ્વભાવરમણી, શાન્ત સ્વભાવી, હાસ્ય–પ્રહાસ્ય રહિત, વિકથાથી દૂર રહેનારા અને અસંબદ્ધ વચનને નહીં ઉચ્ચારનાર મુનિ વગર પૂછયા તો બોલતા જ નથી. મુખ્ય વૃત્તિએ તો મૌનભાવને જ ધારણ કરે છે અને જરૂર જણાતાં ભાષાસમિતિથી વચન ઉચ્ચારે છે. મધુર, નિપુણતાભર્યું, થોડું, પ્રસંગને લગતું, ગર્વ રહિત, સામાને રુચિકર થાય એવું અને પ્રથમથી બુદ્ધિવડે વિચારી રાખેલું એવું ધર્મયુક્ત હિતકારી સત્ય વચન સાધુઓ બોલે છે. પ્રાણાન્તે પણ અધર્મ વચન તો મુખથી ઉચ્ચારતા જ નથી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૬ ]

## અજ્ઞાન કષ્ટ કરવામાં અલ્પ ફળ છે.

પૂર્વે તામલી તાપસે ૬૦ હજાર વર્ષ સુધી ૨૧ વાર જળથી ધોયેલા અન્નના આહારથી પારણું કરી છઠ્ઠ છઠ્ઠ તપ નિરંતર કર્યો, પરંતુ નદીના અણગમેલા અને અચિત્ત જળમાં અન્ન ધોવાથી થતી જીવ વિરાધનાવાળા તેઓને અજ્ઞાન તપથી દેવગતિરૂપ અલ્પ ફળ જ મળ્યું.

ત્રસ-સ્થાવર જીવોની હિંસા કરનાર તેમજ હિંસક શાસ્ત્રનો ઉપદેશ દેનાર ગમે તેટલા દુષ્કર તપ કરે તો પણ અજ્ઞાન કષ્ટકારી હોવાથી તેમને અલ્પ જ ફળ મળે છે.

જીવ-અજીવાદિક સર્વ તત્ત્વને યથાસ્થિત સર્વજ્ઞ વચનાનુસારે જે મહાનુભાવ જાણે છે, સત્યપણે સદ્દહે છે અને નિઃશંકપણે અસત્યનો ત્યાગ કરી વિવેકયોગે સત્ય માર્ગનો સ્વીકાર કરે છે, એવા ધર્મ-રહસ્યને જાણવાવાળા સત્પુરુષો જ અન્ય અજ્ઞાની લોકોના દુર્વચનોને સહન કરે છે, કેમકે તત્ત્વદૃષ્ટિથી તેઓ માન અપમાનને સમ ગણે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૭ ]

## રાગી દોષને દેખી શકતો નથી.

જે જેને રુચે છે તે તેને ગુણવાળું જ લાગે છે. સામામાં રહેલા દોષો તેનાથી દેખાતા નથી. વાઘણ પણ પોતાના બચ્ચાને શાન્ત અને ભદ્રિક જ લેખે છે તો અન્યનું કહેવું જ શું ?

મણિ, કનક અને રત્નાદિક સંપદાથી ભરપૂર ભુવનમાં પણ મારી ઉપર અનેરો સ્વામી વિદ્યમાન છે એમ શ્રેણિકરાજાના સંબંધથી જાણતાં શ્રી શાલિભદ્રકુમાર કામભોગથી વિરક્ત થઇ ગયા. જે સ્વાધીનપણે તપ-સંયમને સેવતા નથી તેમને અન્ય ભવમાં પુન્ય કરીને અવતરેલા પ્રાણીઓનું અવશ્ય દાસપણું કરવું પડે છે.

સુંદર, સુકુમાળ અને સુખશીલ એવા શાલિભદ્રકુમારે વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરીને વિવિધ તપવડે દેહને એવો તો શોષવી નાંખ્યો કે જ્યારે પોતાના ઘરે પારણા નિમિત્તે ભિક્ષા લેવા પધાર્યા ત્યારે તેને કોઇએ પિછાન્યા પણ નહિ.

અવંતીસુકુમાલ મુનિનું દુષ્કર અને રૂવાડાં ખડાં કરે એવું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળીને કોને વૈરાગ્ય ન ઉપજે ? શ્રી આર્યસુહસ્તિસૂરિ મહારાજ એકદા નલિનીગુલ્મ અધ્યયન ભણુતા હતા તે સાંભળી, જાતિસ્મરણુ જ્ઞાન પામી, ગુરુમહારાજ સમીપે દીક્ષા ગ્રહણુ કરી, મહાકાળ નામના સ્મશાનમાં જઇ, કાઉસ્સગધ્યાને રહી એવો અઘોર પરીષહ સહન કર્યો કે સમાધિપૂર્વક કાળ કરીને એક જ રાત્રિમાં નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી અનુક્રમે મનુષ્ય જન્મ પામીને મોક્ષે જશે. ધન્ય છે એવા મુનિવરને ! સદ્વિવેકી સાધુઓ સર્વ સાંસારિક સંબંધને તજી સંયમનું પ્રાણુાન્ત સુધી રક્ષણુ કરે છે, એવા સંયમરસિક સાધુજનોને ધન્ય છે. એકાગ્ર ચિત્તથી એક દિવસ પણુ સંયમ પાળનાર સાધુ જો કદાચ મોક્ષપદ ન પામે તો સ્વર્ગગતિ તો અવશ્ય પામે જ.

મેતાર્ય મુનિની પેઠે અઘોર ઉપસર્ગ આવી પડતાં પણુ જેઓ સમતારસમાં ઝીલે છે એવા જીવો અનુપમ સમતાયોગે શીઘ્ર આત્મકલ્યાણુ સાધે છે. ગમે એવા–સમ–વિષમ સંયોગમાં મહામુનિઓ સમભાવી જ હોય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૧૫૮ ]

## ધર્મનો પ્રભાવ અને તેનું સેવન કરવાથી થતા લાભો.

અનેક જન્મ મરણાદિ દુઃખરૂપ જળથી ભરેલો આ સંસાર કૂપ છે. એમાં ડૂબેલા જીવોને ધર્મરૂપ રજ્જુ જ ઉદ્ધરી-ઉગારી શકે છે. વિવિધ દુઃખમાં ડૂબેલા જીવોને ફક્ત ધર્મ જ તારણુહાર છે. ધર્મના સેવનથી રાજ્ય મળે છે, ધર્મના આદરથી

દેવપણું મળે છે અને ધર્મના આરાધનથી જ જન્મ મરણનો સર્વથા અંત આવે એવા મોક્ષ–સુખની પ્રાપ્તિ થઈ શકે છે; તેથી જ સુજ્ઞજનોએ વિષયકષાયાદિ પ્રમાદ તજીને પવિત્ર ધર્મનો જ આદર કરવો. ધર્મ ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. ધર્મ સ્વર્ગ ને મોક્ષદાયક છે અને આ સંસાર અટવીનો પાર પામવા ધર્મ એ માર્ગદર્શક છે. ધર્મ માતાની પેઠે ખરી પુષ્ટિ આપે છે, એ જ ધર્મ પિતાની પેઠે વિવિધ દુઃખમાંથી રક્ષણ કરે છે; નિઃસ્વાર્થી સાચા મિત્રની પેઠે આપણને પ્રસન્ન રાખે છે અને સાચા બંધુની પેઠે આપણી ઉપર પ્રેમ–વાત્સલ્ય રાખે છે તેથી શુદ્ધ ભાવથી તેનું શરણ લેવું જ જોઇએ.

૧. સમ્યક્ત્વ–રત્ન કરતાં શ્રેષ્ઠ બીજું કોઈ રત્ન નથી, સમ્યક્ત્વ મિત્ર કરતાં શ્રેષ્ઠ બીજો કોઈ મિત્ર નથી, સમ્યક્ત્વ બંધુ કરતાં બીજો કોઇ શ્રેષ્ઠ બંધુ નથી અને સમ્યક્ત્વ લાભ ઉપરાંત બીજો કોઇ શ્રેષ્ઠ લાભ નથી.

૨. સર્વ ધર્માચારીને લોક નિશ્ચે આધારભૂત છે, તેથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કામ સમસ્ત પ્રકારે ત્યજવું.

૩. વિદ્યા યત્નાનુસારે, લક્ષ્મી પુણ્યાનુસારે, કીર્તિ દાનાનુસારે અને બુદ્ધિ કર્માનુસારે પ્રાપ્ત થઇ શકે છે.

૪. જેનાથી અર્થ, કામ અને મોક્ષ એ ત્રણે પ્રાપ્ત થાય છે તે ધર્મ સદાય મનુષ્યોને આદરવા યોગ્ય કેમ ન હોય?

૫. પોતે ઉપાર્જિત કરેલ પુણ્ય અને પાપરૂપ બે નાણાં સાથે લઈને અને બાકીનું બધું અહીં અનામત રહેવા દઈને જીવો ભવાન્તરમાં જાય છે–અન્ય જન્મ ધારણ કરે છે.

૬. ત્યાં તેઓ તે પુન્ય–પાપવડે સુખ દુઃખ કરિયાણાં મેળવે છે. કુશળજનોએ આ ભવસ્થિતિ ખાસ ચિન્તવવા યોગ્ય છે. એ જ વાતને વધારે સ્પષ્ટ કરીને કહે છે.

૭. કયા ( શુભાશુભ ) કર્મયોગે મારે અહીં આ ભવમાં ઉપજવું થયું ? અને દેહ તજી અન્ય કયા સ્થળે પ્રયાણુ થશે ? એવી આધ્યાત્મિક વિચારણા જે હૃદયમાં ન થવા પામે તે ધર્મ સાધવા શી રીતે સાવધાન થઇ શકે ?

૮. એવી રીતે વિચારીને વિવેકીજનોએ ધર્મ સદાય સેવવો અને તત્ત્વજ્ઞોએ યોગ્ય જનોને ઉપદેશ દેવો તે હિત માટે થાય છે.

૯. જેમ મેઘનું પાણી પાત્રતા પ્રમાણે ફળે છે તેમ પાત્રતા દાન પ્રમાણે અને ગુરુના મુખમાંથી નીકળતા વચનો પણ સફળતાને પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૨૬૭ ]

## સર્વજ્ઞ ભગવાનની દેશના.

કેટલોક કાળ વીત્યા પછી વનપાલક વધામણી લાવ્યો કે પાસેના ઉપવનમાં કેવળજ્ઞાની મુનિ પધારેલા છે, તે સાંભળી રાજા અને મંત્રી પ્રમુખ તેમને વંદન કરવા માટે આવ્યા. તે વખતે સર્વજ્ઞ મુનિએ નીચે મુજબ ધર્મદેશના પ્રારંભી. “ભોગવિલાસમાં રોગનો ભય રહે છે, દૃશ્ય સુખમાં ક્ષય પામી જવાનો ભય રહે છે, પૈસાને અગ્નિ અને રાજાદિકનો ભય રહે છે, માનને અપમાનનો ભય રહે છે, જયમાં શત્રુ–( પરાજય )નો ભય રહે છે, વંશમાં કુલટાનો ભય રહે છે, નોકરીમાં સ્વામીનો ભય રહે છે, ગુણમાં દુર્જનનો ભય રહે

છે, કાયાને યમનો ભય રહે છે, આ જગતમાં પ્રાણીઓને સર્વત્ર ભય રહે છે, ફક્ત વૈરાગ્ય જ અભય-ભયમુક્ત-નિર્ભય છે. જ્યારે જરા અવસ્થા આવે છે ત્યારે શરીર અને ઇંદ્રિયો શિથિલ થઈ જાય છે, તેમજ સ્વજન સ્ત્રી-પુત્રાદિક પણ અપમાન કરે છે, ગમે તેવા વિદ્વાન હોય, શૂરા હોય, પદવીધરો હોય કે ગમે તો ઈંદ્ર કે ચક્રવર્ત્તી પ્રમુખ હોય તેમને પણ અંતે યમને શરણ થયા વગર છૂટકો થતો નથી. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં એવું કોઈ પણ પ્રાણી નથી કે જે સર્વથા મરણના ભયરહિત-અમર હોય. કર્મવશ જન્મ-મરણના ફેરા અરહટ્ટઘટિકાની પેઠે પ્રાણી માત્ર ફરતા દીસે છે. વળી તૂટયું આવખું સાંધવાને કોઇપણ સમર્થ થઇ શકતું નથી; ગમે તેવી વિદ્યા, ઔષધ-ભેષજ, માતાપિતા, પુત્રપરિવાર, નોકર-ચાકર, કુળદેવતા, પૈસો ટકો, શરીરબળ, ભાઇ-બહેનો, સાસુ-સસરા કે મોટા દેવ પણ તૂટેલા આયુષ્યને સાંધી શકતા નથી, એક પળ પણ આવખું વધારી શકતા નથી. અરે ! નવયૌવન-વડે મળેલાં, યથેચ્છ ખાનપાનવડે પોષેલાં અને વસ્ત્રાલંકાર-વડે શોભાવેલાં શરીરો શ્વાસો-શ્વાસ પૂર્ણ થતાં જ ભૂમિ ઉપર લોટી પડે છે. અહો ! જ્યારે ગામાંતર જવું હોય છે ત્યારે સહુ કોઇ લોકો સંબલ( ભાતું ) સાથે લઈને ચાલે છે, આ પ્રસિદ્ધ વાત છે; પણ લાંબા પરલોકના માર્ગે પ્રયાણ કરતાં કમનસીબે એવા મૂઢ જનો કંઇ પણ ખરૂં સંબલ સાથે લઈ જવાનો ખ્યાલ નથી રાખતા એ કેટલું બધું આશ્ચર્ય ? જ્યાં સુધી શરીર સ્વસ્થ-રોગ રહિત છે, જરા અવસ્થા આવી પહોંચી નથી, ઈંદ્રિયોની શક્તિ સાબિત છે, ક્ષીણ થઇ ગઈ નથી અને આવખું પણ તૂટયું નથી ત્યાં સુધીમાં જ સુજ્ઞજનોએ

આત્મકલ્યાણ કરી લેવું યુક્ત છે. ઘર સળગવા માંડયા પછી કૂવો ખોદવા માટે ઉદ્યમ કરવો એ શા કામનો ? ખરો વખત વીત્યા પછી કરવામાં આવતો પ્રયાસ નકામો ચાલ્યો જાય છે–નિષ્ફળ થવા પામે છે, એમ સમજી નિજ શ્રેય કરી લેવા સુજ્ઞજનોએ જરૂર સવેળા ચેતવું જોઇએ. મનુષ્યોને સો એક વર્ષનું પરિમિત આયુષ અને તેનો અર્ધભાગ રાતમાં જ ચાલ્યો જાય, તેનું અર્ધ કે અધિકેરું વૃદ્ધત્વ અને બાલ્યત્વમાં ચાલ્યું જાય, જે બાકી રહ્યું તે વ્યાધિ, વિયોગ, શોક અને વિષયાસક્તિમાં વહી જાય છે. જળતરંગ જેવા જોતજોતામાં હાથતાળી દઇને અલોપ–અદૃશ્ય થઇ જનારા આ માનવદેહમાં પ્રાણીને ધર્મ કરવાનો અવકાશ કયાં છે ? જે થોડો ઘણો વખત બચવા પામે ત્યાં પ્રમાદ આવી નડે ? આ પ્રમાદને તજી સાવધાન બની વખતસર સ્વશ્રેય સાધી લેવું એ જ હિતકારી છે. જુઓ, પ્રથમ તો સ્રીના ઉદરમાં મનુષ્યોને ગર્ભાવાસનું આકરું દુઃખ સહન કરવું પડે છે, પછી બાલ્યાવસ્થામાં પણ મળથી ખરડેલું શરીર, માતાના સ્તનપાન ઉપર રહેવું અને મુખથી ( વાચાથી ) ન વદી શકાય એવાં શરીર સંબંધી અનેક દુઃખ સહવાં પડે છે. તરુણ વયમાં પણ ઇષ્ટવિયોગાદિનું ભારે દુઃખ પરવશપણે સહન કરવું પડે છે, અને વૃદ્ધાવસ્થા પણ પુત્રપરિવાર સંબંધી અપમાનાદિવડે તદ્દન અસાર થઇ પડે છે. આ ઉપરાંત સંસારમાં કંઇ લેશમાત્ર પણ સુખ સમજાતું હોય તો તમે કહો ! આકુલવ્યાકુલ થયેલા પુત્ર–પુત્રી અને સ્રી પ્રમુખની ચિંતાને ધારણ કરતાં, દિનરાત દુઃખે ભરી શકાય એવા દેહના પોષણ માટે સદા પરિશ્રમ કરતાં, રાજાની આજ્ઞાનું પ્રતિપાલન કરવા સદાય સાવચેતી રાખતાં, હાશ કરીને

બેસી નહિ શકતાં અને છતા અછતા સર્વ ઉપદ્રવની ભીતિ ધરતાં એવા પુન્ય રહિત પ્રાણીઓના જીવિતને ધિક્કાર છે! ધર્મરૂપી ઢાલ વગરના અને મોહના પાશમાં સપડાઈ ગયેલાં જીવોના કેવા બૂરા હાલ થાય છે તેનો કાંઇક ખ્યાલ તો કરો! પુન્યરૂપી રૂડો વળાવો જેની સાથે હોય તેને વિપદા પડે કયાંથી? કોઇ પણ સંસારી જીવ કોઇપણ રીતે ઘણું કરીને સદાય દુઃખી જ દેખાય છે, દ્રવ્યહીન હોય તે દ્રવ્ય મેળવવાની ચિંતાવડે દુઃખી, દ્રવ્યવાન–લક્ષ્મીવાન હોય તે તેનું રક્ષણ કરવા માટે ચિંતાતુર, સ્ત્રી રહિત હોય તે સ્ત્રીને પ્રાપ્ત કરવા સંબંધી ઉપાયમાં ગુંથાયેલો, સ્ત્રીવાળો હોય તે પુત્ર પુત્રીરૂપ સંતાનની તીવ્ર ઇચ્છાવડે બળતો અને કદાચ એ બધાં વાનાં મળ્યા હોય તો પણ તે સદાય કઇક પ્રકારના રોગવડે પીડાતો હોય છે. ધર્મ–પુન્યની ખામીનું જ આવું પરિણામ જાણી સુજ્ઞજનોએ પરભવ જતાં ધર્મ–સંબલ જરૂર સાથે રાખવું જ જોઇએ. ધર્મ સંબલ સાથે હોય તો જ માણસને ખરી દિલસોજી છે; સુકૃત કરણી કરી લેવામાં એક ક્ષણ વાર પણ વિલંબ ન જ કરવો કેમકે દિવસે દિવસે અને પળે પળે આવખું ખૂટતું જ જાય છે. જયારે આવખું ખૂટે છે ત્યારે યમ કાંઈ પ્રતીક્ષા (વિલંબ) કરતો નથી, એમ સમજી–ચેતી હે ભવ્યાત્માઓ! ધર્મકાર્ય કરવાના વાયદા ન કરો. જે ધર્મકૃત્ય કાલ કરવા ધારતા હો તે આજે જ કરો અને આજે કરવા ધારતા હો તે હમણાં જ કરો કેમકે ક્ષણ ક્ષણ કરતાં બધું આવખું ખૂટી જવાનું છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૩૦૩ ]

## "ધર્મ-પુન્યનો પ્રગટ પ્રભાવ."

જેમ દાંત-દંતૂશુળ વગરનો હાથી, વેગવાળી ચાલ વગરનો ઘોડો, ચંદ્ર વગરની રાત્રિ, સુગંધ વગરનું ફૂલ, જળ વગરનું સરોવર, છાયા વગરનું વૃક્ષ, લૂણ વગરનું અલૂણું ભોજન, ગુણ વગરનો નગુણો પુત્ર, ચારિત્ર-ક્રિયા વગરનો સાધુ અને દ્રવ્ય વગરનું ઘર-એ બધાં શોભતા નથી તેમ ધર્મ-પુન્યકળા વગરનો માનવ પણ શોભા પામતો નથી. રમણિક વસ્તુની ઇચ્છા-અભિલાષા થયે છતે જ્યારે તે સફળ થતી નથી ત્યારે જીવને ખેદ-સંતાપ થાય છે, પણ જો પુન્યનું જોર હોય તો તે ઇચ્છા સહેજે સફળ થાય છે, ધર્મ પુન્યના બળ વગર પ્રાણીઓની મનોવાંચ્છના ફલિભૂત થઇ શકતી નથી. સુકૃત્ય કરવામાં તત્પર રહેનારા ભવ્યાત્માઓ પુન્યબળવડે સહુ કરતાં ચઢી જાય છે અને જેમ વૃક્ષોને વેલડીઓ વીંટાઇ વળે છે તેમ તેમને સંપદાઓ સહેજે વીંટાઇ વળે છે.

## તીર્થસેવાનું ફળ

'શત્રુંજય તીર્થની સ્પર્શના કરીને અને રૈવતાચળ (ગિરનાર)ને નમી, ગજપદ કુંડમાં સ્નાન કરીને જે પવિત્ર થાય છે તેમને ફરી જન્મ લેવો પડતો નથી. એવો અપૂર્વ એ બંને તીર્થોનો પ્રભાવ કહ્યો છે.'

'મોક્ષસુખ મેળવવાની ખરી ઇચ્છા હોય તો શુદ્ધ દેવ, ગુરુ, ધર્મ અને સંઘની વિવેકયુક્ત ભક્તિ, હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ અને પરિગ્રહનો ત્યાગ, ક્રોધાદિક કષાયનો જય, સજ્જનતા, સદ્ગુણીનો સમાગમ, ઇન્દ્રિયદમન, દાન, તપ, ભાવના અને વૈરાગ્યનો ખૂબ આદર કરો.'

'પાપ-આરંભથી નિવર્તી દ્રવ્યની સફળતા, શ્રી સંઘની ઉત્તમ ભક્તિ, સમકિતની વિશુદ્ધિ, સ્વજનોનું હિત અનુકંપા, જીર્ણ ચૈત્યાદિકનો ઉદ્ધાર, તીર્થની ભારે ઉન્નતિ, જિનાજ્ઞાનું પાલન, કલ્યાણકારી સારાં કૃત્યો, અલ્પ સંસારભ્રમણ, તેમજ દેવ અને મનુષ્ય સંબંધી સારી પદવી-એ બધાં પવિત્ર તીર્થની સુવિવેકથી કરેલી વિધિયુક્ત સેવા-ભક્તિનાં પ્રગટ ફળ છે.' જે ચોવિહારો છઠ્ઠ (નિર્જળ બે ઉપવાસ) કરીને વિધિયુક્ત શત્રુંજય તીર્થની સાત યાત્રા કરે છે તે ભવ્યાત્મા બીજે ભવે મોક્ષપદ મેળવે છે. વળી શ્રી તીર્થંકર દેવને પણ માન્ય અને ગુણના સાગર એવા શ્રી સંઘની ચરણ-રજવડે જેમના ઘરનાં આંગણાં પવિત્ર થાય છે તેમને ખરેખર ધન્ય છે. એવા પવિત્ર શ્રી સંઘની પૂર્ણ શ્રદ્ધાથી જે સેવા-ભક્તિ-વાત્સલ્ય કરે કરાવે છે તે મુખ્યપણે તીર્થંકર પદવીને પામે છે. ચક્રી અને ઇંદ્રાદિક પદવીની પ્રાપ્તિ તો તેમને સહેજે પ્રાપ્ત થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૩૪૪ ]

## એક વિદ્યાર્થીના કેળવણી અંગે વિચાર.

મળેલો વખત નકામો ન ગાળતાં તે વખતમાં જેટલું ઉપયોગી કામ થઇ શકે તેટલું કરી લેવું, એ અમારો કોલેજમાં દાખલ થયા પહેલાંનો જ નિશ્ચય હતો. એ જ નિયમાનુસાર આ વખતનાં વેકેશનમાં કયા કયા અગત્યના કામ કરી લેવા તે નક્કી કરવા મેં મારા મિત્ર....ને વાત કરી અમુક દિવસે તેને ત્યાં જવાનું નક્કી થયું.

માર્ગમાં જતાં એક બીજા ભાઇ મળ્યા. તેણે સમાજમાં

ઘરડાઓથી થતી અગવડો આશ્રી ઈસારો કંઇક ઉશ્કેરાઈને કર્યો ત્યારે તેને મેં શાંતિથી જવાબ આપ્યો.

'મિત્ર! આમ એકદમ આવેશમાં આવી ઘરડાઓને તુચ્છકારી કાઢવા એ ઠીક નથી. ગમે તેવા પણ તે આપણને પૂજ્ય છે, કારણ કે તેઓ અનુભવથી ઘડાયેલા હોય છે, અને તેઓની પાસેથી આપણને ડહાપણભર્યું ઘણું જાણવાનું મળે છે. કદાચ તેમનામાં કોઇ ખોડખાંપણ હોય તો પણ શું તે આવેશમાં આવી તેમને તુચ્છકારી નાખી દૂર કરી શકાતી હશે? ડાહ્યા માણસોએ ખરું જોતાં આવા સમયે સમતા રાખી ઠીક કળ–બળથી પોતાનું કામ કાઢી લેવું જોઈએ," વગેરે કહીને આગળ ચાલ્યો. અને મિત્રને મળ્યા પછી જે મુદ્દાની વાત થઇ તે આ નીચે લખી છે. બીજા ભાઈઓએ તે લક્ષમાં લેવી ઘટે છે.

"આપણી કોમની વર્તમાન દુર્દશાનું મુખ્ય કારણ સત્ય જ્ઞાન અને સાચી કેળવણીનો અભાવ છે. હાલની ઈંગ્રેજી કેળવણી વગોવાય છે તેનું મુખ્ય કારણ ધાર્મિક જ્ઞાનનો અભાવ છે. માત્ર ઈંગ્રેજી કેળવણી લેવાથી વિદ્યાર્થીઓ અશ્રદ્ધાળુ થાય છે એમ ન માનશો. તેનું મૂળ કારણ ધાર્મિક સંસ્કારનો અભાવ છે. જેનામાં શુભ સંસ્કાર પડેલા છે તેને ગમે તે પ્રકારનો વિદ્યાભ્યાસ કરતાં વાંધો આવતો નથી, પણ ફાયદો જ થવા પામે છે. જે જન્મથી જ ઉચ્ચ સંસ્કારને પામેલ છે તે નક્કી ધર્મની જાહોજલાલી વધારશે જ, માટે સહુએ લક્ષમાં રાખવાનું કે ધાર્મિક જ્ઞાનને તિલાંજલી ન અપાય. જો વિદ્યાર્થીમાં ઉચ્ચ સંસ્કાર પડ્યા હશે તો કોઇ પણ વિદ્યાભ્યાસ તેને ઠગાવી શકશે નહી. ધાર્મિક જ્ઞાનવડે વ્યવહારિક જ્ઞાન શોભી નીકળે છે અને સફળ થાય છે. તે વગર બીજું બધું ફીક્કું લાગે છે."

સહુ મિત્રોએ ભેગા મળી જે ઠરાવો કર્યાં તેની નોંધ આ નીચે રહી—

( ૧ ) આપણે અનુકૂળ સદ્‌ગૃહસ્થો પાસે જઇ તેમની સહાય અને મદદ માગવી.

( ૨ ) અન્ય ગૃહસ્થોને સમજાવી તેમની પણ મદદ લેવી.

( ૩ ) ઉઘરાવેલા ફંડમાંથી બની શકે તેટલા વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં અનુકૂળતા કરી આપવી. જેમ ફંડમાં વધારો થવા પામે તેમ તેનો વિશેષ લાભ વિદ્યાર્થીઓને જ આપવો.

( ૪ ) ધાર્મિક જ્ઞાન ફરજીઆત કરવું. તેમાં ઉપેક્ષા કરનાર વિદ્યાર્થી મળી શકતા લાભથી પોતે બેનશીબ જ રહેવા પામે છે. તેમને વિદ્યાભ્યાસમાં વધારે સરળતા થાય તેવી વાત લક્ષમાં રાખવી.

( ૫ ) છોકરીઓને પણ યોગ્ય કેળવણી અપાય તેમ કરવું; આને માટે એકઠા થયેલા ફંડમાંથી યોગ્ય ખર્ચ કરવાનું ફાજલ પાડવું. છોકરીઓનો અભ્યાસ સુંદર અને સરળ બને તે માટે આપણે સહુએ બનતી કાળજી રાખવી જરૂરની છે. આજની છોકરી ભવિષ્યની માતા છે અને શાણી માતા સો શિક્ષકોનું કામ સારે એવા શુભ સંસ્કાર પોતાની સંતતીમાં પાડી શકે છે. એમાં રહેલ હિત સામે જોવા સહુએ લાગણી ધરાવવી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૩૪૩ ]

## આવશ્યક ક્રિયાની ઉપયોગિતા.

જે ક્રિયા આત્માના વિકાસને લક્ષમાં રાખી કરવામાં આવે છે તે આધ્યાત્મિક ક્રિયા છે. આત્માના વિકાસનું કાર્ય તેના

જ્ઞાન-દર્શન-ચારિત્રાદિક ગુણોની શુદ્ધિથી સરે છે. આ કસોટી કરતાં નિ:શંકપણે સિદ્ધ થાય છે કે-સામાયિકાદિક છએ આવશ્યક આધ્યાત્મિક છે. કેમકે—

૧. **સામાયિકનું ફળ**—પાપજનક વ્યાપારની નિવૃત્તિ છે, તે કર્મ-નિર્જરાવડે આત્માના વિકાસનું કારણ છે.

૨. **ચઉવિસત્થા**—નો ઉદ્દેશ ગુણાનુરાગવૃદ્ધિવડે ગુણ પ્રાપ્ત કરવાનો છે, જે કર્મ-નિર્જરાદ્વારા આત્માના વિકાસનું સાધન છે.

૩. **વંદનક્રિયા**—દ્વારા વિનયની પ્રાપ્તિ થવા પામે છે, અભિમાન ગળી જાય છે, ગુરુજનની સેવાનો લાભ મળે છે, શ્રી તીર્થંકરોની આજ્ઞાનું પાલન થાય છે અને શ્રુત-ધર્મની આરાધના થાય છે તે આત્માના ક્રમિક વિકાસદ્વારા મોક્ષનું કારણ બને છે. વંદન કરનારને નમ્રતાના કારણે શાસ્ત્ર સાંભળવાનો અવસર પ્રાપ્ત થાય છે અને શાસ્ત્રશ્રવણદ્વારા અનુક્રમે જ્ઞાન, વિજ્ઞાન, પચ્ચક્ખાણ, સંયમ, આશ્રવ-નિરોધ, તપ, કર્મ--નિર્જરા, અક્રિયા અને સિદ્ધિ-એ પ્રમાણે ક્રમશઃ ફળ બતાવવામાં આવેલ છે, તેથી વંદનક્રિયા આત્માના વિકાસનું (સાચું) કારણ છે.

૪. **પ્રતિક્રમણ**—દ્વારા કરેલી ભૂલોને યાદ કરી, ફરીથી તેવી ભૂલો નહીં કરવા નિશ્ચય કરાય છે એટલે પુનઃ પુનઃ એવા દોષો નહીં કરવા માટે આત્માને સાવધાન કરી દેવાનો છે, જેથી કરીને આત્મા દોષમુક્ત થઇ ધીરે ધીરે સ્વશુદ્ધ-સ્વરૂપમાં સ્થિર થઇ જાય. આ કારણથી પ્રતિક્રમણ ક્રિયા પણ આધ્યાત્મિક છે.

૫. **કાયોત્સર્ગ**—ચિત્તની એકાગ્રતા ઉત્પન્ન કરે છે અને આત્માને પોતાનું સ્વરૂપ વિચારવાનો અવસર આપે છે, જેથી

આત્મા નિર્ભય બની પોતાનો કઠિનતમ ઉદ્દેશ સિદ્ધ કરી શકે છે તેથી તે ક્રિયા પણ આધ્યાત્મિક છે.

૬. **પ્રત્યાખ્યાન**—દુનિયામાં જે કાંઈ વસ્તુ વિગેરે છે તે સર્વ નથી તો ભોગવી શકાતું તેમ જ નથી તો ભોગવવાને યોગ્ય, વળી વાસ્તવિક શાંતિ, અપરિમિત ભોગથી પણ સંભવતી નથી, તેથી મુમુક્ષુ જનો **પ્રત્યાખ્યાન–ક્રિયા**દ્વારા પોતાને વ્યર્થ ભોગોથી બચાવે છે અને તે દ્વારા ચિરકાલીન આત્મ–શાંતિ પ્રાપ્ત કરે છે, તેથી જ પ્રત્યાખ્યાનક્રિયા આધ્યાત્મિક છે, અતઃ અવશ્ય આદરણીય છે.

## ભાવ આવશ્યક એ લોકોત્તર ક્રિયા છે.

લોકોત્તર લાભ( મોક્ષ )ના ઉદ્દેશથી આધ્યાત્મિક જીવોદ્વારા ઉપયોગપૂર્વક કરાતી ક્રિયા છે, તેથી તેનું સમર્થન યથાયોગ્ય કરવું ઘટે. જે તત્ત્વોને લઇ, મનુષ્યના જીવનને અન્ય પ્રાણીઓનાં જીવન કરતાં ઉચ્ચ ગણવામાં આવે છે અને જે વડે અંતે વિકાસની પરાકાષ્ઠાએ ( શ્રેષ્ઠ હદે ) પહોંચી શકાય છે તે તત્ત્વો નીચે મુજબ છેઃ—

૧. શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું સંમિશ્રણ ( એકીકરણ ).

૨. જીવનને વિશુદ્ધ બનાવવા માટે સર્વોપરી જીવનમુક્ત (તીર્થંકર) મહાત્માઓને આદર્શરૂપ ગણી, સદા તેમની સેવા કરવી.

૩. ગુણવંત મહાત્માઓનું બહુમાન યા વિનય કરવાં.

૪. કર્ત્તવ્યની સ્મૃતિ તથા કર્ત્તવ્યપાલનમાં થઈ જતી ભૂલોનું અવલોકન કરી, નિષ્કપટભાવે તેનું સંશોધન કરવું અને ફરીથી તેવી ભૂલો ન થાય તેને માટે આત્માને સાવધાન રાખવો.

૫. ધ્યાનનો અભ્યાસ કરી પ્રત્યેક વસ્તુના સ્વરૂપને યથાર્થ રીતે સમજવાને વિવેક-શક્તિનો બનતો વિકાસ સાધવો.

૬. ત્યાગવૃત્તિદ્વારા સંતોષ અને સહનશીલતાને વધારવા.

આ ઉપર કહેલા તત્ત્વના આધાર ઉપર આવશ્યક ક્રિયાનો મહેલ ઊભો છે, તેથી શાસ્ત્રકાર કહે છે કે-' આવશ્યક ક્રિયા ' આત્માને પ્રાપ્ત ભાવ( શુદ્ધિ )થી પડવા દેતી નથી. તેને અપૂર્વ ભાવની પણ પ્રાપ્તિ કરાવે છે. અભ્યાસયોગે ભાવપૂર્વક કરાતી ક્રિયાવડે પતિત આત્માની પણ ફરીથી ભાવ-વૃદ્ધિ થવા પામે છે. આ કારણે ગુણોની વૃદ્ધિ અર્થે તથા પ્રાપ્ત ગુણોથી સ્ખલિત નહીં થવા માટે ઉક્ત ( લોકોત્તર ) ભાવ-આવશ્યકનું આચરણ અત્યંત ઉપયોગી છે. આરોગ્ય માટે મુખ્ય માનસિક, પ્રસન્નતા જોઇએ. યદ્યપિ એવા અનેક સાધનો છે કે જેના સેવનવડે ઓછીવત્તી મનની પ્રસન્નતા થાય છે, પણ વિચારપૂર્વક જોવાથી એ માલૂમ પડે છે કે-સ્થાયી માનસિક પ્રસન્નતામાં પૂર્વોક્ત તત્ત્વો કે જેના ઉપર આવશ્યક ક્રિયાનો આધાર છે તે તત્ત્વોના દૃઢ આલંબન વગર કોઇપણ પ્રકારે પ્રાપ્ત થઇ શકતી નથી, તેથી તેની વિશેષતા છે.

**ભાવ આવશ્યકના અધિકારી વ્યવહારનિષ્ઠ હોય છે.**

વ્યવહારમાં **આરોગ્ય, કૌટુંબિક નીતિ, સામાજિક નીતિ** ઇત્યાદિ વિષય સંમિલિત છે. આરોગ્ય માટે આગળ યથોચિત સૂચના કરી છે. તેનું મનન કરી બને તેટલો તેનો આદર કરવો ઘટે છે.

**કૌટુંબિક નીતિનો** મુખ્ય ઉદ્દેશ કુટુંબને સંપૂર્ણપણે સુખી બનાવવાનો છે. તેના માટે નાના-મોટા સર્વમાં એક

બીજા પ્રત્યે યથોચિત વિનય, આજ્ઞાપાલન, નિયમશીલતા અને અપ્રમાદની આવશ્યકતા છે. આ સર્વ ગુણો આવશ્યક ક્રિયાના આધારભૂત પૂર્વોક્ત તત્ત્વોના પોષણથી સહજ પ્રાપ્ત થાય છે.

**સામાજિક નીતિનો** ઉદ્દેશ સમાજને સુવ્યવસ્થિત રાખવાનો છે. તેને માટે વિચારશીલતા, પ્રામાણિકતા, દીર્ઘ-દર્શિતા અને ગંભીરતા આદિ ગુણો જીવનમાં આવવા જોઇએ, જે આવશ્યક ક્રિયાના પ્રમાણભૂત પૂર્વોક્ત છ તત્ત્વોના સુસેવન વગર કોઇ રીતે આવી શકતા નથી, તેથી પણ તેની વિશેષતા સ્પષ્ટ છે. આવી રીતે વિચારતાં સ્પષ્ટ જણાય છે કે–શાસ્ત્રીય અને વ્યવહારિક બંને દૃષ્ટિએ આવશ્યક ક્રિયાનું યથોચિત અનુષ્ઠાન પરમ લાભદાયક છે, એમ જાણી તેમાં જેમ બને તેમ વિશેષ આદરવાળા થવું.

## પ્રતિક્રમણની દૃઢ રીતિ–નીતિ સંબંધી ઉલ્લેખ

છ આવશ્યકો પૈકી ચોથા આવશ્યકનું નામ પ્રતિક્રમણ હોવા છતાં રૂઢિમાં છએ આવશ્યકોને પ્રતિક્રમણ કહેવામાં આવે છે. તેમાં આવતાં પ્રચલિત સૂત્રોના અર્થ–રહસ્ય સમજી તેનો યોગ્ય આદર કરવાથી અધિક લાભ મળે છે ને રસ ઉપજે છે; છતાં બહુધા તેમાં લોકોને મંદાદરવાળા જોવામાં આવે છે. ખરી રીતે અંગીકાર કરેલા વ્રત–નિયમોમાં જ્યાં સ્ખલના–અતિચારાદિક થવા પામે તેની શુદ્ધિ કરવા માટે ખાસ ઉક્ત ક્રિયા કરવાની છે અને એમ કરવાથી જ તેની સાર્થકતા છે. તેમાંનાં સૂત્રોને અર્થ પરમાર્થ સાથે સમજવા બહુ થોડા લક્ષ રાખે છે. તેમાં સુધારણા કરવાની અને જે સમય રોક-

વામાં આવે છે તેની સાર્થકતા કરવાની જરૂર છે. વળી ભાઈ-બહેનોને આટલી થોડી પણ ઉપયોગી સૂચના કરી તેનો ઉચિત આદર કરવા જણાવી હાલ વિરમું છું.

[ જૈ. ધ. પ્ર. પુ. પર, પૃ. ૩૭૯ ]

## ક્ષમાદિક દશ લાક્ષણિક ધર્મનું સ્વરૂપ

### [ ભાવના-સ્વરૂપ ]

૧. ક્ષમાના ઘાતક ક્રોધાદિક ભાવમાં અનેક દુર્ગુણો છે તથા ક્ષમાભાવમાં અનેક સદ્‌ગુણો છે એમ ગુણ-દોષને વારંવાર વિચારવાથી ક્ષમાભાવમાં દઢતા પ્રાપ્ત થાય છે. ક્ષમા પ્રાણીની રક્ષા કરે છે, ધનની રક્ષા કરે છે, યશની રક્ષા કરે છે ને ધર્મની રક્ષા કરે છે. ક્ષમાથી વ્રત, શીલ, સંયમ ને સત્ય એ સર્વની રક્ષા થાય છે. કલેશ ને વેરઝેરનાં દુઃખથી ક્ષમા રક્ષા કરે છે. સમસ્ત ઉપદ્રવથી ક્ષમા રક્ષા કરે છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષનો ક્રોધ મૂળથી નાશ કરે છે. ક્રોધથી પ્રચંડ રૌદ્રધ્યાન થાય છે. ક્રોધી ક્ષણમાં આપઘાત કરે છે. કૂવા, વાવ, તળાવ, નદી ને સમુદ્રમાં ડૂબી મરે છે. ક્રોધી શસ્ત્રઘાત, વિષભક્ષણ ને ઝંપાપાતાદિક અનેક કુકર્મ કરીને આત્મઘાત કરે છે. બીજાને મારતાં ક્રોધીને દયા આવતી નથી. ક્રોધી માણસ પિતાનો, પુત્રનો, ભાઈનો, મિત્રનો, સ્વામીનો, સેવકનો કે ગુરુનો ક્ષણમાત્રમાં પ્રાણઘાત કરે છે. ક્રોધી ઘોર દુઃખનું પાત્ર થાય છે. ક્રોધી મહાભયંકર લાગે છે. ક્રોધ સર્વ ધર્મનો નાશ કરે છે. ક્રોધી અસત્યભાષી હોય છે. પોતાને તથા પરને દગ્ધ કરવા માટે કુવચનરૂપ અગ્નિ બહાર ફેંકે છે. ક્રોધી માણસ

બીજા પ્રાણીઓને દુઃખી કરે છે. ધર્માત્મા, સંયમી, શીલવાન એવા મુનિ-મહાત્મા કે ગૃહવાસી મહાપુરુષોને માથે ચોરી કે જારી પ્રમુખ અન્યાયનાં જૂઠાં કલંક ચઢાવે છે, તેમને હરકોઈ પ્રકારે દુઃખી કરે છે. તે લોકાપવાદથી કે પરભવથી બ્હીતો નથી. કદાચ કોઈ શાંતિ રાખવા કહે તો તેની સામે પણ થવાને ચૂકતો નથી. ક્રોધીનું જ્ઞાન કુજ્ઞાનરૂપે કામ કરે છે. ક્રોધીનાં આચરણ બગડી જાય છે. તે શ્રદ્ધાભ્રષ્ટ થઇને મિથ્યાત્વી બને છે. અતિ ક્રોધવશ પ્રાણી અન્યાયી પ્રવૃત્તિ કરે છે, નીતિનો નાશ કરે છે ને અતિ આગ્રહી થઇ વિપરીત માર્ગનો પ્રવર્તક બને છે, ધર્મ અધર્મના વિચારરહિત થાય છે. ક્રોધી કરેલા ઉપકારને ભૂલી કૃતઘ્ની બને છે. એવા અનેક દોષ ક્રોધીમાં હોય છે. તેથી વીતરાગ ધર્મના અર્થી હો તો ક્રોધ કદાપિ ન કરો, નિરંતર તેનો ત્યાગ કરો, એ જ હિતકારક છે.

૨. **માર્દવ**—કઠોરતા રહિત કોમળ પરિણામી જીવ ઉપર ગુરુનો ભારે અનુગ્રહ વર્તે છે. કોમળ પરિણામને જ સજ્જનો સાધુપણું માને છે. અભિમાન રહિત વિનયવંત જેવા ગુણ ગ્રહણ કરવા ચાહે તેવા મેળવી શકે છે; તથા જેવી કળા-કુશળતા શિખવા ધારે તેવી શિખી શકે છે. સર્વ ધર્મનું તથા સર્વ વિદ્યાનું મૂળ વિનય છે, કેમકે વિનયવંતને જ ધર્મ તથા વિદ્યા ફળદાયક થાય છે. વિનયવાન સર્વને વહાલો લાગે છે. વિનયવંતમાં કોઈ ગુણની ખામી હોય તો તે બીજાની નજરે દેખાઈ આવતી નથી. વિનયવાન કોમળ પરિણામીના હૃદયમાં દયાનો વાસ હોય છે. વિનયથી સ્વર્ગલોકની શ્રેષ્ઠ સંપદા તથા નિર્વાણની અવિનાશી સંપદા પ્રાપ્ત થાય છે. કઠોર પરિણામીને શિક્ષા અસર કરતી નથી તેથી સજ્જન મહાશયો કઠોર

પરિણામીને દૂરથી ત્યાગે છે. જેમ પથ્થરમાં પાણી પ્રવેશ કરી શકતું નથી તેમ અવિનયી કઠોર પરિણામીના હૃદયમાં સદ્‌ગુરુનો ઉપદેશ પ્રવેશ કરી શકતો નથી. જે પાષાણ તથા લાકડું નરમ હોય છે તેને કાગળ જેટલું પણ કોરવું હોય તો તેમ થઈ શકે છે, પણ જે કઠોર હોય છે તે શિલ્પીની મરજી મુજબ નહીં કોરાતાં ગમે તેમ તૂટી જાય છે, તેવા પાષાણ કે લાકડાના ઘાટ બની શકતા નથી; તેમ કઠોર ઉદ્ધત સ્વભાવવાળાને યોગ્ય શિક્ષા લાગતી નથી. પોતાની મરજી મુજબ સ્વચ્છંદપણે વર્તે છે, તેથી તેનામાં ઉત્તમ પુરુષને યોગ્ય ગુણો આવતા નથી. ધંધા–રોજગારમાં પણ તે કુશળતા મેળવી શકતો નથી. અભિમાની માણસ કોઈને વહાલો લાગતો નથી. અભિમાનીને ઘણા દુશ્મનો સહેજે બને છે. અભિમાની પરલોકમાં પણ અધોગતિ પામે છે અને જ્યાં ત્યાં તિરસ્કારને પાત્ર થઈ પડે છે, માટે હે સજ્જનો! કઠોર અભિમાની સ્વભાવ છોડી હમેશાં મૃદુતા–નમ્રતા આદરો.

૩. **આર્જવ**—કપટ સર્વ અનર્થનું મૂળ છે. પ્રીતિ અને પ્રતીતિનો નાશ કરનાર છે. કપટમાં અસત્ય, છળ, નિર્દયતા, વિશ્વાસઘાતાદિક ઘણા દોષ હોય છે. કપટીમાંથી સારા ગુણો ચાલ્યા જાય છે ને તે દોષનો ભંડાર બને છે, તેમ જ મરણ પામી નરક યા તિર્યંચગતિ પામે છે. સરલ સ્વભાવી જીવમાં અનેક ગુણ વસે છે. તે સર્વની પ્રીતિ ને પ્રતીતિનું પાત્ર બને છે. પરલોકમાં પણ સર્વ દેવોને પૂજ્ય ઇંદ્રાદિકની પદવી પામે છે. તે માટે કપટવૃત્તિ તજી, સરલ પરિણામી–સ્વભાવી થવામાં જ આત્મહિત રહેલું છે.

**૪. મુક્તિ-નિર્લોભતા**—પરિગ્રહ-મમતા સમાન કોઇ ભાર નથી, કેમકે ક્લેશ, વૈર, દુર્ધ્યાન, વિયોગ, શોક, ભય, અપમાન-એ બધાં પરિગ્રહના ઇચ્છકને વેઠવાં પડે છે. તેનાથી જેટલો વિરક્તભાવ થાય તેટલો ખેદ ઘટવા પામે છે. જેમ બહુ ભારથી દુઃખી થતો માણસ તેનો ભાર ઉતર્યે સુખી થાય છે તેમ પરિગ્રહ-મમતા મૂકવાથી સહેજે સુખી થવાય છે, તેથી જેમ બને તેમ પરિગ્રહની મમતા તજવી ઘટે.

**૫. તપ**—કર્મની નિર્જરા કરવામાં તથા સંવરની વૃદ્ધિ કરવામાં તપ મુખ્ય કારણ છે. તે આત્માને કર્મ-મળથી મુક્ત કરે છે. તપના પ્રભાવથી અનેક ઋદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાય છે. તપનો અચિંત્ય મહિમા છે. કામવિકારને મારનાર તપ છે. તપ ઇંદ્રિયોના વિષયોને શાંત-નિર્મૂળ કરી શકે છે. તે તપના અભ્યાસીઓ પરિગ્રહ-ઉપસર્ગ વખતે પણ ચારિત્રધર્મમાં ઠીક ટકી શકે છે. શુદ્ધ તપસેવન વગર સંસારથી છૂટી શકાતું નથી માટે તે આરાધ્ય છે.

**૬. સંયમભાવ**—સંયમને યથાર્થ સમજીને સેવતાં આત્માને ભારે હિતરૂપ થાય છે. સંયમી આ લોકમાં સર્વને વંદન કરવા યોગ્ય હોય છે. તે કોઇપણ પાપકાર્યથી પાછો હઠતો રહે છે, તેથી આત્મજાગૃતિ-સમભાવ-અહિંસકભાવ તેનામાં વધે છે અને તે આ લોક તથા પરલોકમાં અચિંત્ય મહિમા પામે છે.

**૭. સત્ય**—સત્યવાદીમાં સમસ્ત ગુણ વાસ કરે છે. સત્યવાન આ લોકમાં અને પરલોકમાં પણ પૂજાય છે-મનાય છે. અસત્યવાદી આ લોકમાં અપવાદ તેમ જ નિંદાને પાત્ર થાય છે. અસત્યવાદી હરકોઇ અપ્રતીતિનું કારણ બને છે, અને જ્યાં

ત્યાં નિંદાય છે. તેને રાજ્ય તરફથી ભારે કઠોર શિક્ષા સહન કરવી પડે છે. પરલોકમાં પણ તે અધોગતિ પામે છે, તેથી સત્યધર્મ ગ્રહણ કરવો તે જ ઉત્તમોત્તમ છે.

૮. **શૌચ**—જેનું આચરણ પવિત્ર છે તે જગતમાં પૂજવા યોગ્ય છે. શૌચનું બીજું નામ પવિત્રતા કે ઉજ્જ્વળતા છે. જેની આહાર-વિહારાદિ પ્રવૃત્તિ હિંસાદિ દોષ રહિત છે તે પવિત્ર છે. જેને પરધન હરણ કરવાની કે પરસ્ત્રીગમનની સ્વપ્ને પણ ઇચ્છા થતી નથી તે મનુષ્ય પવિત્ર છે. જગત પણ તેને પૂજ્ય માને છે. નિર્લોભીનો સૌ કોઇ વિશ્વાસ કરે છે. તેનો પરલોક પણ સુધરે છે; માટે લોભ તજી શૌચ ગુણ આદરવો.

૯. **અકિંચનતા—નિર્મમત્વ**—દેહાદિ જડ પદાર્થો આત્માથી ભિન્ન છે, વિનાશી છે અને અચેતન છે. એવા પર-ભાવમાં અહંતા-મમતા મોહના તીવ્ર ઉદયથી જ થાય છે અને નિર્મમત્વભાવથી જીવ શિવરૂપ થાય છે.

૧૦. **બ્રહ્મચર્ય**—કુશીલ મહાપાપરૂપ છે. સંસાર-પરિ-ભ્રમણનું બીજ છે. બ્રહ્મચર્યવાન હિંસાદિક પાપથી દૂર રહી શકે છે. બ્રહ્મચર્યવંતમાં સર્વ ગુણ વાસ કરે છે, માટે ઇંદ્રિય સંબંધી વિષયલાલસા તજીને જિતેન્દ્રિય થવું. બ્રહ્મચર્યથી બંને ભવ સુધરે છે. તેનો અચિંત્ય મહિમા સમજી તેમાં અત્યંત આદર કરવો.

ટૂંકાણમાં ક્રોધ તજતાં ક્ષમા ગુણ પ્રગટે છે, લોભ તજતાં સંતોષ પ્રગટે છે, અસત્ય તજતાં સત્ય ગુણ પ્રગટે છે, કષાયને જીતતાં સંયમ ગુણ પ્રગટે છે, ઇચ્છાને જીતતાં તપ ગુણ પ્રગટે છે, નિર્મમત્વ-નિઃસ્પૃહભાવથી અકિંચન ગુણ પ્રગટે છે,

અને વિષય-વિકારને જીતતાં આત્મસ્વરૂપમાં રમણતા થવારૂપ બ્રહ્મચર્ય ગુણ પ્રગટ થવા પામે છે. એનું રહસ્ય સમજી આત્માર્થી જીવોએ ઉક્ત ધર્મસેવનમાં અધિક આદર કરવો.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૧૨૪ ]

---

## સંસારને સાગર, અગ્નિ, અંધકાર અને શકટચક્રની ઉપમા.

**૧. સાગર**—જેમ છિદ્ર વગરના મજબૂત નાવ અને કુશળ નાવિકની સહાયથી તરી પાર પમાય છે, તેમ શુદ્ધ અહિંસા, સંયમ અને તપરૂપી સદ્ધર્મ નાવ અને સદ્‌ગુરુરૂપી નાવિકની સહાયથી આ સંસાર-સાગર તરી પાર પામી શકાય છે. સાગરમાં જેમ કુશળ નાવિકોએ નાવ ચલાવવા નિર્વિઘ્ન રસ્તો શોધી કાઢ્યો હોય છે તેમ શ્રી જિનેશ્વર ભગવાને સંસારનો પાર પામવા તત્ત્વજ્ઞાન-ક્રિયારૂપ ઉત્તમ રાહ બતાવ્યો છે.

**૨. અગ્નિ**—જેમ સર્વનો ભક્ષ કરી જાય છે પણ પાણીથી બૂઝાઈ જાય છે તેમ વૈરાગ્યરૂપ જળથી સંસારમાં થતા જન્મ-મરણાદિકનાં અનંત દુઃખરૂપ અગ્નિ બૂઝાઈ જાય છે.

**૩. અંધકારમાં**—જેમ દીવો લઈ જવાથી પ્રકાશ થતાં ઘટ-પટાદિક વસ્તુઓ જોઈ શકાય છે તેમ તત્ત્વજ્ઞાનરૂપી નિર્મળ દીવો સંસારના મોહ-માયાદિક ગાઢ અંધકારમાં અખંડ પ્રકાશ કરી, આત્માની સત્ય વસ્તુ ( અનંત ગુણ સમુદાય ) સ્પષ્ટ બતાવે છે.

**૪. શકટચક્ર**—ગાડીનું પૈડું જેમ બળદ વગેરેની સહાય વગર ચાલી શકતું નથી તેમ આ સંસારચક્ર ( ચારે

ગતિમાં પરિભ્રમણ ) રાગ-દ્વેષ વિના ચાલી શકતું નથી. એ રીતે આ ભીષણ ભવસાગરમાં મોહ-અજ્ઞાન-મિથ્યાત્વ-કષાય-વિકથાદિક (પ્રમાદ) સ્વચ્છંદવશ થતાં પરિભ્રમણરૂપ મહારોગ નિવારવા ભાવ ઔષધરૂપ જે હિતશિક્ષા આપેલી છે, તેનું આત્મહિતૈષી જનોએ નિરંતર મનન કરવું અને અન્ય ભવ્યાત્માઓને ભાવકરુણા લાવી તેમની યોગ્યતાનુસારે તે સમજાવવું.

[ જૈ. ધ. પ્ર. પુ. પર, પૃ. ૩૦૭ ]

## ગૃહસ્થાશ્રમમાં આત્મ-સાધન યોગ્ય હિતશિક્ષા.

ઉત્તમ સ્ત્રી-પુરુષો સદા સાવધાનપણે યથાશક્તિ વ્રત-નિયમો પાળતા રહે છે, માંસ-મદિરા-ચોરી-જુગારાદિક સપ્ત વ્યસનોનો સર્વથા ત્યાગ કરે છે, સત્પાત્રે યથાશક્તિ દાન દે છે અને શાંત મધુરી કોમળ ભાષા બોલે છે. સદ્‌ગુરુમુખે સત્શાસ્ત્રનું શ્રવણ કરી તેનું મનન કરે છે અને સ્વજનાદિકને સમજાવે છે. જીવનનિર્વાહ પૂરતા વ્યાપાર-વ્યવસાયમાં પણ માયા-કપટાદિક કરતા નથી. સ્ત્રી-પુત્ર-માત-તાત-નિર્ગ્રંથ (ત્યાગી) મુનિ અને ગુરુ; એ સહુને યથાયોગ્ય સન્માન આપે છે. જરૂર જણાતાં માત-પિતાદિકને વિશેષે ધર્મનો બોધ આપી અપાવી પોતે કૃતાર્થ થાય છે. યતનાથી ઘરની સ્વચ્છતા રાખે-રખાવે છે તેમ જ રસોઈ પાણી પ્રમુખમાં પણ યોગ્ય પ્રેરણા કરે છે. પોતે વિચક્ષણતાથી વર્તી સ્ત્રી-પુત્રાદિક સ્વજનોને વિનયી અને ધર્મરાગી બનાવે છે. સ્વકુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે અને અન્ય ખપી જનોને તેવી જ સારી સાચી સલાહ આપે છે. ઘર-આંગણે આવેલા અતિથિ( સાધુ-સંત )નું યથાયોગ્ય સન્માન સાચવે છે.

ઘરઆંગણે આવતા યાચકને સંતોષવો પણ ખરો અને બને તો તેને સારે માર્ગે ચડાવવો. સત્પુરુષોનો સમાગમ કલ્યાણાર્થે કરવો અને તેઓનો ઉત્તમ બોધ દિલમાં ધારણ કરવો. નિર્દોષ, સંતોષી, સુખી જીવન સદા ગાળવું અને અન્ય ભવ્યાત્માઓ માટે આદર્શરૂપ બનવું. યથાશક્તિ શાસ્ત્રપરિચય કરતા રહી સ્વાધ્યાયાદિ ષટ્ કર્મ કરવામાં સાવધાન રહેવું. અલ્પ આરંભથી જીવન-વ્યવહાર ચલાવવો, પરભવમાં શીઘ્ર ધર્મ-પ્રાપ્તિ થાય તેવા બીજ વાવવાં. આવો ગૃહસ્થાશ્રમ અન્યને અનુકરણ યોગ્ય બની આત્મોન્નતિ કરવામાં અવશ્ય મદદગાર થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૨, પૃ. ૩૦૮ ]

---

## પંચ મહાવ્રત અને તેની ભાવના

શરૂઆતમાં ભગવંત શ્રી મહાવીરપ્રભુનું સમગ્ર ચરિત્ર મનનપૂર્વક વિચારી જવું. પછી દરેક મહાવ્રતને તેની રક્ષા અને પુષ્ટિ કરનારી ભાવના સાથે અવધારવાં.

**૧. પહેલું મહાવ્રત**—હે ભગવંત! હું સર્વથા પ્રાણાતિપાત-જીવહિંસાનો ત્યાગ કરું છું. કોઇ સૂક્ષ્મ કે બાદર, ત્રસ કે સ્થાવર જીવને હું મન-વચન-કાયાવડે હણીશ નહીં, હણાવીશ નહીં કે હણતાં પ્રત્યે અનુમોદીશ નહીં. વળી ત્રિકાળ વિષય જીવહિંસાને હું પડિક્કમું છું, નિંદું છું, ગર્હું છું અને તેવા દુષ્ટ સ્વભાવ, પરિણામને વોસરાવું-તજું છું.

**પ્રથમ મહાવ્રતની ભાવના**—૧ ઇર્યાસમિતિ સાચવી રાખવી, એટલે ગમનાગમન પ્રસંગે જયણા સહિત સાવધાનપણે ચાલવું. ૨ મનગુપ્તિ સાચવવી એટલે મનમાં માઠા વિચાર

આવવા ન દેવા. ૩ વચનગુપ્તિ પાળવી એટલે જીવોપઘાતક-હિંસાકારી પાપવાળું વચન ન ઉચ્ચરવું પણ જરૂર પડે ત્યારે પ્રિય, પથ્ય અને તથ્ય એવું નિષ્પાપ વચન જ ઉચ્ચરવું. ૪ ભંડોપકરણુક લેતાં-મૂકતાં જયણાપૂર્વક પ્રવર્તવું. ૫ આહાર-પાણી જોઈ તપાસી જયણા સહિત વાપરવા, જોયા વગર અજ-યણાથી જેમ તેમ વાપરવાં નહીં.

૨. **બીજું મહાવ્રત**—હું સર્વથા મૃષાવાદનો ત્યાગ કરું છું. ક્રોધ, લોભ, ભય કે હાસ્યથી ત્રિવિધે-ત્રિવિધે એટલે મૃષા ભાષણ કરું નહીં, કરાવું નહીં કે અનુમોદું નહીં, વળી તે મૃષાવાદને પડિક્કમું છું, નિંદું છું, ગર્હું છું અને તેવા દુષ્ટ સ્વભાવ-પરિણામને વોસરાવું-તજું છું.

**ભાવના**—વિચારી( વિમાસી )ને બોલવું, સહસા યદ્વા-તદ્વા બોલવું નહીં, ક્રોધ, લોભ, ભય અને હાસ્યનું સ્વરૂપ સમજી તે દોષ દૂર કરવા, કેમકે તેથી સહસા જૂઠું બોલી જવાય છે.

૩. **ત્રીજું મહાવ્રત**-હું સર્વથા અદત્તાદાનથી વિરમું છું અર્થાત્ ગામ, નગર કે અરણ્યમાં, થોડું કે ઘણું, નાનું કે મોટું, સચિત્ત, અચિત્ત કે મિશ્ર કાંઇપણ અણદીધેલું હું ઉપર જણાવ્યા મુજબ મન-વચન-કાયાથી જીવિત પર્યન્ત લઇશ નહીં, લેવરા-વીશ નહીં અને લેનારને અનુમોદીશ નહીં.

**ભાવના**—૧. રહેવા માટે વિચારીને ( નિર્વાહ પૂરતો ) પરિમિત અવગ્રહ માગવો, ૨. ગુર્વાદિક વડીલની રજા-અનુમતિથી આહાર-પાણી વાપરવાં. ૩. કાળમાનની અવધિ-મર્યાદા બાંધી અવગ્રહ માગવો, ૪. અવગ્રહ માગતાં વારંવાર હદ-મર્યાદા

બાંધવા લક્ષ રાખવું, ૫. પોતાના સાધર્મિક–સાધુ પાસે પણ પરિમિત અવગ્રહ માગવો. ઉક્ત ભાવનાઓથી આ મહાવ્રતનું યથાર્થ પાલન–આરાધન થાય છે.

**૪. ચોથું મહાવ્રત**—હું મૈથુન સર્વથા તજું છું એટલે દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષયક્રીડા મન–વચન–કાયાએ કરું, કરાવું કે અનુમોદું નહીં.

**ભાવના**—૧ વારંવાર સ્ત્રીકથા કર્યા કરવી નહીં, ૨ સ્ત્રીનાં અંગોપાંગ નિરખીને જોવા નહીં, ૩ પૂર્વે કરેલી કામક્રીડા યાદ કરવી નહીં, ૪ સ્નિગ્ધ રસકસવાળું અને પ્રમાણરહિત ભોજન કરવું નહીં, ૫ નિર્દોષ સ્થાન–આસન સ્ત્રી પશુ પંડક રહિત હોય તેવાં સેવવાં અને તેવી વસ્તીમાં રહેવું. અન્યથા વિક્રિયા ( વિકાર ) થવાથી ધર્મભ્રષ્ટ થવાય છે.

**૫. પાંચમું મહાવ્રત**—હું સર્વથા નવવિધ પરિગ્રહ તજું છું. હું કોઇપણ પ્રકારનો પરિગ્રહ રાખીશ નહીં, રખાવીશ નહીં અને રાખનારને સારા જાણીશ નહીં. ત્રીજા મહાવ્રતની માફક યાવત્ તેવા દુષ્ટ સ્વભાવને વોસરાવું છું.

**ભાવના**—ભલા કે ભૂંડા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ પામી, તેમાં આસક્ત, રક્ત કે ગૃદ્ધ, મોહિત, તલ્લીન કે વિવેકવિકળ થઇ જવું નહીં, રાગ–દ્વેષ કરવો નહીં. એવી રીતે સાવધાનપણે સાધુયોગ્ય આચારમાં પ્રવર્તતાં ઉક્ત મહાવ્રતનું યથાવિધિ આરાધન થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૨૪૪ ]

# સમયોચિત હિતોપદેશ.

૧. શ્રી પર્યુષણ પ્રસંગે કંઈક ભાઈ–બહેનો છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દુવાલસ, અઠ્ઠાઈ, પાસખમણ અને માસખમણાદિક વિવિધ તપસ્યા કરવા ઇચ્છે છે અને કરે છે; પરન્તુ પૈસા ખર્ચવાની શક્તિના અભાવે મનમાં સંકોચ પામી મૂંઝાય છે, તેમ જ ઉક્ત તપસ્યાનો લાભ લઇ શકતા નથી, તેથી દરેક શહેર કે ગામના શ્રદ્ધાળુ આગેવાનોએ એકમત થઇ સભા કે સંઘ સમક્ષ જાહેર કરવું જોઇએ કે કોઇપણ ભાઇ બહેનને ગમે તે પ્રકારની તપશ્ચર્યા કરવાની ભાવના થાય તેણે સુખપૂર્વક કરશો પણ સંકોચ રાખ્યા વગર ઇચ્છા મુજબ પોતાની શરીરશક્તિ અનુસાર ચઢતા ભાવે તપસ્યા કરવી, સંઘમાંથી કોઇએ તે બાબત ટીકા કે નિંદા કરવી નહીં; છતાં કોઇ ખર્ચને અંગે નિંદા કરશે તો શ્રીસંઘ સખ્ત ઠપકો આપશે.

૨. પર્યુષણાદિ પ્રસંગે કોઇને નવકારશી પ્રમુખ સંઘજમણ કરવાનું હોય ત્યારે તપસ્વી જનોની તબીયત નહીં બગડતા સચવાઇ રહે તેવી તેમની પ્રકૃતિને માફકસર ખાનપાનની સગવડ કરી રાખવાનું સાથે જ સંપૂર્ણ લક્ષ રાખવું, જેથી પરિણામે લાભ થવા પામે. સારું હલકું ને પ્રકૃતિને માફક આવે એવું પરિમિત ખાનપાન કરવાથી જ તપસ્વીઓને શાતા બની રહે છે, એ ભૂલવું ન જોઇએ.

૩. શક્તિ અનુસાર નાની–મોટી તપસ્યા કરવાથી અનેક પ્રકારનાં લાભ થવા પામે છે. વળી પારણામાં તેમ જ ઉત્તરપારણામાં ખાનપાન પ્રસંગે આજકાલ જે બેદરકારીથી ભૂલો થાય છે તે સુધારી લેવાથી કરાતી તપસ્યાની સફળતા થઇ

શકે છે. ક્રમશઃ તપનો અભ્યાસ પાડવાથી શરીરબળ, ઇંદ્રિયબળ અને મનોબળ ઠીક ટકી રહે છે. તેની સાથે રાગ–દ્વેષ ને કષાયપરિણતિ દૂર કરવાનું ખાસ લક્ષ રાખવાથી સમતાયોગે આત્મા સુવર્ણ સમો નિર્મળ થતો જાય છે એવી સાવધાનીપૂર્વક તપસ્યા કરનાર નિઃસ્પૃહી આત્મા અન્યને પણ અનુકરણ કરવા યોગ્ય બને છે.

ઉપવાસ, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, અલ્પ દ્રવ્યનું સેવન વગેરે બાહ્ય તપ, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાનાદિક આભ્યંતરતપની પુષ્ટિ નિમિત્તે જ કરવાનું જ્ઞાની મહાશયોએ ફરમાવેલ છે. એવા શુદ્ધ લક્ષથી જ કર્મની સારી નિર્જરાવડે આત્મ–નિર્મળતા થઇ શકે છે. શ્રી **જ્ઞાનસાર**માં સ્પષ્ટ કહેલ છે કે–એવો જ તપ કરવો કે જે કરતાં દુર્ધ્યાન થવા પામે નહીં, યોગબળ ઘટે નહીં, ઇંદ્રિયો ક્ષીણ થઇ જાય નહીં અને જ્ઞાનધ્યાનમાં રક્ત રહેવાય, પ્રભુની સેવા–ભક્તિ કરવામાં ખામી આવે નહીં, ક્રોધાદિક કષાય શાંત થવા પામે તથા જિનાજ્ઞાનું વિવેકપૂર્વક પાલન કરવાનું બન્યા કરે, તેથી સ્ખલિત ન થવાય, વિવેકભરી રીતે આવી શુદ્ધ તપસ્યાથી મહાલાભ થવા પામે છે તેથી આત્માર્થી જનોએ તેનો બને તેટલો આદર કરવા ભૂલવું નહીં. સમતા સહિત તપસ્યાથી અપૂર્વ લાભ થાય છે; તેથી તન, મન અને વચનની શુદ્ધિ થાય છે. અજીર્ણાદિક અનેક દોષો સહેજે દૂર થાય છે. અમેરિકા વગેરે દેશોમાં તો ઉપવાસોના સફળ પ્રયોગોથી અસાધ્ય જેવા રોગ–વિકારો પણ દૂર કરાતાં પ્રત્યક્ષ સંભળાય છે. તેને માટે સારા નિષ્ણાત વૈદ્ય–ડોકટરોને તેની સારવાર કરવા રોકવામાં આવે છે.

૪. સુવિવેકપૂર્વક તપસ્યાવડે બ્રહ્મચર્યાદિક ગુણોની રક્ષા અને પુષ્ટિ થવા પામે છે, તથા મન-વચન-કાયાની અથવા વિચાર, વાણી અને પ્રવૃત્તિની પવિત્રતા થવા પામે છે.

૫. તપસ્યા વિગેરે કરતા છતાં રાગ-દ્વેષાદિક મહાદોષો ચીવટથી વર્જવા યોગ્ય છે. જ્યારે આ મહાદોષો મૂળમાંથી સર્વથા ક્ષય પામે ત્યારે આત્મા વીતરાગ અવસ્થા પામીને પરમાત્મપદ યોગ્ય અનંત જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય-શક્તિને પ્રાપ્ત કરી અંતે અક્ષય-અવિનાશી મોક્ષસુખ પામે છે; જેથી જન્મ-મરણ સંબંધી સર્વ દુઃખનો સર્વથા અંત આવે છે. ઉત્તમ ક્ષમા, મૃદુતા, સરલતા અને સંતોષ, તપ, સંયમ પ્રમુખ દશવિધ ધર્મનું યથાવિધિ આરાધન કરવાથી ભવ્યાત્મા આવો ઉત્તમ આત્મિક લાભ પામી શકે છે. જેમ રોગી માણસને રોગ-નિવારણાર્થે ઉત્તમ વૈદ્યના હિતવચનને અનુસરવું પડે છે તેમ સંસારી જીવ સર્વજ્ઞ વચનાનુસાર આત્મ-શ્રેય સાધી શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૧, પૃ. ૧૬૫ ]

---

# ઉપયોગી હિતશિક્ષાઓ.

## સારા-નરસાની પીછાણ—

માણસની શ્રેષ્ઠતા અથવા લાયકાત તેની જડ સંપત્તિથી આંકી શકાય નહીં, કેમકે કોથળી ગમે તેટલી ભારે હોવા છતાં હૃદય હલકું, મિલ્કત વિશાળ હોવા છતાં સમજણ ટૂંકી અને કરણી સ્વાર્થી હોય તો એ જડ સાધનોથી શું વળવાનું ? જે સત્કાર્ય પાછળ પોતાનો પિંડ ને પૈસો આપી દે છે, જે આજુ-

બાજુના માણસોને આગળ વધવાની તકોના દરવાજા ઉઘાડી આપે છે અને જે બહેરાને કાન સમાન, આંધળાને આંખ સમાન અને લૂલાને પગ સમાન થઈ રહે છે, તે જ સર્વોપરી ધનવાન છે. શું પૈસો સુખ આપે છે ? જરા ઊંડા ઉતરી જોશો તો તેમાં દુઃખ જણાશે. જે માત્ર ખાનપાન અને પૈસા માટે જીવે છે તે ફતેહ મેળવી શકતો નથી, કેમકે તેના જીવનથી જગતમાં કશી સહાય થઇ નથી. જેણે કોઇ ખિન્ન મુખ પરથી આંસુ લોહ્યું નથી, કોઈને ઉત્સાહ વધે એવું કામ કર્યું નથી તેના હ્રદયમાં કોમળ લાગણી નથી અને ખરા દેવને ઓળખ્યા નથી. જે બીજાને દબડાવી મારે છે, પોતે આગળ વધવા બીજાને પાછળ પાડે છે અને પોતાની ઇમારત ઊભી કરવા બીજાની ઝુંપડીઓ પાડી નાખે છે તેને શું તમે સ્વાશ્રયી અને મોટો માણસ ધારો છો ?

જે માણસ બીજાને ગરીબ બનાવે તે ખરી રીતે ધનવાન હોઇ શકે ? જેમ વરુના મોં ઉપર 'ખાઉં ખાઉં' ની વૃત્તિ જણાય છે તેની પેઠે જેની લોભવૃત્તિ ચહેરા પર ખુલ્લી દેખાય છે તેનામાં મનુષ્યત્વ ને સુખ હોતાં નથી. તેમના ચહેરા ભાગ્યે જ હસતા, નિર્મળ ને સુંદર હોય છે. એક કંજુસે ગુપ્ત સ્થળે પોતાનુ ધન દાટેલું તે જોઇ જોઈને હરખાતો. પછી તે ધન ચોરાઇ ગયું ત્યારે એક શાણા મિત્રે સલાહ આપી કે તે જગ્યાએ હવે થોડાં કાંકરા દાટો અને ત્યાં વારંવાર જઇને તે પોતાના રૂપિયા છે એમ જાણીને હરખાયા કરજો. પૈસા મેળવવામાં ચિંતા, સાચવવામાં ધાસ્તી, વાપરવામાં લાલચો, દુરુપયોગ કરવામાં ગુન્હો, ખોવામાં ઉદ્વેગ અને છેવટે એ પૈસા મેળવવાના પાપ પણ ભોગવવાનાં, એમ સમજીને આ જડવાદના

જમાનામાં **સાદાઈ** ને **સંયમ**ને મુદ્રા લેખરૂપે ગણી સંતોષવૃત્તિ ધારી શકે તે ઘણા પાપથી બચી પોતાનું જીવન વધારે ઉચ્ચ, પવિત્ર ને અનુકરણ કરવા જેવું ( આદર્શરૂપ ) બનાવી શકે છે.

## સફળતા અને નિષ્ફળતા—

સુખી જીવનના સાધનમાંથી પાપરહિત પવિત્ર માણસ જ પરમ સત્યને પામી શકે છે, માટે પ્રત્યેક અયોગ્ય વિચાર અને દુરાચારથી ચઢેલાં આવરણને યોગ્ય વિચાર અને પવિત્ર જીવનથી અવશ્ય દૂર કરવાં જોઈએ, અને એમ કરવા માટે સ્વાર્થ સાધવાનું, અપ્રમાણિક થવાનું, બીજાના અજ્ઞાન કે નિર્બળતાનો ( ખોટો ) લાભ લેવાનું તથા તેમને બાધક થવાનું કે પાછળ રાખવાનું તદ્દન છોડી દેવું જોઈએ.

આમ છતાં ઘણા માણસો ધનાદિનો સ્વાર્થ સાધવા મથી એ આવરણો વધારતા જ રહે છે. આથી અંતે તેમનાં અંતરચક્ષુ તદ્દન બંધ થઇ દૃષ્ટિ એટલી વિકારી બની જાય છે કે તેઓ ભૌતિક વસ્તુઓ સિવાય બીજું જોઇ શકતા નથી. મનુષ્યે વ્યવહારિક સફળતા મેળવવી એ એક વસ્તુ છે, પરન્તુ પરમ લક્ષ્ય સાધી જીવન સફળ કરવું એ તદ્દન જુદી વસ્તુ છે. અનેક માણસો વ્યવહારમાં નિષ્ફળ જણાય છતાં વસ્તુતઃ તેમણે જીવન સફળ કર્યું હોય છે, કેમકે તેઓ ભૌતિક સુખો અને પદાર્થોનો ભોગ આપી ઉચ્ચતમ આદર્શને વળગી રહ્યા છે. આ રહસ્ય સમજી જીવન સુધારવું ઘટે છે. લૌકિક કીર્તિ, દ્રવ્ય, દરજ્જો, માનપાન—એ વસ્તુઓને ખરી સફળતા સાથે લેશ પણ સંબંધ નથી. વાસ્તવિક સફળતા તો જીવનની પવિત્રતા સેવવાવડે સધાય છે. લોકોમાં જે માણસો સારા ગણાય છે તેવા ઘણા

માણસો પોતાની કુવિદ્યા-ઠગાઇથી લોકોને છેતરે છે, તેમના હૃદય તેમની તેવી ઠગાઇ નાપસંદ કરે છે, તેમનાં અંતઃકરણો ડંખે છે અને કોઇ કોઇ પ્રસંગે તેમને પોતાને લાગી આવે છે કે લોકે માનેલી સફળતા પ્રચંડ નિષ્ફળતારૂપ છે. મનુષ્યે આટલું તો જરૂર શિખી રાખવું જોઇએ કે-જગતની પ્રશંસા કરતાં બહુ કિંમતી એવી કોઈ દિવ્ય વસ્તુ તેના પોતાના હૃદયમાં રહેલી છે, તે શોધી લેવાય તો જ ખરી સફળતા મળી લેખાય.

## દૃઢ નિશ્ચય અને પ્રામાણિકતા—

પ્રત્યેક સાચા મનુષ્યની મહત્ત્વાકાંક્ષા વધારે ધન-કીર્તિ નહીં પણ વિશેષ ઉન્નત થવાની-વિકાસ પામવાની હોવી જોઇએ.

જે કર્તવ્ય ધર્મથી ગમે તેવા વિષમ સંયોગોમાં પણ ચલિત થતા નથી તે ધીર-વીર જનો પ્રશંસાપાત્ર છે.

કઈક દુર્ભાગી જનો એવા દૃઢ નિશ્ચયવાળા અને પ્રમાણિક જનોની નિંદા-ટીકા જોરશોરથી કરે છે તેમાંથી તેઓ પસાર થઈ જાય છે. એક મજબૂત અંતઃકરણની દૃઢ ઇચ્છા હજારોને ધ્રુજાવી શકે છે, અને ધાર્યું કામ પાર ઉતારી સમાજ ઉપર ભારે પ્રભાવ પાડે છે. ઓ પ્રમાણિક પુરુષ! હમેશાં કોઈ ને કોઇ દુર્જન તો તમારી પાછળ બોલ્યા જ કરવાનો તેથી ડરી ધીર-વીર માણસને કર્તવ્ય કર્મથી ચૂકવાનું નથી.

## નાની બાબતોનાં મોટા પરિણામ—

નજીવી-નાની નાની બાબતો જ સંપૂર્ણતા આણે છે અને સંપૂર્ણતા કાંઇ નજીવી વસ્તુ નથી.

**નેપોલિયન** નાની બાબતો પર પણ સંપૂર્ણ ધ્યાન આપતો. જે વિગતો તેના તાબાના અમલદારો લક્ષ્ય આપવા જેવી ગણતા નહીં તેવી નાની બાબત પર પણ તે લક્ષ આપ્યા વગર રહેતો નહીં. **વેલીંગ્ટન** પણ નાની વિગતો પર સંપૂર્ણ ધ્યાન આપવાથી મહાન્ થયો હતો. તે કોઇ વસ્તુને વિશાત વિનાની ગણતો નહીં. ઘણીખરી નિષ્ફળતાઓ વિગત તપાસવાના અભાવે થાય છે. જેમ નાવમાં પડેલું છિદ્ર જો ઢાંકી દેવામાં ન આવે તો તેમાંથી જેમ ભયંકર પરિણામ આવે છે તેમ આપણાથી થતી નાની ભૂલો સમજીને જલ્દી સુધારી લેવી જોઇએ.

## જગતની મહાનમાં મહાન્ વસ્તુ–ચારિત્ર

તમામ ઉત્તમ ચારિત્રથી તમે અવશ્ય નિશ્ચયાત્મક શક્તિવાળા બનશો.

ચારિત્ર એ જ શક્તિ છે. ચારિત્ર એ જ ધન છે. ચારિત્ર એ જ ધર્મ છે. ચારિત્ર એ જ મોક્ષ છે.

ઉપરના સૂત્ર દરેક શાળામાં, દરેક ગૃહમાં અને દરેક સુવકના ઓરડામાં ટાંગો. માતાઓ! દરેક બાળકના હ્રદયમાં તે ઊંડા અક્ષરે કોતરો. ચારિત્રને કોઇપણ ભલામણની જરૂર નથી. તે પોતાની ભલામણ પોતે જ કરે છે. ચારિત્ર વિનાનું બીજું સઘળું તુચ્છ છે. જે વસ્તુઓ કાંઇપણ અવાજ કરતી નથી; અને જેઓ કાંઇપણ કરવાનો દાવો કરતી નથી તે જ વસ્તુતઃ બળવાનમાં બળવાન ચીજો હોય છે. એકાદ મહાપુરુષની મૂંગી પવિત્રતા સમસ્ત લોકો ઉપર જે અસર કરે છે તે અસર એકાદ વક્તા યા ઉપદેશકનાં જિંદગી સુધીનાં ભાષણો પણ કરી શકતાં નથી.

મહાન્ કાર્ય કરવું એ જ કંઈ જીવનનું મુખ્ય કાર્ય નથી, પરન્તુ આપણે પોતે મહાન્ થવું એ જ કર્તવ્ય છે. ચારિત્ર એ જ આપણા જીવનનું ઉત્તમોત્તમ અને સૌથી વિશેષ સ્થાયી ફળ છે. ચારિત્ર વિનાની એકલી બુદ્ધિ આપણને અધોગતિમાં લઇ જાય છે. ચારિત્ર સહ તેની સફળતા છે.

**કરકસર—**

કરકસર એ પ્રામાણિકતા, સ્વતંત્રતા અને સુખની માતા છે, તેમ જ મિતાહાર, આનંદ અને આરોગ્યની સુંદર બહેન છે. 'થોડી જરૂરિયાતો' હોવી અને પોતાની જરૂરિયાતો પોતાની જાતે જ પૂરી પાડવી તેના જેવું શોભાભરેલું બીજું કાર્ય કયું છે?

ડહાપણપૂર્વક ચાલે તો એક માણસ કોઇ પણ દેશમાં જુજ ખર્ચથી પોતાનો નિર્વાહ કરી શકે, જ્યારે ઉડાઉપણા આગળ આખા બ્રહ્માંડનું રાજ્ય પણ પૂરતું નથી.

કરકસર એ ગરીબ માણસોની ટંકશાળ છે.

કુદરતનો હાથ પણ ઉદાર હોય છે, ઉડાઉ હોતો નથી.

કરકસર વિના કોઈપણ પ્રમાણિક માણસ શ્રીમંત થઈ શકતો નથી.

જેઓ પોતાની ઇચ્છા મુલતવી રાખે છે તેમને ત્યાં સુખ અને સ્વતંત્રતા નિવાસ કરે છે. કરકસર એ મોટી આવક છે.

**આત્મસંયમ—**

૧. ચારિત્રનું બળ બે વસ્તુઓનું બનેલું છે; ઇચ્છાશક્તિ અને મનોનિગ્રહ. તેના અસ્તિત્વ માટે બે વસ્તુની આવશ્યકતા

છે. મજબૂત લાગણીઓ અને તેને અંકુશમાં રાખવાની મજબૂત શક્તિ.

૨. આત્મશ્રદ્ધા, આત્મજ્ઞાન અને આત્મસંયમ–આ ત્રણ સદ્‌ગુણોદ્વારા જ આપણને સર્વોપરી સત્તા પ્રાપ્ત થાય છે. આત્મવિજય એ જ ખરો વિજય છે. તે વગરનો વિજેતા ક્ષુદ્રમાં ક્ષુદ્ર ગણાય છે.

૩. જે માણસ પોતાની ઇંદ્રિયો પર રાજ્ય ચલાવે છે અને મનોવિકાર, ઇચ્છા તથા ભયને તાબે કરે છે તે રાજા કરતાં પણ મોટો છે.

૪. આત્મવિશ્વાસ એ વીરતાનું પ્રધાન તત્ત્વ છે.

૫. ખરો મનુષ્ય બનવા ઈચ્છનારે પોતાના મન ઉપર કાબૂ મેળવવો જોઇએ.

૬. જે માણસ અતિ ઉગ્ર સ્વભાવનો હોવા છતાં પણ પોતાના મિજાજને કાબૂમાં રાખીને ક્ષમા કરે છે તે બળવાન ને વીર પુરુષ છે.

૭. શાંત થાઓ એટલે તમે સર્વ માણસો પર સત્તા ચલાવશો.

૮. બીજાઓ પર સત્તા ચલાવવાની ઇચ્છા હોય તેણે પ્રથમ પોતાની જાતને વશ રાખવી જોઇએ. તમે તમારી જાતને અંકુશમાં રાખી શકો છો એમ સાબિત કરી બતાવો તો જ હું કહીશ કે તમે એક શિક્ષિત મનુષ્ય છો. એના વિના બીજું બધું શિક્ષણ પ્રાયઃ નિરુપયોગી છે.

૯. જો દરરોજ આપણા દુર્ગુણોની તપાસ કરવામાં આવે તો તે એની મેળે જ નાશ પામશે.

૧૦. જો તમે પહેલવહેલાં તમારા ક્રોધને કાબૂમાં ન લાવી શકો તો તમારી જીભને અંકુશમાં લાવતાં શીખો. આપણી જીભ એ સેવક તરીકે ઉત્તમ છે, પણ સ્વામી તરીકે બહુ સખ્ત છે.

૧૧. બોલવામાં ઉતાવળો હોય એવા કોઈ પણ માણસે કદી પણ સફળતા મેળવી છે ? એક મૂર્ખ માણસ કરતાં પણ તેને સફળતા મળવાની ઓછી આશા છે.

૧૨. મૌન એ શક્તિની મુખ્ય ચાવી છે. બહુ થોડું બોલનારને સર્વ કોઈ અનુકૂળ થઈ જાય છે, અને લોકો તેને ખરેખર અતિ ઉચ્ચ કોટિનો માને છે. પોતાની જાતને અંકુશમાં રાખનારા માણસો સ્થિર વૃત્તિના હોય છે.

૧૩. ડહાપણ અને સાવધાનતા ભરેલો આત્મસંયમ એ શાણપણનું મૂળ છે.

૧૪. જે પોતાની જાતને વશ કરી શકે છે તે એક રાજા કરતાં પણ વધારે સુખી છે.

૧૫. માટે સ્વામી બનો, આપણા અંતરાત્મામાં જ વિજય ને પરાજય રહેલો છે.

## ઉત્તમ ચરિત્રોની અસર—

જે મહાત્માઓએ કોઈ મહાન્ ઉદ્દેશથી ઉત્સાહપૂર્વક કામ કર્યું છે તેમના ચરિત્રો સમજીને વાંચવાથી આપણી દશામાં સારો સુધારો થઈ શકે છે. બીજા નકામાં **નોવેલ્સ** વિગેરેથી ઊલટું નુકશાન થવા પામે છે. જેઓ જાતમહેનતથી મહાન્ અને ઉત્તમ બન્યા હોય તેવાઓના જીવનચરિત્રોનો અભ્યાસ

કરવાથી ઉત્સાહ અને ઉચ્ચ વિચારો આપણામાં આવી ચારિત્ર ખીલે છે; કેમ કે એવા ચરિત્રો જેવી ઉત્તમતા વર્ણવે છે તેવી ઉત્તમતા આપણામાં ઉપજાવવાનો ખાસ ઉદ્દેશ, અસર અને વલણ એવાં ચરિત્ર યોજવામાં રહેલ હોય છે.

ઉત્તમ જીવનચરિત્ર એ એક પ્રકારનું ખાસ દર્પણરૂપ લેખાય. અરીસાવડે પોતાના ચહેરામાં ડાઘ જણાતા હોય તેને કાઢી નાખી મનુષ્ય પોતાને સારો કરવા મથે છે તેમ ચરિત્રરૂપ આરસીવડે પોતાના ગુણદોષ જોઇને કુશળ મનુષ્ય સ્વદોષો ટાળવા અને સદ્‌ગુણો વધારવા જાગૃત થાય છે. આમ ઉપદેશથી જે કામ નથી થતું તે કામ જીવનચરિત્રો સહેજે પાર પાડે છે.

ઉત્તમ ચરિત્રો વાંચવાથી આપણું ચૈતન્ય સતેજ થાય છે, જેથી શક્તિ, હિંમત, મહત્ત્વાકાંક્ષા અને શ્રદ્ધા જાગી ઊઠી, રૂડાં અને મોટાઓનાં કામમાં જોડાવા ભાગીદાર થવા ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ ચરિત્રોના સહવાસમાં આવવું અને ઉન્નત થવા પ્રેરાવું તે ઉત્તમ આત્માઓના સહવાસ સેવવા બરાબર છે. ઉત્તમ ચરિત્રો બતાવી આપે છે કે—એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલી હદ સુધી ઉત્તમ બનાવી શકે છે? કેવા ઉચ્ચ કાર્યો કરી શકે છે? કેવી ઉચ્ચ અસરો ફેલાવી શકે છે? અને મહત્તા મેળવવાનો માર્ગ આ રીતે સર્વ માટે ઉઘાડો છે.

[ જૈ. ધ. પુ. ૫૨, પૃ. ૮૮ ]

---

## ઉત્તમ શીલ–સદાચારનો પ્રભાવ

‘ શીલ જ ઉત્તમ ધન છે, શીલ જ જીવોને પરમ મંગળ-રૂપ છે, શીલ જ દારિદ્રને હરનાર છે અને શીલ જ સકળ સુખ-સંપદાને વસવાનું કુળભુવન છે. વળી સમસ્ત જનોને અતિ વહાલું શીલ જેના અંગે ઉલ્લસે છે તેને અગ્નિ જલ્દી જળ-રૂપ થઈ જાય છે, સમુદ્ર પાણીની નીક જેવો થઇ જાય છે, મેરુપર્વત એક નાનકડી શિલા જેવો થઇ જાય છે અને કેશરીસિંહ શીઘ્ર હરિણ જેવો ગરીબ બની જાય છે, સર્પ ફૂલની માળા જેવો થઈ જાય છે અને ઝેર અમૃત થઈ જાય છે એટલે ઝેર હોય તે પવિત્ર શીલના પ્રભાવે અમૃત થઇ પરિણમે છે. ’

---

## વીતરાગ ભગવાનની સદ્‌ભાવ સ્તુતિ

‘ દિવસે થએલ વીજળી અને રાત્રે થએલ ગર્જારવ અમોઘ હોય છે તેમ સંત–સાધુનું વચન અને વીતરાગદેવનું દર્શન અમોઘ હોય છે. ’

‘ જે આ લોકમાં જિનેશ્વર ભગવાનની પૂજા–ભક્તિ કરે છે તે દાસપણું, દરિદ્રતા, કાસદીપણું, હીનજાતિ અને ઇન્દ્રિયોની અપૂર્ણતાને પામતા જ નથી. સર્વાંગ સુંદર બને છે. ’

‘ જે પ્રભાતમાં જ જિનેશ્વર પ્રભુનું નિર્વિકારી અને મનો-હર મુખકમળ નીરખીને જોવે છે તે ભવ્યાત્માઓ સહુ કરતાં ધન્ય–કૃતપુન્ય–કૃતાર્થ છે એમ સમજવું. ’

‘ મિથ્યાત્વ યોગે ભવસાગરમાં ડૂબતા અને કદાગ્રહથી ભરેલા એવા મને હે નાથ ! પાર ઉતાર, પાર ઉતાર. ’

'હે દેવ ! મારી પૂંઠે લાગેલા જન્મ-જરા-મરણ-રોગ-શોગ અને સંતાપાદિકને દૂર કરો, દૂર કરો.'

'હે દેવ ! દુઃખ-દાવાનળથી દાઝેલાને આપ મેઘ સમાન ઠારનાર છો અને મોહ અંધકારથી અંજાઈ ગયેલાને આપ જ એક અપૂર્વ દીપક સમાન છો.'

'શ્રી વીતરાગપ્રભુની પૂજા-અર્ચા કરી છતી પાપનો લોપ કરે છે, દુર્ગતિને દળી નાખે છે, પાપને ઉચ્છેદે છે, પુન્યનો જમાવ કરે છે, લક્ષ્મીની વૃદ્ધિ કરે છે, આરોગ્યમાં વધારો કરે છે, વૈરાગ્ય પેદા કરે છે, પ્રેમ-પ્રીતિને નવપલ્લવિત કરે છે, યશ કીર્તિને વધારે છે, સ્વર્ગનાં સુખ આપે છે અને અંતે અવિચળ મોક્ષ( પરમાનંદ )પદને પણ મેળવી આપે છે.'

'જે કોઇ પૂર્ણ શ્રદ્ધાથી જિનેશ્વર પ્રભુની પૂજા કરે છે તેને સ્વર્ગ તો તદ્દન સુલભ બને છે, શુભ સામ્રાજ્યલક્ષ્મી સાથે લાગી જ રહે છે, સૌભાગ્યાદિક ગુણો સહેજે તેના અંગમાં આવી નિવાસ કરે છે, સંસારસાગર તરવો સહેલો થાય છે અને મોક્ષ પણ સહેજે પ્રાપ્ત થવા પામે છે.'

'જિનેશ્વરદેવની આગળ જે કોઈ ઉજ્જવળ અક્ષતવડે ભરેલો થાળ ધરે છે તે તેવા જ શ્રેય-મંગળવડે પોતાના આત્માને પરિપૂર્ણ કરે છે.'

'વિવિધ પ્રકારનાં ઉત્તમ દ્રવ્યોવડે પ્રભુપૂજા ઉલ્લસિત ભાવથી કરનારને મોક્ષપદની પણ પ્રાપ્તિ થાય છે તો પછી અન્ય સાંસારિક સુખ મળે તેનું તો કહેવું જ શું ?'

'બૃહસ્પતિ જેવો પણ તીર્થંકર પ્રભુની દ્રવ્ય-ભાવપૂજાનું

યથાર્થ ફળ વર્ણવી શકતો નથી, તો પછી મારી જેવા પામરનું શું ગજું ?'

'શ્રી જિનેશ્વરપ્રભુની પૂજા કર્યે છતે ગમે તેવા ઉપસર્ગો શાન્ત થઇ જાય છે, વિઘ્ન-વેલડીઓ છેદાઇ જાય છે અને ચિત્ત પ્રસન્ન થાય છે.'

'એ રીતે શ્રી જિનેશ્વરપ્રભુની સદ્ભાવસ્તુતિ-ભક્તિથી પ્રસન્ન થએલાં કપર્દી યક્ષે મંદિર બહાર જઇ મંત્રીને કામઘટ-કામકુંભ આપ્યો.'

મંત્રી—હે યક્ષ! આ કામઘટને હું શી રીતે લઉં? શી રીતે સ્થાપું? કેમ કે સમીપ રહેલા ઘડાવડે પુરુષને લજ્જા-શરમ આવે છે.

યક્ષદેવ—આ કામઘટ વગર ઉપાડ્યો જ અદૃષ્ટપણે તારી પાછળ આવશે.

પછી મંત્રીએ તે કામઘટ સ્વીકાર્યો. ત્યારબાદ મંત્રી કૃત-કૃત્ય બની, તે કામઘટને સાથે લઇ પોતાનાં ઘર ભણી ચાલ્યો. આ બધો પ્રભાવ ધર્મનો જ છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૩૪૩ ]

---

## યાત્રિકને સૂચના

**अन्यस्थाने कृतं पापं, तीर्थस्थाने विमुच्यते ।**
**तीर्थस्थाने कृतं पापं, वज्रलेपं भविष्यति ॥**

"અન્ય સ્થળે કરેલું પાપ તીર્થસ્થાનમાં સદ્‌વિવેકયોગે છૂટે છે-છૂટી શકે છે પરંતુ અવિવેકીપણાથી તીર્થસ્થાનમાં કરેલું

પાપ વજ્રલેપ સમાન થાય છે, એમ સમજી દરેક યાત્રાળુએ નીચેની હકીકત જરૂર લક્ષમાં રાખવી. ”

(૧) શત્રુંજય, ગિરનાર, આબૂ, સંમેતશિખર, પાવાપુરી, ચંપાપુરી વિગેરે ગમે તે પવિત્ર તીર્થસ્થળની યાત્રા કરવાના અર્થી ભાઈ-બહેનોએ પોતાના પરિણામ કોમળ રાખીને યાત્રાનો લાભ લેવાને આવતા અન્ય યાત્રાળુની પણ યોગ્ય સગવડ સાચવવા ભૂલવું નહિ.

(૨) આપણે જાતે થોડુંઘણું કષ્ટ વેઠીને પણ સામાની સગવડ સાચવવી, સાચવવા પૂરતી કાળજી રાખવી. એ નિઃસ્વાર્થ-સેવાનો લાભ ચૂકવો નહીં. સ્વાર્થની ખાતર તો સહુ કોઇ થોડું-ઘણું સહન કરે છે જ; પરંતુ પરમાર્થની ખાતર જાણીબુઝીને કષ્ટ સહન કરવામાં જ વડાઇ રહેલી છે, એ ભૂલવું ન જોઈએ.

(૩) મુસાફરી દરમ્યાન રેલ્વે ટ્રેઈનમાં, બેલગાડી કે ઘોડા-ગાડી વિગેરેમાં તેમ જ ધર્મશાળામાં એક રીતે નિઃસ્વાર્થપણે વર્તતા ઘણા લાભ ઊઠાવી શકાય, એક બીજાને મદદગાર થઇ શકાય અને અન્યને આદર્શરૂપ બની અનેક જનોને સમાજસેવામાં માર્ગદર્શક બની શકાય.

(૪) ઘર આગળ આવતા મેમાન તથા પરોણાની સેવા-ચાકરી કરીએ તેથી અધિક પ્રેમથી પવિત્ર તીર્થયાત્રા પ્રસંગે આવી મળતા યાત્રિકોની સેવા-ચાકરી કરવી ઘટે, એમાં સાધર્મિક વાત્સલ્યની ઝાંખી થઇ આવે છે.

(૫) પોતાના મુકામેથી યાત્રાર્થે નીકળ્યા ત્યારથી કોઇ પશુ કે પ્રાણીને ત્રાસ આપવો ન ઘટે, ખુલ્લા-અડવાણે પગે ચાલીને જાત્રા કરવાનું ફળ વર્ણવી ન શકાય એટલું બધું કહ્યું

છે તે મોજશોખની ધૂનમાં સુખશીલતાથી ગુમાવી દેવું ન ઘટે; કારણ કે સમજુને દેહદમન કરવાનું ભારે ફળ કહ્યું છે.

(૬) શરીરની ક્ષીણતાદિક ખાસ માંદગીના કારણ સિવાય ગર્ભશ્રીમંતોને પણ છતી શક્તિએ જયણાપૂર્વક અણવાણે પગે ચાલીને જ તીર્થયાત્રા કરવી ઘટે; કેમ કે આપણે કર્મથી હળવા થવા માટે જ તીર્થયાત્રા કરવા જઇએ છીએ, ભારે થવાને તો નહીં જ, એ મુદ્દાની વાત ભૂલવી નહીં જોઇએ.

(૭) જીવિતવ્ય સહુને વહાલું છે તો પછી છતી શક્તિ ગોપવી, જનાવરોને ત્રાસ આપી જયણા રહિત જાત્રા કરવા જવા આવવાનો અર્થ શો ? પ્રભુની આજ્ઞા સાચવીને જ યાત્રા કરી લેખે ગણાય.

(૮) સહુ સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા–અનુકંપા અને સદ્‌ગુણી પ્રત્યે પ્રમોદ તેમ જ પાપી–નિંદક પ્રત્યે અદ્વેષ(ઉપેક્ષા)-ભાવના રાખવી જ. એમ કરવાથી ધર્મકરણી સફળ થઇ શકે છે.

(૯) પવિત્ર તીર્થોની યાત્રા કરવા જતાં અને યાત્રા કરી નિવર્ત્યા પછી તો અવશ્ય અનીતિનો સર્વથા ત્યાગ જ કરવો જોઇએ. પવિત્ર તીર્થની યાત્રા કર્યાની સફળતા ત્યારે જ લેખી શકાય.

(૧૦) અનીતિવંતનું મન જ ધર્મકરણીમાં ચોંટી શકતું નથી અને મન વગરની બહાર દેખાવ પૂરતી કરેલી કરણી કે યાત્રા સારું ફળ આપી શકતી નથી. તેથી જ યાત્રિકોએ દયા, સત્ય, પ્રામાણિકતા અને સુશીલતા સાચવવા પૂરતી કાળજી રાખવી જોઇએ. એકડા વગરના ગમે તેટલા મીંડા કર્યા શા કામનાં ? માર્ગાનુસારી થવા માટે પ્રથમ દૃઢ પ્રયત્ન કરવો જોઇએ.

(૧૧) પ્રભુનાં હિતવચનોને યથાશક્તિ અનુસરીને ચાલવાથી જ સ્વશ્રેય થઇ શકે છે; અન્યથા નહિ.

(૧૨) નિર્મળ તત્ત્વશ્રદ્ધા અને બોધ સહિત સદ્વર્તનવડે જ સ્વકલ્યાણ સાધી શકાય છે. હિતમાર્ગનું દૃઢતાથી સેવન કરનાર અન્યનું પણ હિત કરી શકે છે. રત્નત્રયની આરાધનાથી જ કલ્યાણ છે.

(૧૩) યોગ્યતા મેળવ્યા વગર વસ્તુધર્મની પ્રાપ્તિ થઈ શકતી નથી. તેથી ઉત્તમ પ્રકારની ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ અને ઉદારતાદિવડે સુયોગ્યતા મેળવવા ચૂકવું નહીં. રૂડી યોગ્યતા પામેલો જીવ ચિંતામણિ રત્ન જેવા ધર્મને સહેજે પામી આરાધી શકે છે.

(૧૪) કોઇ જાતનું દુર્વ્યસન પડી ગયેલું હોય તો તે પવિત્ર તીર્થને ભેટીને જરૂર દૂર કરી દેવું જોઇએ અને પવિત્ર તીર્થને ભેટીને તપ, જપ, જ્ઞાન, ધ્યાન, વ્રત, પચ્ચખ્ખાણ કરવાનું વ્યસન જરૂર વધારવું જોઇએ.

( ૧૫ ) જંગમ તીર્થ સમાન સદ્ગુણી સંતજનોનો સમાગમ કરી દોષ માત્ર દૂર કરવા માટે તેમની સ્વાર્થ વગરની હિતશિક્ષાને સહુએ જરૂર અનુસરવું, જેથી જલદી ભવ–દુઃખનો અંત થવા પામે.

( ૧૬ ) મન, વચન ને કાયાથી સઘળી શુદ્ધિ સાચવી સહુનું શ્રેય થાય એવું આપણી આસપાસ શુદ્ધ વાતાવરણ જમાવવું જોઈએ કે જેથી સ્વપર કલ્યાણની સિદ્ધિ જરૂર થવા પામે.

( ૧૭ ) શત્રુંજય તીર્થાધિરાજ જેવા સર્વોત્તમ સ્થાનમાં

બીજી ખટપટ તજી શાન્તિથી રહેનાર સુખે સ્વહિત સાધી શકે છે. અંતરલક્ષથી જયણા સહિત પગે ચાલીને કરેલી એક પણ યાત્રા જેવી લાભદાયક થાય છે તેવી જયણારહિત ઉપયોગ-શૂન્યપણે કરેલી કે કરાતી અનેક યાત્રાઓ પણ લાભદાયક થઇ શકતી નથી તેથી તીર્થયાત્રા કરવા ઇચ્છતા સર્વે ભાઇ-બહેનોએ જયણા સાચવવા માટે પૂરતું લક્ષ રાખવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૮, પૃ. ૩૭૪ ]

## ક્રોધાદિક ચાર કષાય.

૧. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંચ્છા એ સર્વે પ્રત્યક્ષ કલેશના કારણરૂપ અનર્થ-કારી જાણી જરૂર પરિહરવા યોગ્ય છે.

૨. ક્રોધ, કલહ, ખાર, પરસ્પર મત્સર, ખેદ, અકડાશ, અધીરજ, તામસભાવ, સંતાપ, તિરસ્કાર, નિર્ભ્રંછન, આપખુદી પૃથગ્ ( જુદો ) વાસ અને કૃતનાશ એ સર્વે દ્વેષના પર્યાય છે. તેવા દોષવડે ઘણાં આકરાં ચીકણાં કર્મ બંધાય છે; તેથી તે ત્યજવા યોગ્ય છે.

૩. માન, મદ, અહંકાર, પરપરિવાદ, આત્મ ઉત્કર્ષ ( આપ-બડાઇ યા આત્મશ્લાઘા ), પરાભવ, પરનિંદા, ઇર્ષા, અસુયા, હેલના, નિરુપકારીપણું, અકડાશ, અવિનય અને પરગુણ-આચ્છાદન આ સર્વે અભિમાનના પર્યાય પ્રાણીને સંસારચક્રમાં ભમાડે છે તેથી તે સર્વે ત્યાજ્ય છે.

૪. માયા, કપટ, છાનું પાપાચરણ, કુટિલતા, ઠગબાજી, સર્વત્ર અણવિશ્વાસ, અણબનાવ, પરન્યાસાપહાર (થાપણમોસો),

છળ, છદ્મ, મંત્રભેદ, ગૂઢ આચરણ અને વિશ્વાસઘાત એ સર્વે માયાના પર્યાયો પ્રાણીને ક્રોડોગમે ભવભયમાં નાંખે છે.

૫. લોભ, અતિસંગ્રહશીલતા, કિલષ્ટતા, અતિ મમત્વ, કૃપણતા, સડી ( વિણસી ) ગયેલી વસ્તુ ખાવાથી થતી રોગોત્પત્તિ, મૂર્ચ્છા, અતિ ઘણો ધનનો લોભ અને સદા લોભભાવના એ સર્વ લોભના પર્યાયો પ્રાણીઓને મહાભયંકર ભવસમુદ્રમાં ડુબાડે છે.

૬. એ સર્વ કષાયના વિકારથી જે મહાનુભાવ દૂર રહે છે તેણે જ આત્માને યથાર્થ ઓળખ્યો છે. એવા નિર્મળ નિષ્કષાય આત્મા, મનુષ્યોને અને દેવતાઓને પણ પૂજનિક થાય છે, એમ સમજી ઉક્ત સકલ પર્યાયો સહિત ચારે કષાયોનો નિશ્ચે ત્યાગ કરવો જોઇએ.

૭. જે દુર્બુદ્ધિ જન પ્રચંડ દાઢાવાળા ભયંકર સર્પનો સ્પર્શ કરે છે તે તેનાથી વિનાશને પામે છે. ક્રોધ પણ એવો જ ભયંકર છે.

૮. જે કોઇ મદોન્મત્ત થયેલા કૃતાંત-કાળ જેવા વન-હાથીને પકડી રાખે છે, તેને તે ચૂર્ણ કરી નાંખે છે, એવો જ ભયંકર માન-અભિમાન હસ્તી છે.

૯. જે કોઈ વિષવેલીમય મહાવનમાં સામા પવને પેસે છે, તે તેના ઝેરી પવનના સ્પર્શ અને ગંધવડે તત્કાળ મરણ પામે છે. માયારૂપી વિષવેલી પણ એવી જ ભયંકર છે, એમ સમજી તેને તજવી જોઇએ.

૧૦. મચ્છ, મગરમચ્છ અને ગ્રાહાદિક જળજંતુઓથી વ્યાપ્ત મહાભયંકર સમુદ્રમાં જે કોઇ પ્રવેશ કરે છે તે મરણાંત

સંકટને સાક્ષાત્ અનુભવે છે. લોભસમુદ્ર પણ એવો જ ભયંકર છે તેથી જ તે તજવા યોગ્ય છે.

૧૧. જ્ઞાનાદિક અથવા ક્ષમાદિક સદ્ગુણો અને અજ્ઞાનાદિક તથા ક્રોધાદિક દુર્ગુણોનો વિવેક સારી રીતે જાણ્યા છતાં પ્રમાદવશ જો જનો સદ્ગુણોનો આદર સત્કાર અને દુર્ગુણોનો ત્યાગ ન કરે તો તે ભારેકર્મીપણાને લીધે જ સમજવું અને જેમ બને તેમ વિષય કષાયાદિ પ્રમાદનો ત્યાગ કરવા ચીવટ રાખવી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૦ ]

---

## હાસ્યાદિક દોષોનો ત્યાગ.

૧. અટ્ટહાસ્ય ( ખુલ્લે મુખે ખૂબ હસવું ), ઠઠ્ઠા, મશ્કરી, સામાન્ય હાસ્ય, હાસ્યગર્ભિત કાવ્યાલંકાર, રતિકંદર્પ (કામક્રીડા) કે પરનું ઉપહાસ્ય સાધુજનો કરે નહિ. “**હસતા બાંધ્યા કર્મ રોતાં છૂટે નહીં**” એમ તેઓ સમજે છે અને એથી જ સાવધાનપણે વર્તે છે.

૨. રખે મને શીત–તાપાદિકથી પીડા થાય એવી બીક ઉત્તમ સાધુ રાખે નહીં. મારું શરીર કેવું સુન્દર છે અથવા મજબૂત કે નિર્બળ છે તે તપાસવા આરિસો વિગેરે દેખે નહીં. તપસ્યાથી કંટાળે નહીં. આપવખાણ કરે નહિ. તેમ જ ગમે તેટલો લાભ સાંપડે તો પણ હર્ષઘેલા બને નહિ. ( તપ ને સંયમમાં સાવધાનપણે વર્તે. )

૩. ઉદ્વેગ, ધર્મધ્યાનથી વિમુખતા, અરતિ, ચિત્તક્ષોભ અને અનેક પ્રકારે ચિત્તની ચપળતા સુવિહિત સાધુજનોને કેમ હોય ?

૪. શોક, સંતાપ, અધીરજ, અત્યંત શોકજન્ય ક્ષોભ, વૈમનસ્ય (વિરોધ), મંદ સ્વરથી રુદન અને લાંબે સ્વરથી રુદન કરવું એ સઘળું મુનિમાર્ગથી વિરુદ્ધ છે.

૫. ભય, સંક્ષોભ, ખેદ, ચાલતાં પંથને ત્યજી દઈને સિંહાદિકના ભયથી અન્ય પંથે ચાલવું, વેતાલાદિકથી ડરી જવું તથા ભયથી બીજાને માર્ગ બતાવવો અથવા મિથ્યામાર્ગનું કથન કરવું એ સઘળું કરવું દૃઢધર્મીને અનુચિત છે. પંથભેદ વિગેરે તો જિનકલ્પી મુનિને આશ્રયીને સમજવું.

૬. અત્યન્ત મલિન પદાર્થ દેખી મનમાં દુગંચ્છા, મૃતકલેવર વિગેરે દેખીને ઉદ્‌વેગ અને અશુભ વસ્તુને દેખી આંખ ફેરવી નાંખવી એ સુસંયતને ઉચિત નથી.

૭. ઉક્ત ચાર કષાય અને નોકષાય વિગેરે દોષો તજવા યોગ્ય છે એમ પ્રસિદ્ધ જિનવચનને જાણવા છતાં તેમાં મૂંઝાઈ તેને તજી શકે નહિં એ કર્મનું પ્રબળપણું સૂચવે છે, માટે ભવભીરુ જનોએ ખૂબ ચેતીને ચાલવું જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૧. ]

## ગારવત્રિક( ત્રણ ગારવ )નો કરવો જોઇતો ત્યાગ

૧. ઉત્તમ વસ્ત્ર, પાત્ર, આસન અને ઉપકરણો આશ્રી મમતાથી મૂઢ સાધુઓ એમ માને કે–આ મારી સમૃદ્ધિ છે તેમ જ હું આટલા બધા સાધુ સાધ્વીનો નાયક છું, એમ માનનાર સાધુ ઋદ્ધિગારવવાન્ લેખાય છે.

૨. રસગારવમાં ગૃદ્ધ થયેલો સાધુ અરસ, વિરસ કે રૂક્ષ ( લૂખું ) ભોજન જેવું સ્વાભાવિક મળી જાય તેવું લેવા

ઇચ્છતો નથી, પરંતુ રસકસવાળું સ્નિગ્ધ અને મનગમતું ભોજન ગવેષતો ફર્યા કરે છે.

૩. શાતાગારવયુક્ત સાધુ શરીરની શોભા કરે છે તથા કોમળ, શયન, આસન અને વાહન વિગેરેનો વધારે પડતો પ્રસંગ રાખે છે. શરીરને કંઇપણ કષ્ટ પડે એવા કાર્યથી હંમેશા તે દૂર રહે છે.

૪. આવી વિરુદ્ધ પરિણતિથી સંયમમાર્ગથી ચૂકી મંગૂ આચાર્યની પેઠે સાધુ અધોગતિ પામે છે, તેથી આત્માર્થી સાધુ સાધ્વીઓ તેવા કુમાર્ગથી ચેતતા રહી સદ્ગતિગામી થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૨ ]

---

## ઇન્દ્રિયોને કબજે રાખવા માટે હિતોપદેશ.

૧. ઇન્દ્રિયોને વશ પડેલા જીવોના તપનો, કુળનો તેમ જ પ્રતિષ્ઠાનો લોપ થાય છે. વિષયસુખમાં આસક્ત થયેલા જીવની પંડિતતા દૂર થઇ જાય છે. તેને અનિષ્ટ માર્ગે વળવું પડે છે અને રણસંગ્રામ વિગેરે વિવિધ આપદાઓ વેઠવી પડે છે. સુસંયમી સાધુ એમ સારી રીતે સમજે છે.

૨. તેથી જ તેઓ વીણા, મૃદંગાદિકના મોહક શબ્દમાં રક્ત થતા નથી. મનોહર રૂપ દેખીને ફરી તેને જોવાની લોલુપતાથી જોતા નથી. તેમ જ સુંદર ગંધ, રસ અને સ્પર્શમાં મૂર્ચ્છિત થતા નથી. એ રીતે સંયમમાર્ગમાં સદા નિશ્ચળ રહેવા પ્રયત્ન કરે છે.

૩. સંયમના લક્ષપૂર્વક ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો જરૂરનો છે. એટલે ઇષ્ટ અનિષ્ટ વસ્તુમાં પ્રવૃત્તિ કરતાં થકાં રાગ–

દ્વેષાદિક દોષોનો નાશ કરવા અત્યન્ત ચીવટ રાખવી. અહિતકારી કાર્યોમાં પ્રવર્તતી ઇન્દ્રિયોને અટકાવી હિતકારી કાર્યોમાં જોડવી. સ્ત્રી સંબંધી મનોહર રૂપાદિકનું અવલોકન, પરનિંદાદિકનું શ્રવણ વિગેરે અહિત માર્ગમાં જતી ઇન્દ્રિયોને અટકાવી, પરમ શાન્ત રસમય જિનપ્રતિમાદિકનું અવલોકન અને પવિત્ર શાસ્ત્રોનું શ્રવણ મનન કરવું વિગેરે હિતમાર્ગમાં તેને પ્રવર્તાવવા અહોનિશ ઉપયોગ રાખવો જરૂરનો છે; કેમ કે અહિત માર્ગમાં પ્રવર્તન કરવાથી લોક–અપવાદ તથા સંસારભ્રમણ થવા પામે છે. અને યત્નપૂર્વક અહિત માર્ગથી નિવર્તી હિતમાર્ગમાં પ્રવૃત્તિ કરવાથી યશવાદ સાથે સંસારબંધનથી મુક્ત થઈ ભવભીરુ આત્મા શાશ્વત મોક્ષપદને પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૨ ]

## આઠે મદોનો ત્યાગ કરવા હિતોપદેશ.

જાતિમદ, કુળમદ, રૂપમદ, બળમદ, વિદ્યામદ, તપમદ, લાભમદ અને ઐશ્વર્યમદથી મદોન્મત્ત થયેલા પ્રાણીઓ આ સંસારમાં પરિભ્રમણ કરતાં અનેક વાર એ જ વસ્તુ અનિષ્ટ પ્રકારની પામે છે. મદ કરનારા મુગ્ધ પ્રાણીઓ અવશ્ય અધોગતિને પામે છે.

ઉત્તમ જાતિ, પ્રધાન કુળ, મનોહર રૂપ, મોટી ઠકુરાઇ, ઘણું બળ, ઘણી વિદ્યા, તપ કરવાની શક્તિ અને લક્ષ્મી પેદા કરવાની શક્તિ પામીને જે મુગ્ધ જનો અન્ય જનોની હેલના કરે છે તેઓ સંસારચક્રમાં અનંતી વાર નીચ સ્થાનને પામે છે, એમ સમજી સુજ્ઞ જનોએ આઠે મદનો ત્યાગ જ કરવો

ઘટે છે. ગમે તેવું દુષ્કર ( કઠીન ) ચારિત્ર પાળતો હોય છતાં જો સાધુ જાતિમદ કે કુળમદ વિગેરે કરે તો મેતાર્ય મુનિ તથા હરિકેશીબળની પેઠે પાછળથી ભારે દુઃખી થાય છે, તેથી જ તે મદોનો ત્યાગ કરવો જરૂરનો છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૩ ]

## બ્રહ્મચર્યની રક્ષા.

મન, વચન અને કાયાને કાબૂમાં રાખનાર શાન્ત, જીતેન્દ્રિય અને કષાયરહિત એવો જે મનુષ્ય નવ બ્રહ્મગુપ્તિવડે બ્રહ્મચર્યનું પાલન કરે છે, બ્રહ્મચર્યને સાવધાનપણે રાખી જે સાચવી શકે છે તેનું આ ટૂંક સ્વરૂપ તેના ખપી જીવોને બહુ ઉપયોગી છે.

૧. સ્ત્રી, પુરુષ, નપુંસક વિગેરે કામાન્ધ જનોવડે વ્યાપ્ત એવા સ્થાનમાં બ્રહ્મચારીઓએ વાસો વસવો નહિં પણ નિર્દોષ એવા એકાન્ત સ્થાનમાં સંયમનું પાલન કરે.

૨. સ્ત્રી સંબંધી રૂપ, શૃંગારની કથા કરે નહીં અથવા પુરુષની હાજરી વગર કેવળ સ્ત્રીઓની સમક્ષ ધર્મકથન પણ કરે નહિં.

૩. સ્ત્રીસેવિત શય્યા, આસનાદિક ઉપર બે ઘડી વ્યતીત થયા વગર બ્રહ્મચારી જનો બેસે નહિં.

૪. સ્ત્રીના અંગોપાંગ નિરખીને જોવે નહિ.

૫. પૂર્વે ગૃહસ્થ અવસ્થામાં મોહને વશ થઇ કરેલી કામક્રીડા કદાપિ સંભારે નહિ.

૬. સ્ત્રીના વિરહ–વિલાપાદિક કરુણ શબ્દો અથવા અતિ

નિકટ સ્થાનમાં કામાસક્ત થયેલી સ્ત્રીના નૂપુર ( ઝાંઝર ) પ્રમુખના શબ્દો કાન દઈને સાંભળે નહીં.

૭. ભોજનમાં અતિ સ્નિગ્ધ પદાર્થ કોઇ તેવા પ્રબળ કારણ વિના વાપરે નહીં.

૮. રૂક્ષ ભોજન પણ પ્રમાણ રહિત લોલુપતાથી ગ્રહણ કરે નહિ.

૯. શરીરની શોભા ( સ્નાન, વિલેપન વિગેરે ) અથવા સુશોભિત વસ્ત્રોવડે શૃંગાર સજે નહિ, જેથી સ્વપરકામ ઉન્માદ જાગે એવા કોઇપણ જાતના સ્વચ્છંદ આચરણથી બ્રહ્મચારી સદંતર દૂર રહે.

ઉપરાંત ગુહ્ય ચિહ્નો, સાથળ, ચહેરો, કાખ અને વક્ષસ્થળ તથા સ્તનાંતર કવચિત્ જોવામાં આવી જાય તો તે તે સ્થળેથી બ્રહ્મચારીએ દૃષ્ટિને તરત જ પાછી ખેંચી લેવી, પણ ત્યાં દૃષ્ટિ ઠેરવી રાખવી નહીં. અથવા સ્ત્રીની દૃષ્ટિ સાથે પોતાની દૃષ્ટિ મેળવવી નહીં. બ્રહ્મચારી સ્ત્રી પુરુષે સ્વપરને રાગ કે મોહ વધવા ન પામે તેમ સંયમમાર્ગનું પાલન કરવું. એ રીતે વર્તતાં મન, વચન અને કાયાની પવિત્રતા જળવાઇ રહેશે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૩ ]

---

## સ્વાધ્યાય ધ્યાન સંબંધી હિતોપદેશ.

૧. શાસ્ત્ર સંબંધી વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પંચવિધ સ્વાધ્યાયમાં મગ્ન રહેનાર મહાપુરુષના ધ્યાનની શુદ્ધિ થાય છે. તેમ જ સર્વ પરમાર્થને સારી રીતે તે જાણી શકે છે. સ્વાધ્યાયમાં વર્તનાર ક્ષણે ક્ષણે વૈરાગ્યદશાને પામી વધારી શકે છે.

૨. સ્વાધ્યાય ધ્યાનના યોગે ત્રણે લોકના, અરે ! લોકાલોકના ભાવ પ્રત્યક્ષ ભાસે છે એવો એનો પ્રભાવ છે.

૩. નિરંતર તપસંયમ પાળતા છતાં જે સ્વાધ્યાય ધ્યાનથી વિમુખ રહે છે એવા આળસુ સુખશીલ સાધુ તત્ત્વજ્ઞાનના અભાવથી સાધુપદને લાયક થતા નથી.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૧૧૪ ]

## કૃતિકર્મ યા નમન-વંદનમર્યાદા.

કૃતિકર્મ બે પ્રકારનું છે. એક તો સન્મુખ બે હાથ જોડી ઊભા રહેવું તદ્રૂપ અને બીજું દ્વાદશાવર્ત્ત પ્રમુખ વિધિથી વંદન કરવું તદ્રૂપ. ઉક્ત કૃતિકર્મની મર્યાદા સઘળા સાધુઓ તથા સાધ્વીઓએ યથાયોગ્ય સાચવવી જોઇએ.

સર્વે જિનોના શાસનમાં ધર્મ-પ્રવચન પુરુષપ્રવર્તિત હોવાથી તે પુરુષપ્રધાન વખાણેલો હોવાથી સર્વે સાધ્વીઓએ ઉક્ત કૃતિકર્મ સર્વે સાધુઓને કરવું જોઇએ. ગમે તેટલા મોટા દીક્ષાપર્યાયવાળા સાધ્વીએ પણ ગમે તેટલા લઘુદીક્ષિત સાધુને નમન કરવું જ ઘટે.

ઉપર પ્રમાણે હકીકત જાણનાર સહુ કોઇ શાસનરાગી જનોને આજકાલ ચાલતી સ્વચ્છંદવૃત્તિ અસહ્ય લાગતી હશે; અને દિનપ્રતિદિન વધતા જતા સ્વેચ્છાચારને અટકાવવા અને જિનોક્ત મર્યાદા જાતે પાળવા અને બીજાઓને તેનું પાલન કરાવવા પ્રેમપૂર્વક પ્રેરણા કરવી ઇષ્ટ હશે, તેમ છતાં જે સ્વેચ્છાચાર ન તજે તેમને ગણનાયકોએ તેમ જ સંઘના આગેવાનોએ સખ્ત ઠપકો આપી, ફરી ભૂલો ન કરવા સારી રીતે જણાવવું જોઇએ.

ગમે તે રીતે વધતો જતો સ્વેચ્છાચાર અટકાવવો જ જોઈએ. યોગ્ય સાધુ સાધ્વીઓ પ્રત્યે ઉક્ત વંદન-મર્યાદાનું પરિપાલન નહિ કરવાથી થતાં દોષો યા અનર્થો શાસ્ત્રકાર પોતે જ વર્ણવી દેખાડે છે:—

**ઉક્ત કૃતિકર્મની મર્યાદાનું પાલન નહિ કરવાથી થતાં દોષો:—**

(૧) સ્વચ્છંદતાથી સદ્ગુણી સાધુજનોનો વિનય નહી કરવાથી વખતોવખત માન-અહંકાર-સ્વઉત્કર્ષ-આપબડાઇ થાય છે, અને તેની સાથોસાથ ઘણા પુરુષોનું અપમાન થાય છે.

(૨) એવા સ્વચ્છંદ આચરણથી નીચ ગોત્રકર્મનો બંધ થાય છે અને પોતે જ હીણપત, લઘુતા ને હેલનાને પાત્ર થાય છે.

(૩) વળી એથી શાસનની નિંદા પ્રવર્તે છે કે 'તેઓ એક બીજાની વંદનમર્યાદા પણ સાચવતા નથી, તેમ જ તેઓ લોકરૂઢીને પણ સમજતા નથી.' વિગેરે.

(૪) એ રીતે શાસનનો ઉડ્ડાહ કરાવવાના પોતે નિમિત્ત-રૂપ થતા હોવાથી અને પ્રભુના હિતવચનોનો અનાદર કરી સ્વેચ્છામાર્ગ પ્રવર્તાવવાથી તેમ જ સ્વાશ્રિતજનોને તેવો જ મિથ્યામાર્ગ બતાવી ચળાવવાથી મિથ્યાત્વમોહનીયકર્મ ઉપાર્જન કરી તેને નિકાચીત કરે છે.

(૫) આવા આપખુદ-સ્વચ્છંદ વર્તનથી ભવભ્રમણરૂપ સંસારની વૃદ્ધિ થાય છે, પછી કેમે કરી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઇ શકતી નથી.

ઉકત મહાપુરુષના પ્રામાણિક હિતવચનોને હૈયે ધરી જે કોઈ યથાયોગ્ય વંદન-મર્યાદા પાળવા તત્પર રહેશે તે પરિણામે સુખી થશે. [ જૈ. ધ. પ્ર. પુ. ૪૨, પૃ. ૨૮૪ ]

# વીસ સ્થાનકોનું સેવન.

( ૧ ) સકળ ઘાતીકર્મ ખપાવી કેવળજ્ઞાનાદિક અનંતી આત્મસંપદાને પામેલા અરિહંતો. ( ૨ ) સંપૂર્ણ ઘાતી ને અઘાતી ( આઠે ) કર્મનો ક્ષય કરીને મોક્ષ પામેલા સિદ્ધો. ( ૩ ) સર્વજ્ઞવચન અથવા જિનવચનમાં અનન્ય શ્રદ્ધાવંત ચતુર્વિધ સંઘરૂપ પ્રવચન. ( ૪ ) તત્ત્વઉપદેશદાતા અથવા સત્ય માર્ગદેશક ગુરુ ( આચાર્ય ) ( ૫ ) વૃદ્ધવય, દીર્ઘ દીક્ષાપર્યાય અને સતશાસ્ત્રપરિણતીયોગે સ્થવિર. ( ૬ ) બહુશ્રુતપરિચયી પાઠક. ( ૭ ) ખરા તપોધન–મુમુક્ષુ–સાધુજનો પ્રત્યે અંતરંગ પ્રેમરૂપ વાત્સલ્ય. ( ૮ ) સ્વપરવિવેચક સતત જ્ઞાન ઉપયોગ. ( ૯ ) તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન. ( ૧૦ ) સકળ ગુણના સારભૂત વિનય ( ૧૧ ) નિરતિચાર શુદ્ધ ચારિત્ર ( ૧૨ ) નવ-કોટી શુદ્ધ બ્રહ્મચર્ય ( ૧૩ ) આવશ્યકાદિ શુદ્ધ ક્રિયા ( ૧૪ ) આત્મશુદ્ધિકારી તપ ( ૧૫ ) રત્નપાત્ર સમ ગૌતમસ્વામી ( ૧૬ ) સકળ દોષવર્જિત જિનેશ્વરો વિગેરેનું વૈયાવચ્ચ ( ૧૭ ) સમાધિકારક સંયમ ( ૧૮ ) અભિનવજ્ઞાન–અભ્યાસ ( ૧૯ ) શ્રુતભક્તિ ( ૨૦ ) તીર્થસેવા. શાસન ઉન્નતિકારક પ્રભાવનાવાળા ઉક્ત વીશ સ્થાનકરૂપ પદોનું બહુમાનપૂર્વક સેવન કરવાથી પરિણામની વિશુદ્ધિયોગે તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. એ પવિત્ર પદોનું આરાધન કરવા ઇચ્છનારે તેનું સવિસ્તર વર્ણન શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી બહાર પડેલ પુસ્તકમાંથી જોવું.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૫, પૃ. ૨૬૨ ]

# ‘ સાધુ ધર્મ પ્રત્યે રાગ સાથે યોગ્ય પરીક્ષા ’

૧. સંયમમાર્ગમાં શિથિલાદિક કારણથી પ્રમાદશીલ જે સાધુ આચાર્ય પ્રમુખે બહુ રીતે સમજાવ્યા છતાં જેને લિંગમાં ગાઢ અનુરાગ છે અર્થાત્ સાધુવેશ તજવો જેને જરાએ રુચતો નથી તે પૂર્વોક્ત લક્ષણવાળું સંવિજ્ઞપક્ષીપણું આદરે છે અને તેવડે પણ અનુક્રમે મોક્ષમાર્ગને પામે છે.

૨. મહા અટવી, શત્રુ સૈન્યવડે નગરનિરોધ, માર્ગગમન, દુર્ભિક્ષાદિક કાળ અને માંદગી પ્રમુખ કારણે સર્વ પ્રયત્ને સાધુ યોગ્ય કરણીમાં સાવધાનપણે આગમોક્ત યતનાપૂર્વક તે પોતે વર્તે અર્થાત્ તેવા અનિષ્ટ પ્રસંગે પણ સંવિજ્ઞપક્ષી સાધુ સુસાધુ-જનોની ઉચિત સેવા સાવધાનપણે કર્યા કરે.

૩. જેમાં સુસાધુજનોની અત્યંત આદરપૂર્વક સેવાભક્તિ કરવાની છે એવું સંવિજ્ઞપક્ષપણું આ અભિમાનથી ભરેલા લોક મધ્યે શિથિલાચારી સાધુને પ્રગટ રીતે પાળવું ઘણું જ દુષ્કર છે. માનગ્રસ્ત લોકોમાં સ્વમાન મૂકી અત્યન્ત નિઃસ્વાર્થભાવે સેવા કરવાથી જ તે માર્ગ પાળી શકે છે.

૪. સારણા, વારણાદિકને સહન કરી નહી શકવાથી જે સાધુ ગચ્છનો ત્યાગ કરી, આચારવિચાર ત્યજી સ્વચ્છંદપણે વિચરે છે તેનું સ્વેચ્છાચારીપણું જૈન શાસનમાં પ્રમાણ કરવા લાયક નથી.

૫. સંયમમાર્ગમાં શિથિલ છતાં શુદ્ધ પ્રરૂપણા કરનાર સંવિજ્ઞપક્ષી સાધુ ચારિત્ર પાળવામાં જેટલી જેટલી યતના કરે તેટલા પ્રમાણમાં તો કર્મક્ષય કરી શકે છે, તો સંયમમાર્ગમાં વિશેષ સાવધાન થઇ શુદ્ધ પ્રરૂપણા કરે તે તો સોનું ને વળી સુગંધ મળી એમ સમજવું. [ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭૮ ]

## તપ-ચારિત્રની સેવા.

૧. જ્યાંસુધી શરીરની સ્વસ્થતા હોય, રોગ કે જરાવડે શરીરમાં વ્યથા પેદા થઇ ન હોય અને ઇંદ્રિયો પણ અક્ષીણ હોય એટલે ખોટી પડી ન હોય ત્યાંસુધી આત્માર્થી જનોએ પરભવના ભાતારૂપ કહો કે આત્માના કલ્યાણરૂપ તપ-સંયમનું બને તેટલું પુરુષાતન ફોરવીને સેવન કરવું.

૨. આત્મસાધન કરવાની ખરી તક જે મુગ્ધ જનો વિષય-કષાય અને વિકથાદિ પ્રમાદવશ બની ગુમાવી દે છે તેમને પાછળથી પુષ્કળ પસ્તાવો થાય છે. તેમ છતાં ગયેલી તક પાછી આવતી નથી અને ધર્મસાધન વગર મૂળગી મૂડી ગુમાવી બેસનારની જેમ તેની ભવાન્તરમાં કોઈ રક્ષા કરતું નથી.

૩. જે પૂર્વપુન્યયોગે પ્રાપ્ત થયેલી પૂર્વ શુભ સામગ્રીનો સદુપયોગ કરી સારો લાભ હાંસલ કરી લે છે તેનું ભવિષ્ય ઉજ્જવલ બને છે. તે સર્વત્ર સુખી થાય છે.

૪. છતી શક્તિ ગોપવ્યા વગર જે જે ભાગ્યશાળી જનો જ્ઞાની ગુરુની સેવા-ઉપાસનાપૂર્વક તપ-જપ-વ્રત-પચ્ચક્ખાણ ઉલ્લાસ સહિત કરેં છે તે અવશ્ય સુખી થાય છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭૯ ]

---

## જ્ઞાનની ઉત્તમતા.

૧. આત્માના અનંત ગુણોમાં મુખ્યપણે જ્ઞાન અને દર્શન છે. તેમાં પણ એટલા માટે જ્ઞાન ઉત્તમ લખ્યું છે કે એનાથી સમ્યગ્દર્શન ગુણની પ્રાપ્તિ થઈ શકે છે.

૨. જ્ઞાનનું ફળ વિરતિ એટલે વિષય કષાય અને વિકથાદિક

દુષ્ટ પ્રમાદથી વિરમી, શુદ્ધ ચારિત્રમાર્ગ–સંયમમાં જોડાવું અને ઉત્તરોત્તર આત્માની વિશુદ્ધિમાં આગળ વધવું.

૩. જ્ઞાનધ્યાન અને તપના બળવડે નિજ આત્માનું નિરંતર રક્ષણ કરવું. તેમાં પ્રમાદ કરવાથી શીલરત્ન (સંયમ) નષ્ટ થાય છે.

૪. ઉત્તમ શીલરૂપી સંયમ ચૂકવાથી મોહ અને અજ્ઞાનવશ જીવ ભારે અધોગતિ પામે છે. ખરા જ્ઞાની જ તેથી ઉગરી શકે છે.

૫. જ્ઞાન શબ્દ તો ઘણા પોકારે છે, પરંતુ તે સત્ય જ્ઞાન ઓળખવું અને તે પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરવો તે અતિ મુશ્કેલ છે. હળુકર્મી જીવ જ સત્ય જ્ઞાન મેળવી શકે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૭૯ ]

## વિષય–કષાય વિકથાદિકનો ત્યાગ કરો.

૧. મદ ( માદક પદાર્થથી થતો નીશો ), વિષય (આસક્તિ), કષાય–ક્રોધાદિ, નિદ્રા, આળસ અને વિકથાદિ–કુથલી કરવાની ટેવ એ પાંચ પ્રકારના પ્રમાદ જીવને સંસારચક્રમાં ભમાડી રઝળાવે છે, તેથી સુજ્ઞજનોએ જેમ બને તેમ ચોવટથી તેને તજવા જોઇએ.

૨. વિષય કષાયાદિકથી પીડાતા પ્રાણીઓને જરાપણ સુખ-શાંતિ થતી નથી. તેનો ત્યાગ કરવાથી પૂર્વે નહિં અનુભવેલું એવું અદ્ભુત સુખ પ્રાપ્ત થઇ શકે છે.

૩. વિષયકષાયાદિક રોગોવડે પીડાતા પ્રાણીઓની ચિકિત્સા એકાન્ત હિતકારી જિનેશ્વર પ્રભુની પવિત્ર વાણીવડે કરવી જોઇએ જેથી જીવને પરમ શાન્તિ પ્રાપ્ત થાય છે.

૪. વિષય કષાયરૂપી વિષથી મૂર્ચ્છિત થયેલા જીવોનું

રક્ષણ સંયમરૂપી મહામંત્રવડે થઇ શકે છે. અન્યથા તેમની ભારે વિડંબના થવા પામે છે.

૫. પોતે જ પોતાના મિત્ર કે શત્રુ બને છે.

૬. મન અને ઇન્દ્રિયોને વશમાં રાખવાથી સંપદા અને અન્યથા છૂટી મૂકવાથી વિપદા મળે છે, તેથી એમાંથી એકની પસંદગી કરો.

૭. ઉક્ત પ્રમાદ કટ્ટા શત્રુ જેવું પરિણામ લાવે છે, તેથી તેનો ત્યાગ કરવો ઉચિત છે. [ જૈ. ધ. પ્ર. પુ. ૪૭, પૃ. ૮૦ ]

## શ્રાવકપણાનાં સામાન્ય લક્ષણ.

૧. સત્ય-હિતમાર્ગમાં આત્માર્પણ કરવા જેવી શ્રદ્ધા રાખે.

૨. સત્ય-હિતમાર્ગદેશક સત્પુરુષના હિતવચનોને આદરથી સાંભળે.

૩. પ્રાપ્ત લક્ષ્મીનો ઉપયોગ સત્ક્ષેત્રમાં વિલંબ રહિત કરે.

૪. તત્ત્વપરીક્ષાપૂર્વક શુદ્ધ સત્ય તત્ત્વ ઉપર ખરો પ્રેમ રાખે.

૫. પૂર્વે અજ્ઞાન-મિથ્યાત્વ યોગે કરેલાં પાપકર્મ દૂર કરે.

૬. સંવર ને નિર્જરાની વૃદ્ધિ થાય તેવો સંયમ આત્મનિગ્રહ કરતો રહે, જેથી દુર્ગતિથી બચી સદ્‌ગતિ યાવત્ મોક્ષ પામે.

ઉપરોક્ત લક્ષણવાળા ભવિજનોને જ્ઞાની વિવેકી પુરુષો શ્રાવક તરીકે સંબોધે છે. વળી પણ કહેલ છે કે–" જેથી પૂર્વે અનેક રીતે બાંધેલા પાપકર્મ દૂર થવા પામે એવાં ઉત્તમ પરોપકારનાં કામ જે આદર સહિત કરે અને ઉત્તમ વ્રત નિયમોનો પ્રમાદરહિત સ્વીકાર કરીને જે તેનું નિરતિચારપણે પાલન કરતો રહે તે શ્રાવક કહેવાય. [ જૈ. ધ. પ્ર. પુ. ૫૦, પૃ. ૨૬૭ ]

## નિત્ય સુખી એવા શુદ્ધ-નિર્દોષ સાધુની દશા.

ક્ષણિક એવા શબ્દાદિ વિષયના પરિણામને દુઃખદાયી જાણીને અને સંસારમાં રાગદ્વેષથી થતા દુઃખોને સમજીને જે પોતાના શરીર ઉપર પણ રાગ કરતા નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતા નથી અને રોગ, જરા તથા મરણના ભયથી વ્યથા પામતા નથી તે સાધુ નિત્ય સુખી છે. ધર્મધ્યાનમાં મગ્ન, ત્રણ દંડથી મુક્ત, ત્રણ ગુપ્તિથી સુરક્ષિત તથા ઈંદ્રિયો, પરીસહો અને કષાયોને જીતેલા, સર્વ પ્રપંચરહિત એવા મહાત્મા-સાધુ સુખસમાધિમાં મસ્ત બન્યા રહે છે. વિષયસુખથી વિરક્ત અને પ્રશમાદિ ગુણથી વિભૂષિત સાધુ જેવો ઉદ્યોત કરે છે તેવો ઉદ્યોત સૂર્યના સઘળાં કિરણો પણ કરી શકતા નથી. પ્રશમગુણને ખૂબ પ્રેમપૂર્વક સેવનારો સાધુ જે સહજ આત્મ-શાંતિ મેળવે છે તેવી શાંતિ અન્ય સાધુ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપોબળયુક્ત હોય પરંતુ પ્રશમ-સમતારહિત હોય તો મેળવી શકતો નથી. સમ્યગ્દર્શન અને જ્ઞાનયુક્ત સાધુ સંયમ, તપ, ધ્યાન અને ભાવના યોગવડે અઢાર હજાર શીલાંગને સુખે સાધી શકે છે. દશવિધ યતિધર્મ, પૃથ્વ્યાદિક દશ પ્રકારની હિંસાથી વિરમવું, પાંચ ઈંદ્રિયોના વિષયોમાં અનાસક્તિ, આહારાદિ ચાર સંજ્ઞાનો જય, મન, વચન, કાયાથી કરવા કરાવવા અને અનુમોદવાવડે કરીને અઢાર હજાર શીલાંગની રચના થઈ શકે છે. ૧૦×૧૦×૫×૪×૩×૩=૧૮૦૦૦ શીલાંગ એ રીતે થાય છે. સાધુપુરુષોને સુગમ એવા શીલસમુદ્રનો પાર પામીને ધર્મ-ધ્યાનને પ્રાપ્ત થયેલા એવા મુનિજનો ખરા વૈરાગ્યને પામે છે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૯, પૃ. ૧૦૮ ]

# વિશ્વવંદ્યનાં લક્ષણ.

**वदनं प्रसादसदनं, सदयं हृदयं सुधामधुरवाचम् ।**
**कारणं परोपकरणं, केषां सेषां न ते वन्द्याः ॥**

જેમનું મુખારવિન્દ સદાય સુપ્રસન્ન–આનંદિત રહ્યા કરે છે, જેમનું હૃદય દયા–અનુકંપાથી રસભીનું રહ્યા કરે છે, જેમની વાણી અમૃતસમી મીઠી, મધુર, પ્રિય ને હિતકારી હોય છે અને જેમની કાયા પરોપકાર કરવા સદાય તત્પર રહે છે એવા ઉત્તમ પવિત્ર આત્માઓ કોને વંદનિક ન હોય? અર્થાત્ ઉપરોક્ત લક્ષણવાળા ઉત્તમ આત્માઓ સહુકોઇને વંદનિક–પૂજનિક થાય જ, એમાં કંઇ આશ્ચર્ય જેવું નથી. આત્માની ખરી ઉન્નતિ ઇચ્છનાર સજ્જનોએ એવા ઉત્તમ લક્ષણવંત મહાત્માઓના ગુણોની અનુમોદના–પ્રશંસા કરવી અને બને તેટલું તેવા ઉત્તમ ગુણોનું અનુકરણ કરવું; પરન્તુ ભૂલેચૂકે તેવા ઉત્તમ ગુણ–ગુણીની ઇર્ષ્યા, અદેખાઇ કે નિંદા–હીલના તો ન જ કરવી. તેથી એવા ઉત્તમ જનોને કશી હાનિ થતી નથી, પરન્તુ તેમની નિંદાદિક કરનારા તો જરૂર હાનિ પામે છે અને ભવાંતરમાં અધોગતિ પામે છે. તેમના ગુણની પ્રશંસા કરવાથી પોતાનામાં તેવી ઉત્તમ યોગ્યતા આવે છે અને ભવાંતરમાં ઉચ્ચગતિ પ્રાપ્ત થાય છે. આ લક્ષમાં રાખવા યોગ્ય સાદો હિતોપદેશ છે.

**લઘુતામેં પ્રભુતા વસે, પ્રભુતાથી પ્રભુ દૂર,**
**નમે તે પ્રભુને ગમે.**

× × ×

**નમે છે આંબા આંબલી, નમે છે દાડમ દ્રાક્ષ;**
**એરંડ બિચારો શું નમે? જેની ઓછી શાખ.**

આંબા, આંબલી, દાડમ ને દ્રાક્ષ જેવા ઉત્તમ વૃક્ષો ફળ-સંપત્તિ સમયે વિશેષ વિશેષ નમી લળી પડે છે; પરન્તુ એરંડા અને તાડ જેવા હલકા વૃક્ષો તો અક્કડ જ રહે છે, લેશમાત્ર નમતા નથી. તેવી રીતે શીલ–સંતોષાદિક ઉત્તમ ગુણોથી અલંકૃત થયેલા સજ્જનો સદાય સાદાઇ ધારે છે–નમ્રતા રાખે છે અને બને તેટલો પરોપકાર સાધે છે ત્યારે તૃષ્ણા, કુશીલતા અને અહંકારાદિક દુર્ગુણોવડે વાસિત થયેલા હલકા લોકો સદાય અક્કડ રહે છે–સજ્જનો અને સ્વજનો સાથે પણ કલેશ કરે છે. તેમ જ અધિકાર મળતાં અનર્થ કરે છે. કહ્યું છે કે—

**नमन्ति सफला वृक्षाः, नमन्ति सज्जना जनाः ।**
**मूर्खश्च शुष्ककाष्ठं च, न नमन्ति कदाचन ॥**

આંબાદિક ઉત્તમ વૃક્ષો ફળોદય સમયે ખૂબ નમી પડે છે, તેમ સદ્ગુણ–સંપત્તિ પામતા ઉત્તમ જનો પણ અત્યંત નમ્રતા, સભ્યતા, મૃદુતા ધારણ કરે છે. તથાવિધ ગુણહીન મૂર્ખજનો અને શુષ્ક કાષ્ઠ કદાપિ નમ્રતા ધારણ કરતા નથી.

**સાર**—સૂકા લાકડા જેવા તદ્દન અક્કડબાજ અજ્ઞાની જીવો ગમે તેવા ગુણશાલી સજ્જનોને પણ કદાપિ નમતા નથી, જયારે ફળથી લળી પડતાં ઉત્તમ વૃક્ષોની જેવા સદ્ગુણ-શાલી સજ્જનો તો સર્વદા નમ્રતા જ ધારણ કરતાં જ રહે છે. તેમ જ પરદુ:ખભંજન બની નિજ જન્મ સફળ કરે છે. જગજાહેર હકીકત પણ છે કે—**परोपकाराय सतां विभूतयः ।**

[ જૈ. ધ. પ્ર. પુ. ૪૬, પૃ. ૨૨૧ ]

# ક્રિયાસિદ્ધિ માટે સત્ત્વ સાચવવાની જરૂર.

જે વીર્ય–સત્ત્વ ઉપર જીવનનો ખરો આધાર છે તેને બરાબર કાળજીથી સાચવી રાખવા સમાજની પ્રત્યેક વ્યક્તિની પ્રથમ ફરજ છે. તે જ્યારે વિસારી મૂકી સમાજ અવળે રસ્તે ચઢી જાય છે ત્યારે જ તેની પાયમાલી થાય છે. પૂર્વના વખતમાં પ્રથમની( બાલ ) અવસ્થાથી જ બ્રહ્મચર્ય પાળવાની જે સુખદાયક પ્રથા હતી તેનું અત્યારની પ્રજાને લગભગ વિસ્મરણ થયું છે. જે બાલ્ય અવસ્થામાં સત્ત્વ–વીર્યની દરેક રીતે રક્ષા અથવા વૃદ્ધિ થયા કરે એવી સમાજવ્યવસ્થા રહેતી તેને બદલે બાળવયથી જ સત્ત્વ–વીર્યનો ક્ષય અનેક રીતે થાય તેવી ગેરમર્યાદાઓ ચાલી રહેલી અત્યારે નજરે જોવાય છે. વીર્ય–ધાતુને તાવી–નીચોવી શરીરને તદ્દન નિર્માલ્ય કરી નાખે એવી ઉકળેલી ચા અને બીજા અનેક વાર પીણાનું દુર્વ્યસન બીજાઓની દેખાદેખીથી બાલવયમાં જ દાખલ થઇ જાય છે અને તેથી થતાં નુકશાનના અજ્ઞાનને લઇ ઘણે ભાગે તે વધતું જ જાય છે, એથી જ અનેક વ્યક્તિઓ જીવલેણ વ્યાધિઓના ભોગ બની જઈ અકાળ મૃત્યુવશ થાય છે. અત્યારે ચોતરફ હોટલની ચા પીવાથી થતાં અનેક જાતના નુકશાનોનું ભાન થવાથી તે સંબંધી ચર્ચા ચાલી રહી છે. તેના પરિણામે હોટલની ચા પીવાનો કેટલેક સ્થળે અનાદર થતો જાય છે ખરો, પરન્તુ જ્યાં સુધી હદ બહાર ચા અને બીડી પીવાથી થતાં અનેક પ્રકારનાં નુકશાનોનું યથાર્થ ભાન સમાજને થાય તેવો સચોટ ઉપદેશ દેવામાં આવશે નહિ ત્યાં સુધી તે દુર્વ્યસનની જડ કાયમ રહેવાથી તેથી નીપજતા નુકશાન પણ

સમાજને સહન કરવા પડશે. તેથી ઉચિત છે કે-દરેક સ્થળે હિતૈષી જનોએ તે દુર્વ્યસનની જડ જ ખોદી કાઢવા પ્રયત્ન કરવો કે જેથી ભાવી પ્રજા પણ સુખી થઇ શકે. અગમચેતી-પણું આદરીને વર્તવાની આપણી ફરજ આપણે અદા કરવી જોઇએ.

[ જૈ. ધ. પ્ર. પુ. ૩૬, પૃ. ૩૧૭. ]

## "પરમાનંદ પચ્ચવીશીનો અનુવાદ"

૧. પરમાનંદયુક્ત, રાગાદિક વિકાર રહિત, જ્વરાદિક રોગ-મુક્ત અને ( નિશ્ચય નયથી ) આપણા જ શરીરમાં વિરાજિત પરમાત્માને નિર્મળ ધ્યાનના અભ્યાસ વગરના માનવી દેખી ( અનુભવી ) શકતા નથી.

૨. અનંત સુખમય, જ્ઞાનરૂપી અમૃતના સાગર સમું અને અનંત બળયુક્ત પરમાત્મસ્વરૂપ છે.

૩. રાગાદિક વિકારથી રહિત, સર્વ સાંસારિક બાધા-પીડાથી મુક્ત, સર્વપરિગ્રહ-મમતા રહિત અને પરમ સુખસંપન્ન, શુદ્ધ જ્ઞાનરૂપ ચૈતન્ય જ પરમાત્માનું સ્વરૂપ-લક્ષણ જાણવું.

૪. આપણા આત્માનો ઉદ્ધાર કરવાની ચિન્તા ઉત્તમ, મોહ-મમતાવશ પરહિતની ચિન્તા કરવી તે મધ્યમ, કામભોગની ચિન્તા કરવી તે અધમ અને અન્યનું અહિત કરવાની વિચા-રણાને અધમાધમ સમજી, સુજ્ઞ જનોએ આત્મવિકાસ સાધવા બનતી કાળજી જરૂર રાખવી.

૫. સર્વ સંકલ્પ-વિકલ્પોના નાશજનિત જ્ઞાનરૂપી અમૃતને તપસ્વી મહાત્માઓ વિવેકરૂપ અંજળી( ખોબા )વતી પીવે છે.

૬. સદાનંદમય સ્વચેતનને જે મહાનુભાવ જાણે-પિછાણે-

અનુભવે છે તે ખરો પંડિત છે. પરમાનંદના કારણરૂપ નિજ આત્માને તે સેવે–આરાધે છે.

૭. જેમ કમળના પત્રથી જળ સદા ન્યારું જ રહે છે તેમ આ આત્મા સ્વભાવે જ દેહ વિષે સદા રાગ–દ્વેષ–મમતાદિક વિકારોથી અલિપ્તપણે રહે છે.

૮. નિશ્ચયે કરી આત્માનું સ્વરૂપ જ્ઞાનાવરણીય પ્રમુખ દ્રવ્ય કર્મ–મળથી મુક્ત, રાગ–દ્વેષાદિક ભાવકર્મથી રહિત અને ઔદારિક–વૈક્રિય પ્રમુખ શરીરરૂપ નોકર્મથી રહિત જાણવું.

૯. આનંદરૂપ પરમાત્મસ્વરૂપ નિજ દેહમાં વિદ્યમાન છતાં ધ્યાનના અભ્યાસ વગરના જીવો, જેમ જાતિઅંધો સૂર્યને દેખી શકતા નથી તેમ તેને દેખી–અનુભવી શકતા નથી.

૧૦. મુમુક્ષુ જનોએ એનું ધ્યાન–ચિન્તવન કરવું જોઇએ કે જે વડે ચંચળ મન સ્થિર થઇ, પરમાત્મસ્વરૂપમાં લીન થઇ જાય અને શુદ્ધ ચૈતન્ય ચમત્કાર લક્ષણ પરમાત્મસ્વરૂપની ઝાંખી થવા પામે. વૈરાગ્ય અને અભ્યાસના બળથી તેનો સાક્ષાત્કાર થવા પામે છે.

૧૧. ધ્યાનના અભ્યાસી એવા ઉત્તમ મુમુક્ષુઓ નિશ્ચયે સર્વ દુઃખોથી મુક્ત થઇ, શીઘ્ર પરમાત્મસ્વરૂપને સાક્ષાત્ પ્રાપ્ત કરી, ક્ષણમાત્રમાં સર્વ કર્મનો ક્ષય કરવારૂપ મોક્ષને પામે છે અને ત્યાં જન્મ તથા મરણ રહિત શાશ્વત સુખમય સ્થિતિમાં કાયમ બિરાજે છે.

૧૨. સ્વભાવમાં લયલીન થયેલા મુમુક્ષુઓ સર્વ સંકલ્પ–વિકલ્પ રહિત, આનંદસ્વરૂપી પરમાત્મતત્ત્વમાં જ કાયમ સ્થિર

થઈ રહે છે. એવા યોગીજનો આવા શુદ્ધ પરમાત્મસ્વરૂપને સાક્ષાત્ જાણીને અનુભવે છે. એવી દુષ્કર કરણી પરમપુરુષાર્થ-સાધ્ય છે.

૧૩. ચિદાનંદમય, શુદ્ધ–નિર્વિકાર, નિરાકાર, સર્વ આધિ–વ્યાધિ રહિત, અનંત અક્ષય સુખસંપન્ન, તથા સર્વ સંગ–આસક્તિ રહિત સર્વજ્ઞે એ પરમાત્મસ્વરૂપ દર્શાવ્યું છે.

૧૪. નિશ્ચયે કરી આ આપણો આત્મા સમસ્ત લોકપ્રમાણ અસંખ્ય પ્રદેશવાળો છે અને વ્યવહાર દૃષ્ટિથી નિજ નિજ શરીરવ્યાપી જ છે એમ સર્વજ્ઞોએ નિઃશંક વખાણ્યો છે.

૧૫. ઉપરોક્ત શુદ્ધ પરમાત્મસ્વરૂપ જે ક્ષણે સાક્ષાત દેખાય–અનુભવાય છે તે જ ક્ષણે સર્વ રાગાદિક વિકારજનિત આકુળતા રહિત નિર્વિકલ્પ સમાધિવડે સ્થિર–શાન્ત થઇ **સ્વસ્થ–પ્રસન્નચિત્ત ને નિશ્ચળ યોગી આત્મા** થઇ રહે છે.

૧૬–૧૯. તે પરમ ધ્યાની યોગી પોતે જ **પરમબ્રહ્મ** તથા ઘાતિયાં કર્મને જીતવાથી **જિનરાજ**, શુદ્ધ આત્મસ્વરૂપ થવાથી **પરમતત્ત્વ**, તથા જગતમાત્રના હિત–ઉપદેશક થઇ જવાથી **પરમગુરુ**, સર્વપ્રકાશક થવાથી **પરમજ્યોતિ**, સર્વઘાતિયાં કર્મનો સર્વથા ક્ષય કરવા સમર્થ થયાથી **પરમ-તપ**, ધ્યાન–ધ્યાતા અભેદરૂપ થયાથી **શુક્લધ્યાનરૂપ પરમ-ધ્યાન** એવું પરમાત્મસ્વરૂપ થઇ જાય છે. તથા તે પરમયોગી, પરમ સુખ( આનંદ )મય, સર્વ કલ્યાણ–મંગળરૂપ, સર્વ સુખભોગી, શુદ્ધ જ્ઞાનસ્વરૂપ અને પરમ શાન્તિમય થઇ જાય છે. તેમ જ તે પરમયોગી પરમ સુખદાયક અને પરમ ચૈતન્ય પ્રમુખ અનંત ગુણનો સાગર બની રહે છે.

૨૦. પરમ આહ્લાદયુક્ત તથા સર્વથા રાગ દ્વેષ રહિત એવા પરમપૂજ્ય અર્હત્ તત્ત્વને જે જ્ઞાની પુરુષો આપણા દેહમાં દેખે–જાણે–અનુભવે છે તેને જ ખરા પંડિત સમજવા.

૨૧–૨૨. એ જ પ્રકારે સર્વ આકાર–સંસ્થાનાદિ રહિત, શુદ્ધ, સ્વસ્વરૂપે સદા વિરાજિત, રાગાદિક સર્વ વિકાર રહિત અને અનંત જ્ઞાન–દર્શનાદિ અષ્ટ ગુણોપેત એવા નિરંજન સિદ્ધ–સ્વરૂપને જે ધ્યાવે અર્થાત્ સિદ્ધ પરમેષ્ઠીને પામવા ત્રણે લોક અને ત્રિકાળવર્તી સમસ્ત પદાર્થ સાર્થને એક સાથે પ્રકાશ કરવાવાળા કેવળજ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ માટે જે યોગી મહાશય પોતાના આત્માને પણ પરમ આનંદના કારણરૂપ સમજીને સેવે–આરાધે છે તે જ ખરો પંડિત છે.

૨૩–૨૪. જેમ સુવર્ણપાષાણ મધ્યે સુવર્ણ ગુપ્ત રીતે રહેલું હોય છે, જેમ દૂધ મધ્યે ઘી અને તલ મધ્યે તેલ રહેલ હોય છે તેમ દેહ મધ્યે આત્મા ગુપ્ત રીતે રહેલ છે. વળી જેમ કાષ્ઠ મધ્યે અગ્નિ શક્તિ–સત્તારૂપે રહે છે તેમ દેહ મધ્યે આ આત્માને શક્તિ–સત્તારૂપે રહેલો દેખે–જાણે–અનુભવે છે તે જ ખરેખર પંડિત લેખાય છે.

૨૫. વાસ્તવિક ખરા પંડિત હિંસાદિક અવ્રતો તજી દઈ અહિંસા, સત્યાદિક વ્રતોમાં અત્યંત આદર કરે અને અનુક્રમે આત્માના પરમપદ( પરમાત્મપદ )ને પામી તે વ્રતોને પણ તજે. એટલે તે વ્રતોને પાળવાની પછી તેને જરૂર ન રહે.

[ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૪૫ ]

# ઉપદેશ સાર.

૧. સત્પુરુષ અન્યાય કરે નહીં. સત્પુરુષ અન્યાય કરશે તો આ જગતમાં વરસાદ કોના માટે વરસશે ? સૂર્ય કોના માટે પ્રકાશશે ? વાયુ કોના માટે વાશે ?

૨. આત્મા કેવી અપૂર્વ વસ્તુ છે ? જ્યાંસુધી તે શરીરમાં હોય, ભલેને હજારો વરસ, પણ ત્યાંસુધી શરીર સડતું નથી. પારાની જેમ આત્મ–ચૈતન્ય ચાલ્યું જાય એટલે શરીર શબ થઇ પડે અને ( જોતજોતામાં ) સડવા–ગંધાવા માંડે.

૩. જીવમાં જાગૃતિ અને પુરુષાર્થ જોઇએ. કર્મબંધ થયા પછી તેમાંથી ( ઉદય આવ્યા પહેલાં ) છૂટવું હોય તો અબાધા· કાળ ( અંતરકાળ ) પૂર્ણ થતાં સુધીમાં છૂટી શકાય. પુણ્ય, પાપ અને આયુષ્ય એ કોઇ બીજાને ન આપી શકાય. તે દરેક પોતે જ ભોગવે.

૪. સ્વચ્છંદે–સ્વમતિકલ્પનાએ–સદ્‌ગુરુની આજ્ઞા વિના ધ્યાન કરવું એ તરંગરૂપ છે અને ઉપદેશ આપવો–વ્યાખ્યાન કરવું એ અભિમાનરૂપ છે.

૫. દેહધારી આત્મા પંખી છે અને દેહ એ ઝાડ છે. આ દેહરૂપી ઝાડ નીચે જીવનરૂપી પંખી વટેમાર્ગુ થાક લેવા બેઠો છે, તે પંખી ઝાડને જ પોતાનું કરી માને એ કેમ ચાલે ?

૬. સુંદરવિલાસ સુંદર–સારો ગ્રંથ છે, તેમાં ક્યાં ઊણપ–ભૂલ છે તે અમે જાણીએ છીએ. તે ઊણપ બીજાને સમજાવવી મુશ્કેલ છે. ઉપદેશ અર્થે એ ગ્રંથ ઉપકારી છે.

૭. છ દર્શન ઉપર દષ્ટાંત:–છ જુદા જુદા વૈદોની દુકાન છે. તેમાં એક વૈદ સંપૂર્ણ સાચો છે. તે તમામ રોગોને, તેનાં

કારણોને અને તે ટાળવાના ઉપાયોને જાણે છે. તેના નિદાન ને ચિકિત્સા સાચા હોવાથી રોગીના રોગ નિર્મૂળ થાય છે. વૈદ કમાય છે પણ સારું. આ જોઈને બીજા પાંચ કૂટવૈદો પણ પોતપોતાની દુકાન ખોલે છે. તેમાં સાચા વૈદના ઘરની દવા પોતા પાસે હોય છે તેટલા પૂરતો તો રોગીનો રોગ દૂર કરે છે અને બીજી પોતાની કલ્પનાથી પોતાના ઘરની દવા ભેળવે છે તેથી ઊલટો રોગ વધે છે, પણ દવા સસ્તી આપે છે એટલે લોભના માર્ગે લોક લલચાય છે અને તેને ત્યાં જઈ ઊલટા નુકસાન પામે છે.

૮. આનો ઉપનય એ છે કે સાચા વૈદ સમાન વીતરાગ દર્શન છે, જે સંપૂર્ણ સત્યસ્વરૂપ છે. મોહ વિષયાદિને, રાગ દ્વેષને, હિંસા આદિને સંપૂર્ણ દૂર કરવા કહે છે. તે વિષય-વિવશ રોગીને મોંઘા પડે છે, ભાવતાં નથી. બીજા પાંચ કૂટવૈદો છે તે કુદર્શનો છે. તે જેટલા પૂરતી વીતરાગના ઘરની વાતો કરે છે તેટલા પૂરતી તો રોગ દૂર કરવાની વાત છે પણ સાથે સાથે મોહની, સંસારવૃદ્ધિની, મિથ્યાત્વની, હિંસા આદિની ધર્મના બ્હાને વાત કરે છે તે પોતાની કલ્પનાની છે અને તે સંસારરૂપ રોગ ઘટવાને બદલે વૃદ્ધિનું કારણ થાય છે. વિષયમાં રચીપચી રહેલ પામર સંસારીને મોહની વાતો મીઠી લાગે છે અર્થાત્ સસ્તી પડે છે અને કૂટવૈદ તરફ ખેંચાય છે પણ પરિણામે વધારે રોગી થાય છે.

૯. શ્રી વીતરાગ દર્શન ત્રીજા વૈદ્ય જેવું છે. અર્થાત્ તે રોગીનો રોગ ટાળે છે, નીરોગીને રોગ થવા દેતું નથી અને આરોગ્યની પુષ્ટિ કરે છે. એટલે જીવનો સમ્યગ્દર્શનવડે મિથ્યાત્વ રોગ ટાળે છે, સમ્યગ્જ્ઞાનવડે જીવને રોગનો ભોગ

થતાં બચાવે છે અને સમ્યક્ચારિત્રવડે સંપૂર્ણ શુદ્ધ ચેતનારૂપ આરોગ્યની પુષ્ટિ કરે છે.

૧૦. અજ્ઞાનરૂપી અંધકારવડે અંધ જનોનાં નેત્રો જેમણે જ્ઞાનરૂપી અંજન–શલાકાવડે ખોલ્યાં છે તે સદ્ગુરુને નમસ્કાર હો !

૧૧. મોક્ષમાર્ગના નેતા ( મોક્ષમાર્ગે લઈ જનાર ), કર્મરૂપ પર્વતના ભેત્તા ( ભેદનાર ) અને સમગ્ર તત્ત્વના વેત્તા પ્રભુને એવા ગુણોની પ્રાપ્તિ માટે વંદું છું.

૧૨. અહીં મોક્ષમાર્ગના નેતા એમ કહી, આત્માના અસ્તિત્વથી માંડી તેના મોક્ષ અને મોક્ષના ઉપાય સહિત છએ પદનો તથા મોક્ષ પામેલાનો સ્વીકાર કર્યો તેમજ જીવાજીવાદિક બધા તત્ત્વોનો સ્વીકાર કર્યો. મોક્ષ બંધની અપેક્ષા રાખે છે; બંધ, બંધનાં કારણો આશ્રવ–પુણ્ય–પાપ–કર્મ અને બંધાનાર એવા નિત્ય અવિનાશી એવા આત્માની અપેક્ષા રાખે છે. તેમજ મોક્ષ, મોક્ષના માર્ગની–સંવરની–નિર્જરાની–બંધનાં કારણો ટાળવારૂપ ઉપાયની અપેક્ષા રાખે છે. જેણે માર્ગ જાણ્યો, જોયો, અનુભવ્યો હોય તે નેતા થઈ શકે એટલે મોક્ષમાર્ગના નેતા એમ કહી તેને પામેલા એવા સર્વજ્ઞ–સર્વદર્શી–વીતરાગનો સ્વીકાર કર્યો. આમ મોક્ષમાર્ગના નેતા એ વિશેષણથી જીવ અજીવાદિક નવે તત્ત્વ, છએ દ્રવ્ય, આત્માના હોવાપણા આદિ છએ પદ અને મુક્ત આત્માનો સ્વીકાર કર્યો.

૧૩ મોક્ષમાર્ગ ઉપદેશવાનું, તે માર્ગે લઈ જવાનું કાર્ય દેહધારી સાકાર મુક્ત પુરુષ કરી શકે, દેહ રહિત નિરાકાર ન કરી શકે. આમ કહી આત્મા પોતે પરમાત્મા થઇ શકે છે, મુક્ત થઇ શકે છે, એવા દેહધારી મુક્ત પુરુષ જ બોધ કરી શકે છે એમ સૂચવ્યું. દેહ રહિત અપૌરુષ બોધનો નિષેધ કર્યો.

૧૪. કર્મરૂપ પર્વતના ભેદનાર એમ કહી કર્મરૂપ પર્વતોને તોડવાથી મોક્ષ થાય એમ સૂચવ્યું, અર્થાત્ કર્મરૂપી પર્વતો સ્વવીર્યવડે દેહધારીપણે તોડ્યા અને તેથી જીવનમુક્ત થઈ મોક્ષમાર્ગના નેતા–મોક્ષમાર્ગના બતાવનાર થયા. ફરી ફરી દેહ ધારણ કરવાનું, જન્મ–મરણરૂપ સંસારનું કારણ કર્મ છે તેને સમૂળાં છેદ્યાથી ફરી દેહ ધારણ કરવાપણું નથી એમ સૂચવ્યું. મુક્ત આત્મા ફરી અવતાર ન લે એ પણ સૂચવ્યું.

૧૫. વિશ્વતત્ત્વના જ્ઞાતા–લોકાલોકના જાણનાર એમ કહી મુક્ત આત્માનું અખંડ સ્વરૂપ જ્ઞાયકપણું સૂચવ્યું. મુક્ત આત્મા સદા જ્ઞાનરૂપ જ છે એમ સૂચવ્યું. વીતરાગના માર્ગની ઉપાસના કર્તવ્ય છે. [ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૧૧૭ ]

## વચનામૃતો

૧. જેમ સૂર્યથી દિવસ, ચંદ્રથી રાત્રિ અને સુપુત્રથી કુળ શોભે છે તેમ બુદ્ધિના પ્રકાશથી માણસ શોભે છે.

૨. જ્ઞાન વિના જીવનની ખૂબી જાણી શકાતી નથી. સદ્‌વિદ્યા વગરનું જીવન અજાગલસ્તન જેવું નિરર્થક છે.

૩. પુત્ર કે પુત્રી, એ બેમાંથી એકને પણ અભણ રાખવા તે વ્યવહારરૂપી રથના એક પૈડાને ભાંગી નાખવા બરાબર છે.

૪. ધર્મના સંસ્કારો પાડ્યા સિવાય વ્યવહારિક જ્ઞાનમાં આગળ વધવું તે નાસ્તિકતાની હદમાં પ્રવેશ કરવા સરખું છે.

૫ બીજા ઉપર વિશ્વાસ ન રખાય, તો પણ તમારી જાત ( આત્મા ) ઉપર તો વિશ્વાસ રહેવો જ જોઈએ.

૬. હું આત્મા છું, અમર છું, અનંત શક્તિવંત છું, આનંદમય છું, આ નિશ્ચય–વાકયોને હૃદયમાં કોતરી રાખો.

૭. આત્મશ્રદ્ધા છે ત્યાં જ ધર્મ છે અને ધર્મ છે ત્યાં જ શાન્તિ છે. પરમ શાન્તિ પ્રાપ્ત કરવી હોય તો આત્મવિશ્વાસ રાખો.

૮. મહાપુરુષના બોધવચનો દુર્ગતિ અને દુઃખના ખાડામાંથી બહાર નીકળવાને દોરીની ગરજ સારે છે.

૯. સદ્બોધ સાંભળો, સમજો, ધારો, હૃદયમાં ઊતારો અને વર્તનમાં મૂકો. જેમ ચાખ્યા સિવાય સાકરની મીઠાશ મુખમાં આવતી નથી, પેટમાં પડ્યા સિવાય દવાની અસર થતી નથી તેમ વર્તનમાં મૂકયા સિવાય શ્રવણાદિ સફળ થતું નથી.

૧૦. એક ઉદરમાંથી જન્મ્યા તેને જ નહીં પરંતુ એક ધર્મમાં અને એક દેશમાં જન્મ્યા તેને પણ ભાઈ તરીકે માનો.

૧૧. કુટુમ્બકલેશ અને ખરાબ સોબત એ બેનો જયાં ઉદય થાય ત્યાં કુટુંબની પડતી દશા સમજવી.

૧૨. સ્ત્રીઓને એટલું છૂટાપણું ન આપો કે જેથી તેઓ સ્વચ્છંદી બની અનાચારને માર્ગે ઉતરે. તેમ એટલું દબાણ ન રાખો કે જેથી તેઓ ગુલામડી જેવી સ્થિતિમાં રહી ગુલામ પ્રજા ઉત્પન્ન કરે. ( બેમાંથી એકે સ્થિતિ ઈચ્છવા યોગ્ય નથી. )

૧૩. દયા પાળવા માટે એકેંદ્રિય અને પંચેંદ્રિય જીવોને ઓળખો. સ્થૂલ દયા ન હોય તો સૂક્ષ્મ દયા કયાંથી આવી શકે ?

૧૪. પૂજ્ય વડિલોની આજ્ઞા નહિ પાળો અને તેઓનું સન્માન નહિ કરો તો તમારી સંતતિ તરફથી તમારી આજ્ઞાનું પાલન થાય કે તમારું સન્માન જળવાય એવી આશા રાખવી ફોગટ છે—નકામી છે.

૧૫. સ્ત્રીઓ અને બાળકોને કહો કે—કડાં, સાંકળા, બંગડીઓ

વિગેરે ખરાં ભૂષણો નથી; પણ હાથનું ભૂષણ દાન છે, કંઠનું ભૂષણ સત્ય છે અને કાનનું ભૂષણ હિતવચનો સાંભળવા તે છે.

૧૬. પરધન પત્થર સમ ગણો, પરસ્ત્રી માત સમાન ગણો અને સહુ જીવોને આત્મ સમાન ગણો. આ શિક્ષાવચનોને એક ક્ષણ પણ ભૂલી જાઓ નહિં.

૧૭. માણસનાં ખૂન કરતાં સત્યનું ખૂન ઓછું ભયંકર નથી. એક વાર અસત્ય બોલવાથી પ્રમાણિકપણું ચાલ્યું જાય છે.

૧૮. કરકસર ( બીજા ) ભાઈની ગરજ સારે છે; પણ તે કૃપણુતામાં ન ભળવી જોઈએ. કૃપણુતા એ એક મોટું કલંક છે.

૧૯. સ્વતંત્ર બનવામાં જેટલી કોશીશ કરવામાં આવે તેટલી જ સ્વચ્છંદી ન બનવામાં પણ કરવી જોઈએ.

૨૦. નિરભિમાની થવું પણ તેમાં સ્વમાનભંગ ન થવો જોઈએ, કેમકે સ્વમાનની લાગણી માણસને ઉચ્ચ કાર્યમાં પ્રેરે છે.

૨૧. તમે બીજાને ન ઠગો પણ બીજાઓ તમને ન ઠગી જાય તેની સાવચેતી પણ રાખો. વિશ્વાસનો આ જમાનો નથી.

૨૨. શરીર સારું રાખવું જ હોય તો 'જીર્ણે ભોજનમ્' પ્રકૃતિને અનુકૂળ ભોજન પણ પ્રથમનું પચ્યા પછી કરવું.

૨૩. સર્વ પ્રાણીવર્ગને સ્વાત્મા સમાન સમજતાં શિખો.

૨૪. ગૃહવ્યવહાર સારો ચલાવવા ઈચ્છતા હો તો ગૃહિણી ( ઘરની સ્ત્રી ) સાથે મૃદુતાથી–ઉચિત નરમાશથી કામ લેતાં શિખો.

૨૫. આલસ્ય–પ્રમાદ જ મોટો દુશ્મન છે. વિવેકભર્યા ઉદ્યમથી દુષ્કર કાર્ય પણ સાધી સંતોષ મેળવી શકાય છે. અનુભવથી આ વાતની ખાત્રી જરૂર થશે. [ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૩૯૭ ]

# પારમાર્થિક બોધ

૧. સંયમી મુનિ ધનિકને તેમજ ગરીબને સરખી રીતે ઉપદેશ આપે છે.

૨. બંધાયેલાને મુક્ત કરનાર વીર પ્રશંસાપાત્ર છે.

૩. વિષયમાં મૂઢ માણુસ ધર્મને જાણી શકતો નહીં હોવાથી જન્મ-જરા-મૃત્યુને વશ રહે છે. વિવિધ વાસનાઓથી વાસિત તે જીવ ફરીફરીને ગર્ભમાં આવે છે.

૪. વીર પુરુષે વિષયસંગથી પ્રાપ્ત થતાં બંધનના સ્વરૂપને અને પરિણામે થતાં દુઃખ-શોકને જાણીને સંયમી થવું અને મોટાં નાનાં બધી જાતનાં રૂપોમાં વૈરાગ્ય ધારણ કરવો. હે ભવ્યાત્મન્! જન્મ અને મરણુને સમજીને તું સંયમ સિવાય અન્ય તરફ ન જા; હિંસા ન કર કે ન કરાવ; તૃષ્ણાથી નિર્વેદ પામ; સ્ત્રીઓથી વિરક્ત થઇ ઉચ્ચદર્શી થા; તથા પાપકર્મથી વિરામ પામ. સંસારના આંટા ફેરા સમજીને રાગ-દ્વેષથી અસ્પૃષ્ટ રહેતો પુરુષ આ સંસારમાં કશાથી છેદાતો-ભેદાતો-બળાતો કે હણાતો નથી.

૫. માયા વિગેરે કષાયોવાળો તથા વિષયાસક્તિરૂપી પ્રમોદથી યુક્ત મનુષ્ય ફરી ફરીને ગર્ભમાં આવે છે, પરંતુ શબ્દ અને રૂપમાં તટસ્થ રહેતો, સમજદાર, સરળ અને મૃત્યુથી ડરતો મનુષ્ય જન્મ-મરણુથી મુક્ત થઇ શકે છે. તેવો માણુસ કાર્યોમાં અપ્રમત્ત, પાપકર્મથી ઉપરત, અશુભ કર્મોથી આત્માનું સર્વપ્રકારે રક્ષણુ કરવામાં કુશળ તથા સંસારને ભયસ્વરૂપ સમજનારો અને સંયમી હોય છે.

૬. લોકમાં જે અજ્ઞાન છે તે અહિત માટે છે. દુઃખ માત્ર

પાપ-આરંભથી ઉત્પન્ન થાય છે, એમ સમજીને-માનીને એ આરંભો અહિતકર છે એમ સમજો-માનો. કર્મથી આ બધી સુખ-દુઃખાત્મક સ્થિતિ-ઉપાધિ પેદા થાય છે. નિષ્કર્મ માણસને સંસાર-ભ્રમણ નથી, માટે કર્મનું સ્વરૂપ તથા કર્મમૂલક હિંસાનું સ્વરૂપ સમજીને સર્વ પ્રકારે સંયમ સ્વીકારી રાગ અને દ્વેષથી દૂર રહો. બુદ્ધિમાન પુરુષ લોકનું સ્વરૂપ સમજીને, કંચન-કામિની પ્રત્યેની તૃષ્ણાનો ત્યાગ કરીને તથા બીજું બધું છોડી દઇને સંયમ-ધર્મમાં પરાક્રમી થાય છે.

૭. કેટલાક (અજ્ઞ) લોકો આગળ અને પાછળનો વિચાર ધ્યાનમાં લેતા નથી. મનુષ્યે શુદ્ધ આચારવાળા થઇ, કર્મનો નાશ કરવા-મોક્ષ મેળવવા તત્પર થવું.

૮. હે ધીર પુરુષ ! તું સંસાર-વૃક્ષનાં મૂળ ( કષાય ) અને પાંખડાં ( નો-કષાય પ્રમુખ ) બંનેને તોડી નાંખ અને તેનું સ્વરૂપ બરાબર સમજી, આત્મદર્શી થા. સમ્યગ્દર્શી મુનિ પરમ માર્ગ જાણ્યા બાદ નવાં પાપ નથી કરતા અને પૂર્વના પાપનો નાશ કરે છે.

૯. મૂર્ખ મનુષ્ય જ અન્ય પ્રાણીઓને હણી ખુશી થાય છે તથા હસે છે; પણ તે મૂર્ખ હાથે કરીને વેર વધારે છે તે જાણતો નથી. મહામુશીબતે મળેલા મનુષ્ય જન્મને પામીને કોઇ પણ પ્રાણીના પ્રાણની હિંસા ન કરવી એમ પ્રભુ કહે છે. કોઇ જીવને કોઈ રીતે તારાથી ભય ન થાય તે રીતે તારે વર્તવું જોઇએ. જે લોકના સ્વરૂપને યથાર્થ સમજે છે તે જ સાચો મુનિ છે. [ જૈ. ધ. પ્ર. પુ. ૫૩, પૃ. ૩૦૮ ]

# લેખ સંગ્રહ ભાગ સાતમાની અકારાદિ અનુક્રમણિકા.

## પર્યુષણ વિભાગ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ખમત ખામણા ... ... ... ... ... | ૭ |
| ૨ | પવિત્ર પર્યુષણ પ્રસંગે હિતકારક બોધવચનો ... ... | ૧૮ |
| ૩ | પર્યુષણ પર્વાધિરાજ પ્રસંગે શ્રાવકે આદરવા યોગ્ય વિવેક | ૩ |
| ૪ | પર્યુષણપર્વની સફળતા શાથી ? ... ... ... | ૧૬ |
| ૫ | પર્યુષણ પ્રસંગે બોધવચનો ... ... ... | ૨૦ |
| ૬ | પર્વાધિરાજની આરાધના શી રીતે થઈ શકે ? ... | ૧૩ |
| ૭ | સંવત્સરી ખામણા ... ... ... ... | ૨૬ |
| ૮ | સાંવત્સરિક ખામણાની જૂની રીત ... ... ... | ૧૫ |


## પ્રશ્નોત્તર વિભાગ


| | | |
|---|---|---|
| ૯ | બોધદાયક પ્રશ્નોત્તર ... ... ... ... | ૩૮ |
| ૧૦ | ,, ,, ... ... ... ... | ૪૧ |
| ૧૧ | સાદા ને સરલ પ્રશ્નોત્તર ... ... ... ... | ૩૧ |
| ૧૨ | હિતકારક પ્રશ્નોત્તર ... ... ... ... | ૪૮ |
| ૧૩ | હિતબોધક પ્રશ્નોત્તર ... ... ... ... | ૪૩ |
| ૧૪ | જ્ઞાનવર્ધક પ્રશ્નોત્તર ... ... ... ... | ૪૫ |


## સુભાષિત વિભાગ


| | | |
|---|---|---|
| ૧૫ | અમૃતમય વચનો ... ... ... ... | ૧૧૧ |
| ૧૬ | આત્મહિતકર વાકયો ... ... ... ... | ૧૦૪ |
| ૧૭ | ઉપદેશક વાકયો ... ... ... ... ... | ૧૧૪ |
| ૧૮ | ખરા સૂતેલા અને જાગતા કોણ ? ... ... ... | ૧૨૬ |
| ૧૯ | ગૃહસ્થ શ્રાવકનો કર્તવ્યધર્મ ... ... ... | ૧૦૮ |

| | | |
|---|---|---|
| | | પૃષ્ઠ |
| ૨૦ | તાત્ત્વિક વચનો ... ... ... ... ... | ૯૩ |
| ૨૧ | બોધક વચનો ... ... ... ... ... | ૯૬ |
| ૨૨ | મનનીય વચનામૃતો ... ... ... ... | ૮૦ |
| ૨૩ | મોક્ષનો સાચો સરલ માર્ગ—વિશુદ્ધ પ્રેમભક્તિ ... ... | ૧૨૫ |
| ૨૪ | વિઘ્નરહિત વૈરાગ્ય ... ... ... ... | ૮૯ |
| ૨૫ | સદુપદેશ ... ... ... ... ... | ૯૧ |
| ૨૬ | સુભાષિત ... ... ... ... ... | ૬૯ |
| ૨૭ | સુભાષિત વચનો ... ... ... ... ... | ૧૧૧ |
| ૨૮ | સુભાષિત વાક્યો... ... ... ... ... | ૭૪ |
| ૨૯ | સુંદર સંદેશ ... ... ... ... ... | ૧૧૬ |
| ૩૦ | સૂક્ત બોધવચનો ને પ્રભુપ્રાર્થના ... ... ... | ૧૨૦ |
| ૩૧ | સ્મૃતિમાં રાખવા યોગ્ય વાક્યો ... ... ... | ૭૩ |
| ૩૨ | હિતદાયક બોધ ... ... ... ... ... | ૮૬ |
| ૩૩ | હિતકર માર્ગ ... ... ... ... ... | ૧૨૮ |
| ૩૪ | હિતકર વચનામૃત ... ... ... ... | ૮૩ |
| ૩૫ | હિતકારક વચનો... ... ... ... ... | ૧૦૬ |
| ૩૬ | હિત વચનો ... ... ... ... ... | ૧૨૧ |
| ૩૭ | હિતસંદેશ ... ... ... ... ... | ૧૦૪ |

## ધાર્મિક વિભાગ

| | | |
|---|---|---|
| ૩૮ | અદ્વેષ—દ્વેષત્યાગ ... ... ... ... ... | ૧૮૮ |
| ૩૯ | અજ્ઞાન કષ્ટ કરવામાં અલ્પ ફળ ... ... ... | ૨૨૬ |
| ૪૦ | આઠ મદોનો ત્યાગ કરવા હિતોપદેશ ... ... | ૨૭૪ |
| ૪૧ | આત્મદમન ... ... ... ... ... | ૨૧૪ |
| ૪૨ | આત્મજ્ઞાન, આત્મશ્રદ્ધા અને આત્મવિવેક પ્રગટ કરવા પાંચ બોલ ... ... ... ... ... | ૧૩૫ |
| ૪૩ | આવશ્યક ક્રિયાની ઉપયોગિતા ... ... ... | ૨૩૭ |

પૃષ્ઠ

૪૪ ઇંદ્રિયોને કબ્જે રાખવા હિતોપદેશ ... ... ... ૨૭૩
૪૫ ઇંદ્રિય પરવશતાથી પારાવાર દુઃખ ... ... ... ૧૭૫
૪૬ ઉત્તમ શીલનો પ્રભાવ ... ... ... ... ૨૬૩
૪૭ ઉપદેશ સાર ... ... ... ... ... ૨૯૨
૪૮ ઉપયોગી હિતશિક્ષાઓ ... ... ... ... ૨૫૪
૪૯ એક વિદ્યાર્થીના કેળવણી અંગે વિચાર ... ... ૨૩૫
૫૦ એકાગ્રતાની આવશ્યકતા ... ... ... ... ૧૭૩
૫૧ કર્તવ્યધર્મો ... ... ... ... ... ૧૯૭
૫૨ કર્મની અકળ ગતિ ... ... ... ... ૨૦૭
૫૩ ક્રિયાસિદ્ધિ માટે સત્ત્વ સાચવવાની જરૂર ... ... ૨૮૭
૫૪ કુશિષ્યનાં લક્ષણ ... ... ... ... ... ૨૨૫
૫૫ કૃતિકર્મ યા વંદનમર્યાદા ... ... ... ... ૨૭૭
૫૬ ક્રોધાદિક ચાર કષાય ... ... ... ... ૨૬૯
૫૭ ગારવત્રિકનો કરવો જોઇતો ત્યાગ ... ... ... ૨૭૨
૫૮ ગૃહસ્થાશ્રમમાં આત્મસાધન યોગ્ય હિતશિક્ષા ... ... ૨૪૮
૫૯ ચાર નિક્ષેપા ... ... ... ... ... ૧૮૭
૬૦ ચારિત્ર સંયમ સદ્વર્તન ... ... ... ... ૧૭૨
૬૧ જિન સ્થાપના યા જિનપ્રતિમા ... ... ... ૧૮૫
૬૨ જૈન ધર્મ સંબંધી સમજવા યોગ્ય બોધવચનો ... ૨૦૮
૬૩ જંબૂ કુમાર અને દશવિધ યતિધર્મ ... ... ... ૧૪૧
૬૪ તપ–ચારિત્રની સેવા ... ... ... ... ૨૮૧
૬૫ તપનો મહિમા ને પ્રભાવ ... ... ... ... ૨૦૪
૬૬ દેવસી પ્રતિક્રમણનો કાળનિર્ણય ... ... ... ૧૮૨
૬૭ દેહ, મન અને ઇંદ્રિયદમનથી થતાં લાભ ... ... ૧૭૯
૬૮ ધર્મ આચરણમાં થતી ઉપેક્ષા ... ... ... ૨૨૦
૬૯ ધર્મ ઓળખ્યાનું ફળ શું ? ... ... ... ૧૭૦

પૃષ્ઠ

૭૦ ધર્મનો પ્રગટ પ્રભાવ ... ... ... ... ૨૩૪
૭૧ ધર્મનો પ્રભાવ અને સેવનથી લાભો ... ... ૨૨૮
૭૨ નિર્દંભપણે ધર્માચરણ કરવું તે જ હિતકારી છે ... ... ૧૪૦
૭૩ નિત્ય સુખી નિર્દોષ સાધુની દશા ... ... ... ૨૮૪
૭૪ **पढमं नाणं तओ दया** ... ... ... ... ૧૩૮
૭૫ પરભવનું પાથેયઃ ધર્મસેવન ... ... ... ૨૦૩
૭૬ પરમાનંદ પચ્ચીશીનો અનુવાદ ... ... ... ૨૮૮
૭૭ પાત્રતા વગર ખરી પ્રાપ્તિ થતી કે ટકતી નથી ... ૨૧૧
૭૮ પારમાર્થિક બોધ ... ... ... ... ૨૯૮
૭૯ પંચમહાવ્રત ને તેની ભાવના ... ... ... ૨૪૯
૮૦ બ્રહ્મચર્યની રક્ષા ... ... ... ... ૨૭૫
૮૧ ભગવાન મહાવીરનું તપ ... ... ... ... ૧૫૩
૮૨ ભારેકર્મીપણાનું લક્ષણ ... ... ... ... ૨૦૬
૮૩ મહાવીર પ્રભુની જયંતિ કેમ ઉજવાય? ... ... ૧૫૦
૮૪ યાત્રિકને સૂચના ... ... ... ... ... ૨૬૫
૮૫ યોગઅવંચકતા ... ... ... ... ૨૦૧
૮૬ યોગ સંબંધી વસ્તુનિર્દેશ ... ... ... ... ૨૦૦
૮૭ રાગાદિક વિકારનો જય કરવાની જરૂર ... ... ૨૨૨
૮૮ રાગી દોષને દેખી શકતો નથી ... ... ... ૨૨૭
૮૯ વચનામૃતો ... ... ... ... ... ૨૯૫
૯૦ વિશ્વવંદ્યના લક્ષણ ... ... ... ... ૨૮૫
૯૧ વિવેકકળા જાગે તો જીવન સફળ થાય ... ... ૧૫૫
૯૨ વિષય કષાય વિકથાદિકનો ત્યાગ ... ... ... ૨૮૨
૯૩ વિષયલોલુપતાના વિરસ ફળ ... ... ... ૨૧૫
૯૪ વીતરાગ ભગવાનની સદ્ભાવ સ્તુતિ ... ... ૨૬૩
૯૫ વીશ સ્થાનકોનું સેવન ... ... ... ... ૨૭૯

પૃષ્ઠ

૯૬ શાસનની મર્યાદાના પાલન માટે કેવી વ્યવસ્થા જરૂરની છે ? ૧૯૫
૯૭ શિવસુખના સરલ ઉપાય ... ... ... ... ૧૪૨
૯૮ શ્રાવકપણાનાં સામાન્ય લક્ષણ ... ... ... ૨૮૩
૯૯ સત્ય તત્ત્વનો સ્વીકાર ... ... ... ... ૧૬૩
૧૦૦ સમભાવ ... ... ... ... ... ૧૯૭
૧૦૧ સમયોચિત હિતોપદેશ ... ... ... ... ૨૫૨
૧૦૨ સર્વસાધારણ વ્યવહારુ હિતશિક્ષા ... ... ... ૧૫૭
૧૦૩ સર્વજ્ઞ ભગવાનની દેશના ... ... ... ... ૨૩૦
૧૦૪ સાચા સાધુ કોને કહેવા ? ... ... ... ... ૨૧૩
૧૦૫ સાધુજીવનની રૂપરેખા ... ... ... ... ૧૪૪
૧૦૬ સાધુધર્મ પ્રત્યે રાગ સાથે પરીક્ષા ... ... ... ૨૮૦
૧૦૭ સાધુવિહાર ... ... ... ... ... ૧૯૨
૧૦૮ સિદ્ધચક્ર આરાધનની આવશ્યકતા ... ... ... ૧૪૮
૧૦૯ સુસાધુનાં લક્ષણ ... ... ... ... ૨૨૫
૧૧૦ સોળ વિદ્યાદેવીનાં વર્ણ, વાહન અને શસ્ત્રાદિ ... ... ૧૬૮
૧૧૧ સંત–સાધુજનોની નિર્લોભતા ... ... ૨૨૩
૧૧૨ સંયમવંત સાધુજનોનું વર્તન કેવું હોય ? ... ... ૧૩૩
૧૧૩ સંયમ : સાચું સુખ અને સ્વચ્છંદતા : સર્વ દુ:ખનું મૂળ ૧૪૭
૧૧૪ સંસારને સાગર, અગ્નિ, અંધકારની ઉપમા ... ... ૨૪૭
૧૧૫ સ્વાધ્યાય ધ્યાન ... ... ... ... ... ૨૭૭
૧૧૬ હાસ્યાદિક દોષોનો ત્યાગ ... ... ... ... ૨૭૧
૧૧૭ ક્ષમાદિક દશ લાક્ષણિક ધર્મનું સ્વરૂપ... ... ... ૨૪૨
૧૧૮ જ્ઞાનની ઉત્તમતા ... ... ... ... ૨૮૨